
# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો અર્ક



સંકલન: શોભનાબેન કામદાર

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો અર્ક

**સંકલનઃ  શોભનાબેન કામદાર**

પરમ પૂજ્ય ગુરુમાતા અમિતાબાઈ સ્વામીને
ભાવભરી વંદણા

**મે ૨૦૧૫**

**પ્રકાશક : નીમાબેન કામદાર**
**મૂલ્ય : સદુપયોગ**

આ પુસ્તકની અશાતના ન થાય તેની કાળજી લેવી

## પ્રસ્તાવના

# શ્રુતની સરવાણી

ભગવાન મહાવીરની વાણીનો અણમોલ ખજાનો એટલે ઉત્તરાધ્યયન સૂત્ર. એમાં સર્વ આગમોનો નિચોડ છે. આધ્યાત્મિક દાર્શનિક તેમ જ નૈતિક જીવનનો ત્રિવેણી સંગમ થયો છે. આ આગમમાં જીવ–અજીવ, કર્મવાદ, ષટ્દ્રવ્ય, નવતત્ત્વ વગેરે બધા જ વિષયોને આવરી લેવામાં આવ્યાં છે. તેમાં માત્ર ધર્મકથાનુયોગનો જ નહીં પરંતુ ચારે અનુયોગનો વિનિયોગ જોવા મળે છે.

મૌલિક રૂપે આ આગમ ગણધર રચિત છે. અને પરંપરાથી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયે સૂત્રરૂપે સંકલિત થયેલ છે. આધુનિક અનુસંધાન કર્ત્તા વિદ્વાનોનું માનવું છે કે વર્તમાનમાં જે ઉત્તરાધ્યયન સૂત્ર ઉપલબ્ધ છે તે કોઈ એક વ્યક્તિની વિશેષ રચના નથી પરંતુ અનેક સ્થવિર મુનિઓની રચનાનું સંકલન છે. અધ્યયનોની શ્રેષ્ઠતા અને પ્રધાનતાના કારણે આ સૂત્ર સેંકડો વર્ષોથી પ્રભુ મહાવીરની અંતિમ દેશના તરીકે માનવામાં આવે છે. આ મૂળ આગમ ઉપર સમયે સમયે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, અને અનેક ટીકાઓ લખાઈ છે. તેમ જ જુદી જુદી ભાષાઓમાં અનુવાદ પણ થયાં છે. આજે વર્તમાનમાં ભારત સરકારે પણ આ સૂત્રને નેશનલ ટ્રેઝર (રાષ્ટ્રીય ધરોહર) તરીકે જાહેર કરેલ છે.

સુશ્ર સેવાભાવી શ્રાવિકા શોભનાબહેને જનસેવા કરતાં કરતાં શ્રુતસેવા આદરી. જૈનાગમોનું વાંચન–મંથન કરી નવનીત મેળવવાનું ભગીરથ બીડું ઝડપ્યું. પ્રથમ તેમણે 'સમયસારનો સાર' ત્યારબાદ 'સંક્ષિપ્ત નંદીસૂત્ર' જેવા પુસ્તકો લખ્યાં છે. ખરેખર તેમની શ્રુતભક્તિ સરાહનીય છે.

આ પુસ્તકમાં તેમણે બદલાતા સમયના પ્રવાહમાં તત્કાલીન અને વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ સરળતાપૂર્વક અને સહેલાઈથી સમજી શકાય એવી રીતે

ઉત્તરાધ્યયન સૂત્રની ૨૦૦૦ ગાથાઓનું એટલે કે ૩૬ અધ્યયનોનું સારાંશ સંક્ષિપ્તમાં ખૂબ જ સુંદર રીતે ગુજરાતી ભાષામાં આકલન કર્યું છે. દરેક અધ્યયનના વિચાર મોતી લઈ એક પુસ્તક રૂપે માળા રચી તેઓ બાળ સુલભ શ્રોતાજનો અને વાચકજનોને ઉપહાર રૂપે આ પુસ્તક અર્પણ કરી રહ્યાં છે.

ધર્મનું મૂળ વિનય છે. વિનય ગુણથી શુભ આરંભ થયેલ આ પુસ્તક જીવ–અજીવ સૃષ્ટિ સુધી વિસ્તૃતિ પામે છે. આ પુસ્તક તત્ત્વસભર તો છે જ તેમજ શોભનાબહેને રાજાથી લઈ રૈયતની વાતો આબેહૂબ વર્ણવી છે. વળી મૌલિક કૃતિના સુંદર દૃષ્ટાંતો લઈ આ પુસ્તકને રોચક બનાવી કુશળતાથી છત્રીસ અધ્યયનોની ગૂંથણી કરી છે. વિષય–વસ્તુની દૃષ્ટિથી પણ તેમણે કેટલાંક અધ્યયન ધર્મકથાત્મક રીતે, કેટલાંક ઉપદેશાત્મક રીતે, કેટલાંક આચારાત્મક તો કેટલાંક સિધ્ધાંતિક રૂપે અને કેટલાંક પ્રશ્નોત્તર રૂપે મૂકી દરેક અધ્યયનની કુનેહપૂર્વક છણાવટ કરી છે.

થોડામાં, ઘણું બધું જાણવાની જિજ્ઞાસા ધરાવતા વાચકવર્ગ માટે આ પુસ્તક ખરેખર ઉપયોગી થશે.

**–ડૉ. રતનબેન ખીમજી છાડવા**
**મુંબઈ**

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો અર્ક

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
## ભાગ ૧

**પ્રથમ અધ્યયન**

# વિનય શ્રુત

જે સાંસારિક સંયોગોથી મુક્ત થયેલા છે, જે અણગાર અર્થાત્ ગૃહત્યાગી છે તથા નિર્દોષ ભિક્ષાથી જીવન નિર્વાહ કરનાર છે, તેના વિનય ધર્મનું હું ક્રમપૂર્વક નિરૂપણ કરૂં છું.

**સંયોગઃ** આસક્તિમૂલક સંબંધ. તેના બે પ્રકાર છેઃ

૧) બાહ્ય સંયોગ – પરિવાર, ઘર, ધન, ધાન્ય આદિ

૨) આભ્યંતર સંયોગ – વિષયવાસના, કષાય, કામ, મોહ, મમત્ત્વ તથા બૌદ્ધિક પૂર્વગ્રહ વિ.

**વિનયઃ** નમ્રતા, આચાર, અનુશાસન વિ. વિશાળ અહિં વિનય શબ્દ પ્રયોગ છે.

**વિનીત અને અવિનીતના લક્ષણઃ**

જે ગુરુજનોની આજ્ઞા અને નિર્દેશ અનુસાર કાર્ય કરે છે, ગુરુજનોની પાસે રહી તેમની સેવા કરે છે અને તેના ઈંગિત તથા આકારને સાંરી રીતે જાણવામાં કુશળ હોય છે તે ‘વિનીત’ કહેવાય છે.

જે ગુરુજનોની આજ્ઞા અને નિર્દેશ અનુસાર કાર્ય કરતા નથી. ગુરુજનોની પાસે રહીને તેમની સેવા શુશ્રુષા કરતા નથી, તેમની ઇચ્છાથી વિરુદ્ધ આચરણ કરે તથા જે અણસમજુ હોય અર્થાત્ ઈંગિત અને આકારના બોધથી અથવા તત્ત્વબોધથી રહિત હોય તે ‘અવિનીત’ કહેવાય છે.

**આજ્ઞા અને નિર્દેશઃ** એક અપેક્ષાથી બન્ને શબ્દો સમાન અર્થ ધરાવતા ગણવામાં આવે છે. બીજી અપેક્ષાએ ‘આજ્ઞા’નો અર્થ આગમ સંમત આદેશ હોય છે અને નિર્દેશનો અર્થ ઉત્સર્ગ અને અપવાદ રૂપ સૂચન હોય છે. ત્રીજી અપેક્ષાએ

આજ્ઞાનો અર્થ ગુરુવચન અને નિર્દેશનો અર્થ શિષ્ય દ્વારા તેનો સ્વીકાર. આજ્ઞા આદેશરૂપ હોય છે, નિર્દેશ સૂચનરૂપ હોય છે. બન્નેનું પાલન કરવું એ વિનીતનું લક્ષણ છે.

ઇંગિત એટલે શરીર અને હાથ, પગ, મસ્તક, આંખ વિ. અંગો વડે હાવભાવ કે ઈશારા દ્વારા બોલ્યા વિના જ પોતાના મનોભાવને પ્રગટ કરવા. આકાર એટલે ઈશારા કર્યા વિના માત્ર મુખના (ચહેરાના) હાવભાવથી જ પોતાના મનોભાવને પ્રગટ કરવા.

વિનયવાને દશ ગુણ કેળવવા જોઇએઃ ૧) ગુરુજનોની સમક્ષ હંમેશા પ્રશાંત રહે ૨) વાચાળ ન બને ૩) નિરર્થક વાત છોડીને સાર્થક પદને શીખે ૪) શિક્ષા આપે ત્યારે ક્રોધ ન કરે ૫) ક્ષમા ધારણ કરે ૬) ક્ષુદ્રજનોની સાથે સંપર્ક, હાસ્ય, ક્રીડા ન કરે ૭) દુષ્ટ કાર્ય કરે નહિં ૮) સ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય કર્યા પછી ધ્યાન કરે ૯) મિતભાષી બને ૧૦) દોષ સેવન કર્યુ હોય તો છુપાવ્યા વગર સ્વીકારી લે.

**વિનીતનો વાણી વિવેકઃ** વિનીત શિષ્ય ગુરુને પૂછ્યા વિના કાંઇ પણ બોલે નહિં. પૂછવાથી અસત્ય ન બોલે. ક્રોધ આવી જાય તો ક્ષમાથી નિષ્ફળ કરી દે. ગુરુની ગમતી–અણગમતી દરેક શિક્ષાના સ્વીકાર કરે.

**આત્મદમનની પ્રેરણાઃ** પોતાના આત્માને દમવો જોઇએ કારણકે આત્મા જ દુદમ્ય છે. અહીં આત્મા શબ્દ ઇન્દ્રિયો અને મનના અર્થમાં નિરૂપિત થયો છે અર્થાત્ મનોજ્ઞ–અમનોજ્ઞ વિષયોમાં રાગ અને દ્વેષને વશીભૂત થઇ, ઉન્માર્ગ ગામી બનેલી ઇન્દ્રિયો અને મનનું સ્વયં વિવેકરૂપી અંકુશ દ્વારા ઉપશમન કરવું, દમન કરવું, નિગ્રહ કરવો. કષાય રૂપ આત્માનો પણ નિગ્રહ કરવો.

**આચાર્ય-ગુરુ પ્રત્યેનો વિવેકઃ** ૧) મન, વચન અને કાયાથી આચાર્યની સામે પ્રતિકૂળ આચરણ કરવું નહિં ૨) તેમની બાજુમાં લગોલગ બેસવું નહિ ૩) ગુરુની આગળ, પાછળ અડીને કે પીઠ કે વાંસો દઇને બેસવું નહિં ૪) શય્યા પર બેઠા બેઠા જ તેમનો આદેશ સ્વીકારવો નહિં ૫) પગ લાંબા કરીને બેસવું નહિં ૬) પ્રશ્ન

પૂછવાના સમયે ગુરુની નજીક આવી, હાથ જોડીને પ્રશ્ન પૂછવો, વિ.

**વિનીત શિષ્ય પ્રત્યે ગુરુનું કર્તવ્યઃ** આચાર્યો માટે શાસ્ત્રોમાં ચાર પ્રકારની પ્રતિપતિ દર્શાવવામાં આવી છે – ૧) ઉદ્યત, તત્પર થઇને પ્રેમપૂર્વક શિષ્યને સૂત્રપાઠ ગ્રહણ કરાવવો ૨) અર્થને પ્રયત્નપૂર્વક સંભળાવવો ૩) જે સૂત્ર માટે જે ઉપધાન તપાદિ હોય તે બતાવવા ૪) શાસ્ત્રોને અધૂરા રાખ્યા વિના તેની સંપૂર્ણ વાચના આપવી.

**ભાષા દોષ પરિહરણઃ** ભિક્ષુએ અસત્યનો પરિહાર કરવો. નિશ્ચયાત્મક ભાષા ન બોલવી. હાસ્ય, સંશય આદિ ભાષાના દોષોને ટાળીને બોલવું અને માયા (કપટ)નો સર્વથા પરિત્યાગ કરવો.

**એકલી સ્ત્રીની સાથે વાતો કરવાનો નિષેધઃ** કારખાનામાં, બે ઘરની વચ્ચે, રાજમાર્ગમાં, એકલો સાધુ એકલી સ્ત્રી સાથે ઊભો ન રહે, વાતચીત ન કરે.

**વિનીત શિષ્યનું કર્તવ્યઃ** આચાર્ય કે ગુરુ મારા પર મૃદુ અથવા કઠોર શબ્દોથી જે અનુશાસન કરે છે, તે મારા લાભ માટે જ છે, એવો વિચાર કરી પ્રયત્નપૂર્વક તેમનાં શિક્ષાવચનો શ્રદ્ધાભાવથી સ્વીકારે.

જેમ ખેડૂત વર્ષાકાળમાં બીજરોપણ કરે તો તેને યોગ્ય સમયે અનાજનો પાક મળે છે તેમ યોગ્ય કાળમાં ભિક્ષા, પ્રતિલેખન, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ કરવાથી સાધકને સ્વાધ્યાય, ધ્યાન આદિનો સમય મળી શકે છે.

**ભિક્ષાગ્રહણ અને આહાર કરવાની વિધિઃ** ભિક્ષુએ ભિક્ષા લેવા લાઇનમાં ઊભા ન રહેવું. તેણે સાધુ જીવનની મર્યાદા અનુસાર ગવેષણા કરીને ગૃહસ્થે આપેલા આહારનો સ્વીકાર કરીને યોગ્ય સમયમાં જ આવશ્યકતા અનુસાર પરિમિત ભોજન કરવું.

જો ગૃહસ્થને ઘેર પહેલેથી જ ભિક્ષુઓ ઊભા હોય તો તેનાથી અતિ દૂર અથવા અતિ નજીક ઊભા ન રહેવું. વળી ભિક્ષુ અને દાતાની દૃષ્ટિથી દૂર એકાંતમાં એકલા ઊભા રહેવું. ઊભેલા ભિક્ષુઓને ઓળંગીને ઘરમાં ન જવું.

સંયમી સાધુએ પ્રાણી અને બીજ આદિ થી રહિત, ઉપરથી ઢાંકેલ અને દિવાલ આદિથી ઘેરાયેલા મકાન કે ઉપાશ્રયમાં પોતાના સહધર્મી સાધુઓની સાથે જમીન પર ન વેરાય એમ વિવેકપૂર્વક અને સાવધાનીપૂર્વક આહાર કરવો.

આહાર કરતી વખતે મુનિએ ખાદ્ય પદાર્થોના સંબંધમાં પ્રશંસાયુક્ત પાપની અનુમોદક ભાષા બોલવી નહિ.

વિનીત શિષ્ય આચાર્ય મહારાજને ક્રોધિત ન કરે અને તેમનો દોષદર્શી ન બને. પોતાના કોઈપણ અયોગ્ય વ્યવહારથી આચાર્યને અપ્રસન્ન થયેલા જાણીને વિનીત શિષ્યે પ્રસન્નતા ઉપજાવે તેવા વચનોથી તેમને પ્રસન્ન કરવા અને હાથ જોડીને શાંત કરવા.

સંયમ ધર્મમાં માન્ય જે કોઇ વ્યવહાર, આચરણ આચાર્યો દ્વારા આચરવામાં આવે છે, તે વ્યવહારને આચરણમાં મૂક્તા મુનિ ક્યાંય પણ નિંદાને પાત્ર થતા નથી.

વિનીત શિષ્ય ગુરુ વડે આદેશ કે નિર્દેશ મળે કે તરત જ તે કાર્યોમાં પ્રવૃત્તિ કરે છે. અને ગુરુના આદેશ અનુસાર કાર્યોને સારી રીતે પૂર્ણ કરે છે. તેની કીર્તિ જગતમાં ફેલાઈ જાય છે. તેના આચરણોથી પ્રસન્ન થયેલા ગુરુ તેને મોક્ષના પ્રયોજનભૂત વિપુલ શ્રુતજ્ઞાનનો લાભ પ્રાપ્ત કરાવે છે.

ગુરુની પ્રસન્નતાથી વિપુલ શાસ્ત્રજ્ઞાન મેળવનાર શિષ્યના બધા સંશયો દૂર થઇ જાય છે, તે કાર્યક્ષમતાથી યુક્ત બને છે. તે તપ સમાચારી અને સમાધિથી સંપન્ન બને છે. આમ પંચ મહાવ્રતોનું પાલન કરીને મહાન ધ્યુતિમાન થઇ જાય છે.

દેવ, ગાંધર્વો અને મનુષ્યોથી પૂજિત તે વિનયી શિષ્ય મલપંકથી નિર્ભિત દેહનો ત્યાગ કરીને તે જ જન્મમાં શાશ્વત સિદ્ધ થાય છે, અથવા અલ્પ કર્મરજવાળો ઋદ્ધિસંપન્ન દેવ થાય છે.

આમ વિનય એટલે વિશિષ્ટ નીતિ. નીતિ એ ધર્મનો પાયો છે. વિનયનો

અર્થ અહિં અર્પણતા છે. જૈન દર્શનના સિદ્ધાંત મુજબ પરમાત્મા પ્રત્યેની અર્પણતા એ ભક્તિ; જ્યારે ગુરુ કે આચાર્ય તરફની અર્પણતા તે ધર્મ કે કર્તવ્ય છે. પ્રીતિ, આજ્ઞાપાલન અને વિચક્ષણતા – આ ત્રણેય ગુણો અર્પણતામાં હોવા જોઇએ.

અર્પણતાથી જ અહંકારનો નાશ થાય છે. અહંકારના નાશ વિના આત્મશોધન શક્ય નથી. આત્મશોધનના માર્ગ વિના પરમ સુખ કે શાંતિનો રસાસ્વાદ માણી શકાતો નથી.

**(પ્રથમ અધ્યયન સંપૂર્ણ)**

## બીજું અધ્યયન

# પરિષહ

**પરિષહ અને તેના પ્રકારઃ** પરિષહોનું સ્વરૂપ ગુરુ પાસેથી સાંભળીને, તેનું યથાર્થ સ્વરૂપ જાણીને સાધકે પરિષહો પર વિજય મેળવવો જોઇએ.

પરિષહ વિજયનો અર્થ છે કે સંયમજીવનમાં કષ્ટો આવવા છતાં સંકલેશમય પરિણામો ન થાય, ભૂખ, તરસ વગેરેની વેદનાઓનો સમ્યગજ્ઞાનપૂર્વક સહન કરી સંયમભાવોમાં સ્થિર થાય.

જે સાધક પરિષહ આવે ત્યારે ગભરાતો નથી તેમજ મનની આદતો અને સુવિધાઓનો શિકાર બનતો નથી પરંતુ પરિષહોને દુઃ ખ કે કષ્ટ માન્યા વિના તેનો જ્ઞાતા દૃષ્ટા બનીને સ્વેચ્છાએ સ્વીકારે છે તે પરિષહ વિજયી બને છે.

પરિષહ બાર પ્રકારના છેઃ ૧) ક્ષુધા પરિષહ ૨) પિપાસા પરિષહ ૩) શીત પરિષહ ૪) ઉષ્ણ પરિષહ ૫) ડાંસ મચ્છર પરિષહ ૬) અચેલ પરિષહ ૭) અરતિ પરિષહ ૮) સ્ત્રી પરિષહ ૯) ચર્યા પરિષહ ૧૦) નિષધા પરિષહ ૧૧) શય્યા પરિષહ ૧૨) આક્રોશ પરિષહ ૧૩) વધ પરિષહ ૧૪) યાચના પરિષહ ૧૫) અલાભ પરિષહ ૧૬) રોગ પરિષહ ૧૭) તૃણ સ્પર્શ પરિષહ ૧૮) જળ (મળ) પરિષહ ૧૯) સત્કાર પુરસ્કાર પરિષહ ૨૦) પ્રજ્ઞા પરિષહ ૨૧) અજ્ઞાન પરિષહ ૨૨) દર્શન પરિષહ.

**૧) ક્ષુધા પરિષહઃ** શરીર ભૂખથી પીડિત થઇ જાય તો પણ સામર્થ્ય સંપન્ન તપસ્વી મુનિ ફળ આદિને તોડે નહિં, બીજા પાસે તોડાવે નહિ. પોતે ભોજન રાંધે નહિં, બીજા પાસે રંધાવે નહિં. ઘણા સમયથી ભૂખ સહન કરવાને કારણે શરીર દુર્બળ થઇ જાય તો પણ આહાર પાણીની મર્યાદા જાણનાર મુનિએ પ્રસન્ન ચિત્તે સંયમમાર્ગમાં વિચરણ કરવું.

**૨) પિપાસા પરિષહઃ** સંયમી મુનિ તરસથી પીડાતો હોય, મુખ અત્યંત સૂકાતુ

હોય તો પણ જરા ય દીન થયા વિના પરિષહ ને પ્રસન્નતાથી સહન કરવો.

**૩) શીત પરિષહઃ** શીતકાળ ઠંડીનું કષ્ટ આવે તો મુનિએ એવું વિચારવું નહિં કે ઠંડીના નિવારણ માટે મારી પાસે મકાન આદિ કોઈ સાધન નથી, ધાબળો પણ નથી તો હું અગ્નિનું સેવન કરી લઉં.

**૪) ઉષ્ણ પરિષહઃ** ઉનાળાના સૂર્યના પરિતાપથી પરેશાન થાય તો પણ મુનિએ વ્યાકુળ થવું નહિં. સર્વસ્નાન કે દેશસ્નાન કરવું નહિં તેમ જ વીંઝણાથી હવા નાખવી નહિં.

**૫) ડાંસ મચ્છર પરિષહઃ** માંસ અને લોહી પીનાર જંતુ કે પ્રાણીઓને મુનિ મારે નહિં, તેને ત્રાસ પહોંચાડે નહિં, પ્રતિકાર કરે નહિ પરંતુ સમભાવપૂર્વક સહન કરે.

**૬) અચેલ પરિષહઃ** વિભિન્ન અને વિશિષ્ટ પરિસ્થિતિને કારણે મુનિ ક્યારેક અલ્પ અને જીર્ણ વસ્ત્રવાળો થઈ જાય છે તો ક્યારેક નવીન અને મનોજ્ઞ વસ્ત્રયુક્ત થઈ જાય છે. આ બન્ને પ્રસંગ સંયમ ધર્મ માટે હિતકારી છે, એમ સમજીને શ્રમણે દીનતા કે હર્ષના ભાવ ધરવા નહિં.

**૭) અરતિ પરિષહઃ** એક ગામથી બીજે ગામ વિચરતાં નિષ્પરિગ્રહી, પાપોથી નિવૃત્ત આત્મરક્ષક અણગારને સંયમ પ્રત્યે અરતિ ઉત્પન્ન થાય તો અરતિ ભાવને સદા દૂર કરતા રહેવું અને સંયમ ધર્મરૂપી ઉદ્યાનમાં સ્થિર બની ઉપશમ ભાવોમાં રમણ કરવું.

**૮) સ્ત્રી પરિષહઃ** આ લોકમાં જે સ્ત્રીઓ છે તે પુરુષો માટે આસક્તિનું કારણ છે. જે સાધકે આ તત્ત્વને યથાર્થ રૂપે જાણી જીવનમાં ઉતારી લીધું તેનું સાધુપણું સફળ બને છે.

**૯) ચર્યા પરિષહઃ** વિહારના કષ્ટોને સહન કરી તે સંબંધી પરિષહોને જીતીને મુનિએ સંયમ પાલનને યોગ્ય ગામ, નગર, નિગમ અથવા રાજધાની વગેરે માં હંમેશા એકત્વ ભાવનામાં રમણ કરતાં વિચરણ કરવું.

આહારાદિ કોઈ પણ પદાર્થોમાં કે ગૃહસ્થોમાં મમત્ત્વ બુદ્ધિ કર્યા વગર અનાસક્ત પણે રાગ દ્વેષ રહિત થઇ વિચરવું.

**૧૦) નિષદ્યા પરિષહઃ** નિષદ્યાના બે અર્થ છે– ઉપાશ્રય અને બેસવું. રાગદ્વેષ રહિત એકાકી મુનિ સ્મશાનમાં, નિર્જન ઘરમાં કે વૃક્ષની નીચે ક્યાંય પણ જગ્યા મળે ત્યાં શાંત ચિત્તે સ્થિર આસને બેસે. મનુષ્ય દેવ કે તિર્યંચ સંબંધી ઉપસર્ગ આવી પડે તો તેને સમભાવથી અને દ્રઢ મનોબળથી સહન કરવો પરંતુ અનિષ્ટની આશંકાથી ભયભીત થઇને ત્યાંથી ઊઠીને અન્ય સ્થાન પર ચાલ્યા જવું નહિં.

**૧૧) શય્યા પરિષહઃ** મુનિએ સ્ત્રી-પશુ આદિ રહિત એકાંત ઉપાશ્રય મળતાં અનુકૂળ કે પ્રતિકૂળ હોય તો પણ હર્ષ કે વિષાદ ન કરવો. આર્તરૌદ્રધ્યાન રહિત થઈને, જીવોની હિંસા ન થાય એ રીતે વારંવાર પડખું બદલ્યા વગર શયન કરવું.

**૧૨) આક્રોશ પરિષહઃ** જો કોઈ વ્યક્તિ ભિક્ષુને ગાળ આપે અથવા ખરાબ વચન કહીને અપમાન કરે તો તેના પ્રત્યે ક્રોધ ન કરે કારણકે ક્રોધ કરનાર અજ્ઞાનીના જેવો જ થઇ જાય છે માટે પ્રસન્ન ચિત્તે આક્રોશ સહન કરે.

**૧૩) વધ પરિષહઃ** કોઇ મારે કે પીટે તો તેના પ્રત્યે ભિક્ષુએ ક્રોધ ભાવ પ્રગટ ન કરવો. સંયમી અને ઇન્દ્રિય વિજયી એવા શ્રમણને કોઇ પ્રાણોથી રહિત કરે તો પણ તેણે એમ જ ચિંતન કરવું કે આત્માનો નાશ તો થતો જ નથી. હું તો અમર છું. દેહનો જ વિનાશ થશે. આમ ક્ષમારૂપ સાધુધર્મમાં જ સ્થિર રહેવું.

**૧૪) યાચના પરિષહઃ** ગોચરી માટે ગૃહસ્થના ઘરમાં આવેલ સાધુનો હાથ સહજ રીતે લંબાતો નથી. તે ઘણું કઠિન કામ છે. આના કરતાં તો ગૃહસ્થવાસ જ શ્રેષ્ઠ છે, એમ ભિક્ષુએ વિચારવું નહિં.

**૧૫) અલાભ પરિષહઃ** ગૃહસ્થો માટે તૈયાર થયેલા ભોજનમાંથી આહારની ગવેષણા કરતાં આહાર ન મળે તો પ્રજ્ઞાવાન મુનિ ખેદ ન કરે. આજે ભિક્ષાં મળી નથી પરંતુ કાલે મળી જશે એમ વિચારવાથી અલાભ પરિષહ સતાવતો નથી.

**૧૬) રોગ પરિષહઃ** શરીરમાં વેદના ઉત્પન્ન કરનાર રોગ થયેલ જાણી

પ્રજ્ઞાવાન મુનિ પ્રસન્નતાપૂર્વક આત્મભાવમાં રમણતા કરે, આધ્યાત્મ ભાવ પ્રાપ્ત કરે. જે સાધક ચિકિત્સા કરે નહિં, કરાવે નહિં કે અનુમોદન પણ કરે નહિં અને સમાધિમાં રહે તે સાચા સાધક છે.

**૧૭) તૃણસ્પર્શ પરિષહઃ** નિર્વસ્ત્ર રહેનાર કે અલ્પ વસ્ત્રવાળા અને રુક્ષ આહાર કરનાર સંયમપાલક સાધુને શરીરમાં વેદના થતી હોવા છતાં મર્યાદા ઉપરાંત વસ્ત્રનો સ્વીકાર કરતા નથી.

**૧૮) જળ-મળ પરિષહઃ** ગ્રીષ્મ ઋતુમાં પરસેવાની ભીનાથથી કે મેલથી શરીર લિપ્ત થઇ જાય અથવા અત્યંત ગરમી પડવાથી શરીરમાં બળતરા થાય તો પણ શ્રેષ્ઠ ચારિત્ર ધર્મને પામેલો, કર્મક્ષયનો ઇચ્છુક મુનિ જીવનની અંતિમ ક્ષણ સુધી શરીર પર મેલને ધારણ કરે. તેને સમભાવથી સહન કરે.

**૧૯) સત્કાર પુરસ્કાર પરિષહઃ** રાજા વગેરે શાસનકર્તાઓ તેમજ શ્રીમંતો અભિવાદન કરે તથા સામા આવી સન્માન કરી, ભોજન–નિવાસ આદિનું નિમંત્રણ આપે તો પણ પ્રજ્ઞાવાન મુનિ માન–ક્રોધ આદિ કષાયોને વશ થાય નહિં. કોઇનું નિમંત્રણ મળે તો પણ અજ્ઞાત ઘરોથી ભિક્ષા પ્રાપ્ત કરે, રસલોલુપ થાય નહિં અને અનાસક્ત ભાવ રાખે. તેમજ અંતરાય કર્મના સંયોગે આ બધી સુવિધાઓ ન મળે તો પણ ખેદ કરે નહિં.

**૨૦) પ્રજ્ઞા પરિષહઃ** મેં પૂર્વકાળમાં અજ્ઞાનરૂપી ફળ આપનારા કર્મો કર્યા છે, જેથી કોઇ વિષયમાં કાંઇ પૂછવામાં આવે તો જવાબ આપી શકતો નથી. પરંતુ હવે પછી સંયમ, તપ અને જ્ઞાનમાં પુરુષાર્થ કરવાથી જ્ઞાનફળ આપનારા કર્મો પ્રગટ થશે; એમ કર્મના ઉદય અને ક્ષયોપશમનાં પરિણામોને જાણી મુનિ ખેદ ન કરે.

**૨૧) અજ્ઞાન પરિષહઃ** હું મૈથુન વગેરે સાંસારિક સુખોથી વ્યર્થ જ વિરક્ત થયો. ઇન્દ્રિય અને મનના વિષયોનો નિરર્થક જ ત્યાગ કર્યો કારણકે ધર્મ કલ્યાણકારી છે કે પાપકારી એ હું પ્રત્યક્ષ જોઇ શક્યો નથી.

હું આયંબિલ આદિ ઉપધાન કરૂં છું. સાધુની પડિમાઓનું પાલન કરૂં છું. આ રીતે ઉત્કૃષ્ટ સાધના કરવા છતાં મારૂં છદ્મસ્થપણું દૂર થયું નથી; એ રીતે મુનિએ વિચારવું નહિં.

**૨૨) દર્શન પરિષહ:** પરલોક નથી, તપસ્વીની ઋદ્ધિ પણ નથી, પૂર્વકાળમાં તીર્થંકર થયા હતા, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ થશે, એમ કહેવાય છે તે બધું ખોટું છે. હું ધર્મના નામે છેતરાઇ ગયો છું, એમ મુનિ એ વિચારવું નહિં.

કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વામી એ આ બધા પરિષહોનું પ્રરૂપણ કર્યું છે. તેને જાણીને મુનિએ સર્વ પરિષહ ઉપર વિજય પ્રાપ્ત કરવો.

જે સાધક સાધનાની આ કસોટીમાંથી પાર ઉતરી જાય છે તે જ સાધક આત્મ કલ્યાણ કરી શકે છે.

**(બીજું અધ્યયન સંપૂર્ણ)**

### ત્રીજું અધ્યયન

# ચતુરંગીય

આ સંસારમાં પ્રાણી માત્ર માટે આ ચાર અંગો પ્રાપ્ત થવા દુર્લભ છે – ૧) મનુષ્યત્વ ૨) સદ્ધર્મનું શ્રવણ ૩) શ્રદ્ધા ૪) સંયમમાં પરાક્રમ

અત્યંત ઉપકારક અને મુક્તિના કારણ હોવાથી આ પરમ અંગ છે, મુક્તિ મેળવવામાં મુખ્ય ભાગ ભજવનાર છે.

**જીવનું સંસાર પરિભ્રમણઃ** સંસારમાં ભ્રમણ કરતા દરેક સંસારી જીવે અનેક પ્રકારના કર્મો કરી જુદી જુદી જાતિઓમાં ઉત્પન્ન થઇ, સમગ્ર વિશ્વમાં જન્મ–મરણ કર્યા છે.

પોતાના કર્મો અનુસાર જીવ ક્યારેક દેવલોકમાં, ક્યારેક નરકમાં અને ક્યારેક આસુર–નિકાયમાં જન્મ લે છે.

ક્યારેક ક્ષત્રિય તો ક્યારેક ચાંડાલ અને વર્ણસંકર થાય છે તો ક્યારેક કીડી, પતંગિયા, કુંથવા વિ. થાય છે.

જેમ ક્ષત્રિય લોકો ચિરકાળ સુધી સમગ્ર ઐશ્વર્ય અને સુખ સાધનોનો ઉપભોગ કરવા છતાં તૃપ્ત થતાં નથી અર્થાત્ નિર્વેદભાવને વિરક્તિભાવને પ્રાપ્ત કરતા નથી તેમ કર્મોથી મલિન અને દુઃખી જીવ અનાદિ કાળથી આવર્ત સ્વરૂપ યોનિચક્રમાં ભ્રમણ કરવા છતાં સંસાર દશાથી નિર્વેદ પામતા નથી અર્થાત્ જન્મમરણના ચક્રથી મુક્ત થવાની ઇચ્છા કરતા નથી.

કર્મના સંગથી અતિ મૂઢ, દુઃ ખિત અને અત્યંત વેદનાથી યુક્ત પ્રાણી, મનુષ્યેત્તર યોનિમાં જન્મ લઇ, ફરી ફરી દુઃ ખી થતા રહે છે.

કાળક્રમ અનુસાર ક્રમશઃ કર્મોનો ક્ષય થવાથી જીવોને શુદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેના ફળ સ્વરૂપે મનુષ્ય ભવ પ્રાપ્ત થાય છે.

**ધર્મશ્રવણઃ** મનુષ્ય શરીરને પ્રાપ્ત કરવા છતાં સત્યધર્મનું શ્રવણ દુર્લભ છે. ધર્મના શ્રવણથી જીવ તપ, ક્ષમા, સહિષ્ણુતા અને અહિંસાનો સ્વીકાર કરે છે.

ધર્મ શ્રવણ મિથ્યા તિમિરનું વિનાશક, શ્રદ્ધારૂપી જ્યોતિનું પ્રકાશક, તત્ત્વ–અતત્ત્વનો ભેદ દર્શાવનાર, અમૃતપાન સમાન અને એકાંત હિતકારક છે.

કદાચ ધર્મ શ્રવણ પ્રાપ્ત થઇ જાય તો પણ તેમાં શ્રદ્ધા થવી પરમ દુર્લભ છે. સંસાર સાગર પાર કરવા માટે ધર્મ પ્રત્યેની શ્રદ્ધા નૌકા સમાન છે. મિથ્યાત્વ રૂપી અંધકારને દૂર કરવા માટે સૂર્ય સમાન છે.

**સંયમમાં પુરુષાર્થઃ** ધર્મશ્રવણ તેમજ શ્રદ્ધાયુક્ત હોવા છતાં પણ મોટા ભાગની વ્યક્તિઓ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સંયમમાં પુરુષાર્થ કરી શકતી નથી. ચારિત્ર પાલનમાં પોતાની શક્તિ વાપરવી તે જ મહત્ત્વપૂર્ણ અંતિમ દુર્લભ અંગ છે. તે કર્મરૂપ વાદળાઓને હટાવવામાં પવન સમાન, કર્મમળને ધોવા માટે જળ સમાન, ભોગ ભુજંગના વિષનાં નિવારણ માટે મંત્ર સમાન છે. ચારિત્ર્યમાં તપ અને સંયમ બંન્નેનો સમાવેશ છે અને તે મોક્ષ પ્રાપ્તિ માટે કલ્પવૃક્ષ સમાન છે.

**ચતુરંગ પ્રાપ્તિનું વર્તમાન ફળઃ** ચારે ય અંગને પ્રાપ્ત કરનાર પ્રશસ્ત તપસ્વી નવા કર્મોના આગમનને રોકીને સંવૃત્ત બને છે તથા જુના કર્મોની નિર્જરા કરે છે. ચતુરંગ પ્રાપ્તિ પછી સરળતા અને સહજતાથી પરિપૂર્ણ થવાથી આત્માની શુદ્ધિ થાય છે. ધર્મમાં સ્થિરતા મેળવ્યા બાદ ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ તપ, ત્યાગ અને ચારિત્રથી પરમ તેજસ્વિતાને મેળવી લે છે. તે આ શરીર છોડીને દેવગતિ કે મોક્ષને પ્રાપ્ત કરે છે.

**ચતુરંગ પ્રાપ્તિનું ભાવિ ફળઃ** અનેક પ્રકારના આચારોના પાલનથી ઉત્તરોત્તર ઋદ્ધિસંપન્ન દેવ બને છે. તેઓ અતિશય ઉજ્જવલ પ્રતિભાવાળા અને દેદિપ્યમાન શરીરવાળા હોય છે. તે સ્વર્ગમાંથી ચ્યવન થવાનું નથી એમ માનતા હોય છે અર્થાત્ અસંખ્ય વર્ષોનું આયુષ્ય પ્રાપ્ત કરે છે.

દિવ્ય સુખોને પામેલા તે દેવો વૈક્રિય શરીર ધારણ કરવા સમર્થ હોય છે. પહેલા દેવલોકથી બારમા દેવલોક સુધી સેંકડો પૂર્વ વર્ષ સુધી રહે છે. ત્યાં આયુષ્ય

પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્તમોત્તમ દશ પ્રકારની સામગ્રીથી યુક્ત થાય છે.

૧) ખેતર, ખુલ્લી જમીન ૨) ઘર, દુકાન ૩) સોના–ચાંદી ૪) પશુઓ અને નોકરો આ ચાર પ્રકારના સુખનાં સાધનો તેમને પ્રાપ્ત થાય છે.

૧) સંપન્ન કુળમાં જન્મ ૨) સન્મિત્રોથી યુક્ત ૩) પરિવાર સંપન્ન ૪) ઉચ્ચ ગોત્રીય ૫) સુંદર વર્ણવાળા ૬) નિરોગી ૭) મહાપ્રાજ્ઞ ૮) ગુણ સંપન્ન ૯) યશસ્વી ૧૦) બળવાન – આ દશ ગુણોથી યુક્ત હોય છે.

જીવન પર્યંત અનુપમ માનવીય ભોગો ભોગવીને પણ તેઓ પૂર્વ ભવમાં વિશુદ્ધ ધર્માચરણ વાળા હોવાને કારણે કેવળી પ્રજ્ઞપ્ત ધર્મના બોધને પ્રાપ્ત કરે છે.

તે પુણ્યશાળી જીવો પૂર્વોક્ત ચાર અંગોને દુર્લભ જાણી સંયમ ધર્મનો સ્વીકાર કરે છે. ત્યાર બાદ તપશ્ચર્યાથી સમગ્ર કર્મોનો ક્ષય કરી શાશ્વત સિદ્ધ થાય છે

**(ત્રીજું અધ્યયન સંપૂર્ણ)**

### ચોથું અધ્યયન

# અસંસ્કૃત

જીવન અસંસ્કૃત છે અર્થાત્ તૂટ્યા પછી સંધાય તેવું નથી. માટે પ્રમાદ કરવો નહિં. વૃદ્ધાવસ્થા પછી કોઇ શરણભૂત થતું નથી. હિંસા કરનાર અને પાપથી નિવૃત્તિ નહિં લેનાર પ્રમાદી જીવો મૃત્યુ સમયે કોના શરણે જશે?

જે મનુષ્યો અજ્ઞાનવશ પાપ કર્મો કરીને ધનનું ઉપાર્જન કરે છે અને ધનને અમૃતતુલ્ય સમજીને ગ્રહણ કરે છે, સંગ્રહ કરે છે, સ્ત્રી પુત્ર વગેરે બંધનોમાં ફસાયેલ, વેરભાવની સાંકળમાં જકડાયેલ નરક ગતિમાં જાય છે.

ખાતર પાડતાં છીડું પાડવાની જગ્યાએજ પકડાઇ જતાં પાપી ચોર પોતાના દુષ્કર્મોથી દુઃખ પામે છે, તેમ દરેક જીવ પોતાના કરેલા કૃત્યોનું ફળ આ લોકમાં તેમજ પરલોકમાં જરૂર ભોગવે છે કારણકે કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો જ નથી. સંસારી જીવ પોતાના બંધુજનો માટે જે સામુહિક કર્મ કરે છે, તે કર્મના ફળ ભોગવવામાં ભાઇ ભાંડુ ભાગ પડાવતા નથી.

**ધનની અશરણતાઃ** પ્રમાદી જીવ આ લોક કે પરલોકમાં ધન વડે રક્ષણ પામતો નથી. અંધારામાં દીવો બુઝાઇ ગયા પછી અજવાળામાં જોયેલો માર્ગ નજરમાં આવતો નથી, તેવી જ રીતે પ્રમાદી વ્યક્તિ અનંત મોહને કારણે જ્ઞાનદીપ બુઝાઇ ગયો હોવાથી મોક્ષમાર્ગને જાણવા છતાં પણ દેખતો નથી.

**અપ્રમત્ત જીવનની પ્રેરણાઃ** પ્રજ્ઞાસંપન્ન સાધક પ્રમાદરૂપી મોહનિદ્રામાં સૂતેલાઓ વચ્ચે પણ પ્રતિક્ષણ જાગ્રત રહે છે અર્થાત્ આસક્ત પુરુષોની વચ્ચે નિરાસક્ત છે. જરા પણ પ્રમાદ કરતો નથી કારણકે કાળનો પ્રહાર અચૂક છે અને શરીર દુર્બળ છે તેથી ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત થઇને સાવધાની પૂર્વક સંયમનું પાલન કરવું.

દોષો આવવાની સંભાવના હોય ત્યાં સાધક સાવધ થઇ પગલા ભરે અને સંયમમાં જરા પણ દોષ કે પ્રમાદ હોય તો તેને બંધન માની તેનું નિવારણ કરે, તેનાથી બચીને રહે. જ્યાં સુધી આ શરીરથી સંયમ ગુણોનો લાભ થતો રહે ત્યાં

સુધી તેનું આહારાદિ વડે રક્ષણ કરે, પોષણ કરે. પણ જ્યારે આ શરીરથી સંયમ ગુણોનું પાલન ન થાય ત્યારે કર્મ મળનો નાશ કરનાર આજીવન અનશન સ્વીકારે. જેમ પોતાની સ્વચ્છંદતાને કાબૂમાં લઇ તાલીમ પામેલો અને કવચધારી ઘોડો યુદ્ધમાં વિજય મેળવે છે તેમ સંયમી સાધક પણ સ્વચ્છંદતા પર નિયંત્રણ કરી, કરોડ પૂર્વ વર્ષ સુધી સંયમનું પાલન અપ્રમત્તપણે કરે છે, તેથી શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે.

**અંતિમ વયે ધર્મ કરવાની ભ્રમણાઃ** પાછલી ઉંમરે ધર્મ કરીશું એવી રીતે વિચારનાર વ્યક્તિ પહેલાં પણ નહિં અને પછી પણ ધર્મ પ્રાપ્ત કરી શકતી નથી. સામાન્ય મનુષ્ય આયુષ્ય શિથિલ થતાં, મૃત્યુ કાળ નજીક આવતાં, શરીર છૂટવાના સમયે ધર્માચરણ વિના અત્યંત દુઃ ખી થાય છે.

મૃત્યુ સમયે તત્કાળ ધર્મનો વિવેક પામવો શક્ય નથી માટે લોકનું સ્વરૂપ સમ્યગ્રૂપે જાણીને સમજીને મહર્ષિ પ્રમાદ રહિત થઇને સંયમમાં વિચરણ કરે.

**કષ્ટ સહિષ્ણુતાઃ** મોહને નિરંતર જીતીને સંયમમાર્ગમાં વિચરતાં મુનિને અનેક પ્રકારના કષ્ટો આવે છે. સાધુ તે કષ્ટોમાં મનથી પણ કોઇ પ્રત્યે દ્વેષ ન કરે અને સમભાવમાં સ્થિર રહે.

**કષાય વિવેકઃ** કામભોગના તુચ્છ સુખો પણ બહુ લોભાવનારા હોય છે. તો સાધક તેવા પ્રલોભનોમાં ન લપટાતાં મનને વશ રાખે, ક્રોધથી પોતાને બચાવે, અભિમાનથી દૂર રહે, માયાકપટ કરે નહિ તથા લોભનો ત્યાગ કરે.

**સુસંસ્કારિત જીવનની પ્રેરણાઃ** જે લોકો અસંસ્કારી છે, તુચ્છ પ્રકૃતિના છે, પરનિંદા કરનારા અને રાગદ્વેષમાં રચ્યા પચ્યા રહે છે, વાસનાઓને આધીન છે તે ધર્મરહિત છે; એમ જાણી સાધક તેમની સંગત ન કરે અને જીવનપર્યંત સદ્ગુણોની જ આરાધના કરતો રહે.

માનસિક ચંચળતા કર્મબંધનું કારણ બને છે અને બાંધેલા કર્મને ભોગવ્યા વગર છૂટકો નથી. ક્ષણભંગુર જીવન જાગૃતિનો સંદેશ આપે છે. સાધકે પોતાના જીવનને ઉત્તમોત્તમ ગુણોથી સુસંસ્કારિત કરવું જોઇએ.

**(ચોથું અધ્યયન સંપૂર્ણ)**

## પાંચમું અધ્યયન

# અકામ મરણીય

**બે પ્રકારના મરણઃ** મહાન પ્રવાહ વાળા દુસ્તર સંસાર સાગર કેટલાક મહાપુરુષો તરી ગયા. તેમાંના એક મહાપ્રાજ્ઞ પ્રભુ મહાવીર છે. તેમણે આ મરણનું સ્વરૂપ ફરમાવેલ છે.

મરણના નજીકના સમયમાં જીવોની બે અવસ્થાઓ હોય છેઃ ૧) અકામ મરણ ૨) સકામ મરણ.

વિવેકહીન બાળજીવોના અકામ મરણ વારંવાર થાય છે. પરંતુ ચારિત્ર્યવાન પંડિત પુરુષોના સકામ મરણ ઉત્કૃષ્ટ આરાધનાને કારણે એક જ વાર થાય છે.

**અકામ મરણ સ્વરૂપઃ** ભગવાન મહાવીરે પૂર્વોક્ત બે સ્થાનોમાંથી પ્રથમ ભેદને વિષે કહ્યું છે કે કામભોગોમાં આસક્ત બાળ જીવો અત્યંત ક્રુર કર્મો કરે છે.

જે કામભોગોમાં આસક્ત બને છે તે નરકગતિમાં જાય છે. તેઓ એમ કથન કરે છે કે પરલોક મેં જોયો નથી અને આ કામભોગનું સુખ જે હું પ્રત્યક્ષ ભોગવું છું, તે ખરું છે કારણકે તે ચક્ષુગમ્ય છે, ઈન્દ્રિયગમ્ય છે.

તે બાળ અજ્ઞાની પ્રાણીઓ એમ પણ માને છે કે આ કામભોગો તો હાથમાં આવેલા છે, પ્રત્યક્ષ છે. ધર્માચરણથી આગામી ભવમાં પ્રાપ્ત થનાર સુખ અનિશ્ચિત કાળ પછી મળનાર હોવાથી સંદિગ્ધ છે અને કોણ જાણે પરલોક છે કે નહિં?

અજ્ઞાની પ્રાણી એમ પણ માને છે અને બોલે છે કે જે બધાનું થશે તે મારૂં થશે. તેથી કામભોગોમાં આસક્ત થઇ કષ્ટોને આમંત્રણ આપે છે.

આ અજ્ઞાની પ્રાણીઓ ક્યારેક સ્વ-પરના પ્રયોજનથી તો ક્યારેક નિરર્થક હિંસાકારી પ્રવૃત્તિઓ કરે છે. આ જીવો હિંસા, અસત્ય, માયાચાર, નિંદા, કુથલી

અને દગાબાજી કરતાં કરતાં છેવટે માંસ–મદિરાનું સેવન કરતા થઇ જાય છે અને પોતાના આ દુરાચારને શ્રેષ્ઠ માનવા લાગે છે.

કાયાથી અને વચનથી મોહાંધ બની ગયેલ અજ્ઞાની જનો ધન અને સ્ત્રીઓમાં આસક્ત થઇ રાગ અને દ્વેષ બન્નેથી કર્મમળનો સંગ્રહ કરે છે. જેવી રીતે અળસિયું મુખ વડે માટી ખાઇને અને શરીર માટીમાં લપેટીને અંદર અને બહાર બન્ને બાજુથી માટીનો સંગ્રહ કરે છે.

ત્યાર પછી અજ્ઞાની જીવ પ્રાણઘાતક રોગથી ઘેરાઇને ગ્લાનિ પામે છે, દુઃખી થાય છે. તે પોતાનાં અશુભ કર્મોનું સ્મરણ કરતાં પશ્ચાતાપ કરે છે અને પરલોકના દુઃ ખોથી અત્યંત ભય પામે છે.

ધર્માચરણ રહિત તે પ્રાણીઓ નરકગતિને પ્રાપ્ત કરે છે જયાં તેમને અસહ્ય વેદના ભોગવવી પડે છે.

જેમ ગાડીવાન સમતળ રાજમાર્ગ છોડીને વિષમ માર્ગે જાય તો ખાડા ટેકરા આવવાને કારણે ગાડીની ધોંસરી તૂટી પડવાથી ઘણો પશ્ચાતાપ કરે છે તેવી રીતે જે અજ્ઞાની જીવ ધર્મને છોડીને અધર્મને સ્વીકારે છે તે મરણોન્મુખ થવા પર ગાડીવાનની જેમ પશ્ચાતાપ કરે છે. જેમ ધૂર્ત જુગારી એકજ દાવમાં સર્વસ્વ હારી જઇને દુઃખ પામે છે, તેમ અજ્ઞાની જીવ અકામ મરણે મરીને ત્રાસ પામે છે.

**પંડિત મરણનું સ્વરૂપઃ** જ્ઞાન દર્શન ચારિત્ર આદિ ગુણોથી સંપન્ન સંયમી તથા પુણ્યશાળી આત્માઓનું મરણ સમાધિ અવસ્થામાં થાય છે. તેમનું મરણ પ્રશસ્ત હોય છે.

આવું સકામ મરણ બધા સાધુઓને કે બધા ગૃહસ્થોને પ્રાપ્ત થતું નથી. સાધુઓના આચાર ઘણા જ કઠિન હોય છે અને ગૃહસ્થોના વિવિધ પ્રકારના હોય છે. છતાં કેટલાક ગૃહસ્થો કેટલાક સાધુઓ કરતાં પણ આચારમાં શ્રેષ્ઠ હોય છે.

દીર્ઘ પ્રવ્રજ્યા પર્યાયને પ્રાપ્ત શિથિલ આચાર વાળા સાધુઓને તેમણે ધારણ કરેલા વલ્કલ વસ્ત્ર, મૃગચર્મ, નગ્નત્વ, જટાધારણ, ચીંથરાની ગોદડી કે મસ્તક

મુંડન દુર્ગતિગમનથી બચાવી શકતા નથી.

બાહ્યવેશ કે બાહ્યાચાર મોક્ષમાર્ગમાં ઉપયોગી થતા નથી. ભિક્ષાજીવી સાધુ પણ શિથિલ આચારવાળા હોય તો નરકગતિ થી છૂટી શકતા નથી.

સાધુ હોય કે ગૃહસ્થ, જે સુવ્રતી હોય તેને દિવ્ય ગતિ પ્રાપ્ત થાય છે.

**સદ્ગૃહસ્થનાં લક્ષણોઃ** શ્રદ્ધાવાન ગૃહસ્થ સામાયિકાદિ બધી સાધનાના અંગોને શ્રદ્ધાપૂર્વક કાયાથી પાલન કરે. કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ બન્નેમાં એક રાત્રિ માટે પણ પૌષધ કરવાનું ન છોડે.

સંસારથી નિવૃત્ત થયેલ અર્થાત્ આશ્રવ રહિત સંયમી સાધુની બેમાંથી એક પ્રકારની ગતિ થાય છેઃ ૧) તે સર્વ દુઃખોથી મુક્ત થઈ જાય છે. ૨) મહર્દ્ધિક દેવ બને છે.

**દેવોના નિવાસ સ્થાન અને દેવોની સમૃદ્ધિઃ** ઉપરવર્તી દેવોના આવાસ સ્થાન ઉત્તરોત્તર શ્રેષ્ઠ હોય છે. વેદ, મોહની અલ્પતા વાળા હોય છે અને ક્રમશઃ દ્યુતિ, કાંતિની અધિકતાવાળા હોય છે. તેમાં રહેનારા દેવો ઉત્તરોત્તર એકબીજાથી યશસ્વી, દીર્ઘાયુ, ઋદ્ધિસંપન્ન, સુખી, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરવા વાળા અર્થાત્ વૈક્રિય શક્તિવાળા હોય છે અને તરત જન્મેલા જેવી ભવ્ય કાંતિયુક્ત અને ઘણા સૂર્યની પ્રભા સમાન દેદીપ્યમાન હોય છે.

સાધુ હોય કે ગૃહસ્થ, જેમણે તપ સંયમનું આચરણ કર્યું છે, કષાયોને શાંત કર્યા છે કે પાપોથી નિવૃત્ત થયા છે, તે આવા ઉપર કહેલા ઉત્તમ દેવલોકના સ્થાનોને પ્રાપ્ત કરે છે.

તે પૂજનીય, જિતેન્દ્રિય, સંયમી સાધકો મરણ સમયે દુઃખનો અનુભવ કરતા નથી. સાવધાન રહી પંડિત મરણને પ્રાપ્ત કરે છે.

**સકામ મરણની પ્રાપ્તિ અને ઉપાયઃ** પ્રજ્ઞાવંત સાધક બાલમરણ અને પંડિત મરણ બન્નેનો તુલનાત્મક વિચાર કરીને પંડિત મરણની વિશેષતા સમજીને તેને સ્વીકારે અને દયા ધર્મના પાલનથી તેમજ સંયમધર્મમાં તલ્લીન થઈ

આત્મગુણોને પુષ્ટ કરે.

ત્યાર બાદ મરણકાળ નજીક આવે ત્યારે ગુરુશ્રધ્ધાથી સંપન્ન ભિક્ષુ પરિષહોપસર્ગ જનિત ભયને દૂર કરે અને સંથારાના ભાવ રાખે.

મૃત્યુ સમય આવી પહોંચતા મુનિ ભકત–પરિજ્ઞા, ઇંગિની મરણ, પાદપોપગમન આ ત્રણ પ્રકારના સંથારામાંથી એકનો સ્વીકાર કરીને દેહત્યાગ કરે.

જીવનને શ્રેષ્ઠ, ગુણસંપન્ન, વ્રતધારી બનાવીને અંતિમ સમયે સંથારો સ્વીકારી મનુષ્ય જન્મ સફળ કરવો જોઇએ.

**(પાંચમું અધ્યયન સંપૂર્ણ)**

છઠ્ઠુ અધ્યયન

# ક્ષુલ્લક નિર્ગ્રંથીય

**અવિદ્યા ફળઃ** જેટલા અવિદ્યાવાન પુરુષો છે તે બધા પોત–પોતાના માટે દુઃખ ઉત્પન્ન કરનારા છે. અજ્ઞાનને કારણે મૂઢ બનેલા તે બધા અનંત સંસારમાં વારંવાર ભ્રમણ કરે છે.

તેથી પંડિત સાધક અવિદ્યાના ફળનો વિચાર કરીને સંસારમાં જન્મ–મરણના વિવિધ સ્થાનોને જાણીને પોતાના આત્મા વડે સત્ય શોધે અને વિશ્વના દરેક જીવ પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરે.

આ સંસારમાં પોતાના કરેલા કર્મોથી પીડિત વ્યક્તિને માતા–પિતા, પુત્રવધુ, પત્ની, પુત્રો કે અન્ય સ્વજનો તેના દુઃખોથી રક્ષણ કરવા સમર્થ નથી.

સમ્યક્દષ્ટિ સાધક ઉપરોક્ત સત્યને સમજે, વિચારે અને આ સંસારના સંબંધીઓ અને પદાર્થો પ્રત્યેની આસક્તિ અને સ્નેહના બંધનનું છેદન કરે. પરિચય વધારવાની અભિલાષા ન કરે અર્થાત્ તેમના પ્રત્યેનો મમત્વ ભાવ ત્યાગી દે.

ગાય, ઘોડા વિ. પાલતુ પશુઓ, નોકર–ચાકર આ બધાનો ત્યાગ કરીને સંયમ પાલન કરવાથી સાધક ઇચ્છિત અવસ્થાઓ પ્રાપ્ત કરી શકે.

પોતાના દુષ્કર્મોથી પીડિત જીવને સ્થાવર–જંગમ સંપત્તિ, ધન–ધાન્ય, ઘરવખરી આદિ કોઇ પણ પદાર્થ દુઃખથી મુક્ત કરવા સમર્થ નથી.

સર્વ પ્રાણીઓની બધી અવસ્થાઓ પોતાના કર્મ અનુસાર જ હોય છે. પોતાનું જીવન બધાને પ્રિય હોય છે. આમ જાણી સાધક કોઇ પણ પ્રાણીની હિંસા ન કરે, ન કરાવે તથા હિંસાથી ઉત્પન્ન થતાં ભય અને વેરભાવથી નિવૃત્ત બને.

ધનધાન્યાદિનો પરિગ્રહ નરક ગતિમાં લઇ જનાર છે, એમ જાણી મુનિ તૃણમાત્રનો પરિગ્રહ ન કરે. સમસ્ત પાપોથી દૂર રહેનાર મુનિ પોતાના પાત્રમાં ગૃહસ્થો દ્વારા અપાયેલું જ ભોજન કરે.

આ સંસારના કેટલાક લોકો એમ માને છે કે પાપના પ્રત્યાખ્યાન કર્યા વિના જ આર્ય તત્ત્વને જાણી લેવાથી સર્વ દુઃખોથી મુક્ત થઇ શકાય છે.

જે લોકો બંધ અને મોક્ષ તત્ત્વને માનીને ઉપદેશની ઘણી વાતો કરે પરંતુ તે મુજબ આચરણ કે ત્યાગ–પ્રત્યાખ્યાન કરતા નથી, તેવા લોકો કેવળ વાચાબળથી પોતાને ધર્મી હોવાની ખોટું આશ્વાસન આપે છે.

ધર્માચરણ વિના વિવિધ પ્રકારની ભાષાઓ દુઃખોથી મનુષ્યની રક્ષા નથી કરતી તેમજ મંત્રવિદ્યાઓનું જ્ઞાન પણ મનુષ્યને દુઃખોથી બચાવી ન શકે તો પણ અજ્ઞાની પ્રાણી આ જ્ઞાનથી પોતાને પંડિત માનતો સંસારમાં ફસાઇ જાય છે.

**અપ્રમત્ત રહેવાની પ્રેરણાઃ** જે અજ્ઞાની જીવ શરીરના ગૌર વર્ણમાં, સુંદર રૂપમાં, મન, વચન, કાયાથી આસક્ત રહે છે, તે પોતાના માટે દુઃખ ઉત્પન્ન કરે છે.

આ અનંત સંસારમાં જીવ જન્મ–મરણ રૂપ ભવભ્રમણ કર્યા કર્યા જ કરે છે. સાધકે સંસારની સર્વ દશાઓને જાણી, સમજી, અપ્રમત્ત બની વિચરણ કરવું.

સાધક સંસાર ત્યાગ કરીને, સર્વોચ્ચ સંયમ સ્વીકારીને ક્યારે અસંયમ કે ઇન્દ્રિય વિષયોની આકાંક્ષા ન કરે. માત્ર પૂર્વકૃત કર્મોનો ક્ષય કરવા માટે જ આહાર આદિથી દેહને પોષણ આપે.

સાધક કર્મબંધના હેતુઓથી અલિપ્ત રહીને, પંડિત મરણની આકાંક્ષા રાખીને, જીવન પર્યંત તપ સંયમમાં વિચરણ કરે અને ગૃહસ્થોએ પોતાના માટે તૈયાર કરેલા આહાર પાણીમાંથી ઉચિત પ્રમાણમાં ગ્રહણ કરીને સંયમ નિર્વાહ માટે તેનું સેવન કરે.

સંયમી સાધુ લેશમાત્ર પણ આહારાદિનો સંગ્રહ ન કરે. જેમ પક્ષી પોતાની સાથે કાંઇ પણ લીધા વગર જ ઊડી જાય છે તેમ મુનિ પોતાના ઉપકરણો સિવાયની બધી વસ્તુઓથી નિરપેક્ષ થઇ સંયમમાં વિચરણ કરે.

જૈન દર્શન જ્ઞાન અને ક્રિયાનું સાહચર્ય સ્વીકારે છે. અજ્ઞાન એ સંસારનું મૂળ છે. તેને નિવારવા પ્રબળ પુરુષાર્થ આવશ્યક છે. માત્ર વેશ પરિવર્તનથી આત્મ વિકાસ થઇ શકે નહિં. વેશ પરિવર્તનની સાથે હ્રદયનું પરિવર્તન પણ આવશ્યક છે. તેના દ્વારાજ સાચી નિગ્રંથીયતા પ્રાપ્ત થાય છે.

**(છઠ્ઠું અધ્યયન સંપૂર્ણ)**

### સાતમું અધ્યયન

# ઉરભ્રીય

અહિં બકરા ના દૃષ્ટાંત દ્વારા તેમજ કાકિણીના દૃષ્ટાંત દ્વારા અને રાજાના દૃષ્ટાંત દ્વારા તેમજ ત્રણ વણિક પુત્રોના દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવ્યું છે કે જે જીવો મનોજ્ઞ વિષયોમાં આસક્ત બની હિંસા, અસત્ય, અસ્તેય, સૂરા–માંસ સેવન કે પરસ્ત્રીગમન કરે છે, પોતાના શરીરને રુષ્ટ–પુષ્ટ બનાવવામાં મસ્ત રહે છે, તેની ગતિ નરક તરફ લઇ જનારી બને છે.

જે અલ્પ સુખ માટે દિવ્ય સુખોને છોડી દે છે, તે દુઃખી થાય છે.

મનુષ્ય ભવ મૂળ સંપત્તિ સમાન છે. દેવગતિ લાભ સમાન છે. મનુષ્યોને નરક અને તિર્યંચ ગતિ પ્રાપ્ત થવી તે મૂળ પુંજીને ગુમાવવા સમાન છે.

જે મનુષ્ય વિવિધ પ્રકારના સુસંસ્કારો દ્વારા ભદ્રતા વિ. ગુણો પ્રાપ્ત કરે છે, તે મનુષ્ય પ્રાણી સત્ય કર્મ વાળા હોય છે. અર્થાત્ પોતાના શુભ કર્માનુસાર ફળ મેળવે છે.

જેણે ધર્મનો વિશાળ બોધ પ્રાપ્ત કર્યો છે, જેઓ શીલ સંપન્ન છે તેમજ ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિ કરે છે, તે અદીન કે પરાક્રમી પુરુષ મૂળ ધન રૂપી મનુષ્યત્વથી આગળ વધીને દેવત્વને પ્રાપ્ત કરે છે.

મનુષ્યના કામભોગ દાભના અગ્રભાગ જેટલા અને અતિ અલ્પ આયુષ્ય વાળા છે છતાં પણ અજ્ઞાની જીવ ક્યા કારણે આત્માની સુરક્ષા વાળા ધર્મને સમજી શકતો નથી?

મનુષ્ય ભવ માં કામવાસનાથી નિવૃત્ત થનાર અશુચિમય ઔદારિક શરીર છોડીને દેવ થઇ જાય છે. દેવલોકથી આવીને તે જીવ જ્યા રિદ્ધિ, દ્યુતિ, યશકીર્તિ, પ્રશંસા, સુંદર રૂપ વિ– હોય. એવા મનુષ્યકુળમાં ફરી ઉત્પન્ન થાય છે.

બાળ, અજ્ઞાની જીવો અધર્મ જ ગ્રહણ કરે છે અને તેઓ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. સર્વવિરતિ ધર્મનું પાલન કરનારા ધીર પુરુષો દેવગતિને પામે છે.

પંડિત સાધકે બાલભાવનો ત્યાગ કરી સંયમ અને વ્રતનો સ્વીકાર કરવો જોઇએ.

ભોગોમાં તૃપ્તિ ક્યારે ય નથી. ભોગાસક્તિ દુષ્કર્મોના પુંજને એકઠા કરે છે. પરિણામે મનુષ્યની અધોગતિ થાય છે. અનાસક્તિમાં સુખ છે. આ સુખ મનુષ્ય ભવમાં જ મેળવી શકાય. મનુષ્યભવને સાર્થક કરવો એ મનુષ્ય માત્રનું પરમ કર્તવ્ય છે.

**(સાતમું અધ્યયન સંપૂર્ણ)**

### આઠમું અધ્યયન

# કાપિલીય

અધ્રુવ, અશાશ્વત અને દુઃખોથી ભરેલા આ સંસારમાં એવા ક્યા આચરણથી જીવ દુગર્તિ ના પામે?

માતા–પિતા વગેરે સાંસારિક સંબંધોને સર્વથા છોડ્યા પછી મુનિ કોઇ સાથે સ્નેહ ન કરે. તેને સ્નેહ કરનાર વ્યક્તિથી પણ અલિપ્ત રહે અને સર્વ દોષોના પરિણામ નરકાદિ દુર્ગતિથી મુક્ત થઇ જાય.

કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારક તથા સર્વ જીવોનું કલ્યાણ ચિંતવનારા નિર્મોહી પ્રભુએ જીવોને અષ્ટવિધ કર્મોથી મુક્ત થવા માટે આ પ્રમાણે કહ્યુંઃ

કર્મબંધનના હેતુરૂપ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહોનો અને કષાયોનો મુનિ ત્યાગ કરે. સમસ્ત ઇન્દ્રિય વિષયોના કટુ પરિણામ જાણીને, છકાય રક્ષક મુનિ તેમાં લિપ્ત ન થાય.

આત્માને દૂષિત બનાવનાર વિષયભોગમાં આસક્ત તથા કલ્યાણકારી મોક્ષમાર્ગ પ્રત્યે વિપરીત બુદ્ધિવાળા, અજ્ઞાની અને મૂઢ જીવો કફના બળખામાં માખી ફસાઇ જાય છે તેમ સંસારમાં ફસાઇ જાય છે.

આ ઇન્દ્રિય વિષયોનો ત્યાગ બહુ કઠિન છે, અધીર કે કાયર જીવો સહેલાઇથી તેને છોડી શકતા નથી. પરંતુ વેપાર માટે સમુદ્રની યાત્રા કરનાર વણિક જેમ નાવ દ્વારા સમુદ્ર પાર કરી જાય છે, તેમ મહાવ્રતોનું પાલન કરનાર સાધુ સહેલાઇથી સમસ્ત ઇન્દ્રિય સુખોનો ત્યાગ કરી દે છે.

**પ્રાણવધ અને અહિંસાઃ** અમે શ્રમણ છીએ એમ કહેનારા કેટલાક પશુ સમાન અજ્ઞાની જીવો પ્રાણીવધનો ત્યાગ કરતા નથી અને અજ્ઞાન દશાને કારણે નરક ગતિમાં જાય છે.

પ્રાણીવધનું અનુમોદન કરનાર પણ સમસ્ત દુઃખોથી કદી મુક્ત થઇ શકતા નથી, એમ સાધુ ધર્મની પ્રરૂપણા કરનારા આર્ય મહાપુરુષો (તીર્થંકર) એ ફરમાવ્યું છે.

જેમ ઊંચા સ્થળેથી જળ આપોઆપ સરી જાય છે, તેમ અહિંસક સાધકના પાપકર્મો સહેજે સરી જાય છે.

આ વિશ્વને આશ્રિત જેટલા ત્રસ અને સ્થાવર જીવો છે, તેની મન, વચન અને કાયાથી કોઇ પણ પ્રકારની હિંસા કરવી નહિં.

**રસાસક્તિ ત્યાગઃ** શુદ્ધ ગવેષણા જાણીને તેમાં જ સાધુ પોતાના આત્માને સ્થાપિત કરે અર્થાત્ સંયમ નિર્વાહ માટે જ સાધુ આહારની ગવેષણા કરે. ભિક્ષામાં મળેલ આહારના સ્વાદમાં આસક્તિભાવ ન કરે.

સાધુ નિરસ અને શીતલ આહારનું સેવન કરે. જુના અડદ વગેરેના બાકુળા; મગ, ઘઉં વગેરેનું ભુસુ; નિઃ સાર, રૂક્ષ કે અલ્પ સત્ત્વવાળા ધાન્ય અને સૂકવેલા બોરનું ચૂરણ વગેરેનું લાંબા સમય સુધી સેવન કરે.

**અનિયંત્રિત કુશીલ જીવનનું દુષ્પરિણામઃ** સંયમ ગ્રહણ કર્યા પછી જેઓ શાસ્ત્રાજ્ઞા અનુસાર પોતાના જીવનનું નિયંત્રણ નથી કરી શકતા કે સંયમાચારથી ભ્રષ્ટ થઇ જાય છે; તેઓ કામભોગમાં રસાસ્વાદમાં આસક્ત થઇ દેહત્યાગ કરતાં અસુર કાયમાં ઉત્પન્ન થાય છે.

ત્યાંથી નીકળીને પણ તે સંસારમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરે છે. પરિભ્રમણ કરતાં બહુ કર્મોના લેપથી લિપ્ત થયેલ તે ભારે કર્મી જીવોને ધર્મની સમજણ, શ્રદ્ધા કે બોધ મળવો પણ અતિ દુર્લભ થઇ જાય છે.

**લોભવૃત્તિનું સ્વરૂપઃ** ધન–ધાન્યથી પૂર્ણ આખા લોકની સમૃદ્ધિ જો કોઇ એક વ્યક્તિને આપી દેવામાં આવે તો પણ લોભી માનવ સંતુષ્ટ થઇ શકતો નથી.

જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. તૃષ્ણાવાન આત્માના લોભની પૂર્તિ થવી મહા મુશ્કેલ છે.

**સ્ત્રી સંગનો ત્યાગઃ** અણગાર ભિક્ષુ સ્ત્રીઓમાં ક્યારેય આસક્ત ન થાય. પરંતુ સ્ત્રીસંગનો ત્યાગ કરે. બ્રહ્મચર્ય ધર્મને કલ્યાણકારી માનીને તેમાં જ પોતાના આત્માને સ્થિર કરે.

વિશુદ્ધ પ્રજ્ઞાવાન કેવળી કપિલ મુનિવરે સ્ત્રીસંગ ત્યાગ અને લોભ ત્યાગનું પ્રતિપાદન કર્યું છે. તેની સમ્યક્ આરાધના કરનાર સંસાર સાગરને તરી જશે. તેવા પુરુષો માટે આ જન્મ સફળ થઈ જશે અને પરભવમાં શાંતિદાયક સુગતિને પ્રાપ્ત કરશે.

**(આઠમું અધ્યયન સંપૂર્ણ)**

### નવમું અધ્યયન

# નમિ પ્રવ્રજ્યા

**નમિરાજનો જન્મ અને પૂર્વજન્મનું સ્મરણઃ** મહાશુક્ર નામના દેવલોકમાંથી નીકળીને નમિરાજના જીવે મનુષ્ય લોકમાં જન્મ લીધો. તેમનું મોહનીય કર્મ ઉપશાંત થવાને લીધે તથા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી તેમને પૂર્વજન્મનું સ્મરણ થયું. જાતિ સ્મરણ જ્ઞાન થયું.

ભગવાન નમિએ પૂર્વજન્મનું સ્મરણ કરીને સર્વોત્તમ ચારિત્રધર્મમાં સ્વયં જાગૃત થયા. બોધ પામ્યા અને રાજય કારભસાર પુત્રને સોંપીને તેમણે અભિનિષ્ક્રમણ કર્યું. પ્રવ્રજયા ગ્રહણ કરવા માટે નીકળ્યા. અને નગરની બહાર એકાંતમાં પહોંચ્યા.

તે સમયે મિથિલા નગરીની જનતામાં કોલાહલ મચી રહ્યો હતો.

ઉત્તમ પ્રવ્રજયારૂપ સ્થાનમાં સંયમ લેવા માટે તૈયાર થયેલા નમિરાજર્ષિને બ્રાહ્મણના રૂપમાં આવેલા શકેન્દ્ર દેવરાજે આ પ્રમાણે પ્રશ્ન કર્યોઃ

હે રાજર્ષિ! આજે મિથિલાનગરી કોલાહલથી કેમ વ્યાપ્ત છે? ઘર ઘર અને રાજ મહેલમાં હૃદયને ચીરી નાખે એવા ભયંકર વિલાપ તેમજ આક્રંદના અવાજો શા માટે સંભળાય છે?

દેવેન્દ્રનો આ પ્રશ્ન સાંભળીને તેના પ્રશ્ન પૂછવાની પાછળ રહેલ આશય સમજીને નમિરાજર્ષિએ આ પ્રમાણ કહ્યુંઃ

મિથિલાનગરી રૂપી ઉદ્યાનમાં એક સુંદર વૃક્ષ હતું. જે અતિ રમ્ય પત્ર, પુષ્પ તથા ફળોથી યુક્ત અને સૌને શીતળ છાયા આપનારૂં તથા અનેક પક્ષીઓને આશ્રય દેનારું હતું.

પ્રચંડ તોફાનને કારણે તે સુંદર વૃક્ષ તૂટી પડવાથી હે બ્રહ્મદેવ! આશ્રય રહિત

થઇ ગયેલા દુઃ ખી, અશરણ અને પીડિત પક્ષીઓ કકળાટ કરી રહ્યા છે.

ઇન્દ્રોક્ત વાક્યમાં આશય એ છે કે આ હૃદયવિદારક કોલાહલનું કારણ આપનું અભિનિષ્ક્રમણ છે. જો આપ અભિનિષ્ક્રમણ ન કરો તો આવો હૃદયવિદારક કોલાહલ ન થાય.

અહિં નમિરાજર્ષિએ મિથિલા નગરીમાં રહેલા ઉદ્યાનથી રાજભવનને અને મનોરમ વૃક્ષથી સ્વયંને તથા વૃક્ષ પર આશ્રય મેળવનાર નગરજનોને પશુ પક્ષીઓથી ઉપમિત કર્યા છે.

અને સમજવ્યું છે કે આક્રંદનું પ્રયોજન મારૂં અભિનિષ્ક્રિમણ નથી પરંતુ સ્વાર્થ છે. અભિનિષ્ક્રમણ કોઇ માટે પીડાકારક બનતું નથી કારણ કે તેનો હેતુ છકાય જીવની રક્ષા છે.

**દ્વીતીય પ્રશ્નોત્તરઃ મહેલ અને અંતઃ પુર સળગવાનો નિર્દેશ** - નમિરાજર્ષિનો ભાવવાહી ઉત્તર સાંભળીને જિજ્ઞાસાથી પ્રેરાઇને આ પ્રમાણે કહ્યુંઃ

હે ભગવન્! આ અગ્નિ અને વાયુ આપના ભવનોને અને અંતઃપુરને બાળી રહ્યા છે. આપ તેના તરફ લક્ષ કેમ દેતા નથી?

દેવેન્દ્રના પ્રશ્ન પાછળનો આશય સમજીને નમિરાજર્ષિ એ આ પ્રમાણે કહ્યુંઃ

જે નગરીમાં મારી કોઇ પણ વસ્તુ નથી, તે મિથિલાનગરી બળી રહી હોય તો તેમાં મારૂં કશું ય બળતું નથી. હું સુખપૂર્વક રહું છું – જીવું છું.

પુત્ર, પત્ની, પરિવારનો ત્યાગી તેમજ ગૃહ, ખેતી અને વ્યાપારોથી મુક્ત થયેલ સાધુને કોઇ વસ્તુ પ્રિય નથી હોતી તેમજ કોઇ વસ્તુ અપ્રિય પણ નથી હોતી.

સાધુએ બધી વસ્તુઓ અને પરિસ્થિતિમાં સમભાવ જ રાખવાનો હોય છે.

બાહ્ય અને અભ્યંતર સર્વ પ્રકારના સંયોગો કે પરિગ્રહોથી મુક્ત અને એકત્વભાવમાં રહેનાર ગૃહત્યાગી ભિક્ષાજીવી મુનિને દરેક સ્થળે આનંદ મંગળ

જ પ્રવર્તે છે.

**તૃતીય પ્રશ્નોત્તરઃ નગરની સુરક્ષા** - નમિરાજર્ષિનો પૂર્વોક્ત ભાવવાહી ઉત્તર સાંભળીને દેવેન્દ્રે પોતાના આત્મામાં રહેલા ભાવોથી પ્રેરિત થઇને નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યુંઃ

હે ક્ષત્રિય! આ નગરના રક્ષણ માટે પહેલાં તમે ફરતો કિલ્લો, ગઢનો મુખ્ય દરવાજો, અટ્ટાલિકાઓ અર્થાત્ કિલ્લા ઉપર યુદ્ધ કરવાના બુર્જ, ખાઇઓ અને સેંકડો સુભટોને હણી નાખે તેવું યંત્ર શતઘ્ની તોપ આદિ ગોઠવીને પછી દીક્ષા ગ્રહણ કરો.

દેવેન્દ્રના આ પ્રશ્ન પાછળનો આશય સમજીને નમિરાજર્ષિ એ આ પ્રમાણે કહ્યુંઃ

હે દેવેન્દ્ર! આવો ક્ષત્રિય અર્થાત્ મુનિ શ્રદ્ધાનું નગર બનાવે છે, તેમજ તપ, સંવર, ક્ષમા, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, ધૈર્ય, પરાક્રમ વગેરે વિવિધ સુરક્ષાના સાધનો દ્વારા આત્મરક્ષા કરી વિજય પ્રાપ્ત કરે છે. તેથી મારે આવા સાધનોના સંગ્રહની જરૂર નથી.

**ચતુર્થ પ્રશ્નોત્તરઃ વિવિધ પ્રાસાદ વગેરે નિર્માણની પ્રેરણા** - નમિરાજર્ષિનો ઉત્તર સાંભળીને દેવેન્દ્રે જિજ્ઞાસાથી પ્રેરિત થઇને આ પ્રમાણે કહ્યુંઃ

હે ક્ષત્રિય! પહેલા આપ પ્રાસાદ-રાજમહેલ, વર્ધમાન ગૃહ, જળક્રીડાનાં સ્થાનો બનાવીને પછી આપ પ્રવ્રજ્યા ગ્રહણ કરો.

દેવેન્દ્રનો આ પ્રશ્ન સાંભળીને તેના પ્રશ્ન પૂછવાની પાછળ રહેલ આશય સમજીને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

માર્ગે ચાલતા જે ઘર કે પ્રાસાદ બાંધે છે, તેને પોતાના ગંતવ્ય સ્થાન વિષે શંકા હોય છે. પરંતુ મને વિશ્વાસ છે કે હું લક્ષ્ય સ્થાને અવશ્ય પહોંચી શકીશ અને ત્યાં જ મારૂં શાશ્વત ઘર બનાવીશ.

**પંચમ પ્રશ્નોત્તરઃ ચોર આદિથી સુરક્ષા** - નમિરાજર્ષિનો પૂર્વોક્ત ઉત્તર સાંભળીને દેવેન્દ્રે ફરીથી નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યુંઃ

હે ક્ષત્રિય! તમે ચોર, લુટારા, ડાકુઓ, બહારવટિયાઓ વગેરેથી તમારા નગરને સુરક્ષિત કરીને પછી સંયમ ગ્રહણ કરો.

દેવેન્દ્રનો આ પ્રશ્ન સાંભળીને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

હે વિપ્ર! આ જગતમાં લોકો પર અનેક વાર મિથ્યાદંડનો પ્રયોગ કરવામાં આવે છે અર્થાત્ નિરપરાધી જીવો પર અજ્ઞાન કે અહંકારવશ દંડ પ્રયોગ થઈ જાય છે અને ગુન્હો કરનાર છૂટી જાય છે. માટે આધ્યાત્મિક પુરુષોએ વિષય–કષાયરૂપી આંતરિક ચોર વગેરેનો જ નિગ્રહ કરવો જોઈએ.

**ષષ્ઠ પ્રશ્નોત્તરઃ રાજાઓને જીતવાની પ્રેરણા** - નમિરાજર્ષિનો પૂર્વોક્ત ઉત્તર સાંભળીને દેવેન્દ્રે પોતાના ભાવોથી પ્રેરિત થઈને નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યુંઃ

હે નરેન્દ્ર! કેટલાક રાજાઓ જે આપને નમ્યા નથી – આપની આજ્ઞામાં આવ્યા નથી તેમને વશ કરીને પછી આપ સંયમ ગ્રહણ કરો.

દેવેન્દ્રના પ્રશ્નમાં રહેલો આશય સમજીને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

જે દુર્જય સંગ્રામમાં દશ લાખ યોદ્ધાઓને જીતી લે છે તે અપેક્ષાએ વિષય–કષાયોમાં પ્રવૃત્ત પોતાના આત્માને જીતી લેનાર મહાન વિજેતા છે.

આત્માની સાથે જ યુદ્ધ કરવું જોઈએ. બહારના યુદ્ધથી શું લાભ? પોતાના આત્મા દ્વારા આત્માને જીતવાથી શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે.

પાંચ ઈન્દ્રિયો, ક્રોધ, માન, માયા, લોભ અને મન આ બધાને જીતવા દુષ્કર છે. છતાં એક પોતાના આત્માને જીતી લેવાથી એ બધા પર વિજય મેળવી શકાય છે.

**સપ્તમ પ્રશ્નોત્તરઃ યજ્ઞાદિની પ્રેરણા** - નમિરાજર્ષિનો ભાવવાહી ઉત્તર સાંભળીને દેવેન્દ્રે જિજ્ઞાસાથી પ્રેરાઈને નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યુંઃ

હે રાજન! આપ પહેલા બ્રાહ્મણો દ્વારા મોટા યજ્ઞો કરાવીને, શ્રમણો અને બ્રાહ્મણોને ભોજન કરાવીને, બ્રાહ્મણોને દાન આપીને, મનોજ્ઞ શબ્દાદિ વિષય સુખોને ભોગવીને તથા સ્વયં યજ્ઞ કરીને પછી દીક્ષા અંગીકાર કરો.

દેવેન્દ્રનો આ પ્રશ્ન સાંભળીને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

હે વિપ્ર! જે વ્યક્તિ એક મહિનામાં દસ લાખ ગાયોનું દાન આપે તેના કરતા કાંઈ પણ દાન ન કરનાર વ્યક્તિનો સંયમ અધિક શ્રેષ્ઠ છે. અર્થાત્ દાનની અપેક્ષાએ સંયમ શ્રેષ્ઠ છે. કારણકે દાનથી મર્યાદિત પ્રાણીઓનું જ રક્ષણ થાય છે જયારે સંયમ પાલન કરવામાં સર્વસાવદ્ય વિરતિ હોવાથી તેમાં સમસ્ત પ્રાણીઓની રક્ષા થાય છે.

**અષ્ઠમ પ્રશ્નોત્તરઃ ગૃહસ્થાશ્રમમાં ધર્મસાધનાની પ્રેરણા** - નમિરાજર્ષિનો પૂર્વોક્ત ઉત્તર સાંભળીને દેવેન્દ્રે જિજ્ઞાસા પૂર્વક નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યુંઃ

હે રાજન! આપ ઉત્તમ ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસ આશ્રમ ધારણ કરવા ઈચ્છો તે બરાબર નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પૌષધાદિ શ્રાવક ધર્મનું પાલન કરતાં ધર્મ આરાધના કરો.

દેવેન્દ્રનો આ પ્રશ્ન સાંભળીને, તેની પાછળ રહેલો આશય ધ્યાનમાં લઈને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

જે અજ્ઞાની ઉગ્ર તપસ્વીઓ માસ–માસના ઉપવાસ તપ કરે છે અને પારણામાં સોયના અગ્રભાગ પર રહે, એટલો જ ખોરાક લે છે; તેઓ સમ્યક્ચારિત્ર રૂપ મુનિધર્મના સોળમા ભાગનું પણ ફળ પામી શકતા નથી. અર્થાત્ તેનું તપ સમ્યક્ચારિત્રની સોળમી કલા બરાબર થઈ શકતું નથી.

**નવમ પ્રશ્નોત્તરઃ ભંડાર વૃદ્ધિની પ્રેરણા** - નમિરાજર્ષિનો ભાવવાહી ઉત્તર સાંભળીને જિજ્ઞાસાથી પ્રેરાઈને દેવેન્દ્રે નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યુંઃ

હે ક્ષત્રિય પ્રવર! પહેલા તમો સોનું, ચાંદી, મણિ, મોતી, કાંસાના વાસણો, વસ્ત્રો, વાહનો અને ભંડારની વૃદ્ધિ કરો પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરો.

દેવેન્દ્રના આ પ્રશ્ન પાછળ રહેલા આશયથી પ્રેરાઈને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

મનુષ્યની ઈચ્છાઓ આકાશની જેમ અનંત હોય છે તેની ક્યારેય પૂર્તિ થતી નથી પરંતુ સંતોષ, ત્યાગ, વૈરાગ્ય આત્મામાં પ્રવેશે તોજ ઈચ્છાઓનો અંત આવી શકે. આથી હે દેવેન્દ્ર! મેં તપ, સંયમના આચરણથી સંતોષ પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે. તેથી મને ધન, ધાન્ય, સોના-ચાંદીની જરૂર નથી.

**દશમ પ્રશ્નોત્તરઃ અપ્રાપ્ત સુખની ચાહનાનો આક્ષેપ** - નમિરાજર્ષિનો ભાવયુક્ત ઉત્તર સાંભળીને દેવેન્દ્રે જિજ્ઞાસાથી તેમને આ પ્રમાણે કહ્યુંઃ

પ્રવ્રજ્યા ગ્રહણ કરીને દિવ્ય સુખો મેળવવાની આકાંક્ષા આપ રાખો છો પરંતુ હે પૃથ્વીપતિ! આકાંક્ષાની પૂર્તિ નહિં થવાથી વર્તમાનમાં મળેલા સુખોનો ત્યાગ કરવાનો આપને પશ્ચાતાપ કરવો પડશે, દુઃખી થવું પડશે. માટે મળેલાં સુખોનો ત્યાગ ન કરો.

દેવેન્દ્રનો પ્રશ્ન સાંભળીને નમિરાજર્ષિએ આ પ્રમાણે કહ્યુંઃ

આ સંસારના કામભોગો કાંટારૂપ છે. વિષય વાસના વિષ તુલ્ય છે. આવા કામભોગોની ઈચ્છા રાખનાર તેને પામ્યા વિનાજ દુગર્તિમાં જાય છે.

ક્રોધ કરવાથી જીવ નરકમાં જાય છે. માનથી પણ અધોગતિ થાય છે. માયા કરવાથી સદ્ગતિ થતી નથી અને લોભ આ લોક અને પરલોક બન્ને લોક માટે દુઃખદાયી બને છે.

તેથી વિદ્યમાન કે અવિદ્યમાન કામભોગોની અભિલાષા મને નથી. આ ત્યાગ માર્ગમાં મારે ક્યારેય પણ પશ્ચાતાપ કરવો પડશે નહિં.

**દેવેન્દ્ર દ્વારા ગુણકીર્તનઃ** આ લાંબા વાર્તાલાપ પછી બ્રાહ્મણરૂપ છોડીને વૈક્રિય શક્તિથી પોતાનું અસલ ઇન્દ્રરૂપ ધારણ કરીને મધુર વાણીથી સ્તુતિ કરતાં, વંદન કરતાં દેવેન્દ્ર નમિરાજર્ષિ સમક્ષ ઊભા રહી કહેવા લાગ્યાઃ

અહો! આપે ક્રોધને જીતી લીધો છે, અહો! આપે માનનો પરાજય કર્યો છે, આપે માયાને નિષ્ક્રિય બનાવી દીધી છે, અહો! આપે લોભને પણ સંપૂર્ણપણે વશ કરી લીધો છે.

ભગવન્! ઉત્તમ છે આપની સરળતા! ધન્ય છે તમારી નમ્રતાને! અનુપમ છે આપની ક્ષમા અને નિર્લોભિતા!

આપ આ લોકમાં તો ઉત્તમ છો જ પરંતુ પરલોકમાં પણ ઉત્તમ બનશો. કર્મરજથી રહિત થઈને આપ સર્વોત્તમ સિદ્ધિ સ્થાન પ્રાપ્ત કરશો.

આ પ્રમાણે આશીર્વચન કહીને પૂર્ણ શ્રદ્ધા સાથે તેમના ચરણોમાં વારંવાર વંદન કરીને રમ્ય કુંડળ અને મુકુટધારી ઈન્દ્ર મહારાજ આકાશમાર્ગે ચાલ્યા ગયા.

**નમિરાજર્ષિની આરાધનાથી પ્રેરણાઃ** સાક્ષાત ઈન્દ્ર દ્વારા સંસાર રુચિની પ્રેરણા મળવા છતાં વૈરાગ્યભાવમાં અડગ રહી રાજભવન અને વિદેહ દેશની રાજધાની મિથિલાનગરીનો ત્યાગ કરી નમિ મુનિરાજ શ્રમણ ધર્મની આરાધનામાં તલ્લીન બન્યા.

તત્ત્વને જાણનાર, વિચક્ષણ પંડિત પુરુષ નમિરાજર્ષિની જેમ ધર્મમાં દ્દઢ બની કામભોગોથી નિવૃત્ત થાય છે.

સાધક સંસારને પ્રિય અને અપ્રિય એમ બે વિભાગમાં વિભક્ત કરતા નથી. પરંતુ તે સાંસારિક સુખોનો તથા કષાયોનો ત્યાગ કરવામાં જ આનંદ અનુભવે છે.

**(નવમું અધ્યયન સંપૂર્ણ)**

## દશમું અધ્યયન

# દ્રુમ પત્રક

**ક્ષણભંગુર મનુષ્યજીવન અને પ્રમાદત્યાગઃ** જેમ રાત્રિ–દિવસનો કાળ વ્યતીત થતાં ઝાડનાં પાંદડા સૂકાઈને ખરી પડે છે તેમ મનુષ્યનું જીવન પણ ખરી પડવાનું છે. માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

ડાભના અગ્રભાગ પર અવલંબીને રહેલું ઝાકળબિંદુ જેમ થોડીવાર જ રહી શકે છે તેમ મનુષ્યનું જીવન પણ ક્ષણભંગુર છે, માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

આ અલ્પ કાલિન આયુષ્યમાં પણ જીવન અનેક વિઘ્નોથી યુક્ત છે. માટે હે ગૌતમ! પૂર્વકર્મોનો ક્ષય કરવામાં ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

**મનુષ્ય જન્મ પ્રાપ્તિની દુલર્ભતાના કારણોઃ** ગાઢ કર્મોના ઉદયને લીધે તમામ પ્રાણીઓને ચિરકાળ સુધી મનુષ્ય ભવની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ હોય છે તેથી હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

પૃથ્વીકાયમાં જન્મ લીધા પછી જીવ વધુમાં વધુ પૃથ્વીકાય રૂપે અસંખ્યાત કાળ સુધી રહી શકે છે અર્થાત્ તેમાં ને તેમાં જ જન્મ–મરણ કર્યા કરે છે. માટે હે ગૌતમ! મનુષ્યભવમાં ધર્મારાધન કરવામાં સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

અપકાયમાં ગયેલો જીવ તેમાંને તેમાં જન્મ–મરણ કરતાં ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ સુધી રહી જાય છે, માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

અગ્નિ કાયમાં ઉત્પન્ન થયેલો જીવ અસંખ્ય કાળ સુધી તેમાં ને તેમાં જન્મ–મરણ કર્યા કરે છે. માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

વાયુકાળમાં ઉત્પન્ન થયેલો જીવ પણ તેમાં ને તેમાં જન્મ–મરણ કરતાં ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ પસાર કરી દે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ

કરવો નહિં.

વનસ્પતિ કાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ–મરણ કરતાં ઉત્કૃષ્ટ, જેનો અંત થવો મુશ્કેલ હોય એવા અનંત કાળ સુધી રહે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ ન કરવો.

બેઇન્દ્રિયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ સુધી જન્મ–મરણ કર્યા કરે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

તેઇન્દ્રિયમાં ઉત્પન્ન થયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ સુધી રહે છે માટે હે ગૌતમ! પળવારનો પણ પ્રમાદ કરવો નહિં.

ચતુરિન્દ્રિય કાયમાં ગયેલો જીવ તેમાં ને તેમાં જન્મ–મરણ કરતાં ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ સુધી રહે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

પંચેન્દ્રિય કાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં જન્મ–મરણ કરતાં ઉત્કૃષ્ટ રીતે સાત કે આઠ ભવ સુધી રહે છે. માટે હે ગૌતમ! પળ માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

દેવ અને નરક ગતિમાં ઉત્પન્ન થયેલો જીવ ઉત્કૃષ્ટ પણે એક એક ભવ– સંખ્યાત કે અસંખ્યાત વર્ષ વાળા– એક ભવ સુધી ત્યાં રહે છે. તેથી હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

આમ આ સંસારમાં અનેક પ્રકારના પ્રમાદોથી વ્યાપ્ત જીવ શુભાશુભ કર્મોને કારણે જન્મ–મરણરૂપ ચક્રમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રણ પ્રમાદ ન કરવો.

**ભવસ્થિતિ અને કાયસ્થિતિઃ** જીવનું અમુક સમય સુધી એક ભવમાં જીવવું તે ભવસ્થિતિ છે. અને મૃત્યુ પછી તે જ જીવનિકાયમાં વારંવાર ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ છે. દેવ અને નારકી મૃત્યુ પામ્યા પછી ફરી દેવ અને નારકી બનતા નથી. અતઃ તેની ભવસ્થિતિ જ હોય છે. કાયસ્થિતિ હોતી નથી. તિર્યંચ અને મનુષ્ય મરીને પછીના જન્મમાં ફરી તિર્યંચ અને મનુષ્યના રૂપમાં જન્મ લઇ શકે

છે. તેથી તેની કાયસ્થિતિ હોય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુના જીવો એક સાથે અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી કાળ સુધી તથા વનસ્પતિકાયના જીવો અનંતકાળ સુધી પોત–પોતાની જીવનિકાયમાં જન્મ લઇ શકે છે. અને પંચેન્દ્રિય જીવો એક સાથે ૭–૮ ભવો કરી શકે છે.

**ધર્માચરણની દુર્લભતાઃ** મનુષ્ય જન્મની પ્રાપ્તિ પછી પણ પાંચ બોલ ઉત્તરોત્તર દુર્લભ કહ્યા છ – ૧) આર્યત્વ, ૨) પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા, ૩) ઉત્તમ ધર્મ શ્રવણનો સંયોગ, ૪) સાંભળેલા ધર્મતત્ત્વો પ્રત્યે શ્રદ્ધા, ૫) તે મુજબ ધર્મનું આચરણ.

દુર્લભતાની આ ઘાટીઓ પસાર કર્યા પછી અર્થાત્ ઉપરોક્ત દરેક દુર્લભ તત્ત્વોનો સંયોગ મળ્યા પછી પુણ્યવાન જીવોએ જરા પણ પ્રમાદ કરવો હિતાવહ નથી.

**ઇન્દ્રિયબળની ઉત્તરોત્તર ક્ષીણતાઃ**વૃદ્ધાવસ્થાને કારણે શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય તેમજ સ્પર્શેન્દ્રિય ક્ષીણ થઇ જાય છે.

શ્રોતેન્દ્રિય ક્ષીણ થવાથી મનુષ્ય ધર્મશ્રવણ કરી શકતો નથી અને ધર્મશ્રવણ વિના સમ્યક્ ધર્માચરણ થઇ શકતું નથી.

ચક્ષુરિન્દ્રિય ક્ષીણ થવાથી સ્વાધ્યાય, ગુરુદર્શન, ધાર્મિક વાંચન–લેખન થઇ શકતા નથી. વચનબળ ક્ષીણ થવાથી પણ ધાર્મિક ચર્ચા વગેરે થઇ શકતા નથી.

સ્પર્શેન્દ્રિય ક્ષીણ થવાથી શીત–ઉષ્ણ વિ. પરિષહો સહન કરી શકતા નથી. તેમજ સંયમ, તપ વગેરે ઉત્તમ આચરણથી સાધક વંચિત રહી જાય છે. તેથી સમય માત્રનો પ્રમાદ કરવો નહિં.

**શીઘ્ર વિઘાતક રોગોથી શરીરનો વિધ્વંસઃ** લોહીવિકાર વગેરેથી ઉત્પન્ન થતી અળાઇઓ, ગુમડાં, વિસુચિકા તથા વિવિધ પ્રકારના શીઘ્રઘાતક રોગ તમારા

શરીરમાં પેદા થઈ રહ્યા છે, જે તમારા શરીરને બળવિહીન કરી રહ્યા છે, નાશ કરી રહ્યા છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

જેમ શરદઋતુમાં ચંદ્રવિકાસી કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી નિરાળુ રહે છે તેમ દરેક પ્રકારની આસક્તિથી તારા આત્માને અલિપ્ત રાખ. દરેક પ્રકારના મોહને દૂર કરવામાં હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

હે સાધક! ધન અને સ્ત્રી વગેરેનો ત્યાગ કરીને તે અણગાર ધર્મ સ્વીકાર્યો છે. હવે વમન કરેલા કામભોગ અને સાંસારિક પદાર્થોનું ફરીથી સેવન ન કર. અણગાર ધર્મના સમ્યક્ અનુષ્ઠાનમાં પળ માત્રનો પણ પ્રમાદ ન કર.

મિત્રો, બંધુજનો અને વિપુલ ધનસંપત્તિના ભંડારને સ્વેચ્છાથી છોડીને હે ગૌતમ! હવે સ્વીકારેલ શ્રમણધર્મના પાલનમાં આસક્તિપૂર્ણ સંબંધોની ઈચ્છા ન કર. સાવધાન રહેવામાં સમય માત્રનો પ્રમાદ ન કર.

આ ક્ષેત્રકાળમાં તીર્થંકર વિદ્યમાન નથી અને જે માર્ગદર્શક શ્રમણ વર્ગ છે તે અનેક મતવાળા જણાય છે, આમ પંચમ કાળના લોકો અનુભવ કરશે. પરંતુ તારા માટે તો ન્યાયપૂર્ણ નિર્વિકલ્પ મોક્ષમાર્ગ ઉપલબ્ધ છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહિં.

કાંટાવાળા માર્ગને છોડીને તું મહાપુરુષો દ્વારા સેવિત, મહાધોરી માર્ગરૂપ જિનમાર્ગમાં આવી ગયો છે. માટે એ માર્ગ પર આવતી બાધાઓને દઢતાથી દૂર કર. આમ કરવામાં સમય માત્રનો પ્રમાદ ન કર.

દુર્બળ ભારવાહક ચાલતાં ચાલતાં ક્યારેક વિષમ માર્ગ આવતાં ધૈર્ય ગુમાવી દે છે અને મૂલ્યવાન ભાર ત્યાં છોડી દે છે. અને પછી પસ્તાવો કરે છે. માટે હે ગૌતમ! અધીરા થઈને સંયમ છોડવાથી તારે પસ્તાવું પડશે.

હે ગૌતમ! તું મહાસાગરને તો પાર કરી ગયો છે. હવે કાંઠાની નજીક આવી જઈને કેમ ઊભો છે? કેમ રોકાઈ ગયો છે? તેને જલ્દીથી પાર કર. સમય માત્રનો પ્રમાદ ન કર.

સિદ્ધત્વને પ્રાપ્ત કરાવનારી ક્ષપક શ્રેણી ચઢીને તું ઉપદ્રવ રહિત, કલ્યાણકારી અને અનુત્તર એવા સિદ્ધલોકને પ્રાપ્ત કર. સમય માત્રનો પ્રમાદ ન કર.

તત્ત્વોને જાણીને અને કષાયોને પૂર્ણ શાંત કરીને ગ્રામ નગર આદિમાં વિચરણ કરીને મુનિધર્મનું પાલન કર અને ઉપદેશ દ્વારા મોક્ષમાર્ગની વૃદ્ધિ કર. સમય માત્રનો પ્રમાદ ન કર.

સર્વજ્ઞ ભગવાન મહાવીર દ્વારા કહેવાયેલ અર્થપ્રધાન પદોથી શોભતી વાણી સાંભળીને રાગદ્વેષનો ક્ષય કરીને ગૌતમ સ્વામીએ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી.

સંપૂર્ણ અધ્યયનમાં શ્રી ગૌતમસ્વામીના નામથી દરેક સાધકને ઉપદેશ આપવામાં આવ્યો છે અને અંતિમ ગાથામાં તે ઉપદેશનું ફળ દર્શાવ્યું છે.

મોક્ષાર્થી દરેક સાધકે આ અપ્રમત્ત ઉપદેશ હૃદયમાં ધારણ કરી આત્મ કલ્યાણ સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મનુષ્ય જીવનની એકેક પળ અમૂલ્ય રત્ન સમાન છે. મળેલા કિંમતી સાધનનો સદુપયોગ કરી લેવો જોઈએ અર્થાત્ આ જ શરીરથી મોક્ષ પ્રાપ્ત કરી લેવો જોઈએ.

**(દશમું અધ્યયન સંપૂર્ણ)**

## અગિયારમું અધ્યયન

# બહુશ્રુત મહિમા

**અધ્યયનનો ઉપક્રમઃ** જે બાહ્ય અને આભ્યંતર સંયોગોથી સર્વથા મુક્ત, ગૃહત્યાગી, ભિક્ષુ છે, તેના આચારને અનુક્રમથી પ્રગટ કરીશ; તે મારી પાસેથી સાંભળો.

**અબહુશ્રુતનું સ્વરૂપઃ** જે કોઈ ભિક્ષુ શ્રુતજ્ઞાન રહિત છે, અહંકારી છે, રસાદિમાં લુબ્ધ છે, મન અને ઈન્દ્રિયોનો નિગ્રહ કરતો નથી, વારંવાર અસંબદ્ધ વાર્તાલાપ કરે છે તથા જે અવિનીત છે; તે બહુશ્રુત થવાને પાત્ર નથી.

**શિક્ષાજ્ઞાન પ્રાપ્તિમાં બાધક પાંચ કારણઃ** પાંચ અવગુણ છે જેને કારણે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી. તે આ પ્રમાણે છેઃ ૧) અભિમાન ૨) ક્રોધ ૩) પ્રમાદ ૪) રોગ ૫) આળસ

**જ્ઞાન પ્રાપ્તિમાં સહયોગી આઠ કારણોઃ** ૧) જે હાંસી મજાક ન કરે ૨) જે ઈન્દ્રિયો અને મનનું દમન કરનાર હોય ૩) જે બીજાના મર્મ ઉઘાડનાર ન હોય ૪) જે સદાચારથી રહિત ન હોય ૫) જે કલંકિત ચારિત્રવાળો ન હોય ૬) જે રસલોલુપ ન હોય ૭) ક્રોધના કારણો ઉપસ્થિત થવા છતાં જે ક્રોધ ન કરતો હોય ૮) સત્યનિષ્ઠ હોય તે શિક્ષાજ્ઞાન પ્રાપ્ત કરી શકે.

**અવિનીત અને વિનીતના લક્ષણઃ** ચૌદ પ્રકારના અવગુણ યુક્ત ભિક્ષુ અવિનીત કહેવાય છે. તે નિર્વાણ પ્રાપ્ત કરી શકતો નથી. તે ચૌદ સ્થાનો આ પ્રમાણે છેઃ

૧) જે નિરંતર ક્રોધ કરે છે ૨) જે ક્રોધ લાંબો સમય સુધી ટકાવી રાખે છે ૩) જે મિત્રને છોડી દે છે ૪) શાસ્ત્રજ્ઞાન મેળવીને અભિમાન કરે છે. ૫) જે પોતાના દોષો બીજા પર નાખે છે ૬) જે મિત્રો પર પણ ક્રોધ કરે છે ૭) જે અત્યંત પ્રિય મિત્રના પણ અવર્ણવાદ બોલે છે ૮) જે આગ્રહયુક્ત ભાષા બોલે છે ૯) જે

મિત્રદ્રોહી છે ૧૦) જે અભિમાની છે ૧૧) જે રસલોલુપ છે ૧૨) જે અજિતેન્દ્રિય છે ૧૩) જે સાથી સાધુઓમાં આહાર આદિનો સંવિભાગ કરતો નથી ૧૪) જે બધાને અપ્રીતિ ઉત્પન્ન કરનાર છે.

૧૫ ગુણોને ધારણ કરનાર સાધક સુવિનીત કહેવાય છે. ૧) જે નમ્ર બની રહે છે ૨) જે ચંચળતા રહિત છે ૩) જે માયા કપટથી રહિત છે ૪) જેને ખેલ–તમાશા જોવામાં રુચિ નથી. ૫) જે કોઈની નિંદા કરતો નથી ૬) જે ક્રોધ લાંબા સમય સુધી ટકાવી રાખતો નથી ૭) જે મૈત્રી નિભાવે છે ૮) જે શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરી અભિમાન કરતો નથી ૯) જે બીજાની નિંદા કરતો નથી ૧૦) જે મિત્ર પર ક્રોધ કરતો નથી ૧૧) જે અપ્રિય મિત્રના પણ ગુણાનુવાદ કરે છે. ૧૨) જે કલહ, મારામારીથી દૂર રહે છે ૧૩) જે તત્ત્વજ્ઞાની અને સંસ્કારી છે ૧૪) જે લજજાવાન છે ૧૫) જે ઈન્દ્રિયોનું ગોપન કરનાર છે. આવો સાધક સુવિનીત કહેવાય છે.

વિનીત શિષ્ય ગુરુથી પોતાની શૈય્યા સદા નીચી રાખે છે. ચાલતા સમયે તેની પાછળ ચાલે છે. ગુરુના સ્થાન અને આસનથી તેના સ્થાન અને આસન નીચા હોય છે. તે નમ્ર બનીને ગુરુનાં ચરણોમાં વંદન કરે છે. તે હાથ જોડીને જ કોઈ પણ વાત કરે છે કે પૂછે છે.

વળી તે જે પોતાના હાથ, પગ આદિ આંગોપાંગની કે મન અને ઈન્દ્રિયોની વ્યર્થ ચેષ્ટા છોડી, તેને સ્થિર કરી, પોતાના આત્મામાં સંલીન રહે છે. અનાવશ્યક પ્રવૃત્તિમાં મનાદિ યોગોનું પ્રવર્તન કરતો નથી.

**બહુશ્રુત થવાની મૌલિક ભૂમિકાઃ** જે સદા ગુરુકુળમાં રહે છે. જે પ્રશસ્ત મન, વચન, કાયાના યોગથી યુક્ત, જે તપમાં નિરત રહે છે. જે પ્રિય કરનાર હોય છે અને પ્રિયભાષી હોય છે. આવો શિષ્ય ગ્રહણ અને આસેવન શિક્ષા પ્રાપ્ત કરવા યોગ્ય હોય છે.

**ગ્રહણ શિક્ષાઃ** ગુરુ પાસેથી પ્રાપ્ત કરવામાં આવતા શાસ્ત્રીય જ્ઞાનને ગ્રહણ શિક્ષા કહે છે અને ગુરુના સાન્નિધ્યમાં રહીને તદ્‌નુસાર આચરણ અને અભ્યાસને આસેવન શિક્ષા કહે છે.

ગુરુકુળમાં રહેવાથી સાધક જ્ઞાનનો ભોગી બને છે. દર્શન અને ચારિત્રમાં સ્થિર બને છે. તેનું જીવન સુંદર અને સુઘડ બને છે.

**ઉપમાઓ દ્વારા બહુશ્રુતનું માહાત્મ્યઃ** જેમ શંખમાં દૂધ રાખવાથી તે દૂધની અને પોતાની (શંખની) એમ બમણી સફેદીથી સુશોભિત બને છે, તે જ રીતે બહુશ્રુત મુનિ આચાર ધર્મ અને શાસ્ત્રજ્ઞાન આ બન્નેથી શોભા પામે છે.

જેમ કંબોજ દેશમાં ઉત્પન્ન થયેલા અશ્વોમાં કંથક ગુણસંપન્ન અને ગતિમાં શ્રેષ્ઠ હોય છે, તેમ સાધુઓમાં બહુશ્રુત સંયત શ્રેષ્ઠ હોય છે.

આકીર્ણ જાતિના ઉત્તમ ઘોડા પર સવાર થયેલ દૃઢ, પરાક્રમી, વીર યોદ્ધો આગળ પાછળ થનારા નંદીઘોષથી સન્માન પામે છે, તે જ રીતે બહુશ્રુત ભિક્ષુ સમ્માન પામે છે.

જેમ હાથણીઓથી ઘેરાયેલો ૬૦ વર્ષનો બલિષ્ઠ હાથી કોઇથી પરાજિત થતો નથી, તેમ બહુશ્રુત સાધક કોઇથી પણ પરાજીત થતો નથી.

જેમ અણીદાર શીંગડા અને બળવાન સ્કંધવાળો બળદ જુથના અધિપતિના રૂપમાં સુશોભિત હોય છે, તેમ બહુશ્રુત મુનિ સ્વશાસ્ત્ર, પરશાસ્ત્રના જ્ઞાનરૂપ તીક્ષ્ણ શીંગડાથી, ગચ્છનો મોટો કાર્યભાર ઉપાડવામાં સમર્થ સ્કંધથી ચતુર્વિધ સંઘના આચાર્યના રૂપમાં શોભા પામે છે.

જેમ તિક્ષ્ણ દાઢવાળો યુવાન અને અપરાજીત સિંહ વન્ય પ્રાણીઓમાં શ્રેષ્ઠ હોય છે, તેમ બહુશ્રુત ભિક્ષુ પ્રતિભાદિ ગુણોને કારણે દુર્જય અને શ્રેષ્ઠ હોય છે.

જેમ શંખ, ચંદ્ર અને ગદાને ધારણ કરનાર વાસુદેવ અપ્રતિબાધિત બળવાળા યોદ્ધા હોય છે, તેમ બહુશ્રુત ભિક્ષુ સમ્યક્‌દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ અપ્રતિબાધિત બળવાળા હોય છે.

જેમ ચારેય દિશાઓમાં પૂર્ણ વિજય મેળવેલ ચક્રવર્તી ૧૪ રત્નોના સ્વામી હોય છે, તેમ બહુશ્રુત સાધક પણ ૧૪ પૂર્વના જ્ઞાનથી સંપન્ન હોય છે.

જેમ હજાર નેત્રવાળા, હાથમાં વજ્ર રાખનાર, પુરનામે દૈત્યનો નાશ કરનાર પુરંદર શકેંન્દ્ર અસંખ્ય દેવોના અધિપતિ હોય છે તેમ બહુશ્રુત ભિક્ષુ પણ વિશાળ સાધુ સાધ્વી સમુદાયના સ્વામી હોય છે.

જેમ અંધકારનો વિધ્વંસક સૂર્ય પ્રકાશના તેજથી જાજવલ્યમાન હોય છે તેમ બહુશ્રુત મુનિ અજ્ઞાનાન્ધકાર નાશક બની દેદીપ્યમાન હોય છે.

જેમ ગ્રહ, નક્ષત્ર, તારાઓના પરિવારથી ઘેરાયેલા નક્ષત્રોના સ્વામી ચંદ્ર પૂર્ણિમાના દિવસે સોળે કળાથી પૂર્ણ બની શોભિત થાય છે તેમ સાધુ સમુદાયથી ઘેરાયેલા બહુશ્રુત શ્રમણ પોતાના જ્ઞાન પ્રકાશથી શોભાયમાન હોય છે.

જેમ વેપારીઓનો કોઠાર સુરક્ષિત હોય છે અને અનેક પ્રકારના ધાન્યોથી પરિપૂર્ણ હોય છે, તેમ બહુશ્રુત શ્રમણ વિવિધ શ્રુતજ્ઞાનથી પરિપૂર્ણ હોય છે.

જેમ અનાદત દેવનું 'સુદર્શન' નામનું જંબુવૃક્ષ બધા વૃક્ષોમાં શ્રેષ્ઠ છે, તેમ બહુશ્રુત શ્રમણ સાધુ સમુદાયમાં શ્રેષ્ઠ છે.

જેમ નીલવાન પર્વતમાંથી નીકળતી અને પાણીના પ્રવાહથી પરિપૂર્ણ, સમુદ્રગામિની સીતા નદી બધી નદીઓમાં શ્રેષ્ઠ છે, તેમ શ્રુતજ્ઞાન રૂપી જળથી પૂર્ણ બહુશ્રુત શ્રમણ બધા શ્રમણોમાં શ્રેષ્ઠ છે.

જેમ અનેક પ્રકારની ઔષધિઓથી પ્રદીપ્ત, અતિમહાન, મંદર મેરુ પર્વત, સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે, તેમ બહુશ્રુત મુનિ સર્વ શ્રેષ્ઠ છે.

જેમ અક્ષય જલનિધિ સ્વયંભુરમણ સમુદ્ર અનેક પ્રકારના રત્નોથી ભરપૂર હોય છે, તેમ બહુશ્રુત સાધક પણ અક્ષય સમ્યગ્જ્ઞાન રૂપી જલનિધિથી અને અનેક ગુણ રત્નોથી પરિપૂર્ણ હોય છે.

**બહુશ્રુતતાનું સર્વોચ્ચ ફળઃ** સાગર સમાન ગંભીર, અજેય પરિષહાદિથી અવિચલિત, વિપુલ શ્રુતજ્ઞાનથી પરિપૂર્ણ અને ષટ્કાય રક્ષક એવા બહુશ્રુત શ્રમણ કર્મોનો સર્વથા ક્ષય કરીને ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

મોક્ષ પ્રાપ્તિના ઇચ્છુક મુનિએ બહુશ્રુત થવા માટે શ્રુતજ્ઞાનનું વિશાળ અધ્યયન કરવું જોઇએ. જેના અવલંબનથી સ્વ–પર, ઉભય આત્માઓની સિદ્ધિ સાધના સફળ થઇ શકે છે.

સંયમ સાધનામાં તત્પર મુમુક્ષુ સાધકોએ સાંસારિક પ્રવૃત્તિથી તથા લોકપ્રવાહથી હંમેશાં દૂર રહેવું જોઇએ. સંયમ યોગ્ય પ્રવૃત્તિ પછીના સમયે સ્વાધ્યાય અધ્યયનમાં સતત પ્રવૃત્ત રહેવું જોઇએ.

**(અગિયારમું અધ્યયન સંપૂર્ણ)**

### બારમું અધ્યયન

# હરિકેશીય

હરિકેશબલ નામના મુનિ ચાંડાલકુળમાં ઉત્પન્ન થયેલ હતાં પરંતુ પૂર્વ પુણ્યોદયથી શ્રેષ્ઠ ગુણોના ધારક અને જીતેન્દ્રિય બન્યા હતા.

ઈર્યા સમિતિ–એષણા–ભાષા સમિતિ, ઉચ્ચાર આદ પરિષ્ઠાપના સમિતિ અને ઉપકરણ લેવા મૂકવા સંબંધી આયાણ ભંડમત્ત નિક્ખેવણિયા સમિતિનું અને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનું પાલન સાવધાની પૂર્વક કરતા હતા. સમ્યક્ સમાધિ સંપન્ન હતા.

તપથી સૂકાયેલા શરીર વાળા જીતેન્દ્રિય મુનિ બ્રાહ્મણોનો યજ્ઞ જયાં ચાલી રહ્યો હતો ત્યાં યજ્ઞ મંડપમાં પધાર્યા.

તેમના જીર્ણ, મલિન વસ્ત્રો તથા પાત્ર વગેરે ઉપકરણોવાળા મુનિને આવતાં જોઇને અનાર્યો (બ્રામણો) તેમનો ઉપહાસ કરવા લાગ્યા, હસવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે તું કોણ છો રે? અહીં તું કઇ આશાથી આવ્યો છે?

તે સમયે મહામુનિ પ્રત્યે ભક્તિભાવ રાખનાર તિંદુકવૃક્ષ વાસી યક્ષ મહામુનિના શરીરમાં પ્રવેશ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યો –

હું શ્રમણ તપસ્વી, સંયમી અને બ્રહ્મચારી છું, ધનસંપત્તિ અને પરિગ્રહનો ત્યાગી છું. તેથી બીજા દ્વારા બનાવાયેલા ભોજનમાંથી ભિક્ષા ગ્રહણ કરવા અહીં આવ્યો છું.

તમારા લોકોનું ઘણું બધું ભોજન ખવાઇ રહ્યું છે, અને હું ભિક્ષાજીવી છું એમ જાણીને મને અલ્પ આહાર આપીને લાભ પ્રાપ્ત કરો.

(યક્ષે કહ્યું) સારા પાકની આશાએ ખેડૂત ઊંચી ભૂમિમાં બીજ વાવે છે તેવી જ આશાથી નીચી જમીનમાં પણ વાવે છે. તમે પણ એવી જ શ્રદ્ધાથી મને દાન

આપો. હું પુણ્યનું ક્ષેત્ર છું તેથી તમને લાભ પ્રાપ્ત થશે.

શાસ્ત્રકાર કહે છે – તપની મહત્તા વિશેષ છે. જાતિની કોઇ વિશેષતા નથી દેખાતી. જેમની આવી મહાન ઋદ્ધિ છે, મહાન પ્રભાવ છે, તે હરિકેશબલ મુનિ ચાંડાલ પુત્ર છે છતાં તેમની સેવામાં દેવો હાજર રહે છે.

મનુષ્યની સુરક્ષા તેના જ્ઞાન અને ચારિત્રથી થાય છે, જાતિ અને કુળથી નહિં. જેનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ઉન્નત છે તે જ ઉચ્ચ છે.

જૈન ધર્મની ઘોષણા છે કે કોઇ પણ વર્ણ, જાતિ, દેશ, વેશ કે લિંગની વ્યક્તિ જો રત્નત્રયની નિર્મળ સાધના કરતી હોય તો તેના માટે મુક્તિના દ્વાર ખુલ્લા છે.

યજ્ઞ કરનાર બ્રાહ્મણોને ઉપદેશ આપતા મુનિશ્રી બોલ્યા કે દાભ, યજ્ઞ સ્તંભ, તૃણ, કાષ્ઠ અને અગ્નિનો પ્રયોગ તેમજ સવાર અને સાંજ પાણીનો સ્પર્શ કરાતાં જળ વગેરેના આશ્રયે રહેલા દ્વીન્દ્રિયાદિ પ્રાણીઓની અને વનસ્પતિકાયનો, ઉપલક્ષણથી પૃથ્વીકાયાદિ જીવોની વિવિધ પ્રકારે હિંસા થતાં ઘણા પાપકર્મોનો સંગ્રહ થાય છે.

મન અને ઇન્દ્રિયોને વશમાં રાખનાર મહાત્મા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ આ છ જીવ નિકાયની હિંસા નથી કરતા, અસત્ય નથી બોલતા, ચોરી નથી કરતા, પરિગ્રહ, સ્ત્રી, માન માયાના સ્વરૂપને જાણી, તેમને છોડીને વિવેકપૂર્વક સંયમમાં વિચરણ કરે છે.

જેઓ પાંચ સંવરથી પૂર્ણ સંવૃત્ત છે, સંયમ જીવનનું દઢતાપૂર્વક પાલન કરે છે, શરીર પર આસક્તિ રહિત છે, જે પવિત્ર હૃદયી છે, જે શરીર સંસ્કારનો ત્યાગ કરે છે, તેઓ વાસના ઉપર વિજય મેળવી મોક્ષ પ્રાપ્ત કરાવનાર સંયમરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.

બ્રહ્મચર્ય શાંતિ તીર્થ છે. કેમકે આ તીર્થનું સેવન કરવાથી ઘણા અવગુણો ગુણમાં પરિવર્તિત થાય છે. કર્મમળનું મૂળ આસક્તિ કે રાગદ્વેષ જડમૂળથી દૂર થઇ જાય છે. ઉપલક્ષણથી સત્યાદિને પણ ગ્રહણ કરવું જોઇએ કારણકે તે કર્મમળ શાંત કરનાર છે.

હૃદયનું પરિવર્તન ચારિત્રની ચિનગારીથી થાય છે. જ્યાં ચારિત્રની સુવાસ મહેકે છે ત્યાં મલિન વૃત્તિઓ નાશ પામે છે. જ્ઞાન મંદિરો ચારિત્રનાં નંદનવનથી જ શોભે છે. ચારિત્રરૂપ પારસ અનેક દુષ્કર્મરૂપ લોખંડોને સુવર્ણરૂપ સત્કર્મોમાં પલટાવી દે છે. હરિકેશબલ મુનિનું જીવન ચારિત્રબળના કારણે જ અમાવશથી પૂનમમાં પલટાઇ ગયું.

**(બારમું અધ્યયન સંપૂર્ણ)**

## તેરમું અધ્યયન

# ચિત્ર સંભૂતીય

**સંભૂત અને ચિત્રનો જન્મઃ** ચાંડાલ જાતિને કારણે પરાભવ પામેલા સંભૂત મુનિએ પૂર્વભવમાં હસ્તિનાપુરમાં ચક્રવર્તી પદની પ્રાપ્તિનું નિયાણું કર્યું હતું અને મરીને પદ્મગુલ્મ વિમાનમાં દેવરૂપમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને ચૂલની રાણીની કુક્ષિમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીના રૂપે જન્મ લીધો.

આમ સંભૂતનો જીવ કાંપિલ્યનગરમાં ઉત્પન્ન થયો અને તેના ભાઈ ચિત્રનો જીવ પુરિમતાલ નગરના વિશાળ શ્રેષ્ઠિ કુળમાં ઉત્પન્ન થયો. ત્યાં તે પુણ્ય યોગે ધર્મ સાંભળીને પ્રવ્રજિત થયો.

**કાંપિલ્ય નગરમાં બન્નેનું મિલનઃ** કાંપિલ્ય નગરમાં ચિત્ર અને સંભૂત બન્નેનું મિલન થયું. ત્યાં તેઓએ પરસ્પર પોતપોતાના સુખદુઃ ખ અને કર્મફળના પરિણામ વિષે એકબીજા સાથે વાત કરવા લાગ્યા.

મહાન ઋદ્ધિસંપન્ન તેમજ મહા યશસ્વી ચક્રવર્તી બ્રહ્મદત્તે ખૂબ સત્કાર પૂર્વક પોતાના પૂર્વભવના ભાઈ ચિત્રને કહ્યુંઃ (બ્રહ્મદત્ત ચક્રવર્તીને જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ જન્મની સ્મૃતિ થઈ હતી).

**પૂર્વ ભવોનું કથનઃ** પૂર્વ જન્મમાં આપણે બન્ને ભાઈઓ હતા અને એકબીજાને વશવર્તી, પરસ્પર અનુરાગી અને હિતૈષી હતા. આપણે બન્ને દર્શાણ દેશમાં દાસ હતા. કાલિંજર પર્વત પર બીજા ભવમાં મૃગ હતા અને ત્રીજા ભવમાં મૃતગંગા નદીના કિનારા પર હંસ હતા. ચોથા ભવમાં કાશી દેશમાં ચાંડાળ હતા. પાંચમાં ભવમાં આપણે બન્ને સૌધર્મ દેવલોકમાં મહાન ઋદ્ધિસંપન્ન દેવ હતા.

આ આપણા બન્નેનો છઠ્ઠો ભવ છે, જેમાં આપણે એકબીજાથી દૂર અલગ અલગ જન્મ લીધો છે, એમ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વ ભવોનું કથન કરતાં કહ્યું.

**પરસ્પર શુભાશુભ કર્મ પરિણામનું કથનઃ**

મુનિઃ રાજન! તમે આસક્તિ સહિત ભોગ સુખના ચિંતન રૂપ નિયાણા દ્વારા જે કર્મોને એકઠા કર્યા હતા, તે જ કર્મોના ફળવિપાકના કારણે આપણે અલગ અલગ સ્થળે જન્મ્યા.

ચક્રવર્તીઃ હે મુનિ! મેં પૂર્વજન્મમાં સાચા અને પવિત્ર કર્મો, શુભ અનુષ્ઠાનો કર્યા હતા એનું ફળ હું ચક્રવર્તી રૂપે આજે ભોગવી રહ્યો છું. શું તમે પણ એવા જ પુણ્ય ફળ ભોગવો છો?

મુનિઃ મનુષ્યે આચરેલા બધા સત્કર્મો સફળ થાય છે, કેમકે કરેલાં કર્મોના ફળ ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. મારો આત્મા પણ ઉત્તમ ધન સામગ્રી અને મનોજ્ઞ ભોગ સામગ્રીના પુણ્ય ફળ વાળો હતો.

હે સંભૂત! બ્રહ્મદત્ત તમે પોતાને જે રીતે મહાપ્રભાવશાળી, ઋદ્ધિસંપન્ન તેમજ પુણ્યફળવાળો માનો છો તેમ ચિત્રને પણ જાણો. કારણકે હે રાજન! તેની (ચિત્રની) પાસે પણ ખૂબ ધનસંપત્તિ હતી અને તે પ્રભાવશાળી હતો.

સ્થવિરોએ જનસમુદાયમાં સારગર્ભિત વિસ્તૃત ઉપદેશ ફરમાવ્યો હતો. જેને સાંભળી ભિક્ષુ સંયમગુણોના આચારથી સંપન્ન થાય છે. તે ઉપદેશ સાંભળતાં અને સ્વીકાર કરતાં હું પણ શ્રમણ બન્યો છું.

**સંભૂત દ્વારા ભોગોનું નિમંત્રણઃ**

બ્રહ્મદત્તઃ ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બ્રહ્મ – આ મુખ્ય પાંચ પ્રાસાદ તથા બીજા પણ અનેક રમણીય પ્રાસાદ મારા વર્દ્ધકિરત્નએ બનાવ્યા છે તથા પાંચાલ દેશના વિશિષ્ટ શબ્દાદિ ગુણ સામગ્રીથી યુક્ત, અદ્ભુત પ્રચુર ધનથી પરિપૂર્ણ આ મારૂં આવાસ છે. હે ચિત્ર! મુનિશ્વર! આનો તમે ઉપભોગ કરો.

હે મુનિરાજ! નાટ્ય, સંગીત, વાદ્યો સાથે સ્ત્રીઓથી ઘેરાયેલા આ ભોગસામગ્રીનો તમે ઉપભોગ કરો. મને એ પ્રિય છે, રુચિકર છે. પ્રવ્રજ્યા ખરેખર દુઃખકર છે, એમ મને લાગે છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીના હિતેચ્છુ અને ધર્મમાં સ્થિર ચિત્રમુનિએ પૂર્વ ભવના સ્નેહવશ બ્રહ્મદત્ત ચક્રવર્તીને આ પ્રમાણે કહ્યુંઃ

બધા ગીતો માત્ર વિલાપ છે. સર્વ પ્રકારના નૃત્યો અને નાટકો વિડંબણાથી ભરપૂર છે. બધા આભૂષણો બોજારૂપ છે અને બધા કામભોગો દુઃ ખ આપનારા છે.

તપોધની મુનિશ્વરોને જે સુખ શીલગુણોમાં, સંયમમાં રત અને કામભોગોથી વિરક્ત રહેવામાં પ્રાપ્ત થાય છે, તે સુખ અજ્ઞાનીઓને રમણીય લાગતાં કામભોગોમાં નથી. કામભોગો પરિણામે દુઃખરૂપ જ છે.

હે નરેન્દ્ર! મનુષ્યોમાં ચાંડાલ જાતિ અધમ કે નીચ ગણાય છે, તેમાં આપણે બન્ને જન્મ લઇ ચૂક્યા છીએ; ત્યાં ચાંડાલોની વસતિમાં આપણે બન્ને રહેતા હતા. ત્યાં બધા લોકો આપણા પ્રત્યે ઘૃણા કરતા હતા.

અહીં જે શ્રેષ્ઠતા મળી છે, તે પૂર્વકૃત શુભ કર્મોનું ફળ છે. અને તે ફળસ્વરૂપે જ આપ આ અત્યંત પ્રભાવશાળી મહા ઋદ્ધિસંપન્ન રાજા બન્યા છો. તેથી આ ભવમાં પણ અભિનિષ્ક્રમણ કરી શાશ્વત સુખ પ્રાપ્ત કરો.

હે રાજન! આ અનિત્ય માનવ જીવનમાં જે વિપુલ પુણ્ય કર્મ નથી કરતા, તે મૃત્યુ આવતાં પશ્ચાતાપ કરે છે અને ધર્માચરણને અભાવે પરલોકમાં પણ દુઃખ પામે છે.

જેમ આ સંસારમાં સિંહ હરણને પકડીને લઇ જાય છે, તેમ અંત સમયે મૃત્યુ મનુષ્યને લઇ જાય છે. તે વખતે માતા–પિતા, પત્ની કે ભાઇ કોઇ દુઃખમાં ભાગીદાર બનતા નથી.

જ્ઞાતિજનો, મિત્રવર્ગ, પુત્ર કે ભ્રાતા કોઇ, મૃત્યુના મુખમાં પડેલા મનુષ્યનાં દુઃખ વહેંચી શકતા નથી કેમ કે કર્મ હંમેશાં કર્તાની સાથે જ જાય છે.

પત્ની, પુત્ર, નોકર વગેરે તથા ચોપગા પશુ, ખેતર, ઘર, ધન–ધાન્ય બધું જ અહીં છોડીને, પોતાના શુભાશુભ કર્મોને સાથે લઇને જીવ પરવશપણે સુગતિ

કે દુર્ગતિમાં જાય છે.

જીવન નાશવંત છે. મૃત્યુ પ્રતિક્ષણ આવી રહ્યું છે. સમ્યક્દષ્ટિ તથા શ્રમણોપાસક બનો. સંપત્તિનો સત્કર્મમાં ઉપયોગ કરો, આસક્તિ રહિત બની તેનો ઉપભોગ કરશો તો દુર્ગતિ ટળી જશે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ કહ્યું: આ બધું જાણતો હોવા છતાં પણ કાદવમાં ખૂંચેલ હાથીની જેમ કામભોગોમાં ફસાઇને નિષ્ક્રિય બની ગયો છું. ત્યાગ માર્ગના શુભ પરિણામને જાણવા છતાં તે તરફ આગળ વધી શકતો નથી.

આમ ચિત્ર અને સંભૂતના માર્ગ છઠ્ઠા જન્મમાં અલગ અલગ બે દિશા તરફ ફંટાઇ ગયા.

પાંચાલ દેશના રાજા બ્રહ્મદત્ત ચિત્રમુનિનો બોધ ગ્રહણ ન કરી શક્યા અને કામભોગોમાં રત રહીને સાતમી નરકમાં ઉત્પન્ન થયા.

અને શબ્દાદિ કામભોગોથી વિરક્ત, શ્રેષ્ઠ ચારિત્રવાન તપસ્વી મહર્ષિ ઉત્કૃષ્ટ સંયમ પાળીને સિદ્ધ ગતિને પામ્યા.

ભોગોનો ત્યાગ દુર્લભ છે અને આસક્તિ છોડવી અતિ દુર્લભ છે. સાધક આત્માએ ભોગોથી દૂર રહેવું જોઇએ. સાધના કરતાં ક્યારેય પણ ભોગો તરફ ખેંચાવું જોઇએ નહિં.

**(તેરમું અધ્યયન સંપૂર્ણ)**

## ચૌદમું અધ્યયન

# ઇષુકારીય

**પ્રાસંગિક છ જીવોનો સામાન્ય પરિચયઃ** પ્રત્યેક પ્રાણી કર્મો અનુસાર પૂર્વજન્મના શુભાશુભ સંસ્કાર લઇને આવે છે. અનેક જન્મોની કરણીના ફળસ્વરૂપે છ આત્માઓ વિમાનવાસી દેવોનું આયુષ્ય પૂર્ણ કરી ઇષુકાર નગરના ઊંચા કુળોમાં ઉત્પન્ન થયા.

તેમાંથી બે જીવ પુરોહિતકુમાર થયા. ત્રીજો જીવ ભૃગુ પુરોહિત થયો. ચોથો જીવ તેની પત્ની યશા, પાંચમો જીવ વિશાળ કીર્તિવાળા ઇષુકાર રાજા થયા, છઠ્ઠો જીવ તેની પટરાણી કમલાવતી થઇ.

**પુરોહિતકુમારોની વિરક્તિઃ** બ્રાહ્મણ ધર્મને યોગ્ય યજ્ઞ વગેરે ક્રિયાઓમાં સંલગ્ન ભૃગુ પુરોહિતના બન્ને પ્રિય પુત્રોએ એકવાર જૈન મુનિઓને જોયા તો તેમને પૂર્વ જન્મનાં સમ્યક્રૂપે આચરેલા તપ અને સંયમનું સ્મરણ થયું.

મુનિ દર્શનથી અને જાતિસ્મરણ જ્ઞાનથી બન્ને કુમારોનું મન જન્મ, જરા અને મરણરૂપી સંસાર ભયથી વ્યાપ્ત થઇ ગયું અને સંયમ ગ્રહણ કરવામાં તેઓનું ચિત્ત આકૃષ્ટ થઇ ગયું. પરિણામે તે બન્ને સંસારચક્રથી મુક્તિ મેળવવા માનવીય સુખ ભોગોથી વિરક્ત થયા.

તે બન્ને પુરોહિત પુત્રો મનુષ્ય અને દેવ સંબંધી કામભોગોથી અનાસક્ત બની ગયા અને મોક્ષાભિલાષી થઇ પિતા પાસે આવીને નમ્રતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યાઃ

**દીક્ષાની આજ્ઞા અર્થે પિતાને નિવેદનઃ** મનુષ્ય જીવન અનિત્ય અને ક્ષણભંગુર છે. આયુષ્ય અલ્પ છે અને ગૃહસ્થજીવનમાં આનંદ પ્રાપ્ત થતો નથી. માટે સંયમ માર્ગે પ્રયાણ કરવા માટે અમે આપની આજ્ઞા માગીએ છીએ.

**પુરોહિતનો દીક્ષા નિરોધક આદેશઃ** પુત્રોની વૈરાગ્યપૂર્ણ વાત સાંભળીને

પિતાએ એ સમયે ભાવમુનિઓનાં તપ સંયમના ભાવોમાં બાધા ઉત્પન્ન થાય એ રીતે કહેવા લાગ્યાઃ

હે પુત્રો! વેદના પારંગત પુરુષો કહે છે કે જેમને પુત્ર નથી તે પુરુષો ઉત્તમ ગતિને પામતા નથી.

માટે હે પુત્રો! તમે પહેલાં વેદ ભણો, બ્રાહ્મણોને ભોજન આપો અને લગ્ન કરી સ્ત્રીઓ સાથે ભોગ ભોગવો ત્યાર બાદ પુત્રોને ઘરનો ભાર સોંપીને અરણ્યવાસી શ્રેષ્ઠ મુનિ બનજો.

ત્યારપછી પોતાના આત્મગુણ રૂપી ઈંધણથી અને મોહરૂપ પવનથી અત્યંત પ્રજ્વલિત શોકાગ્નિ થી સંતપ્ત ભાવોવાળા દુઃખી હૃદયે અનેક પ્રકારના દીનહીન વચન બોલી રહ્યા હતા.

એક પછી એક પ્રલોભન આપતા, વારંવાર અનુનય કરતા અને પુત્ર પ્રાપ્તિનું, ધનનું અને સુખભોગનું નિમંત્રણ કરતા ભૃગુ પુરોહિતને કુમારોએ વિચાર પૂર્વક આ પ્રમાણે કહ્યુંઃ

**પુરોહિત પુત્રોનો વૈરાગ્ય સભર ઉત્તરઃ** વેદો ભણી જવા માત્રથી આત્મરક્ષા થઇ શકતી નથી. પુત્રો પાપકર્મના ફળ ભોગવવામાં શરણ રૂપ થતા નથી. તેથી હે પિતાજી! આપના કથનનું અનુમોદન કોણ કરશે?

કામભોગ ક્ષણિક સુખ આપનારા છે પરંતુ લાંબા સમય સુધી દુઃખ આપનારા છે. તેમાં સુખ થોડું અને દુઃખ વધુ છે. મોક્ષ પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે. અનર્થોની ખાણ છે.

કામભોગોથી નહિં નિવર્તતો પુરુષ હંમેશા અતૃપ્તિની આગમાં બળતો જ રહે છે. તેનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. અન્યને માટે કે સ્વજનો માટે વિવિધ પાપકારી પ્રવૃત્તિઓ દ્વારા ધનોપાર્જન કરતાં કરતાં જ વૃદ્ધાવસ્થાથી ઘેરાઇને મૃત્યુ પામે છે.

**સુખ સામગ્રીનો તર્ક અને સમાધાનઃ**

ભૃગુ પુરોહિત કહે છેઃ જે સુખ સુવિધાની પ્રાપ્તિ માટે સંસારના લોકો વિવિધ

અનુષ્ઠાનો અને દીર્ઘ તપશ્ચર્યાઓ કરે છે તે તમને અહીં સહજ રીતે જ પ્રાપ્ત થયા છે. તો પછી આ અખૂટ ધનસંપત્તિ અને ઇન્દ્રિયોને ગમતાં વિપુલ સુખો છોડી શા માટે ભિક્ષુ બનવા ઇચ્છો છો?

પુત્રો કહે છેઃ અમારે મુનિધર્મના આચરણ અર્થે નિર્ગ્રંથ, નિઃ સ્પૃહ, અપ્રતિબદ્ધ વિહારી, ભિક્ષાજીવી શ્રમણ બનવું છે ત્યારે ધન, સ્વજન કે કોઇ પણ વિષયભોગનાં સાધનો સાથે શું સંબંધ?

મહાવ્રતોનું પાલન મોક્ષસાધના માટે છે, કામભોગ, ધન કે સ્વજન તેમાં બાધક છે.

**આત્મવિનાશી તર્ક અને સમાધાનઃ**

ભૃગુ પુરોહિતઃ પુત્રો! જેમ અરણિના કાષ્ઠમાં અગ્નિ, દૂધમાં ઘી અને તલમાં તેલ પહેલાં ન દેખાવા છતાં ઉત્પન્ન થાય છે, તેમ શરીરમાં જીવ પણ ઉત્પન્ન થાય છે અને શરીરનો નાશ થતાં જીવનું અસ્તિત્વ રહેતું નથી. તો પછી મોક્ષ અને પરલોકની વાતો શા માટે? અને દીક્ષાથી શું કામ?

પુત્રોઃ હે પિતાજી! આત્મા ચર્મચક્ષુઓ દ્વારા દેખાતો નથી કારણ કે તે અમૂર્ત હોવાથી ઇન્દ્રિય ગ્રાહ્ય નથી. અમૂર્ત હોવાથી આત્મા નિત્ય છે. આત્માના અધ્યવસાયોથી કર્મબંધ થાય છે અને કર્મબંધને જ જ્ઞાની પુરુષો સંસાર ભ્રમણ કહે છે.

**વૈરાગ્યની અભિવ્યક્તિ સમયની અવિરામ ગતિઃ** હે પિતાજી! આ લોક મૃત્યુથી પીડાઇ રહ્યો છે. વૃદ્ધાવસ્થા એક દિવસ સહુને ઘેરી લે છે. રાત્રિ–દિવસ રૂપી સમય ચક્રની ગતિ અવિરત ચાલી રહી છે, જે આયુષ્ય બળને પ્રતિક્ષણ ક્ષીણ કરી રહી છે; નષ્ટ કરી રહી છે.

જે જે રાત્રિ અને દિવસ પસાર થઇ જાય છે તે પાછા ફરતા નથી. અધર્મ કરનારના તે દિવસો નિષ્ફળ થાય છે. અને ધર્મ કરનારના સફળ થઇ જાય છે.

**દીક્ષામાં રૂકાવટનો અંતિમ નિર્દેશ અને સમાધાનઃ** હે પુત્રો! તમે બન્ને અને

અમે બન્ને થોડો વખત સાથે રહીએ અને શ્રદ્ધાપૂર્વક ગૃહસ્થધર્મનું પાલન કરીને પાછલી ઉંમરે દિક્ષા ગ્રહણ કરીને ભિક્ષાચર્યા કરતાં સંયમમાં વિચરીશું.

**પુત્રોઃ** જે ધર્મને સ્વીકારવાથી ફરી જન્મ મરણ ન કરવા પડે, તે સંયમધર્મને અમે હમણાં જ અંગીકાર કરીશું. આ સંસારમાં જીવ બધા જ સુખો અનંતવાર ભોગવી ચુક્યો છે. માટે હે પિતાજી! અમારા પરથી રાગભાવ દૂર કરી ધર્મમાં શ્રદ્ધા કરો.

**પ્રબુદ્ધ પુરોહિતનો પત્ની સાથે વાર્તાલાપઃ** હે વાશિષ્ઠિ! પુત્રો વિના હું સંસારમાં રહી શકું નહિં. હવે મારો ભિક્ષાચર્યાનો વખત આવી ગયો છે. વૃક્ષ ડાળીઓથી જ શોભા પામે છે. ડાળીઓ કપાઇ જતાં તે કેવળ ઠુંઠું કહેવાય છે.

આ લોકમાં જેમ પાંખ રહિત પક્ષી, યુદ્ધમાં સેના વિનાનો રાજા, વહાણ યાત્રામાં ધનહીન વેપારી ક્યાંય સફળ થતા નથી તેમ પુત્રો વગર મારૂં સંસારમાં રહેવું વ્યર્થ છે.

**પુરોહિત પત્નીઃ** સુસજ્જિત અને સમ્યક્ રૂપે સંગૃહિત, ઉત્તમ સુખદાયી આ ઇન્દ્રિય વિષયોના સાધનો આપણી પાસે છે. તો હમણાં તે ઇન્દ્રીયના વિષયોને ભોગવી લઇએ. ત્યાર બાદ સંયમ માર્ગ અંગીકાર કરીશું.

**પુરોહિતઃ** હે ભદ્રે! આપણે વિષયો ભોગવી ચૂક્યા છીએ. યુવાવસ્થા આપણો સાથ છોડી રહી છે. ગૃહસ્થ જીવનથી કોઇ પ્રયોજન નથી. ત્યાગી જીવનના લાભ–હાનિ, સુખ–દુઃખ વગેરેનો વિચાર કરીને જ મુનિધર્મ અંગીકાર કરવા ઇચ્છુ છું. મોક્ષ પ્રાપ્તિ માટે દીક્ષા ગ્રહણ કરવી આવશ્યક છે.

**પુરોહિત પત્નીઃ** સામા પ્રવાહે તરનાર વૃદ્ધ હંસને પસ્તાવું પડે, તેમ તમને પરિવાર જનોની યાદ આવતાં પસ્તાવું પડશે. મારી સાથે ગૃહસ્થાવસ્થામાં રહીને ભોગ ભોગવો કારણ કે સંયમ જીવનનું પાલન ખૂબ જ કષ્ટમય છે.

**પુરોહિતઃ** હે ભદ્રે! જેમ સર્પ કાંચળી ઉતારીને નિરપેક્ષભાવે ચાલ્યો જાય છે, તેમ આ બન્ને તરુણ પુત્રો ભોગોનો ત્યાગ કરી જઇ રહ્યા છે. તો હું પણ તેમની

સાથે કેમ સંયમ ગ્રહણ ન કરૂં?

રોહિત માછલી જેમ જીર્ણ જાળ કાપીને બહાર નીકળી જાય છે, તેમ ધોરી બળદ સમાન સંયમભાર ઉપાડનાર ધીર ગંભીર સાધક કામભોગોની જાળ કાપીને સંસારથી બહાર નીકળી જાય છે. એ જ રીતે હું પણ સાધુચર્યાને ગ્રહણ કરીશ.

પુરોહિત પત્ની વિચારે છે કે જેમ ક્રૌંચ પક્ષી અને હંસ શિકારીએ પાથરેલી જાળ કાપીને આકાશમાં ઊડી જાય છે તેમ મારા પુત્રો અને પતિ પણ મને છોડી જાય છે. તો હું એકલી રહીને શું કરૂં? હું પણ સંયમ માર્ગ સ્વીકારીશ.

ધન અને ભોગોને છોડીને બન્ને પુત્ર અને પત્ની સાથે ભૃગુ પુરોહિતે અભિનિષ્ક્રમણ કર્યું. આ સાંભળીને તે કુટુંબની વિપુલ સંપત્તિને રાજા ગ્રહણ કરી રહ્યા હતા. રાજભંડારમાં મંગાવી રહ્યા હતા. આ જોઇને રાણી કમલાવતીએ રાજાને આ પ્રમાણે કહ્યુંઃ

હે રાજન! વમન કરેલી સંપત્તિનો જે ઉપભોગ કરે છે, તે પુરુષ પ્રશંસાપાત્ર ગણાય નહિં. ભૃગુ પુરોહિતે ધનને વમી દીધું – ત્યાગી દીધું; તે ધનને ગ્રહણ કરવાની આપ ઇચ્છા ધરાવો છો તે કોઇ પણ રીતે યોગ્ય નથી.

હે રાજન! આખું જગત અને જગતનું સર્વ ધન તમારૂં થઇ જાય તો પણ અપર્યાપ્ત જ છે. કારણકે આ ધન તમારૂં રક્ષણ કરી શકશે નહિં.

રાજન! મૃત્યુ આવશે ત્યારે આ સર્વ ધનવૈભવની ત્યાગ કરવો પડશે અને ધર્મ સિવાય અન્ય કોઇ પણ પદાર્થ શરણભૂત થશે નહિં.

જેમ પિંજરામાં પંખિણી સુખી થતી નથી તેમ હું પણ આ ભૌતિક સુખોમાં આનંદ પામતી નથી. તેથી સ્નેહ બંધનોને છેદીને, આરંભ પરિગ્રહ રહિત બનીને અકિંચન, નિરાસક્ત અને સરળ સ્વભાવી બની, સર્વ દોષોથી નિવૃત્ત થઇનું હું સંયમમાર્ગમાં વિચરણ કરીશ.

જેમ અરણ્યમાં દાવાનળથી બળતા પ્રાણીઓને જોઇને દાવાનાળથી દૂર રહેલા પ્રાણીઓ રાગદ્વેષને વશ થઇને આનંદ પામતા હોય છે તેમ આપણે પણ

રાગદ્વેષમાં બળી રહેલા જગતને જોઈને સમજી શકતા નથી કે આપણી પણ આ જ ગતિ થવાની છે.

વિવેકી વ્યક્તિ ભોગ ભોગવીને યથાસમયે તેનો ત્યાગ કરી દે છે અને પક્ષી જેમ સ્વતંત્રપણે આકાશમાં ઉડ્ડ્યન કરે છે, તેમ તે પણ કામભોગોથી મુક્ત થઈ સાધુચર્યામાં વિહાર કરે છે.

હે આર્ય! આપણને પ્રાપ્ત થયેલ કામભોગોમાં આપણે આસક્ત છીએ પરંતુ ક્યારેક તે આપણે છોડવા જ પડશે. ભૃગુ પુરોહિત પરિવાર જેમ ત્યાગના પંથે જાય છે, તેમ આપણે પણ બંધન મુક્ત થઈને સંયમ ગ્રહણ કરીએ.

કોઈ પક્ષીના મોઢામાં માંસનો ટુકડા જોઈને તેના પર બીજા પક્ષીઓ તરાપ મારે છે અને હેરાન કરે છે. પરંતુ જેની પાસે માંસનો ટુકડો નથી તેને કોઈ સતાવતું નથી, તે જોઈ હું પણ આ સર્વ પરિગ્રહનો અનાસક્ત ભાવે ત્યાગ કરી સંયમ ગ્રહણ કરીશ.

જેમ ગરુડ પક્ષીથી સર્પ ડરી ડરીને ચાલે છે તેમ ગીધ અને માંસની ઉપમાથી કામભોગને સંસાર વધારનાર સમજીને આપણે વિવેક પૂર્વક ચાલવું જોઈએ.

હાથી જેમ સાંકળ વગેરે બંધનો તોડીને સ્વસ્થાન પર ચાલ્યો જાય છે તેમ આપણે પણ સંસારના બંધનો તોડીને સ્વસ્થાન (મોક્ષ) પર જવું જોઈએ, એમ તત્ત્વજ્ઞ પુરુષો કહે છે.

**છ મુમુક્ષુ આત્માઓની પ્રવ્રજ્યા અને મુક્તિઃ** વિશાળ રાજ્ય અને મુશ્કેલીથી છોડી શકાય એવા કામભોગોને છોડીને ઈક્ષુકાર રાજા અને કમલાવતી રાણી વિષયોથી રહિત, ધન ધાન્યાદિના મમત્વથી રહિત, પરિવારનો ત્યાગ કરીને નિષ્પરિગ્રહી થઈ ગયા – દિક્ષીત થઈ ગયા.

જીનવર દ્વારા નિર્દિષ્ટ તપ સંયમનો સ્વીકાર કરી રાજા–રાણી તેમાં ઘોર પુરુષાર્થ કરવા લાગ્યા.

આ પ્રમાણે છ આત્મા ક્રમપૂર્વક એક પછી એક પ્રતિબુદ્ધ થયા અને

પૂર્વજન્મની ધર્મ ભાવનાથી પ્રભાવિત તે છચે આત્મા—ઇક્ષુકાર રાજા, કમલાવતી રાણી, ભૃગુ પુરોહિત, તેની પત્ની યશા અને બન્ને પુત્રો સંયમમાં ઘોર પરાક્રમ કરી પરમ નિર્વાણ પામ્યા.

પૂર્વજન્મના સંસ્કાર વર્તમાનના આવરણોને તોડી નાખે છે. સત્સંગની જીવન પર સચોટ અસર થાય છે. સત્સંગથી જીવન અમૃતમય બને છે. ભોગોની વિરક્તિ જ ત્યાગ માર્ગની પ્રાપ્તિ કરાવે છે અને તેના દ્વારા જ જીવાત્મા શાશ્વત શાંતિના પરમપંથે જઇ શકે છે.

**(ચૌદમું અધ્યયન સંપૂર્ણ)**

### પંદરમું અધ્યયન

# સભિક્ષુક

**આદર્શ ભિક્ષુના લક્ષણ અને આચારધર્મઃ** શ્રુત અને ચારિત્રરૂપ ધર્મને અંગીકાર કરી મુનિભાવનું આચરણ કરીશ, જે એવો સંકલ્પ કરે છે; જે જ્ઞાનાદિ ગુણોથી સહિત હોય, જેનું ધર્માચરણ માયા રહિત હોય, જેણે નિયાણાનું છેદન કરી દીધું છે, જે સ્વજનોના સંસર્ગથી દૂર રહે, વિષયોની અભિલાષા જેને નથી, અજ્ઞાત કુળમાં ભિક્ષાની શુદ્ધ ગવેષણા કરે છે, તે ભિક્ષુ છે.

જે રાગદ્વેષથી રહિત થઇ સંયમ યોગ્ય ક્ષેત્રમાં વિચરણ કરે છે, જે પાપથી વિરક્ત છે, જે શાસ્ત્રજ્ઞ છે, જે બુદ્ધિમાન છે, પરિષહોને જીતનાર છે અને કોઇ પણ પદાર્થમાં જેને મમત્વ નથી, તે ભિક્ષુ છે, મુનિ છે.

અન્યના કઠોર વચન કે મારપીટને ધૈર્યપૂર્વક સહન કરે, પરિષહો–ઉપસર્ગો સમભાવપૂર્વક સહન કરે તે ભિક્ષુ છે.

જે મુનિ સામાન્ય શય્યાસંસ્તારક, ઉપાશ્રય, બાજોઠ, ભોજન, વસ્ત્ર આદિને સમભાવે સ્વીકારે, ઠંડી, ગરમી, ડાંસ, મચ્છર વગેરે પરિસ્થિતિમાં વ્યાકુળતા રહિત થઇ શાંતિપૂર્વક સહન કરે તે ભિક્ષુ છે.

જે સત્કાર, પૂજા, પ્રતિષ્ઠા, વંદનાની અપેક્ષા રાખે નહિં, જે સંયમી છે, સુવ્રતી છે, તપસ્વી છે, આત્મગવેષક છે, તે ભિક્ષુ છે.

સ્ત્રી હોય કે પુરુષ જેની સંગતિથી સાધુ–જીવનમાં વિક્ષેપ આવે, મોહ ઉત્પન્ન થાય તેવા સંગથી દૂર રહે, તે ભિક્ષુ છે.

જે સાધક વસ્ત્રાદિને કોતરવાની વિદ્યા, સ્વર વિદ્યા, ભૂમિ સંબંધી વિદ્યા, આકાશ સંબંધી વિદ્યા, સ્વપ્ન વિદ્યા, શરીરનાં લક્ષણો જોઇને સુખદુઃખ બતાવતી વિદ્યા, દંડ વિદ્યા, વાસ્તુ વિદ્યા, અંગ–સૂરણ વિદ્યા, પશુપક્ષીઓની બોલી

જાણવાની વિદ્યા વગેરે વિદ્યાઓનું આચરણ કરતો નથી એટલે કે લોકેષણામાં પડતો નથી, તે ભિક્ષુ છે; મુનિ છે.

રોગાદિથી પીડાવા છતાં જે મંત્ર–તંત્રાદિ પ્રયોગ, જડીબુટ્ટી વગેરે અનેક પ્રકારના વૈદક પ્રયોગ વમન, વિરેચન, નસ્ય, મંત્રિત જળથી સ્થાન, ગૃહસ્થનું શરણ આદિનો ત્યાગ કરે, તે ભિક્ષુ છે.

જે મુનિ ક્ષત્રિય રાજા, મલ્લ, લિચ્છવી આદિ ગણ, આરક્ષક, રાજપુત્રો, બ્રાહ્મણો, સામંત અને અનેક પ્રકારના શિલ્પીઓ વગેરેની પ્રશંસા કરતો નથી અને તેને છોડીને સંયમ જીવનમાં વિચરણ કરે છે તે ભિક્ષુ છે.

સાધક પ્રવ્રજિત થયા પહેલાં કે પછી જે ગૃહસ્થોના પરિચયમાં આવેલ હોય તેમાંના કોઇ સાથે લૌકિક ઉદ્દેશ્યોથી અર્થાત્ વસ્ત્ર, પાત્ર, ભિક્ષા વગેરેની પ્રાપ્તિ માટે સંબંધ ન રાખે; તે ભિક્ષુ છે.

આવશ્યક શયન, આસન, પેય પદાર્થ, ભોજન, વિવિધ પ્રકારના ફળ, મેવા, મુખવાસ આદિ ગૃહસ્થ ન આપે અને યાચના કરવા છતાં પણ ના પાડી દે, તો તેના પર નિર્ગ્રંથ જરા પણ દ્વેષ ન કરે; તે ભિક્ષુ છે.

ગૃહસ્થો પાસેથી વિવિધ પ્રકારના અશન, પાન તેમજ મેવા કે મુખવાસ મેળવ્યા પછી જે મન, વચન, કાયાને વશમાં રાખે અને તેની પ્રશંસા કરે નહિં; તે ભિક્ષુ છે.

ઓસામણ, જવનું ભોજન, ઠંડુ ભોજન, છાસની ઉપરનું પાણી, જવનું પાણી વગેરે નિરસ ભિક્ષાની નિંદા કરતો નથી પણ ભિક્ષા માટે સામાન્ય ઘરોમાં જાય છે; તે ભિક્ષુ છે.

આ સંસારમાં દેવ, મનુષ્ય અને તિર્યંચના જે અનેક પ્રકારના અતિ ભયંકર શબ્દો અને અવાજ થાય, તેને સાંભળીને ભયભીત ન થાય; તે ભિક્ષુ છે.

લોક પ્રચલિત વિવિધ ધર્મ કે દર્શન વિષયક વાદોને જાણીને પણ જે જ્ઞાનદર્શનાદિમાં સ્થિર રહે છે, જે બીજાના દુઃખને સમજનાર છે, જેમણે શાસ્ત્રોનો

પરમ અર્થ જાણ્યો છે, જે બુદ્ધિમાન છે, પરિષહોને જીતે છે, જે બધા જીવોનું હિત કરનાર છે, તે ભિક્ષુ છે.

ઘરબાર રહિત–ગૃહત્યાગી, મિત્ર રહિત, જિતેન્દ્રિય, અપરિગ્રહી, અલ્પકષાયી, નિરસ અને સીમિત આહાર લેનાર અને દ્રવ્યથી કે ભાવથી એકલો વિચરનાર ભિક્ષુ છે.

**(પંદરમું અધ્યયન સંપૂર્ણ)**

### સોળમું અધ્યયન

# બ્રહ્મચર્ય સમાધિસ્થાન

**દસ બ્રહ્મચર્ય સમાધિ સ્થાનનો પ્રારંભઃ** સુધર્મા સ્વામીએ જંબુસ્વામીને કહ્યું – મેં સાંભળ્યું છે કે નિર્ગ્રંથ પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ દસ બ્રહ્મચર્ય સમાધિસ્થાન કહ્યા છે, જેમાં સાધક પૃથ્વીકાય વગેરે ૧૭ પ્રકારના સંયમ સંવર તથા ચિત્તસમાધિથી સંપન્ન થઇ મન, વચન, કાયાનું ગોપન કરે; ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત બને, બ્રહ્મચર્યને ગુપ્તિ દ્વારા સુરક્ષિત કરીને હમેંશા અપ્રમત્તપણે સંયમમાં વિચરણ કરે.

પ્રથમ બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ ઉપાશ્રય વિવેક

દ્વીતીય બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ સ્ત્રીકથા સંયમ

તૃતીય બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ સ્ત્રી સાથે એકાસન વર્જન

ચતુર્થ બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ દષ્ટિ સંયમ

પંચમ બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ સ્ત્રી શબ્દ શ્રવણ સંયમ

છઠ્ઠુ બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ ભુક્ત ભોગ સ્મૃતિ સંયમ

સાતમું બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ પ્રણીત આહાર વર્જન

આઠમું બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ અતિ ભોજન સંયમ

નવમું બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ વિભૂષા સંયમ

દશમું બ્રહ્મચર્ય સમાધિસ્થાનઃ ઈન્દ્રિય વિષય સંયમ

૧)જે સ્ત્રી વગેરેથી રહિત એકાંત સ્થાન કે શયન આસન સેવે છે, તે નિર્ગ્રંથ છે.

૨) જે સ્ત્રીઓ અંગે કથાવાર્તા કરે નહિં, તે નિર્ગ્રંથ છે.

૩) જે સ્ત્રીઓ સાથે એક જ આસન પર બેસતો નથી, તે નિર્ગ્રંથ છે. ઉપરાંત

જે આસન પર સ્ત્રી બેઠેલી હોય, તે આસન પર અંતર્મુહૂર્ત સુધી બેસવું નહિં.

૪) જે સ્ત્રીઓની મનોહર અને સુંદર ઇન્દ્રિયોને જુએ નહિં અને તેનાં નેત્રો કેટલા સુંદર છે વગેરે ચિંતન કરે નહિં, તે નિર્ગ્રંથ છે.

૫) જે માટીની ભીંત પાછળથી, વસ્ત્રના પડદા પાછળથી કે પાકી દિવાલ પાછળથી સ્ત્રીઓના ઉઘરસ વગેરેના અવાજ, રતિક્રિડાના અવ્યક્ત અવાજ, રૂદન, ગીત, હાસ્ય, આક્રંદના અવાજ સાંભળતો નથી, તે નિર્ગ્રંથ છે, બ્રહ્મચારી છે.

૬) જે સાધુ પૂર્વે ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીઓ સાથે ભોગવેલા કામભોગોને યાદ કરતો નથી, તે નિર્ગ્રંથ છે, બ્રહ્મચારી છે.

૭) જે ભારે, સ્વાદિષ્ટ, કામોત્તેજક, પૌષ્ટિક ભોજન નથી કરતો, તે નિર્ગ્રંથ છે.

૮) જે પ્રમાણથી વધારે અતિમાત્રામાં આહાર પાણીનું સેવન નથી કરતો, તે નિર્ગ્રંથ છે. પ્રમાણથી અધિક ભોજન કરવાથી બ્રહ્મચર્યની ક્ષતિ થાય છે.

નિર્ગ્રંથે બ્રહ્મચર્ય રક્ષણ અર્થે અલ્પ માત્રામાં આહાર લેવો જરૂરી છે.

૯) જે સ્નાન, અંજન, તેલ વગેરેથી શરીરને વિભૂષિત નથી કરતો, તે નિર્ગ્રંથ છે. કારણ કે શરીરની ટાપટીપ કરવાથી વિષય વાસના જાગવાનો સંભવ રહે છે.

૧૦) જે સાધક શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત થતો નથી, તે નિર્ગ્રંથ છે.

અનેક રમણીય પદાર્થો કે દ્રશ્યોને જોવા, ધ્વનિ વાજિંત્રો વગેરે સાંભળવા તથા સુંવાળા સ્પર્શવાળા પદાર્થોનું સેવન વગેરેથી નિવૃત્ત થવાની પ્રેરણા આ દશમા સમાધિસ્થાનમાં આપવામાં આવી છે.

ઉપરોક્ત દરેક સમાધિસ્થાનમાં નિર્ગ્રંથને બ્રહ્મચર્ય વિષે શંકા, કાંક્ષા, વિચિકિત્સા થઇ જાય; બ્રહ્મચર્યનો ભંગ થાય અથવા તેને ઉન્માદ થઇ જાય, દીર્ઘકાળનો રોગાંતક થઇ જાય અથવા કેવળી પ્રરૂપિત ધર્મથી વિમુખ થઇ જાય એ માટે સાવધાની રાખવા કહેવામાં આવ્યું છે.

તેથી બ્રહ્મચારીએ આ દસ સમાધિસ્થાનોનું સેવન કરવું આવશ્યક છે.

બ્રહ્મચર્ય સાધકનું નિવાસ એકાંત, શાંત હોવું જોઇએ. સ્ત્રીઓનું અતિ આવાગમન ન હોવું જોઇએ. વ્યાખ્યાન વગેરેના મર્યાદાવાળા સમયમાં ધર્મભાવથી સ્ત્રી આદિનું આવવું વર્જિત સમજવું નહિં.

આંખ હોવાથી ચક્ષુ ઇન્દ્રિય દ્વારા રૂપનું ગ્રહણ અવશ્યંભાવી છે પરંતુ અહિં આસક્તિ પૂર્વક જોવાનો ત્યાગ છે.

પૂર્વે ભોગવેલા કામભોગો બ્રહ્મચર્ય સાધક યાદ ન કરે. તેના ચિંતનથી પણ અબ્રહ્મચર્યના વિચારો અને કુસંકલ્પો જન્મે છે, જે બ્રહ્મચર્યમાં અત્યંત નુકસાન કરે છે.

બ્રહ્મચર્યની સફળ સાધના માટે – અંતર્બાહ્ય પૂર્ણ વિશુદ્ધિ માટે સાધકને માટે પૌષ્ટિક આહાર ઉપયુક્ત નથી. સાધકે પ્રાયઃ વિગય રહિત આહાર કરવો જોઇએ. ગુરુ આજ્ઞા વિના વિગય કે મહાવિગયના સેવનનું પ્રાયશ્ચિત કહેલ છે. શરીરની સુરક્ષા કે આવશ્યકતા માટે વિગયોનું કે પૌષ્ટિક આહારનું સેવન કરવાનું આવશ્યક હોય તો સાધકે ગુરુ આજ્ઞા પ્રાપ્ત કરવી જરૂરી છે.

બ્રહ્મચારીના ભોજનની વિધિના પાંચ ભાવ દર્શાવવામાં આવ્યા છે – ૧) એષણાના ૪૨ દોષ રહિત નિર્દોષ ભિક્ષા ગૃહસ્થના ઘરેથી મેળવે, ૨) પરિમાણ યુક્ત આહાર કરે. પેટમાં છ ભાગની કલ્પના કરે. તેમાંથી અર્ધો એટલે ત્રણ ભાગ શાક, રોટલી વગેરે ભોજનથી ભરે. બે ભાગ પાણીથી ભરે અને એક ભાગ વાયુ સંચાર માટે ખાલી રાખે, ૩) ઉચિત સમય પર જ ખાય – વારંવાર ખાય નહિં, ૪) જીવન યાત્રા કે સંયમ યાત્રા માટે આહાર કરે. સ્વાદ કે શરીર પુષ્ટિ માટે નહિં, ૫) ભોજન–પાણીના ઉપયોગ માટે પૂર્ણ વિવેક રાખવો જોઇએ. પથ્ય–અપથ્ય, સુપાચ્ય–દુષ્પાચ્યનું વિવેકભાન રાખવું જોઇએ.

આનાથી વિપરીત દસ બાબતો જેવી કે, ૧) સ્ત્રીઓ હોય તેવું સ્થાન સેવન, ૨) મન લોભાવે તેવી મનોરમ્ય સ્ત્રી કથા, ૩) સ્ત્રીઓનો સંસર્ગ ૪) સ્ત્રીઓનાં અંગોપાંગ રાગભાવથી જોવા, ૫) સ્ત્રીઓનાં અવ્યક્ત શબ્દો, હાસ્ય, ગીત વગેરે

સાંભળવા, ૬) ભોગવેલા ભોગોને યાદ કરવા, ૭) પૌષ્ટિક આહાર, ૮) સૌંદર્ય વધારવા શરીર શણગારવું, ૯) અમર્યાદિત આહાર, ૧૦) પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સેવન.

આ દસ બાબતો બ્રહ્મચર્ય પાલનમાં વિઘાતક છે, વિષ સમાન છે.

**બ્રહ્મચર્ય સમાધિ માટે કર્તવ્ય પ્રેરણાઃ** વિવેકવાન મુનિ દુર્જય કામભોગોનો સદા ત્યાગ કરે અને બ્રહ્મચર્યમાં ક્ષતિ થવાનો સંભવ રહે તેવા પૂર્વોક્ત દશે ય સ્થાનો તથા બીજા પણ અનેક શંકાના સ્થાનોને પણ છોડી દે.

પરિષહો અને ઉપસર્ગોને સહન કરવામાં સક્ષમ, ધર્મરથના સારથિ સમાન ભિક્ષુ ધર્મરૂપ બગીચામાં વિચરે અને ધર્મરૂપ બગીચામાં લીન બનીને બ્રહ્મચર્ય સમાધિમાં જ સમાધિસ્થ રહે.

જે દુષ્કર બ્રહ્મચર્યનુ પાલન કરે છે તેવા બ્રહ્મચારી પુરુષોને દેવો, દાનવો અને ગંધર્વ જાતિના દેવો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો પણ નમસ્કાર કરે છે.

કાયરોને બ્રહ્મચર્યનું પાલન અતિ મુશ્કેલ હોય છે, તેથી તેને દુષ્કર કહ્યું છે.

આદર્શ બ્રહ્મચર્ય દરેક માટે સહજ નથી, છતાં આકાશ કુસુમની માફક અશક્ય પણ નથી.

સાધક જીવનની અમુલ્ય નિધિ બ્રહ્મચર્ય છે. તે સાધનાનો મેરુદંડ છે. સાધક જીવનની શુદ્ધ સાધનાનું સિંહદ્વાર છે.

સાધુ જીવનની સમસ્ત સાધનાઓ તપ, જપ, સમત્વ, ધ્યાન, કાયોત્સર્ગ, પરિષહ વિજય, કષાય વિજય, વગેરે બ્રહ્મચર્ય રૂપી સૂર્યની આજુબાજુ ફરનારા ગ્રહનક્ષત્રો સમાન છે.

આ બ્રહ્મચર્ય રૂપ ધર્મ નિરંતર સ્થિર અને નિત્ય છે, શાશ્વત છે અને જિનોપદિષ્ટ છે. તે ધર્મનું પાલન કરી અનેક જીવાત્માઓ અંતિમ લક્ષ્યે – સિદ્ધ સ્થાને પહોંચ્યા છે, પહોંચે છે અને પહોંચશે, એમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે.

**(સોળમું અધ્યયન સંપૂર્ણ)**

## સત્તરમું અધ્યયન

# પાપ શ્રમણીય

**જ્ઞાન પ્રત્યે પાપશ્રમણઃ** કેટલાક સાધક શ્રુત–ચારિત્ર રૂપ ધર્મ સાંભળીને અત્યંત દુર્લભ બોધિલાભ મેળવીને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ વિનય–સંપન્ન થઇ નિર્ગ્રંથ રૂપે પ્રવ્રર્જિત થાય છે; પરંતુ પાછળથી સ્વચ્છંદ વિહારી બની જાય છે.

સ્વેચ્છાચારી શ્રમણ કહે છે, હે આયુષ્યમાન પૂજ્ય ગુરુદેવ! મને રહેવા માટે સુરક્ષિત સ્થળ (ઉપાશ્રય) મળી ગયું છે. ઓઢવા માટે વસ્ત્ર પણ છે મારી પાસે. ખાદ્ય અને પેય પદાર્થો પણ યોગ્ય પ્રમાણમાં મળી રહે છે. વર્તમાનને હું પ્રત્યક્ષ જાણું છું; તો પછી શાસ્ત્રોનું અધ્યયન શા માટે?

જે કોઇ સાધુ ખાઇ, પીને નિદ્રાશીલ થઇ સૂઇ રહે છે; તે પાપશ્રમણ કહેવાય છે.

**વિનય પ્રત્યેનો પાપશ્રમણઃ** જે આચાર્ય અને ઉપાધ્યાય પાસેથી શાસ્ત્રીય જ્ઞાન અને વિનય આચારનું શિક્ષણ કરે છે, તે આચાર્ય આદિની જ જે નિંદા કરે છે, તે વિવેકભ્રષ્ટ પાપશ્રમણ કહેવાય છે.

જે આચાર્ય અને ઉપાધ્યાયની સમ્યક્ પ્રકારે સેવા કરતા નથી, ગુણગાન કરતા નથી, ઉપકાર માનતા નથી; તે પાપશ્રમણ કહેવાય છે.

**ઇર્યા સમિતિ પ્રત્યેનો પાપશ્રમણઃ** જે સાધક દ્વિન્દ્રિયાદિ જીવ, બીજ અને વનસ્પતિને કચડીને ચાલે અને છતાં પોતાને સંયત માને તે પાપશ્રમણ છે.

જે મુનિ પથારી, પાટ, બાજોઠ, આસન, સ્વાધ્યાય સ્થળ, પગ લૂછવાનું ઉનનું વસ્ત્ર – આ બધાનું પ્રમાર્જન કર્યા વિના તેના પર બેસે કે તેનો ઉપયોગ કરે; તે પાપશ્રમણ છે.

જે અતિ શીઘ્રતાથી ચાલે છે, વારંવાર પ્રમાદ કરે છે, મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે, પ્રચંડ ક્રોધી છે, તે પાપશ્રમણ છે.

**પ્રતિલેખન પ્રત્યેનો પાપશ્રમણઃ** જે સાધુ પ્રમાદ યુક્ત થઇને પ્રતિલેખન કરે, જે વાતો સાંભળતાં સાંભળતાં અસાવધાનીથી પ્રતિલેખન કરે, પોતાનું પગ લુછવાનું કપડું વગેરે સાધનોને અવ્યવસ્થિત રીતે મૂકી દે; તે પાપશ્રમણ છે.

જે ગુરુનો તિરસ્કાર કરે, ગુરુની સાથે વિવાદ કરે, ગુરુને અપમાનિત કરે; તે પાપશ્રમણ છે.

**કષાયના ભાવોથી પાપશ્રમણઃ** સ્થળ (ઉપાશ્રય) મળી ગયુ છે, ઓઢવા માટે વસ્ત્ર પણ છે મારી પાસે, ખાદ્ય પદાર્થો પણ યોગ્ય પ્રમાણમાં મળી રહે છે. વર્તમાનને હું પ્રત્યક્ષ જાણું છું; તો પછી શાસ્ત્રોનું અધ્યયન શા માટે?

જે કોઇ સાધુ ખાઇ, પીને નિદ્રાશીલ થઇને સૂઇ રહે, તે પાપશ્રમણ કહેવાય છે.

જે બહુ છળ કપટ કરે છે, બહુ વાચાળ છે, અહંકારી, લોભી છે; જે ઇન્દ્રિયોને વશમાં રાખતો નથી, આહારાદિ પદાર્થોનું સમ વિભાજન કરતો નથી, જે સાથી સાધુઓ સાથે વાત્સલ્ય ભાવથી વર્તતો નથી; તે પાપશ્રમણ છે.

જે શાંત થયેલ વિવાદને ફરી ઊભો કરે; જે અધર્મ તત્ત્વોમાં પોતાની બુદ્ધિ નષ્ટ કરે, જે કદાગ્રહ અને કલહ કરવામાં સદા રત રહે; તે પાપશ્રમણ છે.

**આસન શયન પ્રત્યેનો પાપશ્રમણઃ** જે સ્થિર બેસતો નથી, જે હાથ–પગ ચંચળતા પૂર્વક હલાવ્યા કરે છે, જે આસન પર બેસવાનો ઉપયોગ રાખતો નથી; તે પાપશ્રમણ છે.

જે સચિત રજથી ખરડાયેલા પગ સાથે શય્યા પર સૂવે, શય્યાનું પ્રતિલેખન કરે નહિં, તેમજ શય્યાની બાબતમાં વિવેક રાખતો નથી; તે પાપશ્રમણ છે.

**આહાર અવિવેકથી પાપશ્રમણઃ** જે દૂધ, દહી વગેરે વિગય રૂપ પદાર્થોને વારંવાર ખાય છે, તપની રુચિ રાખતો નથી; તે પાપશ્રમણ છે.

જે સૂર્યોદયથી સૂર્યાસ્ત આખો દિવસ ખાયા કરે છે, ગુરુ કે વડીલ કંઇ શિખામણ આપે તો તેમની અવગણના કરે છે; તે પાપશ્રમણ છે.

**અસ્થિર ચિત્તથી પાપશ્રમણઃ** જે પોતાના આચાર્યનો ત્યાગ કરીને અન્ય મતને સ્વીકારે છે, જે વારંવાર ગણ અને ગુરુ બદલતો રહે છે અને જે નિંદનીય આચરણ કરે છે; તે પાપશ્રમણ છે.

**કુશીલ આચરણોથી પાપશ્રમણઃ** જે ઘર અથવા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને અન્ય ગૃહસ્થોનાં કાર્યો કરે છે અને શુભાશુભ નિમિત્ત બતાવવાની પ્રવૃત્તિજ કરે છે; તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ પોતાના સગા સંબંધીઓ કે પૂર્વ પરિચિતો પાસેથી આહાર લે છે પરંતુ બધા ઘરોમાંથી સામુદાનિક ભિક્ષા લેતો નથી તથા ગૃહસ્થની બેસવાની ગાદી પર બેસી જાય છે; તે પાપશ્રમણ છે.

**પાપશ્રમણનું ભવિષ્યઃ** જે સાધકો આ પ્રકારની દોષમય પ્રવૃત્તિના કારણે પાસત્થા વગેરે પંચવિધ કુશીલતાથી યુક્ત થઈ જાય છે અને કેવળ મુનિવેષના જ ધારક રહે છે અને જેનો સંયમાચાર લગભગ છૂટી ગયો હોય છે, તે શ્રેષ્ઠ મુનિની અપેક્ષાએ હીનાચાર વાળા થઈ જાય છે. તેઓ આ લોકમાં નિંદનીય બને છે. તેથી આ લોક કે પરલોકમાં સુખી થતા નથી.

જે સાધુ ઉપરોક્ત દોષોથી સદા દૂર રહે છે, તે મુનિઓમાં સુવ્રતી છે. તે સમ્યક્ આરાધના કરીને આ લોકમાં અને પરલોકમાં પૂજ્ય બને છે.

દીક્ષા લીધા પછી સાધકની જવાબદારી ઘણી વધી જાય છે. ચાલવામાં, ખાવા–પીવામાં, વિદ્યા મેળવવામાં, ગુરુજનોનો વિનય કરવામાં પૂરી સાવધાની રાખવી પડે છે. વિવેક સાથે હરેક ક્ષણે જાગૃત રહી, ક્રોધ, માન, માયા, લોભ વગેરે આત્મશત્રુઓ વિજય મેળવી સાધનામાં પ્રગતિ કરવાની હોય છે અને તે શ્રેષ્ઠ શ્રમણ કહેવાય છે.

દરેક આત્મ કલ્યાણના ઈચ્છુક સાધક આ અધ્યયનનું સદા ચિંતન–મનન કરે અને દોષોથી દૂર રહી નિરતિચાર શુદ્ધ સંયમનું પાલન કરે.

**(સત્તરમું અધ્યયન સંપૂર્ણ)**

**અઢારમું અધ્યયન**

# સંજયીય

**સંજય રાજાનું પૂર્વ જીવનઃ** પંચાલ દેશના કાંપિલ્ય નગરમાં વિશાળ સેના, હાથી–ઘોડા વગેરેથી સંપન્ન સંજય નામના સુવિખ્યાત રાજા એક દિવસ શિકાર કરવા નીકળ્યા.

વિશાળ અશ્વસેના, ગજસેના, રથસેના તેમજ પાયદળ સાથે નીકળેલા રાજા ઘોડા પર આરૂઢ થઈને કેસર બાગમાં હરણાંઓને બાણથી વીંધીને મારવા લાગ્યા.

કેસર બાગમાં કર્મ ક્ષય કરનાર અને આશ્રવો રોકનાર તપોધની અણગાર ધ્યાન કરી રહ્યા હતા.

મુનિને જોઈને રાજા ભયભીત થયા. તે વિચારી રહ્યા કે હું કેટલો પુણ્યહીન અને હિંસક વૃત્તિનો છું. મેં મુનિનું દિલ દુભાવ્યું.

રાજાએ ઘોડા ઉપરથી ઊતરીને અણગારના બન્ને ચરણોમાં વંદન કર્યા અને કહ્યુંઃ ભગવન્! આ અપરાધ માટે મને ક્ષમા કરો.

પરંતુ ધ્યાનસ્થ અણગારે કાંઈ પ્રત્યુત્તર આપ્યો નહિં. આથી રાજા બોલ્યા કે હું એટલા માટે ભયભીત છું કે તપસ્વી અણગાર કોપાયમાન થાય તો પોતાના તેજ વડે કરોડો મનુષ્યો ને ભસ્મ કરી શકે છે.

**રાજાને મુનિનો ઉપદેશઃ** હે રાજન! તું મારા તરફથી નિર્ભય બની જા અને અન્ય જીવો માટે અભય દાતા બની જા. અનિત્ય એવા આ સંસારમાં હિંસામાં શા માટે રચ્યો પચ્યો રહે છે? શા માટે આસક્ત થઈ રહ્યો છે?

મનુષ્યનું જીવન, શરીરનું રૂપ એ બધું વીજળીના ચમકારા જેવું ક્ષણિક છે. તો તું પરલોકનું હિત કેમ વિચારતો નથી?

મૃત્યુ સમયે રાજ્ય, ધન ભંડાર વગેરે છોડીને જવું પડશે. તો પછી આ

પદાર્થોના મોહમાં શા માટે મુગ્ધ બની રહ્યો છે?

મનુષ્ય સ્ત્રી, પુત્રાદિ માટે ધન કમાય છે, પાપકર્મ કરે છે; તે બધાં જીવતાના સાથી છે. મર્યા પછી કોઇ સાથે આવતું નથી. પાપકર્મ કરીને અને દુઃખો સહન કરીને પ્રાપ્ત કરેલા તે ધનથી મર્યા પછી બીજા લોકો મોજમજા કરે છે. આ ક્ષણિક સગાઓ માટે જીવન વેડફી દેવાનું યોગ્ય નથી.

**સંજય રાજાની દીક્ષાઃ** આ પ્રમાણે ગર્દભાલી અણગારની પાસે ધર્મનો ઉપદેશ સાંભળીને સંજય રાજા તે જ સમયે સંવેગ, નિર્વેદ પામ્યા–સંસારથી વિરક્ત થઇ ગયા. રાજ્યનો ત્યાગ કરીને ગર્દભાલી અણગાર પાસે જીનશાસનમાં દીક્ષિત થયા.

**ક્ષત્રિયમુનિ અને સંજય રાજર્ષિનું મિલનઃ** પોતાના રાષ્ટ્રને ત્યાગીને દીક્ષિત થયેલા ક્ષત્રિય મુનિએ સંજય મુનિને કહ્યુંઃ હે મુનિરાજ! આપનું રૂપ પવિત્ર જણાય છે; તેવું જ આપનું અંતઃકરણ પણ પવિત્ર અને પ્રસન્ન લાગે છે.

આપનું નામ શું? ગોત્ર કયું? અણગાર શા માટે થયા છો? ગુરુની સેવા કઇ રીતે કરો છો? વિનીત કેવી રીતે છો?

સંજય મુનિઃ સંજય મારૂં નામ છે. ગૌતમ મારૂં ગૌત્ર છે. જ્ઞાન અને ચારિત્રના પારગામી ગર્દભાલી મારા ગુરુ છે. તેમની આજ્ઞા પ્રમાણે ચાલું છે, એ તેમની સેવા છે; અને તેમના કથન અનુસાર મુનિચર્યાનું પાલન કરૂં છું, એ મારી વિનીતતા છે.

ક્ષત્રિય મુનિઃ હે મહામુનિવર! સર્વજ્ઞ, સર્વદર્શી, સત્યનિષ્ઠ, સત્ય પરાક્રમી, જ્ઞાન અને ચારિત્રથી સંપન્ન, જ્ઞાતા પુત્ર શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ કહ્યું છે કે આ સંસારમાં જે લોકો પાપનું આચરણ કરે છે તે ઘોર નરકમાં જાય છે અને જે આર્ય ધર્મનું આચરણ કરે તે દિવ્ય ગતિને પામે છે.

**ક્ષત્રિય મુનિની દિવ્ય વિશેષતાઃ** પહેલાં હું પાંચમા દેવલોકમાં મહાપ્રાણ વિમાનમાં ધ્રુતિમાન દેવ હતો. જેમ અહીં સો વર્ષનું આયુષ્ય પૂર્ણ માનવામાં આવે છે, તેમ દેવલોકમાં પલ્યોપમ અને સાગરોપમ પ્રમાણ આયુ પૂર્ણ માનવામાં આવે છે. મારૂં આયુષ્ય સાગરોપમ પ્રમાણ હતું.

હું મારૂં પોતાનું તથા બીજાનું આયુષ્ય યથાર્થ રૂપે જાણું છું. (અવધિજ્ઞાનથી)

**ક્ષત્રિય મુનિ દ્વારા સંજય મુનિને ધર્મપ્રેરણાઃ** હે સંજય મુનિ! મિથ્યાત્વના કદાગ્રહના કારણે થતી વિવિધ પ્રકારની રુચિઓ અને સ્વચ્છંદ અભિપ્રાયોના મતમતાંતરોથી દૂર રહો કારણકે આ બધા નિષ્પ્રયોજન વિકલ્પો આત્મકલ્યાણ સાધવામાં બાધક, અનર્થકારી અને કર્મબંધ કરાવનારા છે, તેમ જાણી સંયમ માર્ગમાં વિચરણ કરવું.

હું નિમિત્તાદિ શાસ્ત્રો દ્વારા કહેવાતા શુભાશુભ ફળસૂચક પ્રશ્નોના જવાબથી અને ગૃહસ્થ સંબંધી સાવદ્ય કાર્યોની મંત્રણાઓથી પણ નિવૃત્ત થઇ ગયો છું. અહર્નિશ ધર્મસાધનામાં હું ઉદ્યત રહું છું, તેમ તમે પણ તપ સંયમમાં ઉદ્યમવંત રહો.

ધીર પુરુષ સદ્અનુષ્ઠાનમાં રુચિ રાખે છે અને નાસ્તિકતાનો ત્યાગ કરી દે છે. હે મુનિવર! તમે પણ સમ્યગ્ દષ્ટિથી અતિ દુષ્કર સંયમ ધર્મનું દઢતાથી પાલન કરો.

**ભરત ચક્રવર્તીઃ** પદાર્થોનું સ્વરૂપ અને સમ્યક્ આચરણ રૂપ ધર્મથી યુક્ત એવા તીર્થંકર ભગવાનનો પવિત્ર ઉપદેશ સાંભળીને પૂર્વકાળમાં ભરત ચક્રવર્તીએ પણ ભરત ક્ષેત્રનું રાજય અને કામભોગોનો ત્યાગ કરીને ચારિત્ર ધર્મ અંગીકાર કર્યો.

**સગર ચક્રવર્તીઃ** સગર નામના બીજા ચક્રવર્તી સાગરની હદ સુધીના આખા ભારતમાં રાજયને તથા તેના સમસ્ત ઐશ્વર્યનો ત્યાગ કરી સંયમની સાધના વડે નિર્વાણ પામ્યા.

**મઘવા ચક્રવર્તીઃ** મહાન ઋદ્ધિમાન અને મહાકીર્તિવાન એવા મઘવા નામના ત્રીજા ચક્રવર્તીએ ભરતક્ષેત્રનું રાજય છોડી પ્રવ્રજયા ગ્રહણ કરી, કર્મક્ષય કરી મોક્ષ પામ્યા.

**સનતકુમાર ચક્રવર્તીઃ** રિદ્ધિસિદ્ધીથી સંપન્ન મનુષ્યોમાં ઇન્દ્ર સમાન ચોથા

ચક્રવર્તી સનતકુમાર પોતાના પુત્રને રાજ્ય સોંપીને સંયમધર્મમાં ઉદ્યમવંત બન્યા.

**શાંતિનાથ ચક્રવર્તી તેમજ તીર્થંકરઃ** મહાન ઋદ્ધિસંપન્ન અને જગતમાં શાંતિના સ્થાપક એવા શાંતિનાથ નામના પાંચમાં ચક્રવર્તી એ સંપૂર્ણ ભરત ક્ષેત્રનું રાજ્ય છોડીને તપ સંયમના પાલનથી સિદ્ધ ગતિને પામ્યા – તીર્થંકર થયા.

**કુંથુનાથ ચક્રવર્તી અને તીર્થંકરઃ** ઇક્ષ્વાકુ વંશના રાજાઓમાં વૃષભ સમાન શ્રેષ્ઠ અને ઉજ્જવળ કીર્તિવાન એવા છઠ્ઠા ચક્રવર્તી કુંથુનાથ ભગવાન દીક્ષા અંગીકાર કરીને અનુત્તર ગતિ – તીર્થંકર પદ પામ્યા.

**અરનાથ ચક્રવર્તી અને તીર્થંકરઃ** સમુદ્ર પર્યંત સંપૂર્ણ ભરતક્ષેત્રના રાજ્યનો ત્યાગ કરીને સાતમા ચક્રવર્તી અરનાથ નરેશ્વર કર્મરજથી રહિત થઇને શ્રેષ્ઠ ગતિ–તીર્થંકર પદ પામ્યા.

આ જ રીતે મહાપદ્મ ચક્રવર્તી, હરિષેણ ચક્રવર્તી, જય ચક્રવર્તી, દશાર્ણભદ્ર રાજા, નમિ રાજર્ષિ સંયમમાં સમ્યક્ પરાક્રમ કરીને અનુત્તર ગતિ – મોક્ષ પામ્યા.

**ચાર પ્રત્યેક બુદ્ધઃ** કલિંગમાં કરકંડુ, પાંચાલમાં દ્વિમુખ તથા વિદેહમાં – મિથિલાનગરીમાં નમિરાજા અને ગંધાર દેશમાં નગ્ગતિ નામના રાજેશ્વર થયા.

નરેન્દ્રોમાં વૃષભ સમાન આ રાજાઓ પોતાના પુત્રોને રાજગાદી સોંપીને જિનશાસનમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને શ્રમણ ધર્મમાં તલ્લીન થયા. આ ચારે રાજાઓએ પ્રત્યેક બુદ્ધના રૂપમાં દીક્ષા અંગીકાર કરી અને સંયમ, તપનું પાલન કરતાં અંતમાં સમાધિપૂર્વક શરીરનો ત્યાગ કરી સિદ્ધગતિને પામ્યા.

**ઉદાયન રાજાઃ** સિંધુ સૌવીર વગેરે ૧૬ દેશના રાજા, ધોરી વૃષભ સમાન શ્રેષ્ઠ રાજા ઉદાયને રાજ્ય છોડીને સંયમ ગ્રહણ કર્યો અને સમ્યક્ પુરુષાર્થ કરીને સિદ્ધગતિને પામ્યા.

તે જ પ્રકારે સંયમમાં પરાક્રમી કાશી દેશના સાતમા નંદન નામના બળદેવ રાજા તથા અમર કીર્તિવાળા મહાયશસ્વી, સપ્તાંગ રાજ્યગુણોથી સમૃદ્ધ વિજય રાજા અને હસ્તિનાપુરના અતુલ બળવાન બળરાજાના પુત્ર મહાબલ – આ સર્વ

રાજાઓ એ ઉગ્ર તપ કરીને, સંયમમાં પરાક્રમ કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો.

**બુદ્ધિમાન સાધકોનો વિવેક અને મુક્તિઃ** ભરતચક્રવર્તી વગેરે રાજાઓએ સંયમમાં દઢ પરાક્રમ કર્યું. આ જાણીને ધીર પુરુષ કુતર્કોમાં ફસાઇને ઉન્મત રીતે કેમ વિચરી શકે? શૂરવીર પુરુષો મિથ્યા માન્યતાઓનો સ્વીકાર કરી શકતા નથી.

મેં આ અત્યંત સમાધાન યોગ્ય, સમુચિત યુક્તિ સંગત, કર્મમળને શોધન કરવા સમર્થ સંપૂર્ણ સત્ય કથન કર્યું છે. તેનો સ્વીકાર કરી અનેક જીવો ભૂતકાળમાં સંસાર સાગર તરી ગયા છે, વર્તમાનમાં કંઇક તરે છે અને ભવિષ્યમાં અનેક તરશે.

બુદ્ધિમાન સાધક સર્વસંગથી મુક્ત થઇ, ત્યાગી બની, અંતે કર્મોનો ક્ષય કરી સિદ્ધ થઇ જાય છે.

તૃપ્તિ ત્યાગમાં છે, નિરાસક્તિમાં અને નિર્મોહ દશામાં છે. તેથી ચક્રવર્તી જેવા સમ્રાટ રાજાઓ છ ખંડના અધિપતિ હોવા છતાં બાહ્ય સંપત્તિનો ત્યાગ કરી આત્મ કલ્યાણ સાધી શક્યા હતા.

**(અઢારમું અધ્યયન સંપૂર્ણ)**

### ઓગણીસમું અધ્યયન

# મૃગાપુત્રીય

**મૃગાપુત્રનો વૈભવઃ** મોટા વૃક્ષોથી ઘટ્ટ એવા વન અને બગીચાઓથી સુશોભિત, સમૃદ્ધિથી રમણીય સુગ્રીવ નામના નગરમાં બલભદ્ર નામના રાજા રાજય કરતા હતા. મૃગાવતી નામની તેની પટરાણી હતી.

તેમને બલશ્રી નામનો પુત્ર હતો, જે મૃગાપુત્રના નામથી પ્રસિદ્ધ હતો. તે માતાપિતાને અત્યંત પ્રિય યુવરાજ હતો. તે રાજાઓનો સ્વામી હતો.

તે દોગંદુગ દેવોની જેમ રાજમહેલમાં સ્ત્રીઓ સાથે ક્રીડા કરતો હતો.

એક દિવસ મૃગાપુત્ર મણિરત્ન જડિત ફર્શવાળા રાજમહેલના ઝરુખામાં બેસીને રાજમાર્ગોનું અવલોકન કરતો હતો ત્યારે અણધર્યા જ તપસ્વી શીલવાન અને સંયમી જૈન સાધુને જોયા.

મુનિને અનિમેષ દૃષ્ટિએ જોયા પછી ચિંતવન કરતાં તેના અધ્યવસાયો શુદ્ધ થયા અને મોહભાવનો ઉપશમ થવાથી તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયુ.

**વિરક્તિભાવ અને નિવેદનઃ** જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવથી વિષયોથી વિરક્ત અને સંયમાનુરાગી મૃગાપુત્રે માતાપિતા પાસે આવીને આ પ્રમાણે કહ્યુંઃ

હે માતાપિતા! પૂર્વકાળમાં મેં પંચમહાવ્રતરૂપ સંયમ ધર્મનું પાલન કર્યું છે. નરક અને તિર્યંચગતિના દુઃખો પણ મેં જાણ્યા છે. હું સંસાર સાગર તરવાનો અભિલાષી છું. તો મને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે આજ્ઞા આપો.

**માતાપિતા પાસે વૈરાગ્યભાવનું સ્પષ્ટીકરણઃ** હે માતાપિતા! વિષફળ સમાન ભોગો હું ભોગવી ચુક્યો છું, તેનું ફળ દુઃખમય જ છે.

આ શરીર અનિત્ય છે, અપવિત્ર છે, અશુચિમાંથી ઉત્પન્ન થયું છે. અને તેમાં જીવનો નિવાસ શાશ્વત નથી.

વ્યાધિ અને રોગનું ઘર તેમજ જરામરણથી ગ્રસ્ત, પાણીના પરપોટા જેવા આ શરીરથી મને ક્ષણ પણ સુખ મળતું નથી.

વળી આ સંસારમાં જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગ અને મરણનું દુઃખ. અરે! આ સમસ્ત સંસાર દુઃખમય જ છે.

ખેતર, મકાન, સોનું, ચાંદી, પુત્ર, સ્ત્રી, બંધુ અને આ શરીર છોડીને મારે અવશ્ય જવું જ પડશે.

જેમ વિષમય કિંપાક ફળ ખાવાનું અંતિમ પરિણામ સારૂં નથી આવતું, તેમ ભોગવેલા ભોગોનું પરિણામ પણ સારૂં નથી આવતું.

જે મુસાફર ભાતુ લીધા વિના લાંબી મુસાફરી એ જાય છે, તે રસ્તે જતાં ભૂખ અને તરસથી પીડાઇને દુઃખી થાય છે.

એ જ રીતે જે વ્યક્તિ ધર્મ કર્યા વિના પર ભવમાં જાય છે, તે વિવિધ રોગો અને દુઃખોથી પીડાય છે.

પરંતુ જે વ્યક્તિ લાંબા માર્ગમાં ભાતુ લઇને પ્રયાણ કરે છે, તે માર્ગમાં ક્ષુધા, તૃષાને તૃપ્ત કરી સુખી થાય છે.

તે જ પ્રમાણે જે વ્યક્તિ ધર્મનું પાલન કરીને પરભવમાં જાય છે, તે વેદનાઓથી અને દુઃખોથી મુક્ત રહે છે.

ઘરને આગ લાગતાં ઘરધણી જેમ કિંમતી વસ્તુઓ કાઢી લે છે અને નકામી વસ્તુઓ છોડી દે છે તેમ આ આખો લોક જરા અને મરણના દુઃખોથી બળી જળી રહ્યો છે. આપ આજ્ઞા આપો તો હું મારા આત્માને ઉગારી લઉં.

**શ્રમણ ધર્મની કઠોરતાઃ** દીક્ષાની આજ્ઞા માંગનાર મૃગાપુત્રને માતાપિતાએ

કહ્યુઃ હે પુત્ર! શ્રમણધર્મનું પાલન ઘણું જ કઠિન છે. ભિક્ષુએ હજારો ગુણો, નિયમો પનિયમ ધારણ કરવાના હોય છે. જેમ કે, શત્રુ–મિત્ર પ્રત્યે જ નહિં પણ જગતના સર્વ જીવો પ્રત્યે જીવન પર્યંત સમભાવ રાખવો, સમસ્ત જીવહિંસાનો ત્યાગ કરવો; અતિ દુષ્કર છે.

વળી અપ્રમત્ત ભાવે અસત્યનો ત્યાગ કરવો, પ્રતિક્ષણ સાવધાની રાખીને સત્ય બોલવું. એ પણ અતિ કઠિન છે.

ઉપરાંત દાંત સાફ કરવાની સળી, અરે! તણખલું પણ કોઈ આપે તો જ લેવાય અને સૌથી કઠિન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું અતિ દુષ્કર છે.

ધન, ધાન્ય, દાસાદિ વિવિધ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને નિર્મમત્વ સેવવું અને અન્ન, પાણી, મેવા, મુખવાસ – એ ચારે આહારનો ત્યાગ કરવો એ પણ અત્યંત દુષ્કર છે.

**પરિષહ વિજયની કઠિનતાઓઃ** ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ મચ્છરનું કષ્ટ, ક્રોધયુક્ત વચનો, અગવડ ભરેલું મકાન, તૃણસ્પર્શ તેમજ શરીરના મેલથી થતું કષ્ટ વગેરે – બાવીસ પરિષહો સહન કરવા અત્યંત મુશ્કેલ છે.

આ સંયમ પ્રવૃત્તિ કાપોતીવૃતિ છે એટલે કે કબુતરની જેમ શંકિત અને સાવધાન રહેવાની તથા સંગ્રહમુક્ત રહેવાની વૃત્તિ છે.

**વિવિધ ઉપમાઓથી સંયમની દુષ્કરતાઃ** જેમ ગંગા નદીના પ્રવાહમાં સામા પુરે તરવું, મેરૂ પર્વતને ત્રાજવે તોળવો, ભુજાઓથી સમુદ્ર તરવો અતિ કઠિન છે, તેમ સંયમધર્મનું પાલન કરવું અત્યંત દુષ્કર છે.

માટે હે પુત્ર! પહેલાં તું પાંચ ઈન્દ્રિયના વિષય સુખોને ભોગવ અને પછીથી ચારિત્ર ધર્મ અંગીકાર કર.

**નરકના દુઃખોનું નિરૂપણઃ**

મૃગાપુત્ર કહે છેઃ  હે માતાપિતા! પૂર્વજન્મમાં મેં નરકમાં અતિ ઉષ્ણ, અતિ શીત વગેરે મહાવેદનાઓ અનેક વાર સહન કરી છે.

પરમાધાર્મિક દેવો દ્વારા દેવાતી અનેક યાતનાઓ મેં સહન કરી છે. એની તુલનામાં મહાવ્રતના પાલનનું કષ્ટ કે પરિષહો, ઉપસર્ગો શું વિસાતમાં છે?

વાસ્તવમાં મહાવ્રતોનું પાલન, શ્રમણધર્માચરણ વગેરે સાધક માટે પરમ આનંદનો હેતુ છે. આથી મારે નિગ્રંથમુનિ દીક્ષા અંગીકાર કરવી છે.

**સંયમને મૃગચર્યાની ઉપમાઃ**

માતાપિતાઃ હે પુત્ર! તું તારી ઈચ્છા પ્રમાણે સંયમનો સ્વીકાર કર પરંતુ સંયમ જીવનમાં રોગ થતાં ચિકિત્સા ન કરવી એ બહુ મોટું કષ્ટ છે.

મૃગાપુત્રઃ માતાપિતા! તમે જે કહ્યું તે સત્ય છે પણ જંગલમાં રહેનાર પશુપક્ષીઓની અને મૃગની ચિકિત્સા કોણ કરે છે?

આવી જ રીતે સંયમ અનુષ્ઠાનમાં ઉદ્યમવંત ભિક્ષુ પણ આ મૃગની જેમ રોગોત્પતિ થતાં ચિકિત્સા ન કરે. તાત્પર્ય એ છે કે દરેક સાધકે પોતાના સામર્થ્યની વૃદ્ધિ કરી ચિકિત્સા ન કરવાની દૃઢતા સુધી પહોંચવું જોઈએ.

રોગ પરિષહ જયનો સાચો આનંદ અને સાચી સફળતા પણ સાધકને ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે તે ધૈર્યથી દરેક રોગને ચિકિત્સા કર્યા વિના સહન કરી શકે અને સમભાવમાં ટકી રહે.

**સંયમની અનુમતિઃ** 'તમને સુખ ઉપજે તેમ કરો,' આ રીતે માતાપિતાની અનુમતિ મેળવી, મૃગાપુત્ર એ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો. મૃગાપુત્રએ ઉપાધિનો ત્યાગ કર્યો. દ્રવ્યતઃ ગૃહસ્થોચિત વેષ, આભૂષણ, વસ્ત્રાદિ ઉપકરણોનો અને ભાવતઃ વિષય, કષાય, આસક્તિ વગેરે ભાવોપધિનો ત્યાગ કરી મૃગાપુત્ર પ્રવ્રર્જિત થયા.

**મૃગાપુત્રની સંયમ સાધનાઃ** આ પ્રમાણે માતાપિતાને સમજાવીને, તેમની આજ્ઞા લઈને, જેમ સર્પ કાંચળીને ત્યાગ કરે છે, તેમ મૃગાપુત્ર એ સમસ્ત મોહ મમત્વનો ત્યાગ કર્યો.

જેમ કપડા પર લાગેલી ધૂળને ખંખેરી નાખવામાં આવે તેમ સમૃદ્ધિ, ધન,

સ્ત્રી, પુત્ર, મિત્રો, સ્વજનો વગેરેનો ત્યાગ કરી સંયમ યાત્રા માટે પ્રસ્થાન કર્યું.

મૃગાપુત્ર અણગાર પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત બની આભ્યંતર અને બાહ્ય તપમાં ઉદ્યમવંત થયા.

મૃગાપુત્ર મુનિશ્વર મમત્વ, અહંકાર, આસક્તિ અને ગર્વનો ત્યાગ કરી ત્રસ તથા સ્થાવર – સમસ્ત જીવો પ્રત્યે સમદ્દષ્ટિવાન બની ગયા.

મૃગાપુત્ર સંયતિ લાભ–અલાભ, સુખ–દુઃખ, જીવન–મરણ, નિંદા–પ્રશંસા અને માન–અપમાનમાં સમપરિણામી બન્યા.

ગર્વ, કષાય, દંડ, શલ્ય અને સાત ભય, હાસ્ય અને શોકથી નિવૃત્ત થઇ નિદાન રહિત અને રાગદ્વેષના બંધનોથી મૃગાપુત્ર મુક્ત બન્યા.

મૃગાપુત્ર અણગાર આ લોક અને પરલોકની આકાંક્ષાઓથી નિરપેક્ષ થયા. આહાર મળે કે ન મળે, શરીરને કોઇ ચંદનનો લેપ કરે કે વાંસથી કાપી નાખે– બન્ને દશાઓમાં સમ પરિણામી બન્યા.

મૃગાપુત્ર મુનિરાજે અપ્રશસ્ત એવા દ્વારોથી આવતા આશ્રવોને સર્વ પ્રકારે રોકી દીધા તેમજ આધ્યાત્મિક ધ્યાનના યોગ વડે સંયમ માર્ગમાં સ્થિર થયા.

**મહર્ષિ મૃગાપુત્રની સિદ્ધિઃ** મૃગાપુત્ર અણગાર જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને શુદ્ધ ભાવનાઓ વડે પોતાના આત્માને સમ્યક્ રીતે ભાવિત કરવા લાગ્યા.

જિનાજ્ઞાનુસાર સંયમનું ઘણા વર્ષો સુધી પાલન કરી અંતે એક માસના ભક્ત પ્રત્યાખ્યાન અનશન દ્વારા મૃગાપુત્ર અણગાર અનુત્તર સિદ્ધગતિને પામ્યા.

**સારાંશઃ**

મૃગાપુત્રના માતાપિતાએ શ્રમણધર્મમાં રોગ ઉપચાર ન કરવા વિષે ચિંતા દર્શાવી ત્યારે મૃગાપુત્રે વનમાં એકાકી વિચરતા મૃગનું ઉદાહરણ દેતાં કહ્યું કે મૃગ જયારે બિમાર થઇ જાય તો તેને કોણ ઔષધ આપે છે? કોણ તેની સેવા કરે છે? તે કુદરત પર આધાર રાખીને જીવે છે અને સ્વસ્થ થાય છે. હું પણ આવી જ મૃગચર્યા કરીશ.

ઘોર જંગલમાં મૃગ એકલો જ હોય છે. મૃગાપુત્ર પણ સ્વયંબુદ્ધ હોવાને કારણે એકલવિહારી બન્યા હતા.

**મૃગચર્યાઃ** ૧) એકાકી કે સમૂહ રૂપમાં ભ્રમણ ૨) જુદાજુદા નિવાસ ૩) ગોચરીથી જીવનભર નિર્વાહ ૪) રોગ થતાં ઉપચારની અપેક્ષા ન રાખવી ૫) નિરોગી થતાં પોતે જ આહાર માટે જવું ૬) પરિમિત આહાર કરવો ૭) જે મળે તેનાથી સંતોષ માનવો. કોઈની નિંદા–ફરિયાદ કરવી નહિં, એ મૃગચર્યાની વિશેષતાઓ છે. મુનિચર્યામાં પણ આને અનુસરતા જ નિયમો હોય છે, માટે મુનિચર્યાને મૃગચર્યાની ઉપમા આપવામાં આવી છે.

આવી મૃગચર્યા પાલનનું સર્વોત્કૃષ્ટ ફળ સર્વોપરિ સ્થાન રૂપ મોક્ષ પ્રાપ્તિ છે.

**(ઓગણીસમું અધ્યયન સંપૂર્ણ)**

### વીસમું અધ્યયન

# મહાનિર્ગ્રંથીય

**મોક્ષ અને ધર્મનું કથનઃ** સિદ્ધ ભગવંતો અને સંયત મહાત્માઓને ભાવપૂર્વક નમસ્કાર કરીને હું તત્ત્વ સ્વરૂપ મોક્ષ ગતિનું યથાર્થ સ્વરૂપ કહીશ, તે મારી પાસેથી સાંભળો.

પ્રચુર રત્નોથી સમૃદ્ધ મગધ દેશના અધિપતિ શ્રેણિક મહારાજ ફરવા માટે મંડિકુક્ષિ નામના ઉદ્યાનમાં આવ્યા.

ભિન્ન ભિન્ન પ્રકારના વૃક્ષો અને લત્તાઓથી વ્યાપ્ત, વિવિધ પ્રકારના પુષ્પોથી છવાયેલું અને અનેક પ્રકારના પક્ષીઓથી સેવિત તે ઉદ્યાન નંદનવન સમું હતું.

**રાજાને બાગમાં મુનિદર્શનઃ** ત્યાં ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે સુકુમાર, સુખસંપન્ન, સમાધિસ્થ મુનિને રાજાએ જોયા.

તે મુનિનું અનુપમ રૂપ જોઇને શ્રેણિક રાજા અત્યંત વિસ્મય સાથે વિચારવા લાગ્યાઃ અહો! કેવી કાંતિ! અહો! મહાપુરુષની કેવી સૌમ્યતા! ભોગો પ્રત્યે કેવી અનાસક્તિ!

રાજાએ મુનિશ્વરને પ્રદક્ષિણા કરી, તેમના ચરણોમાં વંદન કરી, તેમનાથી અતિ દૂર નહિં અને બહુ નજીક પણ નહિં, એમ યોગ્ય સ્થળે ઊભા રહી, હાથ જોડી મુનિને પૂછ્યુંઃ

હે પુજ્ય! આપ તરુણ છો છતાં ભોગ ભોગવવાને બદલે દીક્ષા અંગીકાર કરી છે. શ્રમણ ધર્મના પાલન માટે કેમ તત્પર થયા? એ હું આપની પાસેથી જાણવા માગું છું.

મુનિઃ હે રાજન! હું અનાથ હતો. મારો કોઇ નાથ ન હતો. તેમજ મારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે એવો કોઇ મિત્ર પણ મને ન મળ્યો. તેથી હું પ્રવ્રજિત થયો છું.

આ સાંભળીને મગધ દેશ અધિપતિ શ્રેણિક રાજા હસી પડ્યા અને બોલ્યાઃ આટલા પ્રભાવશાળી અને સમૃદ્ધિવાળા આપને કોઈ નાથ કે સહાયક કેમ ન મળે?

હે સંયત! આપનો કોઈ નાથ ન હોય તો હું આપનો નાથ થવા તૈયાર છું. હે મુનિરાજ! મિત્ર અને સ્વજનો સાથે ગૃહવાસમાં રહીને યથેચ્છ ભોગ ભોગવો. કારણ મનુષ્ય જીવન અતિ દુર્લભ છે.

મુનિરાજઃ હે મગધેશ્વર! તમે સ્વયં અનાથ છો તો બીજાના નાથ કેવી રીતે થઈ શકો?

રાજા પહેલેથી જ વિસ્મિત હતા પણ મુનિશ્વરના મુખેથી 'તમે અનાથ છો' એવા પહેલાં ક્યારે ય ન સાંભળેલા શબ્દો સાંભળીને અત્યંત વિસ્મિત થયા.

રાજાઃ મારી પાસે ઘોડા છે, હાથી છે, નગર છે, ઉપવન છે. સુંદર અંતઃપુરમાં હું મનુષ્ય સંબંધી ઉત્તમ કામભોગો ભોગવું છું. મારી પાસે સમૃદ્ધિ, સત્તા અને પ્રભુત્વ છે. તો હે ભગવન! હું અનાથ કેવી રીતે છું? આપનું કથન અસત્ય તો નહિં હોય?

મુનિશ્વરઃ હે પૃથ્વીપતિ નરેશ! તમે અનાથના અર્થ અને પરમાર્થને જાણતા નથી.

**મુનિ દ્વારા અનાથ શબ્દનું નિરૂપણઃ** હે રાજન! અનાથ શબ્દનો અર્થ તમે એકાગ્રતાપૂર્વક સાંભળોઃ

પ્રાચીન શહેરોમાં સર્વોત્તમ એવી કૌશાંબી નામની નગરીમાં મારા પિતા રહેતા હતા. તેમની પાસે પુષ્કળ ધન હતું.

હે રાજન! તરુણ વયમાં મને એકાએક આંખની અત્યંત પીડા ઉત્પન્ન થઈ અને મારા શરીરમાં અત્યંત બળતરા થવા લાગી. અને ઇન્દ્રના વજ્ર પ્રહાર જેવી ભયંકર વેદના મારા અંગોમાં થવા લાગી.

મારા દર્દનો ઇલાજ કરવા મંત્ર તથા જડીબુટ્ટીમાં પારંગત, શાસ્ત્રમાં કુશળ, નિપુણ આયુર્વેદાચાર્ય હાજર થયા.

તેમણે મારી વિવિધ પ્રકારે ચિકિત્સા કરી પણ તેઓ મને દુઃખ મુક્ત ન કરી શક્યા, આ મારી અનાથતા હતી.

મારા પિતાજી તેમની સર્વ સંપત્તિ ચિકિત્સકોને આપવા તૈયાર હતા. છતાં તેઓ પણ મારૂં દુઃખ દૂર ન કરી શક્યા. આ મારી અનાથતા હતી.

હે પૃથ્વીપતિ! મારી માતા પણ પુત્રના દુઃખથી અત્યંત શોકાતુર હતી. છતાં તે પણ મને દુઃખ મુક્ત ન કરી શકી. આ મારી અનાથતા હતી.

મારી નવયૌવના પત્ની એક ક્ષણ પણ અળગી થતી ન હતી એટલી અપાર સેવા કરતી હતી; તે પણ મારી વેદનાને દૂર કરી શકી નહિં, એ મારી અનાથતા હતી.

**અનાથતામાંથી સનાથતાની પ્રાપ્તિઃ** ચારે બાજુથી આવી અસહાયતાનો અનુભવ થતાં મેં વિચાર્યું કે આ અસહ્ય વેદનાઓથી જો છૂટકારો થાય તો ઇન્દ્રિયોનું દમન કરનાર, નિરારંભી બની સંયમ ગ્રહણ કરીશ.

હે મહારાજ! આ પ્રમાણે ચિંતવીને હું રાત્રિએ સૂઇ ગયો અને રાત્રિ જેમ જેમ વ્યતીત થતી ગઇ તેમ તેમ મારી તીવ્ર વેદના ક્ષીણ થતી ગઇ અને નિરોગી થઇ ગયો.

પ્રભાત થતાં સ્વજનોની આજ્ઞા લઇને હું પાપક્રિયાથી રહિત થઇને અણગાર ધર્મમાં પ્રવ્રર્જિત થયો. શ્રમણ બન્યો.

પ્રવ્રજયા ગ્રહણ કર્યા પછી હું મારો તેમજ સર્વ ત્રસ–સ્થાવર જીવોનો રક્ષક–નાથ બન્યો.

હે રાજન! આત્મા પોતેજ પોતાના માટે વૈતરણી નદી અને કૂટ શાલ્મલિ વૃક્ષ જેવો દુઃખમય છે અને કામદુગ્ધા ગાય તેમજ નંદનવન જેવો સુખદાયી પણ છે.

આત્મા પોતે જ સુખદુઃખનો કર્તા છે અને પોતે જ સુખદુઃખ દૂર કરનાર વિકર્તા છે. સત્પ્રવૃત્તિમાં સ્થિત આત્મા જ પોતાનો મિત્ર છે અને દુષ્પ્રવૃત્તિમાં સ્થિત આત્મા જ પોતાનો શત્રુ છે.

તાત્પર્ય કે સ્વયંના આચરણ અનુસાર આત્મા પોતે જ કર્મસંગ્રહ કરી દુઃખી અને સુખી થાય છે. માટે આત્માના ગુણોની વૃદ્ધિ તપ અને સંયમ વડે કરવી તે જ શ્રેષ્ઠ છે.

**અન્ય પ્રકારના અનાથતાઃ** અનાથી મુનિ દ્ધારા વિશિષ્ટ પ્રકારની અનાથતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે સનાથતાને પંથે પ્રયાણ કરીને પણ પુનઃ પોતાની દુષ્પ્રવૃત્તિને કારણે અનાથ બની જાય છે.

અનાથી મુનિઃ હે રાજન્! ઘણા એવા નિર્બળ, કાયર સાધકો હોય છે જે નિર્ગ્રંથ ધર્મ અંગીકાર કરીને પણ તેનું આચરણ કરવામાં દુઃખનો અનુભવ કરે છે, શિથિલ થઇ જાય છે.

જે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને પ્રમાદ સેવે છે, મહાવ્રતોનું પાલન કરતો નથી, પોતાના આત્માનો નિગ્રહ કરતો નથી, ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઇ જાય છે; તે સાધક સમસ્ત કર્મક્ષય કરી મુક્ત થઇ શકતો નથી.

જે સાધુ પાંચ સમિતિના પાલનમાં ઉપયોગ રાખતો નથી, જે રજોહરણ વગેરે મુનિવેષના ચિહ્નો ધારણ કરીને જીવનનું પોષણ કરે છે તે કેશલુંચન વગેરે ઘણા કષ્ટો સહન કરવા છતાં સંસારનો પાર પામી શકતો નથી.

જે લક્ષણ વિદ્યા, સ્વપ્ન વિદ્યા વગેરે પ્રયોગો કરે છે, નિમિત્ત શાસ્ત્ર અને ઇન્દ્રજાળ વગેરે પ્રયોગોમાં આસક્ત રહે છે તે સાધુ મુનિધર્મની વિરાધના કરીને સતત નરક અને પશુયોનિમાં ગમન કરે છે.

જે સાધુ સંયમધર્મની વિરાધના કરે છે, તેનું દીક્ષા ગ્રહણ કરવાનું પ્રયોજન વ્યર્થ થઇ જાય છે. તેના માટે આ લોક અને પરલોક બન્ને નિષ્ફળ થાય છે.

**મહાનિર્ગ્રંથીય પંથ અને તેનું ફળઃ** ચારિત્રાચારના ગુણોથી ભરપૂર એવો સાધક સર્વોત્કૃષ્ટ સંયમનું પાલન કરી, આશ્રવ રહિત બની, પૂર્વકર્મોનો ક્ષય કરી શાશ્વત સુખ પામે છે.

આ પ્રમાણે મહામુનિ અનાથી મુનિએ શ્રેણિક મહારાજાને કહ્યું.

**મુનિની ભક્તિપૂર્વક સ્તુતિઃ**

શ્રેણિક રાજાઃ ભગવન્ અનાથતાનું યથાર્થ સ્વરૂપ આપે મને સુંદર રીતે સમજાવ્યું છે. મેં આપને પ્રશ્નો પૂછી આપના ધ્યાનમાં વિઘ્ન કર્યું અને ભોગો ભોગવવા આમંત્રણ આપ્યું, તે બદલ મને ક્ષમા કરો.

મુનિશ્વરના અમૃતમય સમાગમથી રાજા સમ્યક્ત્વ પ્રાપ્ત કરી, મુનિરાજની પ્રદક્ષિણા કરી, વંદન કરી સ્વસ્થાને પાછા ફર્યા.

અનાથી મુનિ સાધુના ૨૭ ગુણોથી સમૃદ્ધ, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, ત્રણ દંડોથી વિરત, મોહમુક્ત થઇને આ વસુંધરામાં પક્ષીની જેમ અપ્રતિબદ્ધ થઇને સંયમમાં વિચરણ કરવા લાગ્યા.

**ઉપસંહારઃ**

જન્મમરણ કરનાર અને વધારનાર અજ્ઞાની પ્રાણીઓ અનાથ ગણાય છે. ધર્મને સમજી, સંયમ સ્વીકારનાર પોતાના અને બીજાના નાથ થઇ જાય છે. સંયમ ગ્રહણ કર્યા પછી સનાથ બનેલા શ્રમણને જિનાજ્ઞા રૂપ સંયમાચારની સમસ્ત વિધિઓનું સારી રીતે પાલન કરવાનું પરમ કર્તવ્ય હોય છે. જે આવા કર્તવ્ય થી ચૂકી જાય, આળસુ કે આરામપ્રિય થઇ જાય તે બીજા પ્રકારના અનાથ થઇ જાય છે કારણકે સંયમધર્મનું બરાબર પાલન ન કરવાથી તે પોતાના આત્માની દુર્ગતિથી રક્ષા કરી શકતા નથી.

માટે સંયમાચારનું સંપૂર્ણ પાલન કરીને સાચા સનાથ થવું; એ જ આ અધ્યયનનો સાર છે.

**(વીસમું અધ્યયન સંપૂર્ણ)**

**ઉત્તરાધ્યયન સૂત્ર - પ્રથમ ભાગ સંપૂર્ણ**

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો અર્ક

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
## ભાગ ૨

### એકવીસમું અધ્યયન

# સમુદ્ર પાલીય

**પાલિત શ્રાવકઃ** ચંપા નગરીમાં પાલિત નામનો એક વણિક શ્રાવક રહેતો હતો. તે મહાત્મા ભગવાન મહાવીરનો શિષ્ય હતો.

તે શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનમાં વિદ્વાન હતો. વહાણ દ્વારા વેપાર કરતાં કરતાં તે એકવાર પિહુંડ નામના નગરમાં આવી પહોંચ્યો. ત્યાં કોઇ વેપારીએ પોતાની પુત્રી તેને પરણાવી. થોડો સમય વિત્યા બાદ ગર્ભવતી પત્નીને લઇને તે પોતાને દેશ જવા નીકળ્યો.

**સમુદ્રપાલનો જન્મઃ** સમુદ્ર યાત્રા દરમિયાન પાલિત શ્રાવકની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. સમુદ્ર યાત્રામાં જન્મ થવાથી તેનું નામ 'સમુદ્રપાલ' રાખ્યું.

**સમુદ્રપાલનો ઉછેર તથા પાણીગ્રહણઃ** તે શ્રાવક ક્ષેમકુશળ પોતાને ઘરે ચંપાનગરીમાં આવી ગયો અને સમુદ્રપાલ સુખરૂપ મોટો થવા લાગ્યો. તે બોતેર કલાઓ અને નીતિમાં નિપુણ થયો. તેના પિતાએ રૂપવતી રૂપિણી (રુક્મણી) નામની કન્યા સાથે તેના લગ્ન કર્યા.

એકવાર તે મહેલના ઝરૂખામાં બેઠો હતો ત્યારે દેહાંત દંડને પામેલા પુરુષને વધ્યસ્થાન પર લઈ જવાતો જોઇને સમુદ્રપાલના અંતરમાં કર્મ અને તેના ફળ વિષયક ગહન વિચારધારા પ્રવાહિત થઈ. પરિણામે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અશુભ કર્મ અને તેના ફળથી મુક્ત થવા સંયમ માર્ગ શ્રેષ્ઠ છે, એવી સમજણ સાથે દિક્ષા અંગીકાર કરી.

**મુનિધર્મની શિક્ષાઃ** સમુદ્રપાલ મુનિ મહાક્લેશકારી મહામોહોત્પાદક પરિગ્રહ અને સ્વજનોના મોહરૂપ મહાભયજનક આસક્તિનો સંપૂર્ણપણે ત્યાગ કરીને ચારિત્રધર્મમાં અભિરુચિ રાખવા લાગ્યા.

તે વિદ્વાન મુનિ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોને સ્વીકારી જિનોપદિષ્ટ ધર્મનું આચરણ કરવા લાગ્યા. સર્વ જીવો પર અનુકંપા રાખીને, કઠોર વચનોને ક્ષમાપૂર્વક સહન કરીને તે બ્રહ્મચારી

મહામુનિ સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરીને વિચરવા લાગ્યા.

**મુનિધર્મનું નિરૂપણઃ** મુનિ સંયમાનુસાર સંયમી જીવનની ક્રિયાઓ કરે, પોતાના શારીરિક સામર્થ્ય–અસામર્થ્યનો વિચાર કરીને જનપદમાં વિચરણ કરે. મુનિ સિંહની જેમ ક્યારે ય શબ્દો સાંભળીને ડરે નહિં અને દુઃખોત્પાદક પ્રતિકૂળ શબ્દો સાંભળીને અસભ્ય વચનોથી તેનો પ્રતિકાર કરે નહિં.

અસહ્ય અનેક પરિષહો આવી પડતાં કાયર મનુષ્યો દુઃ ખી થાય છે અને ખેદ પામે છે પરંતુ ભિક્ષુ પરિષહ આવતા સંગ્રામના મોખરે ઝઝૂમતા હાથીની જેમ વીરતાપૂર્વક સહન કરે.

વિચક્ષણ મુનિ રાગદ્વેષ મોહનો ત્યાગ કરીને વાયુથી અકંપિત મેરૂની જેમ અડગ રહીને, આત્મગુપ્ત બનીને પરિષહો તેમજ દેવકૃત, મનુષ્યકૃત અને તિર્યંચકૃત ભીષણ ઉપસર્ગોને સમભાવે સહન કરે.

સંયમવાન મુનિ રતિ–અરતિને સહન કરે, સંસારીઓના પરિચયથી દૂર રહે, સર્વ પાપોથી વિરક્ત થઇ આત્મહિત વિચારે આશ્રવોનો નિરોધ કરી, મમત્વ રહિત થઇને સમ્યગ્ દર્શનાદિ મોક્ષના સાધનોમાં સ્થિતિ થાય.

છકાયના રક્ષક મુનિ સ્ત્રી, પશુ અને નપુંસક રહિત તથા પરિકર્મ રહિત તેમજ બીજ આદિ જીવ રહિત સ્થાનમાં રહે અને મહાયશસ્વી મહર્ષિઓ દ્વારા સેવિત માર્ગનું પાલન કરે.

**સમુદ્રપાલની મુક્તિઃ** સમુદ્રપાલ મુનિ ઘાતી–અઘાતી કર્મોનો તથા પુણ્ય–પાપ રૂપ બન્ને પ્રકારના કર્મોનો સર્વથા ક્ષય કરી, કર્મ મલથી રહિત બની, બાહ્ય–આંતરિક સર્વ પ્રકારના બંધનોથી મુક્ત થઇ, મહાભવ પ્રવાહ રૂપ સંસાર સાગર તરીને મોક્ષ ગતિ પામ્યા.

સુધર્મા સ્વામી પોતાના શિષ્ય જંબુ સ્વામીને કહે છે, હે જંબુ, જે રીતે મેં ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે તે રીતે જ મેં તને કહ્યું છે. આ કથન સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું છે.

**(એકવીસમું અધ્યયન સંપૂર્ણ)**

### બાવીસમું અધ્યયન

# રથનેમીય

શૌર્યપુર નગરમાં વસુદેવ અને સમુદ્રવિજય નામના બે ભાઈઓ રાજય કરતા હતા. તેમાં વસુદેવ રાજાને રોહિણી અને દેવકી નામની બે રાણીઓ અને બલરામ તથા શ્રીકૃષ્ણ નામના બે પુત્રો હતા.

સમુદ્રવિજય રાજાને શિવા નામની રાણી હતી અને મહાયશસ્વી, પરમ જિતેન્દ્રિય અરિષ્ટનેમિ નામના પુત્ર હતા. તે સુલક્ષણો અને મધુર સ્વરથી સંપન્ન, ૧૦૦૮ શુભ લક્ષણોના ધારક, ગૌતમ ગૌત્રીય અને શ્યામ વર્ણના હતા.

વજ્રઋષભનારાચ સંહનન, સમચતુરસ્ત્ર સંસ્થાન અને માછલીના ઉદર જેવા સુંદર ઉદરથી સુશોભિત શ્રી અરિષ્ઠનેમિની પત્ની બનાવવા માટે શ્રી કૃષ્ણ વાસુદેવે ઉગ્રસેન રાજા પાસે તેની પુત્રી રાજેમતીની માગણી કરી.

ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતી સુશીલ, સુંદર અને સમસ્ત શુભ લક્ષણોથી સંપન્ન હતી. તેના શરીરની કાંતિ ચમકતી વિજળી સમાન હતી.

રાજેમતીના પિતાએ મહાઋદ્ધિવાન વાસુદેવને કહ્યું કે અરિષ્ટનેમિકુમાર અહિં પધારે તો હું તેમને મારી કન્યા આપીશ.

**શ્રી અરિષ્ટનેમિની જાનનું પ્રસ્થાનઃ** ત્યાર પછી અરિષ્ટનેમિકુમારને સર્વ ઔષધિયુક્ત જળથી સ્નાન કરાવ્યું. નજર આદિ ન લાગે તે માટે કૌતુક–મંગલ આદિ વિધિ વિધાનો કરી દિવ્ય વસ્ત્ર યુગલ પહેરાવવામાં આવ્યા અને અલંકારોથી વિભૂષિત કરવામાં આવ્યા.

વાસુદેવના સૌથી પ્રધાન મદોન્મત ગંધહસ્તિ ઉપર આરૂઢ થયેલા અરિષ્ટનેમિકુમાર મસ્તક પર ધારણ કરાયેલા ઊંચા છત્રથી, બંન્ને બાજુ વીંઝાતા ચામરોથી અને ચારે બાજુએ દર્શાહ ચક્ર (યદુવંશના પ્રસિદ્ધ ક્ષત્રિય સમૂહ) થી

પરિવૃત થયેલા તે શોભવા લાગ્યા.

ચતુરંગિણી સેના અનુક્રમમાં ગોઠવાઇ ગઇ અને મૃદંગ, ઢોલ આદિ વાજીંત્રોના દિવ્ય નિનાદથી આકાશ ગુંજી ઉઠ્યું.

આવી ઉત્તમ રિદ્ધિ અને દ્યુતિ સંપન્ન અરિષ્ટનેમિકુમારે પોતાના ભવનથી પ્રસ્થાન કર્યું. ત્યાર પછી મંડપની નજીક જતા અરિષ્ટનેમિએ વાડાઓ અને પાંજરાઓમાં પુરાયેલા ભયગ્રસ્ત અને અતિ દુઃખી પશુઓ અને પક્ષીઓને જોયા.

મૃત્યુની સન્મુખ રહેલા અને માંસાહારીઓના ભક્ષ્ય બનનારા પ્રાણીઓને જોઇને મહાપ્રજ્ઞાવાન અરિષ્ટનેમિએ સારથિને પૂછ્યુંઃ આ બધા સુખાર્થી પ્રાણીઓને ક્યા પ્રયોજનથી વાડાઓમાં અને પિંજરાઓમાં લાવ્યા છે?

ત્યારે સારથિએ કહ્યું કે આપના વિવાહમાં આવેલા ઘણા લોકોને માંસ ભોજન કરાવવા માટે આ નિર્દોષ પ્રાણીઓને પૂરવામાં આવ્યા છે.

જેનું ઉપાદાન શુદ્ધ હોય, તેને કોઇ પણ નિમિત્ત અસર કરી જાય છે. પશુઓના ચિત્કાર સાંભળીને સર્વ જીવો આત્મસમ વૃતિવાન નેમકુમારના અંતરમાં અનુકંપાના ભાવ જાગૃત થયા. લગ્ન જેવી સામાન્ય ક્રિયામાં પણ આવી ઘોર હિંસા! ક્ષણિક રસાસ્વાદ માટે આટલો અનર્થ! ગંભીર ચિંતનના પરિણામે તેમને તીવ્ર નિર્વેદભાવ પ્રગટ થયો. સંસાર પ્રત્યે પૂર્ણ ઉદાસીનતા થઇ ગઇ.

**અરિષ્ટનેમિનું મહાભિનિષ્ક્રમણઃ** તુરત જ સારથીને આજ્ઞા કરીને પશુઓને બંધન મુક્ત કરાવી દ્વારિકા પાછા ફર્યા. સારથીને આભૂષણોની બક્ષિસ આપી. શ્રીકૃષ્ણ વાસુદેવ વગેરે સ્વજનો દૃઢ વૈરાગ્યધારી નેમકુમારને સમજાવી શકે તેમ ન હતા.

ત્યાર બાદ નેમકુમાર સાવંત્સરિક દાન દેવા લાગ્યા. વર્ષ પૂર્ણ થતાં યથા સમયે ચિત્રા નક્ષત્રમાં રૈવતક ગિરિ પર આવેલા સહસામ્રવનમાં જઇને એક હજાર પુરુષો સાથે તેમણે દીક્ષા ગ્રહણ કરી. સ્વયં પંચમુષ્ટિ લોચ કરી, આજીવન સામાયિક વ્રત અંગીકાર કર્યું.

શ્રીકૃષ્ણ સહિત સર્વ યાદવો નેમકુમારમુનિને રત્નત્રયની આરાધનાથી અંતિમ લક્ષ્ય સિદ્ધિના આશીર્વચન કહીને પાછા ફર્યા.

**રાજેમતીનું મહાભિનિષ્ક્રમણઃ** અરિષ્ટનેમિ જીનેશ્વરની પ્રવ્રજયાની વાત સાંભળીને રાજેમતિ અત્યંત શોકાતુર બની ગઇ અને મૂર્છિત થઇ ગઇ.

સમય વીતતાં, ઊંડા ચિંતનને અંતે તેણીએ દિક્ષા લેવાનો નિર્ણય કર્યો કે મારા માટે દીક્ષા જ શ્રેયસ્કર છે.

નેમનાથ ભગવાનને રૈવતાચલ પર્વત પર ઘાતીકર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. બધા ઇન્દ્રોએ પોતપોતાના દેવગણ સહિત ત્યાં આવીને કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવ્યો અને મનોહર સમોવસરણની રચના કરી. બલભદ્ર, શ્રીકૃષ્ણ, રાજેમતી સહિત યાદવગણ અને અન્ય જન સમુદાયે રૈવતક પર આવીને નેમપ્રભુની દેશના સાંભળી. પ્રભુ નેમનાથના લઘુબંધુ રથનેમિએ પણ વિરક્ત થઇ દિક્ષા અંગીકાર કરી. રાજેમતીએ પણ અનેક કન્યાઓ સાથે દિક્ષા ગ્રહણ કરી. શ્રીકૃષ્ણ વાસુદેવ, બળદેવ વગેરેએ કેશલોચ કરેલી રાજેમતીને સંસાર સાગર શીઘ્રતાથી પાર કરી મોક્ષ પ્રાપ્ત કરવાના આશીર્વાદ આપ્યા.

**રથનેમિનું પતન અને રાજેમતી દ્વારા સ્થિરીકરણઃ** સાધ્વી રાજેમતી એકવાર પ્રભુના દર્શન માટે રૈવતક પર્વત પર જઇ રહી હતી ત્યારે રસ્તામાં વરસાદ આવવાથી ભીંજાઇ ગઇ. ઘનઘોર વરસાદ વરસી રહ્યો હતો. ચારેકોર અંધકાર વ્યાપી ગયો હતો. ત્યારે અન્ય સાધ્વીઓથી છૂટી પડેલી તેણીએ એક ગુફાનો આશ્રય લીધો.

સંયમ સાધના કરતા રથનેમિ પણ એ જ ગુફામાં હતા. અંધકારને કારણે રાજેમતીને રથનેમિ દેખાયા નહિં. ગુફામાં તેણે ભીના વસ્ત્રો સૂકવ્યા અને નિર્વસ્ત્ર થઇ ગઇ.

થોડીવાર પછી તેણીએ રથનેમિને જોયા. અને તેના અંતરમાં લજજા અને ભય વ્યાપી ગયા. અંગોપાંગ સંકોચીને વૈરાગ્યભાવમાં બેસી ગઇ. રથનેમિ

રાજેમતીને જોઇને ક્ષણવારમાં જ સંયમથી ચલિત થઇ ગયા અને રાજેમતી પાસે ભોગની યાચના કરી.

રાજેમતીએ સાવધાન થઇને વસ્ત્ર પરિધાન કરી લીધા અને હિંમતપૂર્વક રથનેમિને સંયમ ભાવમાં સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો. તેણીએ વૈરાગ્ય પ્રેરક વચનોથી રથનેમિને પોતાની કુલીનતાનું સ્મરણ કરાવી, મનુષ્ય જન્મ અને તેમાં પ્રાપ્ત થયેલી સંયમી જીવનની મહત્તાનું દર્શન કરાવ્યું. પતિત થયેલા જીવોની ગતિનું પણ ભાન કરાવ્યું. રથનેમિ પણ મોક્ષગામી જીવ હતા. તે રાજેમતીના વૈરાગ્ય ભાવથી પ્રેરિત વચનોથી સંયમભાવમાં પુનઃ સ્થિર થઇ ગયા.

**ઉપસંહારઃ** રથનેમિ મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત અને જિતેન્દ્રિય થઇને મહાવ્રતોમાં દૃઢ થયા અને ઉગ્ર તપનું આચરણ કરીને બન્ને કેવળજ્ઞાની થઇ ગયા. સર્વ કર્મોનો ક્ષય કરી તેમણે અનુત્તર સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી.

પુરુષોત્તમ રથનેમિ જેમ ભોગોથી નિવૃત્ત થઇ ગયા તેમ સંબુદ્ધ, પંડિત અને વિચક્ષણ પુરુષ ભોગોથી નિવૃત્ત થઇ જાય છે.

**(બાવીસમું અધ્યયન સંપૂર્ણ)**

### ત્રેવીસમું અધ્યયન

# કેશી–ગૌતમીય

**પ્રભુ પાર્શ્વનાથ અને કેશીકુમાર શ્રમણઃ** અર્હંત, સંબુદ્ધાત્મા, સર્વજ્ઞ, ધર્મતીર્થના પ્રવર્તક અને રાગદ્વેષ વિજેતા પાર્શ્વનાથ જિનેશ્વર ત્રેવીસમા તીર્થંકર થયા છે. તેમને કેશીકુમાર નામના મહાયશસ્વી શિષ્ય હતા. તે વિદ્યા અને ચારિત્રમાં પારગામી હતા. તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત હતા. તે પોતાના શિષ્યપરિવાર સાથે શ્રાવસ્તી નગરીમાં તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા.

**ભગવાન મહાવીર અને ગૌતમઃ** તે સમયે ધર્મતીર્થના સ્થાપક વર્ધમાન મહાવીર સ્વામી સમગ્ર લોકમાં પ્રખ્યાત હતા. તેમના મહાયશસ્વી શિષ્ય ગૌતમ સ્વામી બાર અંગના જ્ઞાતા અને તત્ત્વજ્ઞાનથી પ્રબુદ્ધ હતા. તેઓ પણ ગ્રામાનુગ્રામ વિચરતાં શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ઉદ્યાનમાં પધાર્યા.

**શિષ્ય પરિવારમાં આચાર ભેદ અંગે જિજ્ઞાસાઃ** કેશી સ્વામી અને ગૌતમ સ્વામીના શિષ્યો ભિક્ષાચર્યા વગેરે કાર્ય માટે જતાં–આવતાં એકબીજાના આચાર–વિચારમાં તફાવત જોઈને તેમના મનમાં જિજ્ઞાસા થઈ કે અમારા બન્નેના ધર્મ પ્રવર્તકોનું ધ્યેય મુક્તિ–પ્રાપ્તિનું છે છતાં અમારા બન્નેના આચાર–વિચારમાં તફાવત કેમ?

મહાવીર સ્વામી પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપે છે જ્યારે પાર્શ્વનાથ ભગવાન ચાર મહાવ્રતોનો ઉપદેશ આપતા હતા. મહાવીર સ્વામીના શિષ્યો સામાન્ય અને મર્યાદિત વસ્ત્રો ધારણ કરે છે જ્યારે પાર્શ્વનાથ ભગવાનના શિષ્યો વિશિષ્ટ અને મૂલ્યવાન વસ્ત્રો ધારણ કરે છે.

**શ્રમણોનું પરસ્પર મિલન અને ઉચિત વ્યવહારઃ** કેશી સ્વામી અને ગૌતમ સ્વામી બન્ને સંતો સ્વયં જ્ઞાની હતા. પોતાના શિષ્યોની જિજ્ઞાસાનું સમાધાન

કરવા બન્ને સમર્થ હતા, છતાં એક સ્થાને એકત્રિત થઇને વિવિધ આચાર પ્રણાલિકાનો સમન્વય સહુની પ્રત્યક્ષ થાય તે જ ઉત્તમ છે, એમ તેમણે વિચાર્યું.

ગૌતમ સ્વામી જ્ઞાનમાં અને પદમાં મહાન હોવા છતાં કેશી સ્વામીની દીક્ષા પર્યાયની જયેષ્ઠતાનો વિચાર કરીને અને કુળની જયેષ્ઠતા સ્વીકારીને તે સ્વયં કેશી સ્વામી પાસે ગયા.

ગૌતમ સ્વામીને આવતા જોઇને કેશી સ્વામીએ પણ સંયમ મર્યાદા અનુસાર ગૌતમ સ્વામીનો વિનય, સત્કાર–સન્માનનો વ્યવહાર કર્યો.

વેશ અને સમાચારીની ભિન્નતા હોવા છતાં સાંપ્રદાયિક આગ્રહ છોડીને વિચાર વિનિમય કરવો, એજ પ્રભુના અનેકાંતવાદનો સાર છે, તે જ જીનશાસનનું હાર્દ છે.

**(૧) ચાતુર્યામ અને પંચમહાવ્રત રૂપ ધર્મઃ** કેશી સ્વામી શિષ્યોની જિજ્ઞાસા જાણતા હતા તેથી ગૌતમ સ્વામીની આજ્ઞા લઇને તેમણે પ્રશ્ન કર્યોઃ

ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી બન્ને તીર્થંકરો મોક્ષપ્રાપ્તિ રૂપ એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરનાર છે, તો પછી ચાતુર્યામ અને પંચમહાવ્રતનો ભેદ શા માટે?

ગૌતમ સ્વામીઃ જીવાદિ નવતત્ત્વોનો જેમાં નિશ્ચય થાય છે, એવા ધર્મતત્ત્વની સમીક્ષા પ્રજ્ઞાથી જ થાય છે. પ્રથમ તીર્થંકરના સાધુઓ સરળ અને મંદમતિવાળા હોય છે, તેમના માટે સાધ્વાચાર સમજવો કઠિન હોય છે. અંતિમ તીર્થંકર સાધુઓ વક્ર અને જડ હોય છે. તેમના માટે સાધ્વાચારનું પાલન કરવું કઠિન હોય છે. જયારે મધ્યના ૨૨ તીર્થંકરોના સાધુઓ સરળ અને બુદ્ધિમાન હોય છે, તેમના માટે સાધ્વાચાર સમજવો અને પાલન કરવું – બન્ને સરળ હોય છે.

તેથી પાર્શ્વનાથ ભગવાને તેમના સાધુઓ માટે ચાતુર્યામ ધર્મ કહ્યો છે. તેઓ ચાર મહાવ્રતી હોવા છતાં અપરિગ્રહ વ્રતમાં બ્રહ્મચર્યનો સમાવેશ કરે છે. કારણકે

સ્ત્રી પ્રત્યેની આસક્તિ આભ્યંતર પરિગ્રહ રૂપ છે. તેથી પાંચમા અપરિગ્રહ વ્રતમાં ચોથા બ્રહ્મચર્ય વ્રતનો સમાવેશ થઇ જાય છે.

આ રીતે ગૌતમ સ્વામી દ્વારા જિજ્ઞાસાનું સમાધાન થતાં કેશી સ્વામી એ બીજી જિજ્ઞાસા પ્રગટ કરી.

**(૨) અચેલક અને સચેલક ધર્મઃ** પ્રમાણોપેત અને અલ્પ મુલ્ય વસ્ત્ર ધારણરૂપ અચેલક ધર્મ વર્ધમાન મહાવીર સ્વામીએ બતાવ્યો છે અને વર્ણાદિથી અને મૂલ્યથી યથેચ્છ વસ્ત્રવાળો સન્તરોત્તર ધર્મ પાર્શ્વનાથ પ્રભુએ બતાવ્યો છે તો હે મેધાવિન! મોક્ષપ્રાપ્તિરૂપ એક જ ઉદેશ્ય માટે પ્રવૃત્તિ કરનારા આ બન્ને તીર્થંકરોના ઉપદેશમાં આવા ભેદનું કારણ શું?

ગૌતમ સ્વામીઃ નિશ્ચય નયની દૃષ્ટિએ સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નત્રયીની આરાધના તે જ મોક્ષની સાધના છે; તે દૃષ્ટિએ બન્ને તીર્થંકરોનો ઉપદેશ એક જ છે. બન્ને તીર્થંકરો એ પોતપોતાના સાધુ–સાધ્વીઓની યોગ્યતાને જાણીને તદનુકુળ વ્યવહારની આજ્ઞા કરી છે.

**(૩) આત્મશત્રુ અને શત્રુવિજયની રીતઃ**

કેશી સ્વામીઃ આપ હજારો શત્રુઓ વચ્ચે ઊભા છો અને તેઓ આપની ઉપર આક્રમણ કરે છે. તો આપ શત્રુઓને કેવી રીતે જીતો છો?

ગૌતમ સ્વામીઃ વિવિધ અનુષ્ઠાનો દ્વારા, ક્ષમા, નમ્રતા આદિ આત્મગુણો દ્વારા આત્મ શત્રુઓ પર વિજય મેળવી શકાય છે. એક મનને જીતવાથી ચાર કષાય સહિત પાંચ શત્રુઓ જીતાઇ જાય છે અને પાંચને જીતવાથી પાંચ ઈન્દ્રિયો સહિત દશ શત્રુઓ જીતાઇ જાય છે.

**(૪) પાશબંધનઃ**

કેશી સ્વામીઃ આ લોકમાં ઘણા શરીરધારી પ્રાણીઓ પાશમાં બંધાયેલા જોવા મળે છે. હે ગૌતમ! આપ બંધનમુક્ત અને હળવા થઇને કેવી રીતે વિચરણ કરો છો?

ગૌતમ સ્વામીઃ તીવ્ર રાગદ્વેષ આદિ અને પુત્ર પરિવારાદિનો મોહ ભયંકર બંધનરૂપ છે. તેને શાસ્ત્રોક્ત વિધિ અને જિનાજ્ઞાનુસાર તોડીને સંયમ–સમાચારીમાં હું યથાવિધિ વિચરણ કરૂં છું.

**(૫) ભાવતૃષ્ણારૂપી લતાઃ**

કેશી સ્વામીઃ હે ગૌતમ! સાંસારિક લાલસા રૂપી લત્તા હૃદયમાં ઉત્પન્ન થાય છે, તે વિષફળ દેનારી છે. આપે તેને કેવી રીતે નષ્ટ કરી છે?

ગૌતમ સ્વામીઃ સાંસારિક લાલસા ભયંકર ફળ આપે છે અને પરિણામે તે વ્યક્તિ શાંતિ–સમાધિ પામી શકતી નથી. ભવતૃષ્ણા છેદન કરવાનું અમોઘ શસ્ત્ર સંતોષ છે. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મેં સાંસારિક લાલસાને સમૂળી ઉખેડીને ફેંકી દીધી છે.

**(૬) કષાયાગ્નિ અને શ્રુતરૂપ જળઃ**

કેશી સ્વામીઃ ક્રોધ, માન, માયા, લોભરૂપી અગ્નિ આત્મગુણોને બાળે છે; આપે તેને કેવી રીતે બુઝાવી છે?

ગૌતમ સ્વામીઃ કષાયરૂપી અગ્નિને શાંત કરવા તીર્થંકર ભગવાનની વાણી પાણીનું કામ કરે છે. કષાયોને ક્ષય કરવા ચારિત્ર ધર્મ અને તપ અનિવાર્ય છે. ચારિત્ર ધર્મ અને તપનું જ્ઞાન શ્રુતથી – આગમજ્ઞાનથી થાય છે. તેથી કષાયો પાતળા પડે છે અને અંતે તેનો નાશ થાય છે.

**(૭) મનરૂપી અશ્વ અને શ્રુતરૂપી લગામઃ**

કેશી સ્વામીઃ હે ગૌતમ! મનરૂપી ચંચળ અશ્વ ચારે બાજુ ભાગી રહ્યો છે. આપ તેના પર આરૂઢ છો. છતાં તે આપને ઉન્માર્ગે કેમ લઈ જતો નથી?

ગૌતમ સ્વામીઃ શ્રુતજ્ઞાન રૂપી લગામથી મન જાતિવાન અશ્વના માલિકને આધીન બની જાય છે. સ્વાધ્યાયમાં સ્થિર થયેલું મન આત્મસાધનામાં સહાયક બને છે.

### (૮) ઉન્માર્ગ અને સન્માર્ગઃ

કેશી સ્વામીઃ આ સંસારમાં અનેક કુમાર્ગો છે, જેના પર ચાલવાથી પ્રાણીઓ સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે. આપ સન્માર્ગમાં જ કેવી રીતે સ્થિર રહી શકો છો તે કહો.

ગૌતમ સ્વામીઃ સમ્યગ્ દૃષ્ટિ પુરુષ ઉન્માર્ગને અને સન્માર્ગને તથા તેના પરિણામોને યથાર્થપણે જાણે છે. તેનાથી હિતાહિતને સારી રીતે સમજે છે. તેથી વિવેકપૂર્વક સન્માર્ગમાં જ ગમન કરે છે.

### (૯) ધર્મરૂપી મહાદ્વીપઃ

કેશી સ્વામીઃ હે મહામુનિ! આ સંસારરૂપી મહાસમુદ્રમાં જન્મ, જરા અને મરણરૂપી મહાપ્રવાહમાં સર્વ પ્રાણીઓ તણાઇ રહ્યા છે, ડૂબી રહ્યા છે; તે ડૂબતા પ્રાણીઓને બચાવવા શરણભૂત કોણ છે?

ગૌતમ સ્વામીઃ મહાસાગરની વચ્ચે દ્વીપ હોય છે, તે દ્વીપ પર જલપ્રવાહની ગતિ હોતી નથી. જન્મ, જરા અને મરણના વેગમાં તણાઇ રહેલા પ્રાણીઓ માટે ધર્મ દ્વીપ છે, આધારરૂપ છે, ગતિરૂપ છે તથા ઉત્તમ શરણરૂપ છે.

### (૧૦) સછિદ્ર નૌકા-નિશ્છિદ્ર નૌકાઃ

કેશી સ્વામીઃ હે ગૌતમ પ્રભુ! મહાપ્રવાહ વાળા સમુદ્રમાં નૌકા વિપરિત દિશામાં જઇ રહી છે. તેના પર આરૂઢ થયેલા આપ કેવી રીતે સમુદ્ર પાર કરશો?

ગૌતમ સ્વામીઃ જે નૌકા છિદ્રવાળી–કાણાવાળી છે, તે સમુદ્ર પાર કરાવી શકતી નથી પરંતુ છિદ્ર રહિત નૌકા પાર પહોંચાડે છે.

શરીર નૌકા છે અને આત્મા તેનો નાવિક છે. જન્મ–મરણમય ચતુર્ગતિક સંસાર સમુદ્ર સમાન છે. દોષયુક્ત સંયમ જીવન છિદ્રવાળી નૌકા સમાન છે, તે સાધકને સંસાર સમુદ્રમાં ડુબાડે છે અને નિર્દોષ સંયમી જીવન છિદ્ર રહિત નૌકા

સમાન છે, તે સાધકને પાર પહોંચાડે છે.

**(૧૧) અજ્ઞાનાંધકારનાશક સૂર્યઃ**

કેશી સ્વામીઃ ઘોર અંધકારરૂપી અજ્ઞાનમાં ઘણા પ્રાણીઓ રહે છે. તે પ્રાણીઓ માટે જ્ઞાન પ્રકાશ કોણ પાથરશે?

ગૌતમ સ્વામીઃ જેનો સંસાર ક્ષીણ થયો છે, તે સર્વજ્ઞ જિનેશ્વર રૂપી સૂર્યનો ઉદય થયો છે. તે આખા લોકને પ્રકાશ આપશે.

**(૧૨) અવ્યાબાધ સુખ સ્થાનઃ**

કેશી સ્વામીઃ હે મુનિશ્વર! શારીરિક અને માનસિક દુઃખોથી પીડાતા પ્રાણીઓ માટે ક્ષેમકારી, કલ્યાણકારી અને બાધારહિત સ્થાન આપ કોને કહો છો?

ગૌતમ સ્વામીઃ આ સંસારમાં ભ્રમણ કરતા સર્વ જીવો આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રિવિધ તાપ સંતપ્ત થઈ રહ્યા છે. તેમના માટે લોકાગ્રે આવેલું સિદ્ધ ક્ષેત્ર છે, ત્યાં પહોંચવાનું અત્યંત કઠિન છે. ભવ પરંપરાનો અંત કરનારા મહર્ષિઓ તે સ્થાન પ્રાપ્ત કરે છે, જે અત્યંત ક્ષેમકારી, કલ્યાણકારી અને અવ્યાબાધ સુખરૂપ છે.

**સંશય સમાધાન અને વિનય જાતિપતિઃ**

કેશી સ્વામીઃ હે ગૌતમ પ્રભુ! આપની પ્રજ્ઞા ઉત્તમ છે. આપે મારા સંશયોને દૂર કર્યા છે. હે સર્વશ્રુત–મહોદધિ! આપને હું નમસ્કાર કરૂં છું.

સર્વ શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાતા, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારક, શ્રુતકેવળી, સૂત્રના મહાન ઉદધિ મહોદધિ કહેવાય છે.

સામાન્ય રીતે એક તીર્થંકર તીર્થની સ્થાપના કરે ત્યારે પૂર્વ તીર્થંકરના સાધુઓ નવા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરીને તીર્થંકરનું સાનિધ્ય સ્વીકારી લે

છે પરંતુ પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર સ્વામીના શાસનમાં વ્રતની, વેશની વગેરે અનેક પ્રકારની ભિન્નતા હતી. બન્ને પરિવારના શિષ્યોના અંતરમાં આ ભિન્નતાનો સમન્વય થાય, તે અત્યંત જરૂરી હતું. તેથી કેશી કુમાર સ્વામી અને ગૌતમ સ્વામીનો સંવાદ થયો.

કેશી સ્વામીએ શાસન પરંપરાને અનુસરીને ગૌતમ સ્વામીને ભાવપૂર્વક વંદન–નમસ્કાર કરીને ત્રેવીસમા તીર્થંકરના શાસનમાંથી અંતિમ તીર્થંકર દ્વારા પ્રવર્તિત પંચમહાવ્રત રૂપ ધર્મ અંગીકાર કર્યો.

**ઉપસંહારઃ સમાગમની ફલશ્રુતિઃ**

કેશી સ્વામી અને ગૌતમ સ્વામી જેવા મહાન સંતો વચ્ચે થયેલો આ સંવાદ બન્ને સંતોના શિષ્ય પરિવારને બહુ લાભદાયક બન્યો. કારણકે તે ઉભય પક્ષના શિષ્યોની જિજ્ઞાસાઓના સમાધાન માટે જ સર્જાયો હતો અને બન્ને જ્ઞાની પુરુષોએ વિચક્ષણતા અને સરળતાપૂર્વક પ્રશ્નો કર્યા હતા. તેનાથી શીલ અને શ્રુત ધર્મનો ઉત્કર્ષ થયો અને મોક્ષના સાધનભૂત મહાવ્રત અને તત્ત્વાદિનો નિર્ણય કરાવનાર થયો. અને ત્યાં ઉપસ્થિત સંપૂર્ણ પરિષદે પણ તત્ત્વોને ગ્રહણ કર્યા અને બન્ને મહાપુરુષોની સ્તુતિ ગુણગ્રામ કરી તૃપ્તિનો અનુભવ કર્યો.

**(ત્રેવીસમું અધ્યયન સંપૂર્ણ)**

## ચોવીસમું અધ્યયન

# પ્રવચન માતા

**આઠ પ્રવચન માતાઃ** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ આઠ પ્રવચન માતાઓ છે.

સંયમ અને તપ તે મોક્ષમાર્ગનું ક્રિયાત્મક સાધન છે. સંયમ અને તપની આરાધના માટે સમિતિ અને ગુપ્તિની અનિવાર્યતા છે. સાધકોનો સમગ્ર જીવન વ્યવહાર સમિતિ અને ગુપ્તિના આધારે જ થાય છે. તેથી સાધના ક્ષેત્રમાં પ્રવેશનાર પ્રત્યેક સાધકને જઘન્ય અષ્ટ–પ્રવચન માતાનું જ્ઞાન હોવું જરૂરી છે.

સમિતિ સમ્યક્ પ્રવૃત્તિ, ગુપ્તિ એટલે અશુભથી નિવૃત્તિ. સાધકનું લક્ષ્ય યૌગિક પ્રવૃત્તિનો ત્યાગ કરી, ઉપયોગનું અનુસંધાન કરી ક્રમશઃ આત્મ સ્વરૂપમાં સ્થિર થવાનું હોય છે. આ લક્ષ્યની સિદ્ધી ત્રણ ગુપ્તિથી થાય છે. પરંતુ સશરીરી જીવો હંમેશાં મન, વચન, કાયાની પ્રવૃત્તિથી સર્વથા મુક્ત થઇ શકતા નથી. તેથી જયારે જયારે મન–વચન–કાયાની પ્રવૃત્તિ અનિવાર્ય બની જાય ત્યારે સમિતિપૂર્વક પ્રવૃત્તિ કરવાની હોય છે. તે પ્રવૃત્તિ પૂર્ણ થતાં પુનઃ ગુપ્તિની આરાધના કરવાની હોય છે.

ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન નિક્ષેપ સમિતિ, પરિષ્ઠાપના સમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ – આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ બન્ને મળીને આઠ પ્રવચન માતા છે.

જેમ માતા સંતાનો માટે કલ્યાણકારિણી હોય છે, તેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધકો માટે કલ્યાણકારિણી હોવાથી જીનેશ્વરોએ તેને શ્રમણોની માતા કહી છે.

અષ્ટ પ્રવચન માતાનું પાલન કરીને જ તીર્થંકરો સર્વજ્ઞ થાય છે. અને ત્યાર પછી જ દ્વાદશાંગીનો ઉપદેશ આપે છે. સંક્ષેપમાં, અષ્ટ પ્રવચન માતા તે

દ્વાદશાંગીનો જ સાર છે. અને બીજી રીતે કહીએ તો દ્વાદશાંગ રૂપ જિન પ્રવચન તે અષ્ટ પ્રવચન માતાનો જ વિસ્તાર છે.

**ઈર્યા સમિતિઃ** સંયમી સાધુ આલંબન, કાલ, માર્ગ અને યતના આ ચાર કારણોથી પરિશુદ્ધ ઈર્યા સમિતિથી ગમન કરે. સાધકનું લક્ષ આત્મભાવમાં જ સ્થિત થવાનું હોય છે. તે કાયિક પ્રવૃત્તિ કરે તો પણ જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉદેશથી જ કરે.

સાધુ સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત જ ગમનાગમન કરે છે. મુનિ ઉન્માર્ગે ન ચાલે કારણકે સંયમ જીવનની મર્યાદાઓ જળવાય એવા નિર્દોષ અને નિર્વદ્ય માર્ગેજ સાધુએ ગમન કરવાનું હોય છે.

જીવોની દયા પાળવા માટે યતના પૂર્વક ગમન કરે. યતનાના ચાર પ્રકાર છેઃ ૧) દ્રવ્યથી છકાય જીવોને જોઇને ચાલવું, ૨) કાળથી દિવસે જોઇને અને રાત્રે પોંજીને ચાલવું, ૩) ક્ષેત્રથી સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિને જોઇને ચાલવું, ૪) ભાવથી ઉપયોગ પૂર્વક ગમન કરવું.

સાધુ પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે અનાસક્ત થઇને, પાંચ પ્રકારના સ્વાધ્યાયને છોડીને, માત્ર ગમન ક્રિયામાં જ તન્મય થઇને, તેને જ પ્રાધાન્ય આપીને ઉપયોગ પૂર્વક ચાલે.

**ભાષા સમિતિઃ** ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા અને વિકથાઓ અંગે સતત ઉપયોગ યુક્ત થઇને ભાષાનો પ્રયોગ કરે.

પ્રજ્ઞાશીલ સંયમી સાધુ ઉપર્યુક્ત ક્રોધાદિ આઠ સ્થાનો તજીને યથાસમયે હિત–મિત અને પાપ રહિત નિર્દોષ ભાષા બોલે.

**એષણા સમિતિઃ** આહાર, ઉપધિ અને શય્યાની ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણા આ ત્રણેય સંબંધી દોષો ટાળી વિશુદ્ધિ જાળવે. યતના પૂર્વક પ્રવૃત્તિ કરનાર સાધુ પ્રથમ આહારાદિની ગવેષણામાં સોળ ઉદ્‌ગમના અને સોળ ઉત્પાદન દોષોનું શોધન કરે. બીજી ગ્રહણૈષણામાં શંકિત આદિ દસ દોષોનું શોધન કરે, પરિભોગૈષણામાં સંયોજનાદિ ચાર દોષનું શોધન કરે.

**આદાન નિક્ષેપ સમિતિઃ** આદાન એટલે ગ્રહણ કરવું, નિક્ષેપ એટલે મૂકવું. સંયમી જીવનમાં ઉપકરણો ગ્રહણ કરતાં અને નીચે મૂકતાં વિવેક રાખવો તેને આદાન સમિતિ કહે છે.

સાધુ સંયમ યાત્રાના નિર્વાહ માટે બે પ્રકારની ઉપધિનો ઉપયોગ કરી શકે છેઃ ૧) ઔધિક ઉપધિ ૨) ઔપગ્રહિક ઉપધિ

**૧) ઔધિક ઉપધિઃ** સામાન્ય રીતે સાધુ હંમેશાં જેને ધારણ કરે, તેવા વસ્ત્ર, પાત્ર, મુહપત્તિ, રજોહરણ આદિ ઔધિક ઉપધિ કહેવાય છે.

**૨) ઔપગ્રહિક ઉપધિઃ** વિશેષ પરિસ્થિતિમાં સાધુ જેને ધારણ કરે તે પાટ, પાટલા, ઔષધિ આદિ પાઢીયારી ઔપગ્રહિક ઉપધિ કહેવાય છે.

સમિતિવાન અને યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનારા મુનિ પૂર્વોક્ત બન્ને પ્રકારના ઉપકરણોને પ્રતિલેખન કરીને, પ્રમાર્જન કરીને ગ્રહણ કરે અને મૂકે.

**પરિષ્ઠાપના સમિતિઃ**

દ્રવ્યથીઃ મળ મુત્રાદિ પદાર્થો દશ પ્રકારના સ્થાનમાં પરઠે નહિં. તે દશ સ્થાનો આ પ્રમાણે છે – ૧) લોકોનું આવાગમન થતું હોય ૨) કોઇને બાધા–પીડા–વિરોધ થાય ૩) ઊંચી–નીચી વિષમભૂમિ ૪) પોલાણવાળી ભૂમિ ૫) તરતની અચેત થયેલી ભૂમિ ૬) સાંકડી ભૂમિ ૭) ચાર આંગુલ નીચે સુધી અચિત ન થયેલી ભૂમિ ૮) ગામ આદિની નજીક ૯) કીડી, મકોડા આદિ જીવોના દર સહિતની ભૂમિ ૧૦) ત્રસ જીવો અને બીજ વગેરે સચિત પદાર્થ યુક્ત ભૂમિ.

ક્ષેત્રથીઃ ગૃહસ્થના આંગણામાં કે લોકોને દુર્ગંધ થાય તેવા જાહેર રસ્તામાં પરઠે નહિં.

કાળથીઃ પરઠવાની ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને પરઠે.

ભાવથીઃ પરઠવા જાય ત્યારે આવસ્સહી... ત્રણ વાર બોલે. પરઠતાં પહેલા શકેન્દ્ર મહારાજની આજ્ઞા લે, ચાર અંગુલ ઉપરથી યતના પૂર્વક પરઠે. પરઠતાં વોસિરે–વોસિરે ત્રણ વાર બોલે. પરઠીને પાછા ફરતાં નિસ્સહી–નિસ્સહી ત્રણ વાર બોલે. ઉપાશ્રયમાં આવીને ઈરિયાવહિ કરે.

આ રીતે પરઠવા કે ત્યાગ કરવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરવો, તે પણ સાધુજીવનની એક મહત્ત્વની ક્રિયા છે. અયોગ્ય સ્થાને પરઠવાથી જીવ વિરાધના, સંયમ વિરાધના, ગંદકી, રોગ ઉપદ્રવ, ધર્મની હિલના વગેરે અનેક દોષોની સંભાવના છે.

**સમિતિઓનો ઉપસંહાર અને ગુપ્તિઓનો પ્રારંભઃ**

**મનગુપ્તિઃ** મનગુપ્તિના ચાર પ્રકાર છે – સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર. મનના ચાર ભેદ આ પ્રમાણે છે – સત્યમન, અસત્યમન, મિશ્રમન અને વ્યવહાર મન.

આ ચારે પ્રકારના મનની વિચારણાનો નિરોધ કરવો, સર્વ સંકલ્પ–વિકલ્પોને રોકવા, નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ માટે અભ્યાસ કરવો એ મનગુપ્તિ છે.

મન દ્વારા થતી ત્રણ પ્રકારની પાપકારી વિચારણાનો નિરોધ કરવા પુરુષાર્થ કરવો. ૧) સંરંભઃ હિંસાકારી કાર્યનો મનમાં સંકલ્પ કરવો ૨) સમારંભઃ સંકલ્પિત હિંસા માટે આવશ્યક શસ્ત્રાદિનું મનથી જ ગ્રહણ કરવું ૩) આરંભઃ મનથી જ હિંસાનો પ્રારંભ કરી દેવો. દા.ત. પ્રસન્નચંદ્ર રાજર્ષિ. આ ત્રણે પ્રકારની પાપકારી વિચારણા થવા ન દેવી અને ક્યારેક કોઇ નિમિત્તથી મન આવા પાપકારી વિચારોમાં પ્રવૃત્ત થઇ જાય તો તેને વિવેકપૂર્વક પાછું વાળવું, તે મનગુપ્તિની સાધના છે.

**વચનગુપ્તિઃ** વચનગુપ્તિના ચાર પ્રકાર છે – સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર. આ ચારે પ્રકારની ભાષાનો વિવેકપૂર્વક નિગ્રહ કરવો અને વચનગુપ્તિની સાધના માટે વચન દ્વારા થતી ત્રણ પ્રકારની પાપકારી વિચારણાનો નિરોધ કરવો.

૧) સંરંભઃ હિંસાકારી સંકલ્પને વચન દ્વારા પ્રગટ કરવો, ૨) સમારંભઃ હિંસાકારી શસ્ત્રોને ગ્રહણ કરવા, કરાવવા માટે આદેશ આપવો, ૩) આરંભઃ હિંસાકારી આદેશ આપવો કે કોઇને પ્રેરણા આપવી. જેમ કે – 'યુદ્ધ કરો'.

સંક્ષેપમાં, ત્રણેય પ્રકારના વચનો ન બોલવા અને મૌન રાખવું, તે વચનગુપ્તિ છે.

**કાયગુપ્તિઃ** હલન ચલન આદિ કાયાથી થતી અયતનાની પ્રત્યેક પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવું તેમજ કાયિક પ્રવૃત્તિનો સર્વથા નિરોધ કરવાનો અભ્યાસ કરવો.

કાયગુપ્તિની સાધના માટે કાયા દ્વારા થતી ત્રણ પ્રકારની પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરવો.

૧) સંરંભઃ હિંસાની પ્રવૃત્તિ માટે કાયાથી તત્પર થવું ૨) સમારંભઃ સાધન ઉપાડવા આદિ હિંસાની પૂર્વ ભૂમિકા તૈયાર કરવી. ૩) આરંભઃ હિંસાકારી પ્રવૃત્તિ કરવી.

આ ત્રણે પ્રકારની કાયિક પ્રવૃત્તિનો નિગ્રહ કરવો તે કાયગુપ્તિ છે.

**સમિતિ અને ગુપ્તિમાં ભેદઃ** સમિતિમાં સમ્યક્ પ્રવૃત્તિનું નિરૂપણ છે અને ગુપ્તિમાં સર્વ અશુભ પ્રવૃત્તિઓથી નિવૃત્તિનું નિરૂપણ છે. જ્યાં સુધી આયુષ્ય કર્મની સ્થિતિ હોય ત્યાં સુધી જીવન વ્યવહાર માટે યૌગિક પ્રવૃત્તિ અનિવાર્ય છે. સાધક અનિવાર્ય યૌગિક પ્રવૃત્તિઓ અત્યંત યતનાપૂર્વક કરે તો તે સમિતિ છે.

સમિતિ અને ગુપ્તિ એક સિક્કાના બે બાજુ જેવા છે. સંક્ષેપમાં, સમિતિ વિધિરૂપ અને ગુપ્તિ નિષેધરૂપ છે. સમિતિ જીવનમાં આવશ્યક સમ્યક્ આચરણોનું વિધાન કરે છે અને ગુપ્તિ સર્વ અસમ્યક્ યોગો અને આચરણોનો નિષેધ કરે છે.

સમિતિ અને ગુપ્તિના સુયોગ્ય સમન્વયથી જ ચારિત્રની આરાધના ગતિમાન થાય છે.

જે પંડિત મુનિ આ સમિતિ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતાનું સમ્યક્ પ્રકારે આચારણ કરે છે, તે શીઘ્ર સંસારના સમસ્ત બંધનોથી મુક્ત થઇ જાય છે.

**(ચોવીસમું અધ્યયન સંપૂર્ણ)**

## પચ્ચીસમું અધ્યયન

# યજ્ઞીય

**મુનિ જયઘોષનું વિજયઘોષને ત્યાં આગમનઃ** બ્રાહ્મણ કુળમાં જન્મેલા, ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર, મોક્ષ માર્ગ ગામી મહામુનિ જયઘોષ વિહાર કરતા કરતા વારાણસી નગરીમાં પધાર્યા.

તે જ વખતે શહેરમાં વેદના જ્ઞાતા વિજયઘોષ નામના બ્રાહ્મણ યજ્ઞ કરતા હતા.

જયઘોષ મુનિ માસખમણની તપસ્યાના પારણે ભિક્ષા માટે વિજયઘોષની યજ્ઞશાળામાં પધાર્યા.

વિજયઘોષે તેમને ભિક્ષા આપવાનો નિષેધ કર્યો. તેણે કહ્યું જે બ્રાહ્મણ હોય, વેદજ્ઞાતા હોય, યજ્ઞ કરનાર દ્વિજ હોય તેનેજ હું ભિક્ષા આપું છું.

જયઘોષ મુનિએ પ્રશ્ન કર્યો કે તમે વેદનું મુખ જાણતા નથી, ધર્મ કે યજ્ઞનું મુખ જાણતા નથી તેમજ નક્ષત્રોનું મુખ પણ જાણતા નથી. પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં કોણ સમર્થ છે તે પણ જાણતા નથી. જાણતા હો તો મને કહો.

વિજયઘોષે મહામુનિને કહ્યું કે આપ જ આ સર્વ પ્રશ્નોના ઉત્તર જણાવો.

જયઘોષ મુનિએ કહ્યુંઃ વેદોનું મુખ અગ્નિહોત્ર છે, યજ્ઞોમાં યજ્ઞાર્થી મુખ્ય છે, નક્ષત્રોમાં ચંદ્ર મુખ્ય છે અને ધર્મમાં કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વામી પ્રમુખ છે.

**બ્રાહ્મણનું લક્ષણઃ** જે જિનાજ્ઞામાં જ રમણ કરે છે, જેના કષાયો ઉપશાંત થઇ ગયા છે, જે કામભોગોથી અલિપ્ત રહે છે, જે નિષ્પરિગ્રહી છે, જે ઇન્દ્રિયોનું દમન કરનાર છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

શ્રમણ, મુનિ, બ્રાહ્મણ, તાપસ સ્વરૂપઃ કેવળ માથું મુંડાવવાથી કોઇ શ્રમણ થઇ જતા નથી. માત્ર ઓમકારનો ધ્વનિ કરવાથી કોઇ બ્રાહ્મણ થઇ જતા નથી,

જંગલમાં રહેવા માત્રથી કોઇ મુનિ બની જતા નથી, વલ્કલ પહેરવાથી કોઇ તપસ્વી બની જતા નથી.

સમભાવ ધારણ કરવાથી શ્રમણ, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ, જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ અને તપશ્ચરણ કરવાથી તાપસ કહેવાય છે.

કોઇ પણ વ્યક્તિ કર્મથી અર્થાત્ પોતાના કાર્યોથી જ બ્રાહ્મણ બને છે. તેમજ ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પણ પોતાના કાર્યોથી જ બને છે.

તીર્થંકરોએ ધર્મ તત્ત્વોનું, સમતા આદિ ગુણોનું નિરૂપણ કર્યું છે. જેનું આચરણ કરીને સાધક પૂર્ણ જ્ઞાની બને છે અને સર્વ કર્મોથી મુક્ત બને છે.

આમ જેઓ ગુણ સંપન્ન અને બ્રાહ્મણોમાં ઉત્તમ છે, તેઓ જ પોતાના અને બીજાના આત્માનો સંસાર સમુદ્રમાંથી ઉદ્ધાર કરવામાં સમર્થ હોય છે.

આ પ્રકારે સંશય નષ્ટ થઇ જવાથી વિજયઘોષ બ્રાહ્મણે મહામુનિ જયઘોષની વાણી સમ્યક્ પ્રકારે હૃદયમાં ધારણ કરી અને મુનિને પોતાના ભાઇ તરીકે ઓળખી લીધા.

સંતુષ્ટ થયેલા વિજયઘોષે હાથ જોડી મુનિને કહ્યુંઃ તમે મને બ્રાહ્મણત્વનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું છે. તમે જ ભાવ યજ્ઞોના કર્તા છો, તમે જ વેદના જાણકાર છો, વિદ્વાન છો, ધર્મના પારગામી છો અને બીજાનો ઉદ્ધાર કરવા સમર્થ છો.

મુનિઃ તમે આ સંસાર સાગરમાં ભ્રમણ ન કરો. શીઘ્ર અભિનિષ્ક્રમણ કરો. ભોગ ભોગવવાથી કર્મોનો બંધ થાય છે. કામભોગમાં આસક્ત મનુષ્ય કર્મોથી લેપાય છે. વિરક્ત સાધક કર્મોથી લિપ્ત થતા નથી.

વિજયઘોષ બ્રાહ્મણ જયઘોષ મુનિ પાસેથી અનુત્તર ધર્મ સાંભળીને વિરક્ત બનીને દિક્ષિત થઇ ગયા.

જયઘોષ અને વિજયઘોષ બન્ને મુનિઓ સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરી મોક્ષ પામ્યા.

**(પચ્ચીસમું અધ્યયન સંપૂર્ણ)**

## છવ્વીસમું અધ્યયન

# સમાચારી

**દશ સમાચારીઃ** સુધર્મા સ્વામી જંબુસ્વામીને કહે છેઃ હે જંબુ! શારીરિક, માનસિક આદિ સર્વ દુઃખોથી મુક્ત કરાવનારી અને સાધુજનોના સમ્યક્ આચાર રૂપ સમાચારીનું હું કથન કરીશ; જે સમાચારીનું પાલન કરીને સાધુઓ સંસાર સાગર તરી ગયા છે.

૧) આવશ્યકી ૨) નૈષેધિકી ૩) આપૃચ્છના ૪) પ્રતિપૃચ્છના ૫) છંદના ૬) ઇચ્છાકાર ૭) મિથ્યાકાર ૮) તથાકાર ૯) અભ્યુત્થાન ૧૦) ઉપસંપદા

આ દશ પ્રકારની સાધુ સમાચારી કહી છે.

**દશ સમાચારીનો પ્રયોગઃ** ૧) ઉપાશ્રયમાંથી બહાર જતાં આવસ્સહી શબ્દનું ઉચ્ચારણ કરવું, ૨) ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં નિસ્સીહી શબ્દનું ઉચ્ચારણ કરવું, ૩) પોતાનું કાર્ય કરવા માટે ગુરુને પૂછવું, ૪) પોતાના કાર્ય માટે જતી વખતે અન્ય મુનિ કોઇ કાર્ય કરવાનું કહે તો તેના માટે ગુરુને પુનઃ પૂછવું, ૫) સહવર્તી શ્રમણોને આહારાદિ પદાર્થો માટે આમંત્રિત કરવા, ૬) પોતાનું કામ બીજા પાસે કરાવવામાં તેમની ઇચ્છા પ્રમાણે નમ્ર નિવેદન કરવું, ૭) દોષની નિવૃત્તિ માટે આત્મનિંદા કરવી, મિચ્છામિ દુક્કડં કહેવું, ૮) ગુરુજનોના આદેશ, ઉપદેશ રૂપ વચનોને તહત્તિ 'સત્યવચન' કહી સ્વીકારવા, ૯) ગુરુજનોના સત્કાર માટે આસનેથી ઊભા થવું; 'આવો પધારો' કહેવું, ૧૦) આચાર્યાદિ દ્વારા નિર્દિષ્ટ શ્રમણ કે ઉપાધ્યાયના સાંનિધ્યમાં રહેવું.

આ પ્રમાણે દશવિધ સમાચારી જિનેશ્વરો એ પ્રરૂપિત કરી છે.

**સાધુની દિનચર્યાઃ** સૂર્યોદય પછી દિવસના પ્રથમ પ્રહરના ચોથા ભાગમાં ભંડોપકરણોનું પ્રતિલેખન કરે. ત્યાર પછી ગુરુને વંદના કરી બે હાથ જોડી પૂછે કે હે ભંતે! હવે હું વૈયાવચ્ચ કરૂં કે સ્વાધ્યાય કરૂં? વૈયાવચ્ચની આજ્ઞા હોય તો

સાધક અગ્લાન ભાવે પ્રસન્નતા પૂર્વક વૈયાવચ્ચ કરે અથવા સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર સ્વાધ્યાયમાં એકાગ્ર બની જાય.

વિચક્ષણ સાધુ દિવસના ચાર ભાગ કરીને તે ચાર ભાગમાં ઉત્તર ગુણોની આરાધના કરે.

પંચ મહાવ્રતનું પાલન અને સમિતિ, ગુપ્તિની પ્રવૃત્તિઓ મૂળ ગુણ રૂપ છે. સ્વાધ્યાય, ધ્યાન, તપ, વૈયાવચ્ચ અને વિવિધ પ્રત્યાખ્યાન, અભિગ્રહ આદિ અનુષ્ઠાનો ઉત્તર ગુણની આરાધના છે.

મુનિ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે, બીજા પ્રહરમાં સૂત્રાર્થ ચિંતવનારૂપ ધ્યાન કરે, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચર્યા કરે અને ચોથા પ્રહરમાં ફરીથી સ્વાધ્યાય કરે.

**રાત્રિ ચર્યાઃ** વિદ્વાન મુનિ રાત્રિના પણ ચાર ભાગ કરે. પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં ફરી સ્વાધ્યાય કરે.

**પ્રતિલેખનનો કાળઃ** દિવસના પહેલાં પ્રહરના પહેલાં ચોથા ભાગમાં સાધક ગુરુને વંદન કરીને, ગુરુ આજ્ઞા મેળવી વસ્ત્રાદિ ઉપકરણોનું પ્રતિલેખન પૂર્ણ કરે. ત્યારબાદ ગુરુને વંદના કરી સ્વાધ્યાય કરે. પ્રહરના ત્રણ ભાગ વ્યતીત થયા પછી ચોથા ભાગમાં સ્વાધ્યાયથી નિવૃત્ત થયા વિના પાત્રાની પ્રતિલેખના કરે અને અવશેષ પ્રહરના સમયમાં પુનઃ સ્વાધ્યાય કરે.

સાધુને માટે સ્વાધ્યાય, પ્રતિલેખન, ગોચરી આદિ પ્રત્યેક પ્રવૃત્તિની પરિસમાપ્તિ થાય ત્યારે કાર્યની અતિચાર શુદ્ધિ માટે કાર્યોત્સર્ગ કરવાનું વિધાન છે. પરંતુ અહિં પ્રથમ પ્રહરની સ્વાધ્યાય ચાલુ જ રાખવાની છે, તેથી તેના અતિચારોનું પ્રતિક્રમણ કર્યા વિના જ પાત્ર પ્રતિલેખન કરવાનું કથન છે.

**પ્રતિલેખન વિધિઃ** મુનિ સહુથી પ્રથમ મુહપત્તિનું પ્રતિલેખન કરે, ત્યાર પછી હાથની આંગળ પર રજોહરણની દેશીઓ રાખીને, રજોહરણ અને તેની દાંડીનું પ્રતિલેખન કરે. અને ત્યાર પછી વસ્ત્રોનું પ્રતિલેખન કરે.

વસ્ત્ર પર કોઈ જીવજંતુ હોય તો તેને થોડું ખંખેરે, ખંખેરતા જીવ ન ઉતરે તો પુંજણીથી વસ્ત્રને પૂંજે. અને જીવજંતુને હાથમાં લઈ સુરક્ષિત સ્થાને મૂકી દે.

જે ક્રિયા થઈ રહી હોય તેમાં જ ઉપયોગ રાખવો તે જીનેશ્વરની આજ્ઞાની આરાધના છે. મુનિ પ્રતિલેખન કરતી વખતે પરસ્પર વાર્તાલાપ, વાંચના, પૃચ્છના આદિ કરે, અન્યને પચ્ચક્ખાણ આપે, ઉપલક્ષણથી અન્ય કોઈ પણ પ્રવૃત્તિ કરે, તો તેનો ઉપયોગ પ્રતિલેખન વિધિમાં રહેતો નથી અને જીવદયાના હેતુમાં વિક્ષેપ થાય છે. તેથી મુનિ જિનેશ્વરની આજ્ઞાના વિરાધક થાય અને જીવદયાની ક્રિયામાં પ્રમાદ ભાવ હોવાથી છકાય જીવોના પણ વિરાધક થાય છે.

ઉપયોગપૂર્વક પ્રતિલેખન કરનાર આજ્ઞાના આરાધક થાય અને મુનિનો ઉપયોગ જીવદયામાં પૂર્ણપણે હોવાથી તે છકાય જીવોના પણ આરાધક થાય છે.

**આહાર ગ્રહણ-ત્યાગના કારણોઃ** સાધુ નીચેના છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થાય ત્યારે ત્રીજા પ્રહરમાં આહાર–પાણીની ગવેષણા કરે – ૧) ક્ષુધા વેદનાની શાંતિ માટે, ૨) વૈયાવચ્ચ માટે, ૩) ઈર્યા સમિતિના પાલન માટે, ૪) સંયમ પાલન માટે, ૫) પ્રાણોની રક્ષા માટે, જીવન નિર્વાહ માટે, ૬) ધર્મ–ચિંતન માટે.

ધૈર્યવાન સાધુ નીચેના છ કારણોથી આહાર–પાણીનો ત્યાગ કરે તો સંયમનું અને ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ થતું નથી.

૧) રોગગ્રસ્ત થાય, ૨) ઉપસર્ગ આવે, ૩) બ્રહ્મચર્યની રક્ષા માટે, ૪) પ્રાણીઓની દયા માટે, ૫) તપ માટે, ૬) સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કરીને સંથારો કરવા માટે.

આ રીતે સાધુને આહારના ગ્રહણ કે ત્યાગ બન્નેમાં સંયમભાવની પુષ્ટિ, સાધનાનો વિકાસ અને જીનાજ્ઞાની આરાધના કરવાનું જ લક્ષ્ય હોવું જોઈએ.

આહાર–પાણીની ગવેષણા માટે મુનિ ઉત્કૃષ્ટ અર્ધા યોજના સુધી વિચરણ કરે.

**દૈવસિક પ્રતિક્રમણઃ** પ્રથમ આવશ્યકના કાયોત્સર્ગમાં મુનિ જ્ઞાન, દર્શન,

ચારિત્ર અને તપ સંબંધી અતિચારોનું ચિંતન કરે.

દિવસ દરમ્યાન સંપૂર્ણ દિનચર્યામાં રત્નત્રયની આરાધનામાં થયેલી સ્ખલનાઓનું, અતિચારોનું સ્મૃતિ અનુસાર અવલોકન કરે; જે દોષ લાગ્યા હોય તેની ચિંતવના કરે, તેમાં જ્ઞાનના ૧૪ અને દર્શનના પાંચ અતિચાર છે.

ચારિત્રના પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા પ્રતિલેખન આદિ અન્ય જે જે કર્તવ્યોનું પાલન કર્યું હોય તેમાં જે દોષોનું સેવન થયું હોય, પોતાની વૃત્તિ બહિર્મુખી થઇ હોય, પાંચે ઈન્દ્રિયોના વિષયમાં રાગદ્વેષના ભાવો થયા હોય, તો તેની અંતઃકરણ પૂર્વક ચિંતવના કરીને કાર્યોત્સર્ગ પૂર્ણ કરે.

ત્યાર બાદ ગુરુને વંદના કરી, સ્તુતિ મંગલ કરીને સ્વાધ્યાય કરે.

**રાત્રિક પ્રતિક્રમણઃ** રાત્રિનો ક્રમઃ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં ફરી સ્વાધ્યાય કરે.

રાત્રિ પ્રતિક્રમણનો સમય થતાં મુનિ સર્વ પ્રથમ કાયોત્સર્ગ કરે. અને સર્વ વિધિ દેવસિક પ્રતિક્રમણની જેમ કરે.

રાત્રિક પ્રતિક્રમણના પાંચમા આવશ્યકના કાયોત્સર્ગમાં મુનિ ચિંતન કરે, 'આજે કયું તપ કરૂં?' ચારિત્ર પાલનથી થતા આશ્રવ–નિરોધથી સંવર થાય છે પરંતુ પૂર્વકૃત કર્મોનો નાશ કરવા માટે તપનો વિશિષ્ટ પુરુષાર્થ અનિવાર્ય બને છે. ભગવાન મહાવીરના શાસનમાં નવકારશીથી છમાસી તપ સુધીનું વિધાન છે. કોઈ પણ બાહ્ય તપની આરાધના ચાલુ હોય તો સ્વાધ્યાય, ધ્યાન વગેરે આભ્યંતર તપમાં વિશેષ અનુકૂળતા રહે છે.

મુનિએ રાત્રિના ચોથા પ્રહરમાં સૂર્યોદય પહેલા બે ઘડીના સમયમાં પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. ત્યારે આજુબાજુ રહેનારા ગૃહસ્થોને નિદ્રામાં સ્ખલના ન થાય તે માટે મુનિ મંદ સ્વરે સ્વાધ્યાય કરે.

સંક્ષેપમાં, સાધક માટે જિનેશ્વર દેવોએ આ સમાચારી કહી છે. તેનું આચરણ કરીને ઘણા જીવો સંસાર સાગર તરી ગયા છે.

**(છવ્વીસમું અધ્યયન સંપૂર્ણ)**

## સત્યાવીસમું અધ્યયન

# ખલુંકીય

ગર્ગ કૂળમાં જન્મેલા ગર્ગ મુનિ, શિષ્ય સમુદાય રૂપ ગણને ધારણ કરનારા, શાસ્ત્ર વિશારદ સ્થવિર હતા. તે ગુરુ અને આચાર્યના ગુણોથી સંપન્ન હતા અને સ્વપરના સમાધિ ભાવોને જાળવી રાખવામાં સમર્થ હતા.

ગાડું ખેંચનાર સારો બળદ જેમ સારી રીતે ગાડું ખેંચી માલિકને જંગલ પાર કરાવે છે, તેવી જ રીતે યોગ–સંયમમાં સંલગ્ન વિનીત મુનિ સંસારને પાર કરે છે.

પરંતુ ગળીયા બળદને ગાડામાં જોડવાથી વાહકને કષ્ટ પરંપરાનો અનુભવ કરવો પડે છે. દુષ્ટ બળદ વાહકની ઇચ્છા અનુસાર ચાલતો નથી તેથી વાહકને ક્રોધ આવે છે. આમ વાહકની ચિત્ત સમાધિનો ભંગ થાય છે. તે બળદ વાહકને ઉચિત સ્થાને પહોંચાડી શકતો નથી.

તેમ મુક્તિ નગરની પ્રાપ્તિ માટે ધર્મરથમાં નિયોજિત કરવામાં આવેલા કુશિષ્યો પણ ધૈર્યને અભાવે સંયમનું સારી રીતે પાલન કરી શકતા નથી તેથી સ્વયં મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી અને ગુરુને પણ વિક્ષેપ પાડે છે.

સ્થવિર ગર્ગ વિચારે છે કે મારા કોઇ શિષ્યને ઋદ્ધિનું ગૌરવ છે, કોઇ રસલોલુપ છે, કોઇ ક્રોધી છે, કોઇ ભિક્ષાચરી આળસ કરે છે, કોઇ યાચનામાં થતા અપમાનથી ડરે છે; તેમને સમજાવતાં અહંભાવથી સામે બોલે છે. આજ્ઞાથી પ્રતિકૂળ આચરણ કરે છે.

ગળિયા બળદથી દુઃખી થનાર સારથિની જેમ અવિનીત શિષ્યોથી દુઃખી થઇને ધર્મરથના સારથિ સ્થવિર ગર્ગમુનિ વિચારે છે કે મને આ દુષ્ટ શિષ્યોથી કાંઇ લાભ નથી. આમ વિચારી ગર્ગમુનિ કુશિષ્યોને છોડીને દૃઢતાથી તપ–સાધનામાં લીન થયા.

વિનય અને સરળતાયુક્ત, ગંભીર, સુસમાધિવંત અને શીલસંપન્ન મહાન આત્મા સ્થવિર ગર્ગમુનિ પૃથ્વી પર વિચરવા લાગ્યા. ગર્ગમુનિ ભગવાન મહાવીર સ્વામીના સમયમાં થયા હતા અને તેઓ તદ્ભવ મોક્ષગામી હતા. તેમને ૫૦૦ શિષ્યોનો વિશાળ પરિવાર હતો. પરંતુ કર્મયોગે બધા શિષ્યો અવિનીત હતા.

**(સત્યાવીસમું અધ્યયન સંપૂર્ણ)**

### અઠ્ઠાવીસમું અધ્યયન

# મોક્ષ માર્ગ ગતિ

સર્વદર્શી જીનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માર્ગનું આચરણ કરીને જીવો સુગતિ પ્રાપ્ત કરે છે.

અષ્ટવિધ કર્મોનો સર્વથા ક્ષય થવો તે મોક્ષ છે અને તીર્થંકર પ્રતિપાદિત સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું આચરણ કરવું એ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ છે.

કેવળજ્ઞાન અને કેવળ દર્શન આત્માના ગુણો છે અને ચારિત્ર, તપ શરીર સાપેક્ષ છે. તેથી મુક્ત જીવોમાં ચારિત્ર, તપ નથી.

નય અને પ્રમાણથી થતો જીવાદિ પદાર્થોનો યથાર્થ બોધ સમ્યક્જ્ઞાન છે. જેના વિકાસથી તત્ત્વની પ્રતિતિ થાય, જેમાં હેય અને ઉપાદેયના યથાર્થ વિવેકની અભિરુચિ હોય તે સમ્યગ્ દર્શન છે. સમ્યક્જ્ઞાન પૂર્વક કષાયોથી અને સાવદ્ય યોગોથી નિવૃત્તિ તથા સમભાવમાં સ્થિતિ તે સમ્યક્ ચારિત્ર છે. ઇચ્છાઓનો નિરોધ અને કર્મોને ભસ્મીભૂત કરનાર નિર્જરાના બાર અનુષ્ઠાનો તે સમ્યક્ તપ છે.

**સમ્યગ્ જ્ઞાન અને તેના પ્રકારઃ** મોક્ષમાર્ગના ઉપરોક્ત ચાર સાધનમાંથી જ્ઞાનના પાંચ પ્રકાર છેઃ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન અને કેવળજ્ઞાન. મતિજ્ઞાનને અભિનિબોધિક જ્ઞાન પણ કહે છે.

આ પાંચ પ્રકારનું જ્ઞાન અને સર્વ દ્રવ્ય, ગુણ અને તેની સમસ્ત પર્યાયોનું જ્ઞાન જ્ઞાની પુરુષો દ્વારા નિરૂપિત છે. જ્ઞાનનું વિસ્તૃત વર્ણન શ્રી નંદીસૂત્ર અનુસાર જાણવું.

**દ્રવ્ય, ગુણ અને પર્યાયઃ** ગુણોનો આધાર દ્રવ્ય છે. ગુણો કેવળ દ્રવ્યના આશ્રિત રહે છે. પર્યાયોનું લક્ષણ એ છે કે તે પર્યાય દ્રવ્ય અને ગુણ બન્નેના આશ્રયે રહે છે.

દ્રવ્યમાં બે પ્રકારના ધર્મ હોય છેઃ ગુણ અને પર્યાય. તેમાં દ્રવ્યનો સહભાવી અને નિત્યરૂપે રહેનારો ધર્મ ગુણ છે અને ક્રમભાવી ધર્મ છે તે પર્યાય છે. દ્રવ્યમાં ગુણ કથંચિત્ તાદાત્મ્ય સંબંધથી રહે છે. જ્યારે પર્યાય દ્રવ્ય અને ગુણ બન્નેમાં રહે છે. જેમ કે આત્મા દ્રવ્ય છે. જ્ઞાન તેનો ગુણ છે, તે તેની પ્રત્યેક અવસ્થામાં સાથે રહે છે. મનુષ્યતા આદિ આત્મદ્રવ્યની પર્યાય છે અને મતિજ્ઞાનાદિ આત્માના જ્ઞાનગુણની પર્યાય છે. તેમાં પરિવર્તન થયા કરે છે.

**છ દ્રવ્યોઃ** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ. આ છ દ્રવ્યરૂપ લોક છે; એવું સર્વજ્ઞ–સર્વદર્શી જીનેશ્વર ભગવંતો એ પ્રરૂપિત કર્યું છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યો એક–એક છે. કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ ત્રણ દ્રવ્યો અનંત–અનંત છે.

ગતિમાં સહાયક થવું તે ધર્માસ્તિકાયનું લક્ષણ છે, સ્થિતિમાં સહાયક થવું તે અધર્માસ્તિકાયનું લક્ષણ છે. આકાશાસ્તિકાય સર્વ દ્રવ્યોનું આધારભૂત છે અને તે અવગાહન પ્રદાન લક્ષણવાળુ છે.

વર્તના એ કાળનું લક્ષણ છે, ઉપયોગ એ જીવનું લક્ષણ છે અને જીવ જ્ઞાન, દર્શન, સુખ અને દુઃખ દ્વારા ઓળખાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ; તે જીવ દ્રવ્યના જ લક્ષણો છે. અન્ય દ્રવ્યોમાં આ ગુણો હોતા નથી.

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને આતપ તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે પુદ્ગલના લક્ષણ છે.

એકઠા થવું, વિખરાઇ જવું, સંખ્યા, આકાર, સંયોગ, વિયોગ એ પર્યાયના લક્ષણ છે.

આ લોક ષટ્દ્રવ્યાત્મક છે. અલોક આકાશમય છે. આકાશમાં ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો વિદ્યમાન છે; તેને લોક કહે છે. અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે પ્રદેશોનો સમૂહ. છ દ્રવ્યમાંથી પાંચ દ્રવ્ય અસ્તિકાય રૂપ છે. કાળ પ્રદેશોના સમૂહરૂપ ન હોવાથી તે અસ્તિકાય રૂપ નથી.

કાળ દ્રવ્ય નવા પદાર્થોને જુના કરે, જુનાને જીર્ણશીર્ણ કરે, નાનાને મોટા કરે; શિયાળો, ઉનાળો, ચોમાસુ આદિ ઋતુના વિભાગ કરે, વગેરે.

કાળ દ્રવ્ય સર્વત્ર વર્તે છે, તેમ છતાં જૈનાગમોમાં સૂર્યના આધારે થતા રાત-દિવસ રૂપ પરિવર્તનને જ કાળ દ્રવ્ય રૂપે સ્વીકારીને ક્ષેત્રથી અઢીદ્વીપ પ્રમાણ કહ્યું છે.

'પુદ્ગલ' શબ્દ જૈન દર્શનમાં જડ પદાર્થો માટે વપરાતો પારિભાષિક શબ્દ છે. 'પુદ્' એટલે ભેગા થવું અને 'ગલ' એટલે વિખરાવું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તેના ગુણો છે. પરમાણું તેનું શુદ્ધ સ્વરૂપ છે. તે સ્વયં અપ્રદેશી છે પરંતુ પરમાણુંઓ ભેગા મળીને સ્કંધ થવાની યોગ્યતા ધરાવે છે. તેથી તેને અસ્તિકાય કહે છે. પુદ્ગલ દ્રવ્યના મુખ્ય બે ભેદ છેઃ  પરમાણું અને સ્કંધ. પુદ્ગલ દ્રવ્યના અવિભાજ્ય અંશને પરમાણું કહે છે.

જૈન દર્શનમાં શબ્દને પૌદગલિક, રૂપી, અને અનિત્ય કહ્યો છે. કાયયોગ દ્વારા ભાષા વર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ થાય, તે પુદ્ગલ ભાષારૂપમાં પરિણત થાય અને ત્યાર પછી વક્તાના મુખે વચનયોગ દ્વારા બોલાય છે; ત્યારે તે શબ્દ કહેવાય છે. જીવ દ્વારા પ્રગટ થતો શબ્દ સાક્ષર અને નિરક્ષર બન્ને પ્રકારે હોય છે. જ્યારે અજીવ દ્વારા અવાજ રૂપે હોય છે. મિશ્ર શબ્દ જીવ-અજીવ બન્ને સંયોગથી ઉત્પન્ન થાય છે. જેમ કે વાજિંત્રનું સંગીત વગેરે.

કાર્મણ વર્ગણા આ લોકમાં ઠસોઠસ ભરેલી છે, તે પુદ્ગલ રૂપ છે. જીવના વિકારી ભાવોને કારણે કાર્મણ વર્ગણાઓ જીવની સાથે કર્મ રૂપે બંધાય છે, તેમાં ધર્માસ્તિકાય સહાયક બને છે અને જીવ જ્યારે અવિકારી શુદ્ધ સ્વભાવમાં સ્થિત થાય ત્યારે અધર્માસ્તિકાય સહાયક બને છે.

આ રીતે છએ દ્રવ્યો પોતાનું મૂળભૂત સ્વરૂપ છોડ્યા વિના સતત પોતાના ગુણધર્મ અનુસાર પરિણત થઈ રહ્યા છે.

**સમ્યગ્ દર્શન અને તેના પ્રકારઃ** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ છે. આ નવ તત્ત્વોના અસ્તિત્વની સ્વાભાવિક રીતે અથવા અન્યના ઉપદેશથી શ્રદ્ધા કરવી, તેને જિનેશ્વરોએ સમ્યક્ત્વ કહ્યું છે.

સમ્યગ્ દર્શન તે આત્માના અનંત ગુણોમાં એક મુખ્ય ગુણ છે. સમ્યગ્ દર્શન એટલે યથાર્થ દર્શન. જે નવ તત્ત્વોનું સ્વરૂપ જિનેશ્વરોએ દર્શાવ્યું છે તેને જાણી, સમજીને તે તત્ત્વોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્ દર્શન છે. નવ તત્ત્વો આ પ્રમાણે છેઃ

**૧) જીવ તત્ત્વઃ** ચૈતન્ય લક્ષણ યુક્ત હોય તે જીવ છે. એક જીવ અસંખ્યાત આત્મ પ્રદેશોના સમૂહરૂપ છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. જીવને અજીવથી જુદો પાડનાર ઉપયોગ લક્ષણ છે. જેનામાં જ્ઞાન–દર્શન છે તે જીવ છે. જીવમાં જોવાની અને જાણવાની શક્તિ હોવાથી તે સુખદુઃખની અનુભૂતિ કરી શકે છે. ચેતના શક્તિ દ્વારા જીવના મન, વચન, કાયાના યોગોનું પ્રવર્તન થાય છે. ચૈતન્ય શક્તિને કારણે જીવ, અજીવથી સ્પષ્ટ જુદો પડે છે. સંસારી અને સિદ્ધ તથા ત્રસ અને સ્થાવર વગેરે જીવના જુદા જુદા અનેક ભેદ છે.

**૨) અજીવ તત્ત્વઃ** જીવથી વિરુદ્ધ લક્ષણવાળું અજીવ તત્ત્વ છે. તેનામાં ચેતના નથી, તે જડ છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલાસ્તિકાય આ પાંચ દ્રવ્યોનો સમાવેશ થાય છે. પુદ્ગલ અને જીવનો અનાદિકાળનો સંબંધ એ જ જીવના સંસાર પરિભ્રમણનું કારણ છે.

**૩) પુણ્ય તત્ત્વઃ** અન્ય જીવોને માનસિક, વાચિક, કાયિક સુખ પહોંચાડવાની વિવિધ પ્રવૃત્તિઓ પુણ્ય આચરણ રૂપ છે. પુણ્ય નવ પ્રકારે બંધાય છેઃ ૧) અન્ન પુણ્ય, ૨) પાણ પુણ્ય, ૩) લયન (મકાન) પુણ્ય, ૪) શયન પુણ્ય, ૫) વસ્ત્ર પુણ્ય, ૬) મન પુણ્ય – મનથી બીજા માટે શુભ ભાવના કરવી, ૭) વચન પુણ્ય – બીજાના સુખ માટે વચન પ્રયોગ કરવો, ૮) કાય પુણ્ય –

કોઇની સેવા કરીને શાતા પમાડવી, ૯) નમસ્કાર પુણ્ય – ગુણીજનોને નમ્રભાવે નમસ્કાર કરી માન આપવું. પુણ્યનું ફળ શાતાવેદનીય આદિ ૪૨ પ્રકારની કર્મ પ્રકૃતિના ઉદયરૂપે ભોગવાય છે.

**૪) પાપ તત્ત્વઃ** અન્ય જીવોને મન, વચન, કાયાના યોગોથી દુઃખ પહોંચાડવાની હિંસાદિ ૧૮ પ્રકારની પ્રવૃત્તિઓ પાપ છે, જે અઢાર પાપસ્થાનક તરીકે પ્રસિદ્ધ છે.

**૫) આશ્રવ તત્ત્વઃ** કર્મપુદ્ગલનું આત્મા તરફ ખેંચાવું, તે આશ્રવ કહેવાય છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ; તે પાંચ આશ્રવના મુખ્ય કારણો છે.

**૬) સંવર તત્ત્વઃ** મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ ધર્માચરણ દ્વારા કર્મ પુદ્ગલોને આત્મા તરફ આવતા રોકવા તે સંવર છે. સમ્યક્ત્વ, વ્રત, અપ્રમાદ, અકષાય અને યોગની સ્થિરતા; એ પાંચ સંવરના મુખ્ય સાધનો છે.

**૭) નિર્જરા તત્ત્વઃ** કર્મો ઉદયમાં આવવાથી ભોગવાય જાય અથવા તપસ્યા આદિ દ્વારા કર્મોનો નાશ થાય તેને નિર્જરા કહે છે. બાર પ્રકારના તપ કરવાથી કર્મોનો ક્ષય થાય છે. નિર્જરા બે પ્રકારે થાય છે. નિર્જરાના લક્ષપૂર્વક બાર પ્રકારના તપથી કર્મો ખરી જાય, તેને સકામ નિર્જરા કહે છે. કર્મો ઉદયમાં આવીને ભોગવાઇ જવાથી ક્ષય પામે, તે અકામ નિર્જરા છે.

**૮) બંધ તત્ત્વઃ** આશ્રવ દ્વારા ખેંચાયેલી કાર્મણ વર્ગણાનું આત્મા સાથે એકમેક થઇ જવું તે બંધ છે. મિથ્યાત્વ, અવ્રત આદિ પાંચ કર્મબંધના મુખ્ય કારણ છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગ બંધ અને પ્રદેશ બંધ; એ બંધના ચાર પ્રકાર છે.

**૯) મોક્ષ તત્ત્વઃ** આત્મા સાથે લાગેલા કર્મોનો સંપૂર્ણપણે ક્ષય થવાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે, તેને મોક્ષ કહે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

નવ તત્ત્વમાં જીવ અને અજીવ એ બે મુખ્ય તત્ત્વ છે. પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ તત્ત્વમાં જે કર્મ પરમાણુઓ છે તેનું ઉપાદાન કારણ પુદ્ગલ છે અને નિમિત્ત કારણ જીવના વિકારી ભાવ છે. તેમાં ઉપાદાન કારણ કાર્યરૂપે પરિણમે છે, તેથી અહિં અજીવ તત્ત્વની મુખ્યતા છે. સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ ધર્મતત્ત્વ છે. તે જીવના નિજગુણથી ઉત્પન્ન થાય છે. આ ત્રણે તત્ત્વોનો સ્વભાવ આત્મામાંથી કર્મરૂપ પુદ્ગલો દૂર કરવાનો છે. સંવર, નિર્જરા અને મોક્ષના ઉપાદાન કારણો આત્માના શુદ્ધ ભાવ છે, માટે તેમાં જીવની મુખ્યતા છે. જીવ તત્ત્વની મુખ્યતા વાળા તત્ત્વો અરૂપી છે અને પુદ્ગલ તત્ત્વની મુખ્યતાવાળા તત્ત્વો રૂપી છે.

**સમ્યગ્ દર્શનના પ્રકારઃ** નિમિત્તની અપેક્ષાએ સમ્યગ્ દર્શનના બે પ્રકાર છેઃ ૧) કેટલાક જીવોને નવ તત્ત્વોની શ્રદ્ધા અન્યના ઉપદેશથી થાય છે. અન્યના ઉપદેશથી થતી તત્ત્વશ્રદ્ધાને 'અધિગમજ' સમ્યગ્ દર્શન કહે છે. ૨) કેટલાક જીવોને તત્ત્વોની શ્રદ્ધા પોતાના જ શુદ્ધ ભાવ થી, જાતિસ્મરણ આદિ જ્ઞાનથી સ્વયમેવ થાય છે; તેને 'નિસર્ગજ' સમ્યગ્ દર્શન કહે છે.

બન્ને પ્રકારના સમ્યગ્ દર્શનમાં દર્શન મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવો અનિવાર્ય છે.

**સમ્યક્ત્વની દશ રુચિઃ**

૧) નિસર્ગ રુચિઃ જીન કથિત ભાવોમાં અન્યના ઉપદેશ વિના સ્વાભાવિક રીતે જે રુચિ ઉત્પન્ન થાય અથવા જાતિસ્મરણ આદિ જ્ઞાનથી તત્ત્વોની શ્રદ્ધા થાય, તેને નિસર્ગ રુચિ કહે છે.

૨) ઉપદેશ રુચિઃ જિનેશ્વરના ઉપદેશથી અથવા ગુરુના ઉપદેશથી તત્ત્વોની શ્રદ્ધા થાય, તે ઉપદેશ રુચિ.

૩) આજ્ઞા રુચિઃ જિનેશ્વરની કે ગુરુની આજ્ઞાથી તત્ત્વોની શ્રદ્ધા થાય તે આજ્ઞા રુચિ.

૪) સૂત્ર રુચિઃ જિનેશ્વર કથિત શાસ્ત્રાધ્યયનથી તેમજ તે અધ્યયનમાં અવગાહન કરવાથી તત્ત્વોની શ્રદ્ધા થાય, તે સૂત્ર રુચિ.

૫) બીજ રુચિઃ પાણીમાં પડેલા તેલના બિંદુની જેમ જે સમ્યક્ત્વ એક પદથી અનેક પદમાં ફેલાય જાય, તે બીજ રુચિ.

૬) અભિગમ રુચિઃ અંગસૂત્ર–ઉપાંગ સૂત્ર આદિ આગમના અર્થ ભણવાથી, તેનો મર્મ સમજવાથી, તત્ત્વોની જે શ્રદ્ધા થાય, તે અભિગમ રુચિ.

૭) વિસ્તાર રુચિઃ જેણે દ્રવ્યના સર્વ ભાવોને સર્વ પ્રમાણોથી અને નૈગમાદિ સર્વ નયવિધિથી જાણી લીધા છે, તે વિસ્તાર રુચિ.

૮) ક્રિયા રુચિઃ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ આદિ ક્રિયાઓના પાલનમાં રુચિ છે, તે ક્રિયા રુચિ.

૯) સંક્ષેપ રુચિઃ જેને અલ્પજ્ઞાન હોવા છતાં અંતરથી તત્ત્વોની શ્રદ્ધા હોય તે સંક્ષેપ રુચિ.

૧૦) ધર્મ રુચિઃ જિન પ્રરૂપિત ષડ્દ્રવ્યોમાં, શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મમાં શ્રદ્ધા રાખે છે, તે ધર્મ રુચિ છે.

**સમ્યગ્ દર્શનને પુષ્ટ કરનાર તત્ત્વોઃ** આત્માદિ તત્ત્વો અને જિન પ્રવચનરૂપ પરમ અર્થનો સારી રીતે પરિચય કરવો; પરમ અર્થને પ્રાપ્ત કર્યો છે, એવા આચાર્યની સેવા કરવી; સમ્યક્ત્વથી પતિત થયેલાની અને મિથ્યાદર્શનીની સંગતિનો ત્યાગ કરવો, તે સમ્યક્ત્વનું શ્રદ્ધાન છે.

**સમ્યગ્ દર્શનની મહત્તાઃ** સમ્યક્ત્વ વિના ચારિત્ર હોતું નથી. સમ્યક્ત્વ અને ચારિત્ર એક સાથે પણ હોઈ શકે છે અને પહેલાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, પછી ચારિત્ર પ્રાપ્ત થાય તેમ પણ બની શકે છે.

સમ્યગ્ દર્શન રહિત જીવને સમ્યગ્ જ્ઞાન થતું નથી, સમ્યગ્ જ્ઞાન વિના ચારિત્ર ગુણો પ્રગટ થતા નથી. અને ભાવ ચારિત્ર રહિત જીવને કર્મોથી મુક્તિ

નથી મળતી અને તેથી સિદ્ધાવસ્થા પ્રાપ્ત થતી નથી. કર્મ મુક્તિ માટે ચારિત્ર ગુણની અનિવાર્યતા છે.

મોક્ષમાર્ગના સાધનોમાં સમ્યગ્ દર્શનની મુખ્યતા છે. તેમ છતાં સર્વ સાધનોની પરિપૂર્ણતા થાય ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય છે. તેરમે ગુણસ્થાને કેવળી ભગવાનને કેવળજ્ઞાન અને કેવળદર્શન હોવાથી જ્ઞાન–દર્શનની પૂર્ણતા છે પરંતુ યોગની પ્રવૃત્તિ હોવાથી ચારિત્રની પૂર્ણતા થતી નથી.

શૈલશીકરણ કરીને જીવ ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થાને પ્રાપ્ત થાય ત્યારે ચારિત્ર અને તપ ગુણની પૂર્ણતા થાય છે અને કર્મ મુક્ત જીવનું નિર્વાણ થાય છે.

સમ્યક્ત્વના આઠ અંગઃ

૧) નિશંકતાઃ દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રમાં તથા જીવાદિ નવ તત્ત્વમાં અંશતઃ કે સર્વતઃ શંકા રહિત થવું, તે નિઃ શંકતા ગુણ છે.

૨) નિષ્કાંક્ષાઃ આકાંક્ષા રહિત હોવું. અન્ય દર્શનને સ્વીકાર કરવાની આકાંક્ષા ન રાખવી તેમજ પુણ્ય પાપ જનિત ફળની આકાંક્ષા ન રાખવી.

૩) નિર્વિચિકિત્સાઃ વિચિકિત્સા રહિત થવું. ધર્મકરણીના ફળમાં સંદેહ ન રાખવો.

૪) અમૂઢદષ્ટિઃ જ્ઞાન ગર્ભિત સમ્યગ્ દર્શન હોવું.

૫) ઉપબૃંહણઃ ગુણીજનોની પ્રશંસા કરવી. શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મની સ્વ–પરમાં વૃદ્ધિ કરવી, પુષ્ટિ કરવી.

૬) સ્થિરીકરણઃ ધર્મથી ડગી જતાં જીવોને ધર્મમાં સ્થિર કરવા.

૭) વાત્સલ્યઃ પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ રાખવો.

૮) પ્રભાવનાઃ જૈન ધર્મની ઉન્નતિ માટે પ્રયત્ન કરવો.

**સમ્યક્ ચારિત્રઃ** ચારિત્રના પાંચ પ્રકાર છે.

**૧) સામાયિક ચારિત્રઃ** સમ્યગ્ દર્શનની પ્રાપ્તિથી જીવનું અનંત સંસાર પરિભ્રમણ સીમિત થઈ જાય છે. સીમિત થયેલા સંસાર પરિભ્રમણનો નાશ કરવા માટે સાધકને સમ્યક્ ચારિત્રનો પુરુષાર્થ કરવો પડે છે.

રાગદ્વેષ રહિત થઈ સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તેને સામાયિક ચારિત્ર કહે છે. તેના બે પ્રકાર છે – ૧) ઈત્વરિક–અલ્પકાલિનઃ તેની સ્થિતિ જઘન્ય સાત દિવસ, મધ્યમ ચાર માસ અને ઉત્કૃષ્ટ છ માસની હોય છે, ૨) યાવત્કથિત – જીવન પર્યંતનું.

**૨) છેદોપસ્થાપનીય ચારિત્રઃ** જે ચારિત્રમાં પૂર્વ પર્યાયનો છેદ કરીને મહાવ્રતનું આરોપણ કરાય છે, તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. તેના બે ભેદ છે – ૧) નિરતિચારઃ નવદીક્ષિત સાધુને વડી દીક્ષા અપાય છે, તે નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે.

**૨)સાતિચારઃ** કોઈ સાધુ મહાવ્રતનો ભંગ કરે, અન્ય મોટા દોષોનું સેવન કરે; ત્યારે તે સાધુને પ્રાયશ્ચિત રૂપે પૂર્વની દીક્ષા પર્યાયનો છેદ કરીને પુનઃ મહાવ્રતારોપણ કરવામાં આવે છે; તેને સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે.

**૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રઃ** ગચ્છ સમૂહથી નિવૃત્તિ લઈને વિશિષ્ટ પ્રકારના તપની આરાધના રૂપ ચારિત્રને પરિહાર વિશુદ્ધ ચારિત્ર કહે છે.

**૪) સુક્ષ્મ સંપરાય ચારિત્રઃ** સામાયિક અથવા છેદોપસ્થાપનીય ચારિત્રની સાધના કરતાં કરતાં જ્યારે ક્રોધાદિ ત્રણ કષાય ઉપશાંત કે ક્ષીણ થઈ જાય છે અને કેવળ લોભ કષાય સુક્ષ્મ રૂપે બાકી રહે છે તે અવસ્થાને સુક્ષ્મ સંપરાય ચારિત્ર કહે છે.

**૫) યથાખ્યાત ચારિત્રઃ** ચારે કષાયો સર્વથા ઉપશાંત અથવા ક્ષીણ થઈ જાય, તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. આ ચારિત્ર ૧૧ થી ૧૪ ગુણસ્થાન વાળાને હોય છે.

**સમ્યક્ તપ અને તેના પ્રકારઃ**

તપના બે પ્રકાર છેઃ બાહ્ય તપ અને આભ્યંતર તપ.

બાહ્ય તપના ૬ પ્રકાર છે અને આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.

બાહ્ય તપઃ ૧) અનશન ૨) ઉણોદરી ૩) વૃત્તિ સંક્ષેપ ૪) રસ પરિત્યાગ ૫) કાયાક્લેશ ૬) પ્રતિસંલીનતા

આભ્યંતર તપઃ ૧) પ્રાયશ્ચિત ૨) વિનય ૩) વૈયાવૃત્ય ૪) સ્વાધ્યાય ૫) ધ્યાન ૬) વ્યુત્સર્ગ

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની ઉપયોગિતાઃ** આત્મા જ્ઞાનથી જીવાદિ તત્ત્વોને જાણે છે. દર્શનથી તેના પર શ્રદ્ધા કરે છે. ચારિત્રથી આશ્રવ નિરોધ કરીને સંવર કરે છે. અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી શુદ્ધ થાય છે.

સંયમ અને તપથી પૂર્વકૃત કર્મોની ક્ષય કરીને સર્વ દુઃખોનો ક્ષય કરવા મહર્ષિઓ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં પરાક્રમ કરે છે, તેના ફળ સ્વરૂપે સિદ્ધગતિ પ્રાપ્ત થાય છે.

**(અઠ્ઠાવીસમું અધ્યયન સંપૂર્ણ)**

### ઓગણત્રીસમું અધ્યયન

## સમ્યક્ પરાક્રમ

સુધર્મા સ્વામી કહે છેઃ હે જંબુ! આ સમ્યક્ પરાક્રમ નામનું અધ્યયન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પ્રરૂપ્યું છે, જેની સમ્યક્ પ્રકારે શ્રદ્ધા કરીને, આજ્ઞાનુસાર પાલન કરીને ઘણા જીવો સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે અને સર્વ કર્મોથી મુક્ત થઇ પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે.

સમ્યક્ પરાક્રમ માટેના ૭૩ સ્થાનઃ

૧) સંવેગ ૨) નિર્વેદ ૩) ધર્મશ્રદ્ધા ૪) ગુરુ અને સાધર્મિકોની સેવા ૫) આલોચના ૬) સ્વદોષ દર્શન ૭) ગર્હા ૮) સામાયિક ૯) ચતુર્વિશતિ સ્તવ ૧૦) વંદણા ૧૧) પ્રતિક્રમણ ૧૨) કાયોત્સર્ગ ૧૩) પ્રત્યાખ્યાન ૧૪) સ્તવ–સ્તુતિ મંગલ ૧૫) કાળ પ્રતિલેખના ૧૬) પ્રાયશ્ચિત કરણ ૧૭) ક્ષમાપના ૧૮) સ્વાધ્યાય ૧૯) વાચના ૨૦) પ્રતિપૃચ્છના ૨૧) પરિવર્તના ૨૨) અનુપ્રેક્ષા ૨૩) ધર્મકથા ૨૪) શ્રુત આરાધના ૨૫) મનની એકાગ્રતા ૨૬) સંયમ ૨૭) તપ ૨૮) વ્યવદાન ૨૯) સુખશાતા ૩૦) અપ્રતિબદ્ધતા ૩૧) વિવિક્ત શયનાસન ૩૨) વિનિવર્તના ૩૩) સંભોગ પ્રત્યાખ્યાન ૩૪) ઉપધિ પ્રત્યાખ્યાન ૩૫) આહાર પ્રત્યાખ્યાન ૩૬) કષાય પ્રત્યાખ્યાન ૩૭) યોગ પ્રત્યાખ્યાન ૩૮) શરીર પ્રત્યાખ્યાન ૩૯) સહાય પ્રત્યાખ્યાન ૪૦) ભક્ત પ્રત્યાખ્યાન ૪૧) સદ્ભાવ પ્રત્યાખ્યાન ૪૨) પ્રતિરૂપતા ૪૩) વૈયાવૃત્ય ૪૪) સર્વગુણ સંપન્નતા ૪૫) વિતરાગતા ૪૬) ક્ષમા ૪૭) નિર્લોભતા ૪૮) આર્જવ ૪૯) મૃદુતા ૫૦) ભાવ સત્ય ૫૧) કરણ સત્ય ૫૨) યોગ સત્ય ૫૩) મન ગુપ્તિ ૫૪) વચન ગુપ્તિ ૫૫) કાય ગુપ્તિ ૫૬) મનઃ સમધારણતા ૫૭) વચન સમધારણતા ૫૮) કાય સમધારણતા ૫૯) જ્ઞાન સંપન્નતા ૬૦) દર્શન સંપન્નતા ૬૧) ચારિત્ર સંપન્નતા ૬૨) શ્રોતેન્દ્રિય નિગ્રહ ૬૩) ચક્ષુઇન્દ્રિય નિગ્રહ ૬૪) ઘ્રાણેન્દ્રિય નિગ્રહ ૬૫) જિહ્વેન્દ્રિય નિગ્રહ ૬૬) સ્પર્શેન્દ્રિય નિગ્રહ ૬૭) ક્રોધ વિજય ૬૮)

માન વિજય ૬૯) માયા વિજય ૭૦) લોભ વિજય ૭૧) રાગદ્વેષ મિથ્યા દર્શન વિજય ૭૨) શૈલેષી અવસ્થા ૭૩) કર્મરહિત અવસ્થા

૧) **સંવેગઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સંવેગથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સંવેગ એટલે સમ્યગ્ વેગ. મોક્ષ પ્રાપ્તિ માટેનો વેગ તે સંવેગ. મોક્ષ પ્રાપ્તિની તીવ્ર ઝંખના, તે સંવેગ.

સંવેગથી શ્રુતધર્મ આદિની શ્રદ્ધા થાય છે. વિષયોનો રાગ છૂટી જાય છે. કષાયોનો ક્ષય થાય છે. દર્શનની વિશુદ્ધિ થાય છે. તેથી મિથ્યાદર્શન જનિત કર્મબંધ થતો નથી.

૨) **નિર્વેદઃ**

પ્રશ્નઃ હે ભગવન્! નિર્વેદથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ નિર્વેદ એટલે સંસારથી વૈરાગ્ય. વિવિધ ઉદયોમાં સમભાવ. સંવેગ અને નિર્વેદ સિક્કાની બે બાજુ છે. જ્યારે મોક્ષની અભિલાષા રૂપ સંવેગ પ્રગટે ત્યારે સંસારના ભોગો પ્રત્યે નિર્વેદ–વૈરાગ્ય ભાવ જાગૃત થાય છે. આ રીતે સંવેગ વિધિ રૂપ છે. નિર્વેદ નિષેધાત્મક ત્યાગ રૂપ છે.

૩) **ધર્મ શ્રદ્ધાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ધર્મશ્રદ્ધાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ધર્મશ્રદ્ધાથી જીવ શાતાવેદનીય કર્મ જનિત વૈષયિક સુખોથી વિરક્ત થઈ, અણગાર થઈ છેદન–ભેદન અને સંયોગ–વિયોગ જન્ય શારીરિક અને માનસિક દુઃખોનો નાશ કરે છે અને અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે.

૪) **ગુરુ સાધર્મિકની સુશ્રુષાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ગુરુજનો અને સાધર્મિકોની સેવા–શુશ્રુષા કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ગુરુજનો અને સાધર્મિકોની સેવાથી જીવ વિનયવાન બને છે. તેથી તે જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ સંબંધી દુગર્તિનો બંધ કરતો નથી.

ગુરુજનોની પ્રશંસા, ગુણ–કીર્તન, આદરભાવ વગેરે દ્વારા વિશિષ્ટ કુળમાં જન્મ, ઇન્દ્ર આદિ પદની પ્રાપ્તિ આપનાર શુભ કર્મો બાંધે છે અને તેથી અન્ય જીવોને પણ તે માર્ગે આવવાની પ્રેરણા મળે છે. આ રીતે સેવા–શુશ્રુષા સ્વ–પરના લાભનું કારણ બને છે.

૫) **આલોચનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! આલોચનાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ આલોચનાથી મોક્ષમાર્ગમાં વિઘ્નકારક અને અનંત સંસાર વર્ધક માયા–નિદાન–મિથ્યાત્વ રૂપ ત્રણ શલ્ય હૃદયમાંથી નીકળી જાય છે અને જીવ સરળતા પ્રાપ્ત કરે છે. તેથી તે સ્ત્રી વેદ અને નપુસંક વેદનો બંધ કરતો નથી.

૬) **આત્મદોષ દર્શનઃ**

પ્રશ્નઃ હે ભગવન્! આત્મ નિંદા કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ પોતાના દોષોની નિંદા કરવાથી પશ્ચાતાપ થાય છે. પશ્ચાતાપથી વૈરાગ્ય પામેલો જીવ ક્ષપક શ્રેણી પર ચઢે છે. ક્ષપક શ્રેણી પર આરૂઢ થયેલો અણગાર મોહનીય કર્મનો ક્ષય કરે છે.

૭) **આત્મદોષ ગર્હાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! આત્મ ગર્હાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ આત્મ ગર્હાથી જીવ અપુરસ્કાર (ગર્વ ભંગ) ભાવ પ્રાપ્ત કરે છે. અપુરસ્કાર ભાવને પ્રાપ્ત થયેલો જીવ પ્રશસ્ત યોગ પ્રાપ્ત કરે છે અને તેથી ચાર ઘાતી કર્મોનો ક્ષય કરે છે.

૮) **સામાયિકઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સામાયિક કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સામાયિક કરવાથી જીવ સાવદ્યયોગથી નિવૃત્ત થાય છે. સામાયિકની સાધનાથી અઢાર પાપસ્થાનકનો ત્યાગ થાય છે. તેથી આશ્રવ નિરોધ થાય અને સંવર ભાવની વૃદ્ધિ થાય છે.

૯) **ચતુર્વિંશતિ સ્તવઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ જીનેશ્વરોના નામ સ્મરણથી સમ્યગ્ દર્શનમાં બાધા ઉત્પન્ન કરનાર કર્મો દૂર થાય છે અને તેથી જીવ દર્શન વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

૧૦) **ગુરુવંદનઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વંદના કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વંદના કરવાથી અભિમાનનો નાશ થાય છે અને નમ્રતા, વિનય આદિ ગુણો પ્રગટ થાય છે તેથી જીવ નીચ–ગોત્ર કર્મનો ક્ષય કરે છે અને ઉચ્ચ–ગોત્ર કર્મ બાંધે છે. તેની આજ્ઞા સર્વત્ર શિરોધાર્ય થાય છે. તે દાક્ષિણ્ય ભાવ પ્રાપ્ત કરી લોકોનો પ્રીતિ પાત્ર બને છે.

૧૧) **પ્રતિક્રમણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! પ્રતિક્રમણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ પ્રતિક્રમણ કરવાથી જીવે પોતે સ્વીકારેલા વ્રતોમાં લાગેલા દોષોથી નિવૃત્ત થાય છે તેથી આશ્રવોનો નિરોધ થાય છે અને સંયમવાન બની, જિતેન્દ્રિય બની સમાધિપૂર્વક સંયમમાર્ગમાં વિચરણ કરે છે.

૧૨) **કાયોત્સર્ગઃ**

પ્રશ્નઃ હે ભગવન્! કાયોત્સર્ગ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ કાયોત્સર્ગથી જીવ ભૂતકાળના અને વર્તમાન કાળના પ્રાયશ્ચિત યોગ્ય અતિચારોનું શુદ્ધિકરણ કરે છે. પ્રાયશ્ચિતથી વિશુદ્ધ થયેલો જીવ સ્વસ્થ અને શાંત ચિત્તવાળો થાય છે. અને પ્રશસ્ત ધ્યાન ધરતાં ધરતાં સુખપૂર્વક વિચરે છે.

૧૩) **પ્રત્યાખ્યાનઃ**

પ્રશ્નઃ હે ભગવન્! પ્રત્યાખ્યાન કરવાથી શું લાભ થાય?

ઉત્તરઃ પ્રત્યાખ્યાન કરવાથી જીવ ઉપભોગ કરવાની ઇચ્છાથી નિવૃત્ત બની જાય છે અને તેથી તે પદાર્થો પરની તૃષ્ણા દૂર થઇ જાય છે. તૃષ્ણા રહિત જીવ વિવિધ સંતાપોથી રહિત થઈને ચિત્તમાં પરમ શાંતિનો અનુભવ કરે છે.

૧૪) **સ્તવ-સ્તુતિ મંગલઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સ્તવ–સ્તુતિ મંગલ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સાધારણ ગુણોનું વર્ણન કરવામાં આવે તે સ્તવ અને વિશેષ ગુણોનું વર્ણન કરવામાં આવે, તે સ્તુતિ છે. નમોત્થુણંનો પાઠ સ્તવ છે અને લોગસ્સનો પાઠ સ્તુતિ છે. સ્તવ–સ્તુતિ મંગલથી જીવને શ્રુત–ચારિત્ર ધર્મની અભિરૂચિ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ બોધિલાભથી સંપન્ન જીવ સમસ્ત કર્મોનો અંત કરવા માટેની સાધના કરે છે અને છતાં કર્મો શેષ રહી જાય તો વૈમાનિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

૧૫) **કાળ પ્રતિલેખનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! કાળ પ્રતિલેખનાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ કાળ પ્રતિલેખનાથી અર્થાત્ આકાશ વગેરે સંબંધી અસ્વાધ્યાનની જાણકારીથી જીવ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરે છે.

૧૬) **પ્રાયશ્ચિતઃ**

પ્રશ્નઃ હે ભગવન્! પ્રાયશ્ચિત કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ જે ક્રિયાથી પાપનો નાશ થાય અને ચિત્તની શુદ્ધિ થાય, તેને પ્રાયશ્ચિત કહે છે. પાપથી વિશુદ્ધ થયેલા જીવનું ચારિત્ર દોષ રહિત શુદ્ધ અને નિર્મળ બને છે. અને તેના ફળ રૂપે મોક્ષ માર્ગની આરાધના કરે છે.

૧૭) **ક્ષમાપનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ક્ષમાપના કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ક્ષમાપના જીવ ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. પ્રસન્ન ચિત્તવાળો સાધક સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખે છે. અને ભાવ વિશુદ્ધિ કરીને નિર્ભય થઇ જાય છે.

૧૮) **સ્વાધ્યાયઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સ્વાધ્યાયથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન. સ્વાધ્યાય કરનાર સાધક ચિત્તની એકાગ્રતાને પામીને અંતર્મુખ બને છે અને શ્રુતજ્ઞાનની ઉપાસના થતી હોવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

સ્વાધ્યાયના પાંચ ભેદ છેઃ  વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા, અનુપ્રેક્ષા.

૧૯) **વાચનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વાચના કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વાચના કરવાથી જીવને નિર્જરા થાય છે અને શ્રુતજ્ઞાનની શુદ્ધ સ્મૃતિ અને અશાતના રહિત અવસ્થાને પામે છે. વાચનાથી તે મોક્ષમાર્ગનું આલંબન લઇ, સાધના દ્ધારા અનંત કર્મોની નિર્જરા કરે છે.

૨૦) **પ્રતિપૃચ્છનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! પ્રતિપૃચ્છના કરવાથી શું લાભ થાય?

ઉત્તરઃ સૂત્રાર્થના વિષયમાં સંદેહ ઉત્પન્ન થાય ત્યારે ગુરુદેવને પૂછીને સમાધાન મેળવવાથી જીવ તે સૂત્ર, અર્થ અને તદુભયને વિશુદ્ધ કરી લે છે. સૂત્રાર્થ વિશુદ્ધ થતાં કાંક્ષા મોહનીયના કર્મદલિકોનો ક્ષય થાય છે.

૨૧) **પરિવર્તનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! પરિવર્તનાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ પરિવર્તના એટલે શીખેલા પાઠોનું પુનરાવર્તન કરવું. પુનરાવર્તન કરવાથી વ્યંજન લબ્ધિ પ્રાપ્ત થાય છે.

૨૨) **અનુપ્રેક્ષાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! અનુપ્રેક્ષા કરવાથા જીવને શું લાભ થાય?

ઉત્તરઃ અનુપ્રેક્ષા કરવાથી આયુષ્ય કર્મ સિવાયના સાત કર્મોની પ્રકૃતિઓ પ્રગાઢ બંધનવાળી હોય તે શિથિલ થાય છે. દીર્ઘકાળની સ્થિતિ વાળી હોય તે અલ્પકાળની સ્થિતિવાળી થાય છે. તીવ્ર રસવાળી પ્રકૃતિઓ મંદ રસવાળી થઇ જાય છે અને બહુકર્મ પ્રદેશો અલ્પકર્મ પ્રદેશોમાં પરિવર્તિત થાય છે. અનુપ્રેક્ષા કરનાર જીવ પુનઃ પુનઃ અશાતાવેદનીય કર્મ બાંધતો નથી. તે અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુર્ગતિક સંસાર અટવીને શીઘ્ર પાર કરે છે.

૨૩) **ધર્મકથાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ધર્મકથા કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ધર્મકથા કરવાથી જીવ કર્મોની નિર્જરા કરે છે. તે જિન પ્રવચનની પ્રભાવના કરે છે તેથી ભવિષ્યમાં ભદ્રતા–કલ્યાણ પ્રાપ્ત કરે એવા શુભ કર્મોનો બંધ કરે છે.

૨૪) **શ્રુત આરાધનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! શ્રુત આરાધના કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ આગમની સમ્યક્ આરાધનાને શ્રુત આરાધના કહે છે. શ્રુત–જ્ઞાનની આરાધનાથી જીવ અજ્ઞાનનો નાશ કરે છે અને વિવિધ ક્લેશોથી રહિત થઇ જાય છે.

૨૫) **મનની એકાગ્રતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! મનની એકાગ્રતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ મનની એકાગ્રતાથી ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે.

૨૬) **સંયમઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સંયમથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સાવદ્ય યોગના પૂર્ણપણે પચક્ખાણ કરવા તે સંયમ. સંયમી જીવન સંપૂર્ણપણે પાપ રહિત હોય છે તેથી આશ્રવોનો નિરોધ થાય છે.

૨૭) **તપઃ**

પ્રશ્નઃ હે ભગવન્! તપથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય થાય છે અને આત્મા નિર્મળ બને છે.

૨૮) **વ્યવદાનઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વ્યવદાન થી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વ્યવદાન એટલે આશ્રવ રહિત અવસ્થા. તપથી પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે પરંતુ જ્યાં સુધી આંશિક પણ કર્મનો પ્રવાહ ચાલુ હોય ત્યાં સુધી જીવનો મોક્ષ થતો નથી. સંપૂર્ણ આશ્રવ નિરોધથી જીવ અક્રિય અવસ્થાને પ્રાપ્ત કરે છે. અક્રિય બનેલો જીવ સિદ્ધ, બુદ્ધ અને સર્વ કર્મોથી મુક્ત થાય છે.

૨૯) **સુખશાતતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સુખશાતતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વિષયજન્ય સુખનો ત્યાગ તે સુખશાતતા. વિષય સુખનો ત્યાગ કરવાથી જીવ અને જીવો પ્રત્યે અનુકંપાનો ભાવ રાખે છે. તેને ક્યારેય શોક થતો નથી. તે વ્યગ્રતા રહિત બને છે અને આ ગુણોથી યુક્ત સાધક ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરે છે.

૩૦) **અપ્રતિબદ્ધતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! અપ્રતિબદ્ધતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ અપ્રતિબદ્ધતાથી જીવ નિઃસંગતા પ્રાપ્ત કરે છે. નિઃસંગતાથી જીવ

એકાગ્રચિત્ત થાય છે અને સદૈવ સર્વત્ર અનાસક્ત અને અપ્રતિબદ્ધ થઇ વિચરણ કરે છે.

૩૧) **વિવિક્ત શયનાસનઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વિવિક્ત શયનાસનથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વિવિક્ત શયનાસન એટલે સ્ત્રી, પશુ, નપુંસકના સંસર્ગ રહિત એકાંત સ્થાન. આવા સ્થાનમાં નિવાસ કરવાથી સાધક ચારિત્રની રક્ષા કરે છે અને શુદ્ધ, સાત્વિક પવિત્ર અને વિગયરહિત આહાર કરીને ચારિત્રમાં દૃઢ થવાની સાથે આઠ પ્રકારના કર્મોની નિર્જરા કરે છે.

૩૨) **વિનિર્વતનાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વિનિવર્તનાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વિનિવર્તના એટલે શબ્દાદિ વિષયોનો ત્યાગ. વિષયો પ્રત્યે નિઃસ્પૃહ થયેલો જીવ પાપકર્મો ન કરવા માટે ઉદ્યત બને છે. પૂર્વ કર્મોની નિર્જરા કરે છે. અને ચાર ગતિ રૂપ મહાન અટવી પાર કરી જાય છે.

૩૩) **સંભોગ પચક્ખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સંભોગ પચક્ખાણથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સમાન સમાચારીવાળા સાધુઓ સાથે બેસીને આહાર કરે તથા પરસ્પર આહારાદિની લેવડ દેવડ કરે; વસ્ત્ર, પાત્ર અને અન્ય ઉપધિઓનું પરસ્પર આદાન-પ્રદાન કરે, એક પાટે બેસીને વ્યાખ્યાન વાંચે, એકબીજાના શિષ્ય-પરિવાર એકબીજા સાથે રહે વગેરે પરસ્પરનો વ્યવહાર સંભાગ કહેવાય છે.

સમવાયાંગ સૂત્રના ૧૨મા સમવાયમાં તેના ૧૨ પ્રકાર કહ્યા છે - તે બાર સંભોગ - વ્યવહારમાંથી આહાર સંબંધી વ્યવહારના પ્રત્યાખ્યાન કરીને સાધક આત્મગવેષણાનો અભિગ્રહ કરે, તેને સંભોગ પ્રત્યાખ્યાન કહે છે.

સંભોગ પ્રત્યાખ્યાનથી તેને સ્વાવલંબી જીવન, ગવેષણા શુદ્ધિ અને

સંયમની પરાકાષ્ટા વગેરે પ્રયોજનોની સિદ્ધિ થાય છે.

૩૪) **ઉપધિ પચફખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ઉપધિ પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સંયમ નિર્વાહના આવશ્યક સાધનોને ઉપધિ કહે છે. રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાયના વસ્ત્ર પાત્રાદિ ઉપધિના પ્રત્યાખ્યાન કરવાથી સ્વાધ્યાય–ધ્યાન નિર્વિઘ્નપણે થાય છે તેમજ પરીષહો સહન કરવાની શક્તિ વિકસિત થઇ જાય છે. સાધક ઉપધિ વિના દુઃ ખી થતો નથી પરંતુ તે સંબંધી સંકલ્પ–વિકલ્પથી મુક્ત થઇ જાય છે.

૩૫) **આહાર પચફખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! આહાર પચફખાણથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ આહારના પ્રત્યાખ્યાન કરવાથી જીવવાની લાલસા છૂટી જાય છે. તેથી આહારના અભાવમાં તે દુઃખી થતો નથી અને આત્માનંદમાં જ લીન રહે છે.

૩૬) **કષાય પચફખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! કષાયના પચફખાણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે અને તેનો ત્યાગ કરવાથી જીવ વિતરાગ દશા પ્રાપ્ત કરે છે.

૩૭) **યોગ પચફખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! યોગ પચફખાણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિના પચફખાણથી જીવ અયોગી અવસ્થા પ્રાપ્ત કરે છે. તેથી નવા કર્મોનો બંધ થતો નથી. યોગ પ્રત્યાખ્યાનનું ફળ ચૌદમા ગુણસ્થાનની અપેક્ષાએ જાણવું જોઇએ. અયોગી અવસ્થા જીવને ચૌદમા ગુણસ્થાનમાં જ થાય છે.

૩૮) **શરીર પચ્ચક્ખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! શરીર પચક્ખાણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ શરીરના પ્રત્યાખ્યાન કરવાથી અર્થાત્ શરીર–મમત્વ અને શરીર પરિચર્યાના ત્યાગથી સાધક સિદ્ધોના અતિશય ગુણોને પ્રાપ્ત કરીને લોકના અગ્રભાગમાં પહોંચી જાય છે. શરીર મુક્ત આત્મા લોકાગ્રે જઈને નિજ સ્વરૂપમાં સ્થિત થાય છે.

૩૯) **સહાય પચ્ચક્ખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સહાય પચક્ખાણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ બીજા મુનિઓની સહાય લેવાના પ્રત્યાખ્યાન કરનાર સાધક એકત્વ ભાવ પ્રાપ્ત કરે છે. તે વિગ્રહકારી શબ્દ, વાણીનો ક્લેશ, કષાય તથા મારા–તારાની ભાવનાથી સહજ પણે મુક્ત થઈ જાય છે. તે સંયમ અને સંવરમાં વૃદ્ધિ કરતો સમાધિ સંપન્ન થઈ જાય છે.

૪૦) **ભક્ત પચ્ચક્ખાણઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ભક્ત પચક્ખાણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ આહાર પ્રત્યાખ્યાન અલ્પકાલિક અને મર્યાદિત સમયના અનશન રૂપ હોય છે, જ્યારે ભક્ત પ્રત્યાખ્યાન જીવન પર્યંતના અનશન રૂપ હોય છે. આજીવન અનશન વ્રત ધારણ કરવાથી જન્મ–મરણની પરંપરા ઘટી જાય છે.

૪૧) **સદ્ભાવ પ્રત્યાખ્યાનઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સદ્ભાવ પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ શરીર સંબંધી બાહ્ય પ્રવૃત્તિ અને આભ્યંતર પ્રવૃત્તિનો પરિત્યાગ તે સદ્ભાવ પ્રત્યાખ્યાન. જે સમયે આત્માને કોઈ પ્રકારની ક્રિયા બાકી રહેતી નથી અને સર્વ પ્રકારે સંવર ભાવની પ્રાપ્તિ થાય છે, તે સમયે આત્મા ૧૪મા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે; તે અવસ્થાને અહીં સદ્ભાવ પ્રત્યાખ્યાન કહી છે. આ

પ્રત્યાખ્યાન કરવાથી આત્મા અનિવૃત્તિ રૂપ શુક્લ ધ્યાનના ચોથા પાયાને પ્રાપ્ત કરે છે. ત્યાં પહોંચેલો આત્મા અંતર્મુહૂર્તમાં જ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર – એ ચાર અઘાતી કર્મોની ગ્રંથીઓનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ જાય છે.

૪૨) **પ્રતિરૂપતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! પ્રતિરૂપતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ શ્રમણોની શાસ્ત્રોક્ત વેશભૂષા અને તદનુસાર આચરણને પ્રતિરૂપતા કહે છે.

પ્રતિરૂપતા ધારણ કરનાર સાધક શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વ્યવહારથી મુનિવેશ ધારણ કરે છે તેમજ તે ભાવોથી પણ આગમોક્ત સાધુના ગુણોથી સંપન્ન બનવા પ્રયત્નશીલ રહે છે. તે દ્રવ્યથી લઘુતા–હળવાશ અનુભવે છે અને મંદ કષાયી બની ભાવથી પણ લાઘવતા પામે છે.

તે મુનિ અપ્રમત્ત ભાવ પ્રાપ્ત કરે છે અને સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને વિશ્વસનીય બની જાય છે. તે સાધક ઈન્દ્રિય વિજેતા બની વિપુલ તપ અને સંયમની આરાધના કરે છે.

૪૩) **વૈયાવૃત્યઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વૈયાવૃત્યથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ નિઃસ્વાર્થ અને નિષ્કામ ભાવે શ્રમણોની સેવા કરવાની પ્રવૃત્તિને વૈયાવૃત્ય–વૈયાવચ્ચ કહે છે.

વૈયાવચ્ચ કરનારના સ્વચ્છંદ અને અહંકાર નષ્ટ થાય છે, વૈયાવચ્ચથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, ચારિત્રમાં પરિપક્વતા આદિ અનેક લાભ થાય છે અને વૈયાવચ્ચ કરતાં જીવ જયારે ઉત્કૃષ્ટ રસને પ્રાપ્ત કરે ત્યારે તીર્થંકર નામ કર્મ બાંધે છે.

૪૪) **સર્વગુણ સંપન્નતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સર્વગુણ સંપન્નતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ કેવળજ્ઞાન, કેવળદર્શન અને પૂર્ણ યથાખ્યાત ચારિત્ર – આ ત્રણ ગુણ પરિપૂર્ણ થાય ત્યારે આત્મા સર્વગુણ સંપન્ન થાય અને ત્યારે આત્મા અપુનરાવૃત્તિ પદ પ્રાપ્ત કરે છે અર્થાત્ મોક્ષ પદ પ્રાપ્ત કરે છે.

૪૫) **વીતરાગતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વીતરાગતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વીતરાગતાથી પુત્ર પરિવાર આદિનો રાગ નષ્ટ થાય છે, તેમજ સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્યાદિ વિષયક તૃષ્ણાનો ક્ષય થાય છે. સંસારના સર્વ પ્રકારના અનર્થોનું મૂળ રાગ છે. રાગ દૂર થાય તે પહેલા દ્વેષનો નાશ થઇ ગયો હોય છે. વીતરાગતાથી મનોજ્ઞની આસક્તિ અને અમનોજ્ઞના સંક્લેશથી જીવ મુક્ત થઇ જાય છે.

૪૬) **ક્ષમાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ક્ષમા ધારણ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ક્ષમા દ્વારા સાધકની માનસિક ક્ષમતા વધતી જાય છે. ક્ષમા દ્વારા ક્રોધ પણ જીતાઇ જાય છે. ક્ષમાધારક સાધક પરિષહ–વિજેતા બની જાય છે.

૪૭) **નિર્લોભતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! નિર્લોભતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ નિર્લોભતાનું પરિણામ છે અકિંચનતા, પરિગ્રહ–શુન્યતા. નિર્લોભી પુરુષ પરિગ્રહ રહિત બની જાય છે તેથી તેને ધનલોભી વ્યક્તિઓ તરફથી કષ્ટ સહન કરવું પડતું નથી.

૪૮) **સરળતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સરળતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ કાયાની સરળતા, ભાવની સરળતા, ભાષાની સરળતા અને અવિસંવાદને પ્રાપ્ત થયેલો જીવ ધર્મનો આરાધક થાય છે.

૪૯) **મૃદુતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! મૃદુતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ માન કષાયના અભાવે થતી આત્મ પરિણતીને મૃદુતા કહે છે. મૃદુતાથી આ જીવ જાતિ, કુળ, રૂપ, તપ, લાભ, શ્રુત, બળ અને ઐશ્વર્યના મદ રહિત બની જાય છે.

૫૦) **ભાવ સત્યઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ભાવ સત્યથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સત્યનો પ્રવાહ ત્રણ ધારાથી વહે છે. ભાવ સત્ય, ક્રિયા (કરણ) સત્ય અને યોગ સત્ય.

ભાવ શુદ્ધિ થવાથી જીવાત્મા અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધનામાં પ્રવૃત્ત થાય છે અને પરલોકમાં પણ ધર્મનો આરાધક બને છે.

૫૧) **કરણ સત્યઃ**

પ્રશ્નઃ હે ભગવન્! કરણ સત્યથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ કરણ સત્ય અર્થાત્ ક્રિયાની સત્યતાથી જીવ શુભ ક્રિયાઓ કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. જીવ જે પ્રમાણે ઉપદેશ આપે છે, તે જ પ્રમાણે સ્વયં આચરણ કરે છે.

૫૨) **યોગ સત્યઃ**

પ્રશ્નઃ હે ભગવન્! યોગ સત્યથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ મન, વચન, કાયાની પ્રવૃત્તિનું નામ યોગ. મન, વચન, કાયાની સત્ય પ્રવૃત્તિથી સ્થુળ કે સુક્ષ્મ સર્વ યોગોની શુદ્ધિ થાય છે. યોગ વિશુદ્ધિથી તદ્જન્ય કર્મબંધ અટકી જાય છે.

૫૩) **મન ગુપ્તિઃ**

પ્રશ્નઃ હે ભગવન્! મન ગુપ્તિથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ અશુભ અધ્યવસાયમાં જતાં મનને રોકવું તે મનોગુપ્તિ. મનોગુપ્તિથી જીવ ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરે છે. એકાગ્ર ચિત્તવાળો જીવ અશુભ વિકલ્પોથી મનને સુરક્ષિત રાખતાં સંયમનો આરાધક બને છે.

૫૪) **વચન ગુપ્તિઃ** વચનના સંયમને ગુપ્તિ કહે છે.

પ્રશ્નઃ હે ભગવન્! વચન ગુપ્તિથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વચન ગુપ્તિથી જીવ નિર્વિચાર અવસ્થા (નિર્વિકલ્પ દશા) પ્રાપ્ત કરે છે અને તે સર્વથા વચનગુપ્ત થઇને અધ્યાત્મ યોગના સાધનભૂત ધ્યાનથી યુક્ત થઇ જાય છે.

૫૫) **કાય ગુપ્તિઃ**

પ્રશ્નઃ હે ભગવન્! કાય ગુપ્તિથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ અશુભ કાયિક વ્યાપારનો નિરોધ કરવો તેમજ સમસ્ત કાયાની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, તે કાયગુપ્તિ. કાયગુપ્તિથી જીવ આસ્રવના નિરોધ રૂપ સંવર પ્રાપ્ત કરે છે. તે સાધક પ્રાણાતિપાત આદિ અઢાર પ્રકારના પાપ આસ્ત્રવનો નિરોધ કરે છે.

૫૬) **મન સમધારણતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! મન સમધારણતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ આગમોક્ત ભાવોના ચિંતનમાં મનને સારી રીતે જોડવું તે મન સમધારણતા. તેનાથી ધર્મમાં એકાગ્રતા પ્રાપ્ત થાય છે, તેથી જ્ઞાન પર્યાયોની પ્રાપ્તિ થાય છે. જીવ સમ્યક્ત્વને શુદ્ધ કરે છે અને મિથ્યાત્વની નિર્જરા કરે છે.

૫૭) **વચન સમધારણતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! વચન સમધારણતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ વચન સમધારણતાથી જીવ વાણીના વિષયભૂત દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરીને સુલભ બોધિ પ્રાપ્ત કરે છે અને દુર્લભબોધિપણું નષ્ટ થાય છે.

૫૮) **કાય સમધારણતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! કાય સમધારણતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ કાયાને સંયમની શુદ્ધ, નિરવદ્ય પ્રવૃત્તિઓમાં સમ્યક્ પ્રકારે જોડવી, તે કાય સમધારણતા. તેથી જીવ ક્ષાયોપશમિક ચારિત્ર પર્યાયોને નિર્મળ કરીને ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર નિર્મળ કરે છે અને કેવળી અવસ્થામાં વિદ્યમાન તે સાધક યથાસમયે આયુષ્યના અંતે ભવોપગ્રાહી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર; એ ચાર કર્મોનો ક્ષય કરે છે, અને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે.

૫૯) **જ્ઞાન સંપન્નતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! જ્ઞાન સંપન્નતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ અહીં જ્ઞાનનો અર્થ શ્રુતજ્ઞાન છે. સમ્યક્ પ્રકારે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થવી, તેને જ્ઞાન સંપન્નતા કહે છે. જેમ દોરો પરોવેલી સોય ખોવાઇ જતી નથી, તેમ જ્ઞાન સંપન્ન જીવ સંસારમાં ભટકતો નથી, મિથ્યાત્વમાં ફસાતો નથી.

તે સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં વિશારદ હોવાથી અનેક વ્યક્તિઓના સંશય દૂર કરવા માટે કેન્દ્રભૂત બની જાય છે.

૬૦) **દર્શન સંપન્નતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! દર્શન સંપન્નતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ દર્શન સંપન્નતાથી જીવ ભવભ્રમણના કારણરૂપ મિથ્યાત્વનું છેદન કરે છે. તેનો પરમ તત્ત્વ રૂપ સમ્યક્ત્વનો પ્રકાશ બુઝાતો નથી. તે કેવળજ્ઞાન–દર્શનથી આત્માને સંયોજિત કરતો વિચરણ કરે છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે.

૬૧) **ચારિત્ર સંપન્નતાઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ચારિત્ર સંપન્નતાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ચારિત્ર સંપન્નતાથી જીવ શૈલેશીભાવ પ્રાપ્ત કરે છે. શૈલેશીભાવને પ્રાપ્ત થયેલા અણગાર ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે.

૬૨) **શ્રોતેન્દ્રિય નિગ્રહઃ**

પ્રશ્નઃ હે ભગવન્! શ્રોતેન્દ્રિય નિગ્રહથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ શ્રોતેન્દ્રિય નિગ્રહથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દોમાં થતા રાગદ્વેષનો નિગ્રહ કરે છે તેથી તે જીવ શબ્દ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

૬૩) **ચક્ષુરિન્દ્રિય નિગ્રહઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ચક્ષુરિન્દ્રિય નિગ્રહથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ચક્ષુરિન્દ્રિયનો નિગ્રહ કરનાર સાધક તદ્જન્ય રાગદ્વેષ અને કર્મબંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે. પરિણામે તે આત્મા હળુકર્મી બને છે.

૬૪) **ઘ્રાણેન્દ્રિય નિગ્રહઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ઘ્રાણેન્દ્રિય નિગ્રહથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ઘ્રાણેન્દ્રિયના બે વિષય છે. ૧) સુરભિ ગંધ ૨) દુરભિ ગંધ. ઘ્રાણેન્દ્રિયને આ બે વિષયમાં પ્રવૃત્ત ન થવા દેવી તે ઘ્રાણેન્દ્રિય નિગ્રહ.

૬૫) **જિહ્વેન્દ્રિય નિગ્રહઃ**

પ્રશ્નઃ હે ભગવન્! જિહ્વેન્દ્રિયને વશ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ જિહ્વેન્દ્રિયના પાંચ વિષય છેઃ તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મીઠો. આ પાંચ રસનેન્દ્રિયના વિષયમાં આસક્તિ ન રાખવાથી જીવ રસ નિમિત્તક કર્મ બાંધતો નથી અને પૂર્વકર્મની નિર્જરા થાય છે.

૬૬) **સ્પર્શેન્દ્રિય નિગ્રહઃ**

પ્રશ્નઃ હે ભગવન્! સ્પર્શેન્દ્રિયને વશ કરવાથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ કરનાર તદ્જન્ય રાગદ્વેષ કરતો નથી. તેથી કર્મબંધ થતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે.

પાંચેય ઇન્દ્રિયોના વિષયોનો પ્રસંગ આવે ત્યારે તેમાં રાગ દ્વેષ ન કરવો, એ જ્ઞાની પુરુષોનું કર્તવ્ય છે. તેથી કર્મબંધ થતો નથી.

૬૭) **ક્રોધ વિજયઃ**

પ્રશ્નઃ હે ભગવન્! ક્રોધ વિજયથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ ક્રોધ મોહનીયના ઉદયથી થતા પ્રજ્વલાત્મક આત્મ પરિણામને ક્રોધ કહે છે. ક્રોધના ઉદયથી જીવ કૃત્ય–અકૃત્યના વિવેકને ભૂલી જાય છે. તેના પરિણામે અનેક અનર્થોનું સર્જન થાય છે. ક્ષમા ભાવથી ક્રોધને જીતી શકાય છે. ક્ષમા ભાવથી જીવ ક્રોધ વેદનીય કર્મનો બંધ કરતો નથી અને પૂર્વ કર્મોની નિર્જરા કરે છે.

૬૮) **માન વિજયઃ**

પ્રશ્નઃ હે ભગવન્! માન વિજયથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ માન મોહનીય કર્મના ઉદયથી થતા અહંકારના પરિણામોને માન કહે છે. માન વિજયથી જીવ નમ્રતા કેળવે છે, માન વેદનીય કર્મનો બંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

૬૯) **માયા વિજયઃ**

પ્રશ્નઃ હે ભગવન્! માયા વિજયથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ માયા મોહનીય કર્મના ઉદયથી થતા કપટના પરિણામોને માયા કહે છે. માયા વિજયથી જીવ ઋજુતા–સરળતા પ્રાપ્ત કરે છે. તે માયા વેદનીય કર્મનો બંધ કરતો નથી અને પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરે છે.

૭૦) **લોભ વિજયઃ**

પ્રશ્નઃ હે ભગવન્! લોભ વિજયથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ લોભ મોહનીય કર્મના ઉદયથી થતા અસંતોષ રૂપ આત્મ પરિણામોને લોભ કહે છે. લોભ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જીવ સંતોષ ગુણની પ્રાપ્તિ કરે છે. તે લોભ વેદનીય કર્મનો બંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

૭૧) **રાગ-દ્વેષ મિથ્યાત્વ વિજયઃ**

પ્રશ્નઃ હે ભગવન્! રાગદ્વેષ અને મિથ્યાત્વ ઉપર વિજયથી જીવને શું લાભ થાય?

ઉત્તરઃ જીવ સાધના માર્ગમાં પ્રવેશ કરે ત્યારથી તેનો સમગ્ર પુરુષાર્થ રાગ–દ્વેષ અને મિથ્યાત્વના નાશ માટે જ હોય છે; જયારે તેનો સંપૂર્ણ નાશ થાય ત્યારે સાધના પૂર્ણ થાય છે. આઠ પ્રકારની કર્મગ્રંથિને તોડવાને માટે સર્વ પ્રથમ મોહનીય કર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ત્યાર પછી જ્ઞાનાવરણીય કર્મની પાંચ, દર્શનાવરણીય કર્મની નવ, અંતરાય કર્મની પાંચ – એ સર્વ પ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરે છે.

ત્યાર પછી તે અનુત્તર, અનંત, સંપૂર્ણ વસ્તુ વિષયક અજ્ઞાન તિમિરથી રહિત, વિશુદ્ધિ, લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કરે છે.

કેવળી ભગવાન જયાં સુધી સયોગી રહે છે ત્યાં સુધી તેને યોગની પ્રવૃત્તિ રહે છે તેથી ઈર્યાપથિક કર્મ બંધાય છે. તે બંધ પણ સુખદ, શાતા વેદનીય હોય છે. તેની સ્થિતિ બે સમયની છે. પ્રથમ સમયમાં બંધ થાય છે. બીજા સમયમાં વેદન થાય છે અને ત્રીજા સમયમાં નિર્જરા થાય છે.

તે ક્રમશઃ બંધાય છે, ઉદયમાં આવે છે; પછી વેદન થાય છે અને તે કર્મ અકર્મ બની નિર્જરી જાય છે.

૭૨) **કેવળીના યોગ નિરોધનો ક્રમ - શૈલશી અવસ્થાઃ**

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી શેષ આયુષ્ય ભોગવતાં અંતર્મુહૂર્ત જેટલું આયુષ્ય

બાકી રહે ત્યારે કેવળી ભગવંત યોગનો નિરોધ કરે છે. અર્થાત્ મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ સર્વથા રોકી દે છે.

આ સમયે સુક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લ ધ્યાનના ત્રીજા ચરણનું ધ્યાન કરતાં સર્વ પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી વચનયોગનો નિરોધ કરે છે, ત્યાર પછી કાયયોગનો નિરોધ કરે છે, ત્યાર પછી શ્વાસોચ્છશ્વાસનો નિરોધ કરે છે અને પાંચ હ્રસ્વ અક્ષરો (અ, ઇ, ઉ, ઋ, લૃ) ના ઉચ્ચારણ કાળ જેટલો સમય વ્યતીત થાય તેટલા સમયમાં 'સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ' નામના શુક્લ ધ્યાનના ચોથા ચરણમાં લીન થયેલા કેવળી ભગવંત વેદનીય, આયુષ્ય નામ અને ગોત્ર એ ચાર કર્મોનો એક સાથે ક્ષય કરે છે.

૭૩) **મુક્ત જીવનું લોકાગ્રે ગમનઃ**

વેદનીયાદિ કર્મોના ક્ષય થયા પછી આત્મા ઔદારિક, તેજસ અને કાર્મણ આ ત્રણે શરીરનો સર્વથા પરિત્યાગ કરે છે. સંપૂર્ણ રૂપે શરીરથી રહિત થઇ, આકાશ પ્રદેશોને સ્પર્શ કર્યા વિના એક સમયની ઉર્ધ્વ, અવિગ્રહ ગતિથી સીધો લોકાગ્રમાં જઇને સાકારોપયોગમાં શાશ્વત કાળ પર્યંત સ્થિત થઇ જાય છે.

**જીવની ઉર્ધ્વ ગતિના કારણોઃ**

૧) નિસંગતાઃ ઘાસ અને માટી જન્ય લેપ દૂર થતાં તુંબડું પાણીની ઉપર આવે છે, તેમ કર્મનો સંગ દૂર થતાં જીવની ઉર્ધ્વ ગતિ થાય છે.

૨) નિરાગતાઃ લેપ રહિત તુંબડાની જેમ રાગ રહિત જીવની પણ ઉર્ધ્વ ગતિ થાય છે.

૩) ગતિ પરિણામઃ જળની સપાટી પર તરવાના સ્વભાવવાળું તુંબડું સ્વભાવથી જ ઉર્ધ્વ ગતિ કરી જળ સપાટી પર આવી જાય છે. તે જ રીતે જીવ કર્મ રહિત થતાં ઉર્ધ્વગમનના સ્વભાવથી જ લોકાગ્રે પહોંચી જાય છે.

૪) બંધચ્છેદઃ વટાણા આદિની શીંગ અથવા એરંડબીજની જેમ કર્મનો વિચ્છેદ થતાં જીવની ઉર્ધ્વગતિ થાય છે.

૫) નિરિન્ધનતાઃ ઇન્ધન રહિત ધૂમની ઉર્ધ્વ ગતિની જેમ કર્મ અને શરીર રહિત જીવની ઉર્ધ્વ ગતિ થાય છે.

૬) પૂર્વ પ્રયોગઃ અનાદિ કાળથી કર્મ અને શરીરના સંયોગથી જીવનું ગમન થતું રહ્યું છે. કર્મ અને શરીરથી મુક્ત થવા છતાં પૂર્વ પ્રયોગથી જીવની ગતિ થાય છે.

જેમ કુંભારનો ચાક દંડ હટાવી લીધા પછી પણ થોડી વાર ફર્યા કરે છે, તેમ જીવ પણ મુક્ત થયા પછી પૂર્વ પ્રયત્નથી જ એક સમય માટે ઉર્ધ્વગતિ કરે છે. શુદ્ધ આત્મામાં ગતિ કરવાનો સ્વભાવ નથી તેથી લોકાગ્રે પહોંચી સ્થિર થઇ જાય છે.

**ઉપસંહારઃ**

સુધર્મા સ્વામી પોતાના શિષ્ય જંબુસ્વામીને કહે છે, હે આયુષ્યમાન જંબુ! આ સમ્યક્ પરાક્રમ નામના અધ્યયનનો અર્થ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સામાન્ય રૂપે, વિશેષ રૂપે સમજાવ્યો છે. તેના સ્વરૂપનું વર્ણન, અનેક ભેદોનું દિગ્દર્શન દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે.

**(ઓગણત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

### ત્રીસમું અધ્યયન

# તપોમાર્ગ ગતિ

**સંવર અને નિર્જરા માર્ગઃ**

રાગદ્વેષથી ઉત્પન્ન થયેલા પાપ કર્મોનો ભિક્ષુ જે તપ દ્વારા ક્ષય કરે છે, તે તમે એકાગ્ર ચિત્તે સાંભળોઃ

હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિ ભોજનની વિરતિથી જીવ આશ્રવ રહિત બને છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત, ચાર કષાય રહિત, જિતેન્દ્રિય, ત્રણ ગર્વથી રહિત તથા ત્રણ શલ્ય રહિત જીવ અનાશ્રવી થાય છે.

જે રીતે કોઇ મોટા તળાવમાં પાણીનો પ્રવાહ આવતો રોકાઇ જાય, જુનું પાણી ઉકેલાઇ જાય અને સૂર્યના તાપથી તે તળાવનું પાણી કાળક્રમે સૂકાઇ જાય; તેવી જ રીતે સંયમી જીવોને પાપકર્મ આવવાનો માર્ગ બંધ થઇ જવાથી કરોડો ભવોના સંચિત થયેલા કર્મોની તપ દ્વારા નિર્જરા થાય છે.

**તપના પ્રકારઃ**

તપના બે પ્રકાર છેઃ બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે અને આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.

બાહ્ય તપના પ્રકારઃ

૧) અનશન ૨) ઊણોદરી ૩) ભિક્ષાચર્યા અથવા વૃત્તિ સંક્ષેપ ૪) રસ પરિત્યાગ ૫) કાયાક્લેશ ૬) સંલીનતા.

૧) અનશનઃ ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો, ૨) ઉણોદરીઃ ભૂખ કરતાં ઓછું ભોજન કરવું, ૩) વૃત્તિસંક્ષેપઃ અભિગ્રહ યુક્ત ગોચરી કરવી, વૃત્તિઓને સંકોરવી, ૪) રસ પરિત્યાગઃ ઘી, તેલ, દૂધ, દહીં આદિ વિગય અને

મહાવિગયોનો તથા ગરિષ્ટ પદાર્થોનો ત્યાગ કરવો, ૫) કાયાક્લેશઃ શરીરને કષ્ટ આપવું, લોચ કરવો, ખુલ્લા પગે ચાલવું, આતાપના લેવી, કઠિન આસન કરવા વગેરે, ૬) સંલીનતાઃ ઇન્દ્રિય, કષાય અને યોગોનું ગોપન કરવું તેમજ એકાંત સ્થાનમાં નિવાસ કરવો, તે પતિસંલીનતા તપ છે.

જે તપ મુખ્યત્વે શરીરથી સંબંધિત હોય, જેમાં શરીર દ્વારા ભોગવી શકાય તેવા બાહ્ય દ્રવ્યોનો આંશિક કે સર્વાંશે ત્યાગ થતો હોય, જેનો પ્રભાવ સીધો શરીર ઉપર પડતો હોય, જેને લોકો જાણી અને જોઈ શકતા હોય, તેને બાહ્ય તપ કહે છે.

**બાહ્ય તપ - ૧) અનશનઃ**

અનશન તપના બે પ્રકાર છે – ૧) ઇત્વરિક ૨) જીવન પર્યંતનું અનશન. ઇત્વરિક અનશન આકાંક્ષા અને મર્યાદા સહિત હોય છે. જીવન પર્યંતનું અનશનઆકાંક્ષા અને મર્યાદા રહિત હોય છે.

ઇત્વરિક તપના છ પ્રકાર છે – ૧) શ્રેણીતપ ૨) પ્રતર તપ ૩) ઘન તપ ૪) વર્ગ તપ ૫) વર્ગ–વર્ગ તપ અને ૬) ઇચ્છા પ્રમાણે અનેક પ્રકારનું પ્રકીર્ણ તપ.

જીવન કાળમાં વિવિધ પ્રકારના તપનું આચરણ કરનાર સાધક મરણ સમયે સંલેખના – સંથારાની આરાધના સમાધિપૂર્વક કરી શકે છે.

મરણ કાલિક અનશન તપઃ મરણ કાલિક અનશન તપ કાયચેષ્ટાને આધારે પડખુ બદલવું વગેરે ક્રિયા સહિત અને ઉક્ત ક્રિયા રહિત એમ બે પ્રકારનું છે. અથવા, મરણકાલિક અનશનના સપરિકર્મ અને અપરિકર્મ એમ બે ભેદ છે. તથા નિર્હારીમ અને અનિર્હારીમ એમ બે ભેદ પણ થાય છે. બન્નેમાં આહારનો ત્યાગ હોય છે.

મરણ કાલિક અનશનને વ્યવહાર ભાષામાં સંથારો અથવા પંડિત મરણ પણ કહે છે. તેના ત્રણ ભેદ છે – ૧) ભકત પ્રત્યાખ્યાન ૨) ઇંગિત મરણ ૩) પાદપોપગમન મરણ.

૧) ભક્ત પ્રત્યાખ્યાનઃ તેમાં ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવાનો હોય છે. શરીરના હલન ચલનની અને બીજાની સેવા લેવાની છૂટ હોય છે.

૨) ઇંગિત મરણઃ તેમાં ચાર પ્રકારના આહારનો ત્યાગ અને હાથ–પગની ચેષ્ટા દ્વારા અન્યને સંકેત કરવાની છૂટ હોય છે. પરંતુ બીજા પાસેથી સેવા લઈ શકાતી નથી.

૩) પાદપોપગમન મરણઃ તેમાં ચાર પ્રકારના આહારનો ત્યાગ અને વૃક્ષની કાપેલી ડાળીની જેમ સાધક હલન ચલન કર્યા વગર સ્થિર રહે છે. જે સ્થિતિમાં પાદપોપગમન મરણનો સ્વીકાર કરે તે જ સ્થિતિમાં મૃત્યુ પર્યંત રહે છે.

ભક્ત પ્રત્યાખ્યાન અને ઇંગિત મરણ સપરિકર્મ છે. પાદપોપગમન મરણ અપરિકર્મ છે.

અનશન સ્વીકારનાર સાધુના મૃત્યુ પછી ગામની બહાર તેના દેહની અંતિમ વિધિ થાય તેને નિર્હારિમ કહે છે અને જે અનશનમાં મૃતદેહની અંતિમ સંસ્કાર વિધિ થતી નથી પરંતુ ત્યાં જ વ્યુત્સર્જન કરવામાં આવે છે, તે અનિર્હારિમ અનશન છે.

**બાહ્ય તપ - ૨)ઊણોદરીઃ**

ઊણોદરી તપના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પર્યાયની અપેક્ષાએ સંક્ષેપમાં પાંચ પ્રકાર છે.

જેનો જેટલો આહાર હોય તેનાથી યથા શક્તિ ઓછું ખાવું તે દ્રવ્ય ઊણોદરી છે. એક કે બે કવલ ઓછા ખાય તો પણ ઊણોદરી તપ થાય છે.

ક્ષેત્ર સંબંધી સીમા કરવી તે ક્ષેત્ર ઊણોદરી છે. ગોચરીને યોગ્ય ગામ, નગર આદિ સંબંધી ક્ષેત્ર વિભાગની (શેરી આદિની) મર્યાદા નિશ્ચિત કરીને, જે આહાર પ્રાપ્ત થાય તે આહાર ગ્રહણ કરવો તે ક્ષેત્ર ઊણોદરી છે.

ક્ષેત્રની મર્યાદા અને ક્ષેત્રના વિવિધ આકારની કલ્પના કરીને ભિક્ષાચર્યાના છ ભેદો છે.

૧) पेडाः પેટીના આકારની જેમ ગોચરીના ક્ષેત્રની કલ્પના કરીને, ચતુષ્કોણ પંક્તિમાં આવતા ઘરોમાં ગોચરી કરવી તેને પેડા ગોચરી કહે છે.

૨) अद्धपेडाः પેટી આકાર વાળા ક્ષેત્રના બે સમવિભાગ કરી, એક વિભાગના ઘરોમાંથી ગોચરી લેવી; તેને અદ્ધપેડા ગોચરી કહે છે.

૩) गोमुत्तियाः ગાડીમાં જોડાઇને ચાલતા બળદના જમીન પર પડતા મૂત્રનો જે આકાર થાય, એ રીતે ગોચરીને ગોમૂત્રિકા ગોચરી કહે છે.

૪) पयंगवीहियाः પતંગવીથિકા – પતંગિયુ જેમ આડી–અવળી, ઉપર–નીચે ગમે તેમ ગતિ કરે, તેમ આડા અવળા ઘરોમાંથી ગોચરી કરવી, તેને પતંગવીથિકા ગોચરી કહે છે.

૫) संबुक्कावट्टा गंतुं पच्चागयाः શંખની જેમ વર્તુળાકારે રહેલા ઘરોમાંથી ગૌચરી લેવી તેને ગંતું શંખાવર્ત ગોચરી અને મહોલ્લાના બહારના ભાગથી અંદરના ભાગ તરફ વર્તુળાકારે પાછા ફરતાં ગોચરી કરે તે પ્રત્યાગતા શંખાવર્તા ગોચરી કહે છે.

૬) आयया गंतु पच्चागयाः એક પંક્તિમાં જેટલા ઘરો હોય, તે પંક્તિબદ્ધ ઘરોમાં ગોચરી કરતાં જાય તેને આયતાગંતું ગોચરી કહે છે.

આમ છ પ્રકારે ક્ષેત્ર સંબંધી અભિગ્રહ ધારણ કરીને ગોચરી કરવી, તે ક્ષેત્ર ઊણોદરી તપ છે.

**કાળ ઊણોદરીઃ** દિવસના ચાર પ્રહરમાંથી જે પ્રહરમાં જેટલો કાળ ગોચરી લેવાના અભિગ્રહ રૂપે નિયત કર્યો હોય, તે નિયત સમયમાં જ ભિક્ષા માટે જવું, તેને કાળ ઊણોદારી તપ કહે છે.

અથવા તૃતીય પ્રહરમાં જ અમુક ભાગ ન્યૂન કે ચોથા પ્રહરમાં અમુક ભાગ ન્યૂન તેમ કોઇ પણ અભિગ્રહપૂર્વક ત્રીજા પ્રહરે ગોચરી કરવી, તે પણ કાળ ઊણોદરી તપ છે.

**ભાવ ઊણોદરીઃ** ભાવની પ્રધાનતાથી અભિગ્રહ કરવો, તે ભાવ ઊણોદરી

તપ છે. જેમ કેઃ ૧) સ્ત્રીના હાથે ભિક્ષા લેવી, ૨) પુરુષના હાથે ભિક્ષા લેવી, ૩) અમુક આભૂષણો પહેરેલી વ્યક્તિના હાથે ભિક્ષા લેવી, ૪) અમુક આભૂષણો વિનાની વ્યક્તિના હાથે ભિક્ષા લેવી, વગેરે.

**પર્યવ ઊણોદરીઃ** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તે ચારેયની અપેક્ષાએ એકી સાથે મુનિ અભિગ્રહ કરે તો તે પર્યવચરક થાય છે. તે પર્યવ ઊણોદરી તપ છે.

શરીરની આસક્તિ ઘટાડવા, ઈચ્છાઓ સીમિત કરવા માટે વિવિધ અભિગ્રહ યુક્ત ઊણોદરી તપ એક શ્રેષ્ઠ સાધન છે. આહારની ઊણોદરીથી અલ્પ નિદ્રા, ઈન્દ્રિય વિજય, સંયમ, સ્વાસ્થ્ય–રક્ષણ તેમજ સમાધિ ભાવ વગેરે અનેક લાભ થાય છે.

**બાહ્યતપ - ૩) ભિક્ષાચર્યા અથવા વૃત્તિસંક્ષેપઃ**

આઠ પ્રકારની ગોચરી, સાત પ્રકારની એષણા અને બીજા પણ અનેક પ્રકારના અભિગ્રહો છે, તેને ભિક્ષાચર્યા તપ કહે છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં ભિક્ષાચર્યા તપના સ્થાને વૃત્તિસંક્ષેપ નામનો ઉલ્લેખ છે. સામાન્ય રીતે સંયમી જીવનના નિર્વાહાર્થે કરાતી ગોચરીની વિધિમાં દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી કોઈ પણ અભિગ્રહ ધારણ કરીને આહાર વૃત્તિને સંક્ષિપ્ત કરવી, તે વૃત્તિસંક્ષેપ તપ છે. આ રીતે ભિક્ષાચર્યા અને વૃત્તિ સંક્ષેપ તપનો ભાવ એક સમાન છે.

**બાહ્ય તપ - ૪) રસ પરિત્યાગઃ**

દૂધ, દહીં, ઘી વગેરે વિગયો તેમજ ઘી, તેલાદિથી તરબોળ ખાદ્ય પદાર્થો તેમજ રસવંતા સ્વાદિષ્ટ પદાર્થોનો ત્યાગ કરવો, તેને 'રસ પરિત્યાગ' તપ કહ્યું છે.

વિગય ત્યાગ અને ષટ્રસ યુક્ત ભોજનનો ત્યાગ કરીને ખાદ્ય પદાર્થોની મર્યાદા કરવી, નીવી અને આયંબિત તપ કરવા, તે સર્વે રસ પરિત્યાગ તપ છે.

**બાહ્ય તપ - ૫) કાય ક્લેશઃ**

શરીરનું મમત્વ છોડી નિર્જરાના લક્ષે કષ્ટ સહન કરવાની સાધનાને કાયક્લેશ તપ કહે છે. કેશલુંચન, પાદવિહાર, આતાપના, વીરાસન વગેરે કાયક્લેશ તપ છે.

તે સાધનામાં અનુભવાતા કષ્ટને સાધક સમભાવપૂર્વક સહન કરે છે તેથી સાધક અપ્રમત્ત બને છે. પ્રત્યક્ષ કષ્ટપ્રદ દેખાતી સાધના આત્માની અપેક્ષાએ સુખાકારી છે.

**બાહ્યતપ - ૬) પ્રતિસંલીનતા તપઃ**

દ્રવ્ય અને ભાવથી આત્માને નિયંત્રિત રાખવો, તે પ્રતિસંલીનતા તપ છે. તેના ચાર પ્રકાર છેઃ

૧) ઇન્દ્રિય પ્રતિસંલીનતાઃ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો. પાંચે ય ઇન્દ્રિયોને તેના વિષયો તરફ આકર્ષિત ન થવા દેવી પરંતુ તેને વશમાં રાખવી.

૨) કષાય પ્રતિસંલીનતાઃ પ્રસંગ ઉપસ્થિત થતાં ક્રોધ આદિ કષાયો ન કરવા, તેના ઉદયને જ્ઞાન અને વૈરાગ્યના બળપૂર્વક નિષ્ફળ કરી દેવો.

૩) યોગ પ્રતિસંલીનતાઃ મન, વચન, કાયાના યોગોની અનાવશ્યક પ્રવૃત્તિઓ ઘટાડવી.

૪) વિવિક્ત શયનાસનતાઃ સ્ત્રી, પશુ, નપુંસકથી રહિત સ્થાનમાં વસવાટ કરવો તે. આ તપથી ચિત્તની એકાગ્રતા, આત્મ શાંતિ, ધ્યાન સિદ્ધિ વગેરે લાભ થાય છે.

**આભ્યંતર તપ -૧) પ્રાયશ્ચિતઃ**

સાધનામાં સાવધાન રહેવા છતાં કેટલાક દોષોનું સેવન થઇ જાય, પોતાના અપરાધનું નિરાકરણ કરવા માટે મુનિ જે અનુષ્ઠાન કરે, પ્રમાદજન્ય દોષોનો પરિહાર કરવો તે પ્રાયશ્ચિત તપ છે. તેના દસ પ્રકાર છે.

૧) આલોચનાઃ જે દોષોની શુદ્ધિ ગુરુ સમક્ષ આલોચના કરવા માત્રથી થઇ જાય.

૨) પ્રતિક્રમણઃ પશ્ચાતાપ પૂર્વક પાપોનો સ્વીકાર કરવો.

૩) તદુભયાઃ જે દોષોની આલોચના અને પ્રતિક્રમણ બન્નેથી થાય.

૪) વિવેકઃ જે દોષોની શુદ્ધિ વિવેકથી થાય.

૫) વ્યુત્સર્ગઃ જે દોષોની શુદ્ધિ એકાગ્રતા પૂર્વક શરીર અને વચનના વ્યાપારોનો ત્યાગ કરી કાયોત્સર્ગ કરવામાં આવે તે.

૬) તપઃ જે દોષોની શુદ્ધિ માટે ઉપવાસ વગેરે તપ પ્રાયશ્ચિત દેવામાં આવે.

૭) છેદઃ જે દોષોની શુદ્ધિ માટે જઘન્ય એક દિવસ ઉત્કૃષ્ટ છ માસની દીક્ષા પર્યાયનો છેદ કરવામાં આવે તે.

૮) મૂલઃ જે દોષોની શુદ્ધિ માટે મૂલતઃ દીક્ષા પર્યાયનો છેદ કરીને મહાવ્રતોના આરોપણ રૂપે નવી દીક્ષા આપવામાં આવે.

૯) અનવસ્થાપનઃ જે દોષોની શુદ્ધિ માટે જઘન્ય છ માસ, ઉત્કૃષ્ટ એક વર્ષની તપસ્યા કરાવ્યા બાદ ગૃહસ્થ પ્રવેશ કરાવી પુનઃ નવી દીક્ષા આપવામાં આવે.

૧૦) પારાંચિકઃ આ પ્રાયશ્ચિત નવમા પ્રાયશ્ચિત સમાન છે પરંતુ તેમાં જઘન્ય છ માસ અને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ હોય છે.

**આભ્યંતર તપ - ૨) વિનયઃ**

ગુરુ, આચાર્ય, રત્નાધિક કે ગુણીજનોનો આદર કરવો, ભક્તિભાવ પ્રગટ કરવો કે ભાવપૂર્વક સેવા–શુશ્રૂષા કરવી તે વિનય તપ. વિનય અહંકારનો નાશ કરે છે અને નમ્રતા વગેરે આત્મગુણોની પ્રાપ્તિ કરાવી આત્મશુદ્ધિ કરાવે છે.

**આભ્યંતર તપ - ૩) વૈયાવૃત્યઃ**

વૈયાવૃત્યના દસ પ્રકાર છેઃ ૧) આચાર્ય વૈયાવૃત્ય ૨) ઉપાધ્યાય વૈયાવૃત્ય

૩) તપસ્વી વૈયાવૃત્ય ૪) સ્થવિર વૈયાવૃત્ય ૫) ગ્લાન (બિમાર) વૈયાવૃત્ય ૬) શૈક્ષ (નવદીક્ષિત) વૈયાવૃત્ય ૭) કૂળ વૈયાવૃત્ય ૮) ગણ (એક આચાર્યનો સમુદાય) વૈયાવૃત્ય ૯) સંઘ વૈયાવૃત્ય ૧૦) સાધર્મિક વૈયાવૃત્ય.

વૈયાવચ્ચ મહાન તપ છે. વૈયાવચ્ચને કારણે સાધકને અનેક ગુણોની ઉપલબ્ધિ થાય છે.

**આભ્યંતર તપ - ૪) સ્વાધ્યાયઃ**

સ્વનું અધ્યયન કરવું તે સ્વાધ્યાય. જિન પ્રણીત શાસ્ત્રોનું અધ્યયન કરવું, તે સ્વાધ્યાય.

સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે – ૧) વાચનાઃ શાસ્ત્રપાઠ સ્વયં વાંચવા અથવા યોગ્ય વ્યક્તિને શાસ્ત્ર પાઠની વાચના દેવી. ૨) પૃચ્છનાઃ શાસ્ત્ર પાઠ અંગે કોઇ જિજ્ઞાસા ઉત્પન્ન થાય ત્યારે ગુર્વાદિકને પ્રશ્ન પૂછીને સમાધાન પ્રાપ્ત કરવું. ૩) પરિવર્તનાઃ વાંચેલા શાસ્ત્રોનું વારંવાર પુનરાવર્તન કરવું. ૪) અનુપ્રેક્ષાઃ ભણેલા શાસ્ત્ર પાઠનો વિશેષાર્થ સમજવા માટે ચિંતન–મનન કરવું. ૫) ધર્મકથાઃ વાંચેલા શાસ્ત્રોના આધારે લોકોપભોગ્ય સરળ ભાષામાં ધર્મોપદેશ કરવો.

સ્વાધ્યાયથી શ્રદ્ધા, વૈરાગ્ય, શ્રુત સંપન્નતા, બહુશ્રુતતા, ચિત્તની એકાગ્રતા વગેરે અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે. સ્વાધ્યાય આભ્યંતર તપ હોવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે અને અંતે સાધક સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન પામે છે.

**આભ્યંતર તપ - ૫) ધ્યાનઃ**

૧) જેના દ્વારા વસ્તુનું ચિંતન કરાય તે ધ્યાન ૨) ચંચળ ચેતના તે ચિત્ત અને સ્થિર ચેતના તે ધ્યાન ૩) મન, વચન, કાયાની સ્થિરતા તે ધ્યાન. મોક્ષની સાધનામાં સહાયક તત્ત્વોમાં એકાગ્ર–તલ્લીન બનવું તે ધ્યાન તપ.

ધ્યાનના ચાર પ્રકાર છેઃ આર્ત ધ્યાન, રૌદ્ર ધ્યાન, ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન. અહીં આર્ત ધ્યાન, રૌદ્ર ધ્યાનની વિચારણા પ્રસ્તુત નથી કારણ બન્ને

ધ્યાન અશુભ કર્મબંધના હેતુ હોવાથી 'તપ'માં તેનો સમાવેશ નથી.

ધર્મધ્યાનઃ તેના ચાર ભેદ છે – ૧) આજ્ઞાવિચયઃ સાધુ અને શ્રાવકો માટે જિનેશ્વરની શું આજ્ઞા છે તેનો વિચાર કરવો. ૨) અપાય વિચયઃ ચાર ગતિરૂપ સંસાર પરિભ્રમણના દુઃખો અને દુઃખના કારણો દૂર કરવાનો વિચાર કરવો. ૩) વિપાક વિચયઃ વર્તમાને અનુભવાતી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ પોતાના જ કર્મોનું ફળ છે, તેનો વિચાર કરવો. ૪) સંસ્થાન વિચયઃ જીવના પરિભ્રમણના સ્થાન રૂપ ચૌદ રાજલોકના સંસ્થાન અંગે વિચાર કરવો.

આ ચાર પ્રકારના ધર્મધ્યાન દ્વારા ધર્મ તત્ત્વોનું ચિંતન કરતાં આત્મામાં સંવેગ અને નિર્વેદ ભાવોની વૃદ્ધિ થાય છે.

શુક્લ ધ્યાનઃ ધર્મધ્યાનની એકાગ્રતા અને શુદ્ધિની વૃદ્ધિ થતાં સાધક સાતમા અપ્રમત્ત ગુણસ્થાનની પરિણામ દશાને પાર કરી આઠમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે, ત્યારે શુક્લ ધ્યાનને પામે છે.

અપ્રમત્ત સંયત જીવો મોહનીય કર્મનું ઉપશમન અથવા ક્ષય કરવા ઉદ્યત થાય અને પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધિથી પ્રવર્ધમાન પરિણામવાળો બને ત્યારે તે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે; ત્યાં શુક્લ ધ્યાનનો પ્રારંભ થાય છે. શુક્લ ધ્યાનના ચાર ભેદ છેઃ

૧) પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લ ધ્યાન ૨) એકત્વ વિતર્ક અવિચાર શુક્લ ધ્યાન ૩) સુક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ શુક્લ ધ્યાન ૪) સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ શુક્લ ધ્યાન.

ધર્મધ્યાનથી આત્માની બહિર્મુખી ચિતવૃત્તિ અંતર્મુખી બને છે અને શુક્લ ધ્યાનથી આત્મા સ્વભાવમાં સ્થિત થતો જાય છે, તેથી કર્મબંધ અટકી જાય અને પૂર્વકૃત કર્મોની નિર્જરા થાય છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે.

**આભ્યંતર તપ - ૬) વ્યુત્સર્ગ તપઃ**

સૂતા–સૂતા, બેઠા–બેઠા કે ઊભા–ઊભા કોઈ પણ અવસ્થામાં મુનિ શરીરનું

હલન ચલન બંધ કરી દે, તેને શરીર વ્યુત્સર્ગ કહે છે. તેના બે ભેદ છેઃ ૧) દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવ વ્યુત્સર્ગ. દ્રવ્ય વ્યુત્સર્ગના ચાર પ્રકાર છેઃ

૧) શરીર વ્યુત્સર્ગઃ શરીરના મમત્વ ત્યાગ પૂર્વક શરીરની સ્થિરતા. કાયોત્સર્ગ એ શરીર વ્યુત્સર્ગ છે.

૨) ગણ વ્યુત્સર્ગઃ વિશિષ્ટ સાધનાને માટે ગણનો ત્યાગ અને એકાકી વિચરણ.

૩) ઉપધિ વ્યુત્સર્ગઃ વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણોનો ત્યાગ

૪) ભક્ત–પાન વ્યુત્સર્ગઃ આહાર–પાણીનો ત્યાગ.

ભાવ વ્યુત્સર્ગના ત્રણ પ્રકાર છેઃ

૧) કષાય વ્યુત્સર્ગઃ કષાયોનો ત્યાગ.

૨) સંસાર વ્યુત્સર્ગઃ સંસાર પરિભ્રમણના કારણોનો ત્યાગ

૩) કર્મ વ્યુત્સર્ગઃ કર્મ પુદ્ગલોનું વિસર્જન.

તપાચરણનું પરિણામઃ

આ પ્રમાણે જે મુનિ બન્ને પ્રકારના તપનું સમ્યક્ પ્રકારે આચરણ કરે છે, તે પંડિત સાધુ સમસ્ત સંસારથી, સમસ્ત કર્મોથી મુક્ત થઈ જાય છે.

જ્ઞાન, દર્શન, ચારિત્રની જેમ તપ પણ મોક્ષમાર્ગ છે. વસ્તુતઃ તે ચારિત્રનું જ એક અંગ છે. તપ એ દિવ્ય રસાયણ છે, આત્માને યૌગિક ભાવોને દૂર કરી અયોગી સ્વરૂપમાં સ્થિત કરે છે. અનાદિ કાળથી આત્માને શરીર સાથે ગાઢ સંબંધ રહ્યો છે. તે સંબંધ તૂટી શરીરની મૂર્છા છૂટે તો જ આત્મા સંયમમાં સ્થિર રહી શકે. તપ એ શરીરની મુર્ચ્છા તોડવા માટે એક અમોઘ ઉપાય છે.

**(ત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

## એકત્રીસમું અધ્યયન

# ચરણ વિધિ

ચરણ વિધિ અર્થાત્ ચારિત્ર વિધિ, ચારિત્રનું અનુષ્ઠાન. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ મોક્ષ માર્ગ છે. જ્ઞાનથી જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે, દર્શનથી તેના પર શ્રદ્ધા દઢ થાય છે પરંતુ કર્મોના આશ્રવને રોકવા અને પૂર્વકૃત કર્મોનો ક્ષય કરવા, ચારિત્ર અને તપની અનિવાર્યતા છે.

**બે બોલઃ** પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવનારા રાગ અને દ્વેષ; તે બે પાપ છે. જે મુનિ તેનો નિરોધ કરે છે, તે સંસાર પરિભ્રમણ કરતો નથી

**ત્રણ બોલઃ** જે મુનિ ત્રણ દંડ– મનદંડ, વચન દંડ, કાય દંડ; ત્રણ ગારવ – ઋદ્ધિ ગારવ, રસ ગારવ, શાતા ગારવ; ત્રણ શલ્ય– માયા શલ્ય, નિદાન શલ્ય, મિથ્યાદર્શન શલ્ય – નો ત્યાગ કરે છે અને મનુષ્ય, દેવ, તિર્યંચ સબંધી ઊપસર્ગો સહન કરે છે, તે સંસાર સાગર પાર કરી જાય છે.

**ચાર બોલઃ** જે સાધક ચાર વિકથાઓ – સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા અને રાજ કથા; ચાર કષાયો – ક્રોધ, માન, માયા, લોભ; ચાર સંજ્ઞાઓ – આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા; અને આર્તધ્યાન તથા રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરે છે, તેનું ભવભ્રમણ નષ્ટ થઇ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પાંચ બોલઃ** પંચ મહાવ્રત – અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ; પાંચ સમિતિઓ – ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન–નિક્ષેપ સમિતિ, પરિષ્ઠાપનિકા સમિતિ; પાંચ ઇન્દ્રિયોના વિષયો – શબ્દ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ; પાંચ પ્રકારની ક્રિયાઓ – કાયિકી, અધિકરણકી, પ્રાદ્વેષિકી, પરિતાપનિકી, પ્રાણાતિપાતિકી આદિ ક્રિયાઓ.

જે ભિક્ષુ પાંચ મહાવ્રત, પાંચ સમિતિના પાલનમાં અને પાંચ ઇન્દ્રિયોના

વિષયો અને પાંચ ક્રિયાઓના ત્યાગમાં સદા પ્રયત્નશીલ રહે છે, તે સિદ્ધ પદને પામે છે.

**છ બોલઃ** છ લેશ્યાઓ – કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા. છકાય જીવો – પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. જે મુનિ આ છ લેશ્યાઓ અને છકાય જીવો પ્રત્યે વિવેકબુદ્ધિ રાખીને, સારાસારનો વિચાર કરીને આચરણ કરે છે, તે બુદ્ધ બની જાય છે.

ઉપરાંત આહાર કરવાના અને આહાર ત્યાગના છ કારણો જે પ્રસ્તુત સૂત્રના છવ્વીસ અધ્યયનમાં બતાવેલ છે, તે પ્રમાણે આચરણ કરે અને ઉપયોગ રાખે, તો સંસાર ભ્રમણ અટકી જાય છે.

**સાત બોલઃ** સાત પિંડૈષણા અને સાત અવગ્રહ પડિમાઓનું યથાશક્ય સેવન અને સાત ભયનો ત્યાગ જે મુનિ કરે છે, તે અવશ્ય સિદ્ધ ગતિને પામે છે.

**આઠમો, નવમો, દસમો બોલઃ** જે ભિક્ષુ આઠ મદ સ્થાનોના ત્યાગમાં, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓના પાલનમાં અને દસ પ્રકારના ભિક્ષુ ધર્મનું આચરણ કરવામાં સદા સાવધાની રાખે છે, પ્રયત્નશીલ રહે છે, તે સંસાર પરિભ્રમણ કરતો નથી.

આઠ મદઃ ૧) મતિ મદ ૨) કૂળ મદ ૩) બળ મદ ૪) રૂપ મદ ૫) તપ મદ ૬) શ્રુત મદ ૭) લાભ મદ ૮) ઐશ્વર્ય મદ.

બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓઃ ૧) સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનમાં રહેવું. ૨) સ્ત્રી સંબંધી કથા વાર્તા કરવી નહિં ૩) સ્ત્રી જે આસન પર બેઠી હોય, તે આસન પર અમુક સમય સુધી બેસવું નહિં. ૪) સ્ત્રીઓના અંગોપાંગને એકીટશે જોવા નહીં. ૫) સ્ત્રી–પુરુષના કામાત્મક શબ્દનું શ્રવણ થતું હોય ત્યાં રહેવું નહિં. ૬) પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું નહિં. ૭) સદા ગરિષ્ઠ ભોજન કરવું નહિં. ૮) અતિ માત્રામાં ભોજન કરવું નહિં. ૯) શરીરની સજાવટ કરવી નહિં.

**અગિયારમો, બારમો બોલઃ** શ્રમણોપાસકોની અગિયાર પડિમાના નિરૂપણમાં અને ભિક્ષુની બાર પડિમાના પાલનમાં જે મુનિ સદા ઉપયોગ રાખે છે, તે કર્મોથી મુક્ત થઇ જાય છે.

પડિમા એટલે સાધક દ્વારા સ્વીકારવામાં આવતી વિશિષ્ટ પ્રતિજ્ઞા. આ અગિયાર અને બાર પડિમાઓ સાધકે શક્તિ ગોપવ્યા વગર શ્રદ્ધાપૂર્વક આચરવી.

**તેરમો, ચૌદમો, પંદરમો બોલઃ** જતેર પ્રકારના ક્રિયાસ્થાનોમાં, જીવનના ચૌદ ભેદોમાં તથા પંદર પરમાધાર્મિક દેવોના વિષયમાં જે સાધક હંમેશાં જતના–વિવેક રાખે છે તે સંસાર ભ્રમણ કરતો નથી.

**સોળમો, સત્તરમો બોલઃ** જે ભિક્ષુ સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનોમાં કથિતભાવો પ્રમાણે જીવનમાં અનુષ્ઠાન કરે અને સત્તર પ્રકારના સંયોગમાં ઉપયોગ રાખે છે, તે સંસાર સાગર પાર કરી જાય છે.

**અઢારમો, ઓગણીસમો, વીસમો બોલઃ** અઢાર પ્રકારના બ્રહ્મચર્યના સંબંધમાં, જ્ઞાતાસૂત્રના ઓગણીસ અધ્યયનોના વિષયમાં અને વીસ સમાધિ સ્થાનોમાં જે મુનિ સદા ઉપયોગ રાખે છે, તે સર્વ કર્મનો ક્ષય કરે છે.

**એકવીસમો અને બાવીસમો બોલઃ** એકવીસ સબલ દોષો પ્રત્યે અને બાવીસ પરીષહોમાં જે મુનિ સાવધાની રાખે છે, તેનું સંસાર પરિભ્રમણ સમાપ્ત થઇ જાય છે.

**ત્રેવીસમો અને ચોવીસમો બોલઃ** સૂયગડાંગ સૂત્રના ત્રેવીસ અધ્યયન અને ચોવીસ દેવોના વિષયમાં જે સાધક ઉપયોગ રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**પચ્ચીસમો અને છવ્વીસમો બોલઃ** પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ તથા દશાશ્રુત સ્કંધ સૂત્રના દસ અધ્યયનો, બૃહત્કલ્પના છ અધ્યયનો અને વ્યવહાર સૂત્રના દસ અધ્યયનો મળીને કુલ છવ્વીસ અધ્યયનના વિષયમાં જે મુનિ સાવધાની રાખે છે, તે સંસાર સાગર પસાર કરી જાય છે. આ ત્રણેય સૂત્રોમાં

સાધુ જીવનના આચાર વ્યવહારની ચર્ચા છે. સાધુએ આ ૨૬ ઉદ્દેશકો અનુસાર આચાર, વ્યવહાર અને આત્મશુદ્ધિનું આચરણ કરવું આવશ્યક છે.

**સત્તાવીસમો અને અઠ્ઠાવીસમો બોલઃ** ૨૭ પ્રકારના અણગાર ગુણોમાં અને આચાર પ્રકલ્પ એટલે આચારાંગ સૂત્ર અને નિશીથ સૂત્રના ૨૮ અધ્યયનોના વિષયમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસાર સમુદ્ર તરી જાય છે.

**ઓગણત્રીસમો અને ત્રીસમો બોલઃ** ઓગણત્રીસ પાપશ્રુત પ્રસંગોમાં અને ત્રીસ મોહસ્થાનોમાં જે સાધક જયણા રાખે છે, તેના કર્મો ક્ષય થાય છે.

**એકત્રીસમો, બત્રીસમો, તેત્રીસમો બોલઃ** સિદ્ધ ભગવાનના ૩૧ ગુણમાં, બત્રીસ યોગ સંગ્રહમાં અને તેત્રીસ અશાતનાઓમાં જે મુનિ સદા ઉપયોગ રાખે છે, તે સંસારના સર્વ બંધનોથી મુક્ત થઇ જાય છે.

આ પ્રકારે ઉપર કહેલા સર્વ સ્થાનોમાં છોડવા યોગ્ય સ્થાનોનો ત્યાગ કરે, જાણવા યોગ્ય સ્થાનોનાં સ્વરૂપને જાણે અને ગ્રહણ કરવા યોગ્ય સ્થાનોને ગ્રહણ કરે; તે પંડિત મુનિ શીઘ્ર પરમપદ પ્રાપ્ત કરે છે.

**(એકત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

## બત્રીસમું અધ્યયન

# પ્રમાદ સ્થાન

**શાશ્વત સુખ પ્રાપ્તિના ઉપાયઃ** જીવ અનાદિકાળથી દુઃખના મૂળ કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને વિષય–કષાયોથી યુક્ત છે. જે કારણોથી કર્મબંધ અને તેના કારણે સંસાર પરિભ્રમણનું સર્જન થાય છે, તે સંસાર ચક્રથી છોડાવનાર એકાન્ત હિતકારી અને પરમ કલ્યાણકારી ઉપાયો આ અધ્યયનમાં પ્રદર્શિત કર્યા છે.

પૂર્ણ જ્ઞાન પ્રગટ થવાથી આત્મા જ્ઞાનના પ્રકાશમાં જગતના સર્વ ભાવોને– તત્ત્વોને યથાર્થ રૂપે જાણે છે. સંસારના વિભિન્ન પદાર્થોમાં હેય, ઉપાદેયતાનો વિવેક પણ જ્ઞાનથી જ થાય છે. તેથી સાધના ક્ષેત્રમાં જ્ઞાનની પ્રધાનતા છે.

અજ્ઞાન એટલે મિથ્યા માન્યતા અને મોહ એટલે અનંતાનુબંધી કષાય; આ બન્નેના વિસર્જનથી સમ્યગ દર્શન પ્રગટે છે અને સાધકનો પુરુષાર્થ આગળ વધે છે.

રાગ અને દ્વેષના ક્ષયથી આત્મા એકાંત સુખસ્વરૂપ મોક્ષ પ્રાપ્ત કરે છે.

ગુરુ મહારાજ અને વૃદ્ધોની સેવા કરવાથી સ્વછંદનો નાશ થાય છે. બાલ (અજ્ઞાની) જીવોનો સંગ છોડી ગુરુની આજ્ઞા પ્રમાણે એકાંત સ્થાનમાં બેસીને અનુપ્રેક્ષા યુક્ત સ્વાધ્યાય કરવાથી જ્ઞાન આદિ ગુણોનો અત્યધિક વિકાસ થાય છે.

**સમાધિ પ્રાપ્તિના ઉપાયઃ** શ્રમણને સંયમ પાલનમાં સદા પ્રસન્નતા રહે, ખિન્નતા પેદા ન થાય અને તેના સંયમ ભાવો ઉત્તરોત્તર પ્રગતિશીલ થતા રહે, તે જ સમાધિ છે.

સમાધિ પ્રાપ્ત કરવાના ત્રણ ઉપાય કહ્યા છેઃ ૧) પરિમિત અને એષણીય– શુદ્ધ નિર્દોષ આહાર ૨) નિપુણ બુદ્ધિશાળી સહાયક ૩) સ્ત્રી આદિથી રહિત

સ્થાન.

આ ત્રણે ઉપાયોના યથાર્થ સુમેળથી સાધક ભાવ સમાધિ પ્રાપ્ત કરી શકે.

**એકલ વિહારઃ**

જો પોતાનાથી વિશેષ ગુણવાળો અથવા સમાન ગુણવાળો નિપુણ સાથી ન મળે તો સાધક પાપાચરણનો ત્યાગ કરતો થકો તથા કામાભોગોમાં અનાસક્ત રહેતો થકો એકલો જ વિચરે.

વ્યવહાર સૂત્ર અનુસાર શ્રમણે ત્રણ વર્ષની દીક્ષા પર્યાય અને ૪૦ વર્ષની ઉંમર પૂર્વે; કોઇ પણ પરિસ્થિતિમાં આચાર્ય કે ઉપાધ્યાયની અધીનતા વિના વિચરણ કરવું કલ્પતું નથી.

સુયગડાંગ સૂત્ર અનુસાર સાધક પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, શરીર–સ્વાસ્થ્ય આદિ રૂપે પોતાની પૂર્ણ સુરક્ષા કરવામાં સમર્થ ન થઇ જાય ત્યાં સુધી પોતાના માળાને નહિં છોડનાર પક્ષીની જેમ ગુરુ સાંનિધ્યનો ક્યારે ય ત્યાગ ન કરે.

**દુઃખની પરંપરાગત ઉત્પત્તિઃ** જે રીતે બગલી (પક્ષી)થી ઇંડુ ઉત્પન્ન થાય અને ઇંડાથી બગલા ઉત્પન્ન થાય છે તે જ રીતે મોહનું ઉદ્‌ભવ સ્થાન તૃષ્ણા છે અને તૃષ્ણાનું ઉદ્‌ભવ સ્થાન મોહ છે. તૃષ્ણા વધવાથી હિતાહિતનું ભાન ભૂલાઇ જાય છે અને જીવ મોહથી આવૃત્ત થાય છે.

રાગદ્વેષ કર્મના બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે અને તે જન્મ, મરણનું મૂળ છે. માયા અને લોભ રૂપ રાગ અને ક્રોધ, માન રૂપ દ્વેષ – કર્મોપાર્જનમાં રાગદ્વેષ કારણભૂત છે.

મોહથી કર્મની ઉત્પત્તિ થાય છે અને મોહનીય કર્મના વિવિધ રૂપો દ્વારા જન્મ–મરણની પરંપરા વધે છે. આ પરંપરાને તોડવા માટે દુઃખના કારણભૂત મોહનો નાશ કરવો જરૂરી છે. પરિગ્રહ મુર્છા કે આસક્તિ દુઃખનું મૂળ કારણ છે, માટે તેનો નાશ કરવો આવશ્યક છે.

**રાગ-દ્વેષ-મોહ નાશના ઉપાયોઃ**

જે સાધક રાગ–દ્વેષ–મોહની જાળને મૂળથી નાશ કરવા ઇચ્છે છે, તેણે રસનું અધિક માત્રામાં સેવન ન કરવું. પ્રાયઃ રસ ઉન્માદ વધારનાર છે. જેમ સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષો પર પક્ષીઓ આક્રમણ કરે છે, તેમ ઉન્માદ પામેલા માનવ પર કામવાસનાઓ આક્રમણ કરે છે.

રાગ–દ્વેષના નાશ માટે ઇન્દ્રિય વિજય અને બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય છે. વિગય સહિતના ગરિષ્ટ પદાર્થોના સેવનથી શરીરમાં બળ, વીર્ય આદિ ધાતુની પુષ્ટિ થાય છે અને ઇન્દ્રિયો પ્રદીપ્ત થાય છે. જે સાધક રસનેન્દ્રિયને જીતે છે, તેની સર્વ ઇન્દ્રિયો જિતાઇ જાય છે.

જેમ બિલાડીનો સંગ ઉંદર માટે હિતકર નથી તેમ સ્ત્રીસંગ બ્રહ્મચારી માટે હિતકારી નથી. સ્ત્રીઓના નેત્રો, મનોહર વસ્ત્રાભૂષણ, વિવિધ હાવભાવ બ્રહ્મચારી મુનિ અવલોકન ન કરે. બ્રહ્મચર્યની પુષ્ટિથી સાધક ક્રમશઃ બ્રહ્મસ્વરૂપ આત્મભાવમાં સ્થિર થતા જાય છે અને રાગ–દ્વેષાદિ કલુષિત ભાવોનો નાશ થાય છે.

**સ્ત્રીસંગ ત્યાગવાની દુષ્કરતાઃ**

સ્ત્રીસંગ એક પ્રકારે દુઃખદાયક છે, એ સમજવા છતાં અનાદિકાળના મોહને વશ થયેલો જીવ સરળતાથી તેનો ત્યાગ કરી શકતો નથી.

સ્ત્રી સંગનો જે પાર પામી જાય, તે સમગ્ર સાધનારૂપ સમુદ્રને શીઘ્ર પાર કરી જાય છે; તેના માટે શેષ સાધના ગંગા નદી પાર કરવા સમાન અત્યંત સરળ બની જાય છે.

કિંપાક નામના વૃક્ષનું ફળ દેખાવમાં મનોહર હોય છે અને સ્વાદમાં પણ મધુર હોય છે પરંતુ ખાધા પછી તેનું પરિણામ વિષફળની સમાન જીવનનો અંત કરે છે; આ ઉપમા કામભોગોના વિપાકને લાગુ પડે છે.

હવે પછી 'ઇન્દ્રિય વિજય' શીર્ષક નીચે સર્વ ઇન્દ્રિયો પર વિજય મેળવવા વિષે જે સમજણ આપવામાં આવી છે, તે 'સમ્યક્ પરાક્રમ' નામના ઓગણત્રીસમા

અધ્યયનમાં 'ઇન્દ્રિય નિગ્રહ' શીર્ષક નીચે પણ આપવામાં આવી છે, તેથી અહીં પુનરાવર્તન કરવાનું આવશ્યક નથી.

**મનોવિજયઃ**

મદોન્મત્ત બનેલો હાથી કોઇ હાથણીને જોઇને તેને મળવા ચારે બાજુ દોડે છે અને ક્યારેક ખાડામાં પડી જાય ત્યારે રાજસેવકોના હાથે પકડાઇ જાય અને ક્યારેક વિનાશ પામે છે. અહિં હાથીનો હાથણી પ્રત્યે મોહભાવ જ પ્રધાન છે.

આ જ રીતે મનુષ્ય પણ વિષય વિકારના ભાવોમાં આસક્ત થઇને આ ભવમાં જ કેટલાય પ્રકારની દુર્દશા પ્રાપ્ત કરે છે, તેમજ વિવિધ પ્રકારે હિંસા કરે, જુઠુ બોલે, ચોરી કરે, પરિગ્રહ કરે વગેરે અનેક દોષોનું સેવન કરે છે.

પરિણામે આ ભવમાં આકુળ–વ્યાકુળતાથી ચિત્ત–સમાધિનો ભંગ કરે છે. અને જન્મ–મરણની પરંપરા વધારે છે.

રૂપ, શબ્દ, રસ, ગંધ, સ્પર્શ અને વિષય વાસના – આ છ પ્રકારના વિષયોથી જે સાધક વિરક્ત રહે છે, તે ભવ ભ્રમણાથી છૂટી જાય છે.

**દુઃખનું કારણ રાગ-દ્વેષઃ**

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પુદ્ગલના ગુણ છે અને પુદ્ગલ જડ પદાર્થ છે; સુખદુઃખનું વેદન કરવાનો તેનો સ્વભાવ નથી પરંતુ જીવમાં અનાદિકાલીન રાગ–દ્વેષના ભાવો ભરેલા છે; પૂર્વગત સંસ્કાર વશ જીવ શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શમાં પ્રિય–અપ્રિય ભાવોનું આરોપણ કરે છે. એક જ શબ્દ એક વ્યક્તિને પ્રિય લાગવાથી રાગનું કારણ બને છે અને બીજી વ્યક્તિને તે જ શબ્દ અપ્રિય લાગવાથી દ્વેષનું કારણ બને છે.

તેથી સ્પષ્ટ થાય છે કે શબ્દમાં પ્રિયપણું કે અપ્રિયપણું નથી પરંતુ વ્યક્તિ પોતાના ભાવ અનુસાર તેમાં પ્રિય–અપ્રિયપણાનું આરોપણ કરે છે.

**ઇચ્છા નિયંત્રણઃ**

સાધક પોતાના કાર્યોમાં અન્ય શ્રમણની સહાયની ઇચ્છા ન કરે, સ્વાવલંબી

બને. સંયમ પાલનથી કોઇ ઉપલબ્ધિની ઇચ્છા ન કરે; તેમજ તપના ફળને વાંચ્છે નહિં.

જે સાધક ઇન્દ્રિયોનું દમન કરતા નથી અને પોતાની ઇચ્છાને આધીન બની વિષયોનો ભોગવટો કરે છે, તે ઇન્દ્રિયચોર છે. એક ઇચ્છા અનેક ઇચ્છાઓને ઉત્પન્ન કરે છે. સાધક શિષ્યની ઇચ્છા ન કરે.

**વિષયોથી વિરક્તિ અને તેનું સુફળઃ**

ઇન્દ્રિયોના વિષયો નહિં પણ વિષયોની આસક્તિ જ દુઃખનું કારણ છે. આ સનાતન સત્ય સ્વીકારી સાધક આસક્તિનો ત્યાગ કરે. રાગ, દ્વેષ, તૃષ્ણા આદિ મોહજન્ય ભાવોનો નાશ કરીને સાધક બારમા ક્ષીણમોહ ગુણસ્થાન સુધી પહોંચી જાય છે.

તે આત્મા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે કર્મોનો એક સાથે એક સમયમાં ક્ષય કરે છે. ચાર ઘાતી કર્મોનો ક્ષય થયાં તે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. અને આયુષ્ય કર્મ, વેદનીય, નામ અને ગોત્ર કર્મનો ક્ષય કરીને કેવળી ભગવાન ચૌદમા ગુણસ્થાને સર્વ આશ્રવોથી રહિત થઇ, સમાધિ થી યુક્ત થઇ પરમ વિશુદ્ધ મોક્ષ પદ પામે છે.

**ઉપસંહારઃ**

વિષયોથી વિરક્તિ જ અનાદિકાળના દુઃખોથી મુક્ત થવાનો માર્ગ છે. પાંચ ઇન્દ્રિયો અને છટ્ઠા મનનો નિગ્રહ કરવો, પ્રમાદ રહિત પાંચ મહાવ્રતોનું પાલન તથા જ્ઞાન, દર્શન, ચારિત્રની સમ્યક્ આરાધના એ જ મોક્ષમાર્ગનો સંક્ષિપ્ત ક્રમ છે, તેનું અનુસરણ કરવું પ્રત્યેક ભવ્ય જીવ માટે પરમ આવશ્યક છે.

**(બત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

## તેત્રીસમું અધ્યયન

# કર્મ પ્રકૃતિ

સંસાર પરિભ્રમણનું મૂળ કારણ કર્મબંધ છે. જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપી, શુદ્ધ, અજર–અમર છે પરંતુ સોનાની ખાણમાં સોનું અને માટી જેમ સહજ રીતે મિશ્ર થયેલા હોય છે, તે જ રીતે જડ કર્મો અને જીવ અનાદિકાળથી એકમેક રૂપે રહેલા છે.

જડ કર્મોના સંયોગે જીવ પોતાનો સ્વભાવ છોડી વિકારી ભાવો કરે છે અને જન્મ–મરણનું ચક્ર ચાલુ રહે છે.

કર્મોના અનંત પ્રકાર છે. તેમ છતાં તેના સ્વરૂપ આદિની સામ્યતાની અપેક્ષાએ જ્ઞાનીઓએ તેના મુખ્ય આઠ વિભાગ કર્યા છે.

૧) જ્ઞાનાવરણીય ૨) દર્શનાવરણીય ૩) વેદનીય ૪) મોહનીય ૫) આયુષ્ય ૬) નામ ૭) ગોત્ર ૮) અંતરાય

**૧) જ્ઞાનાવરણીયઃ**

જેના દ્વારા પદાર્થનું સ્વરૂપ વિશેષ–વિશેષરૂપે જાણવામાં આવે, તેનું નામ જ્ઞાન છે. જ્ઞાનોપયોગને ઢાંકનાર કર્મનું નામ જ્ઞાનાવરણીય કર્મ છે.

**૨) દર્શનાવરણીયઃ** જેના દ્વારા પદાર્થનો સામાન્ય બોધ થાય તે દર્શન ગુણ છે. આત્માના દર્શનોપયોગને ઢાંકનાર કર્મનું નામ દર્શનાવરણીય છે.

**૩) વેદનીય કર્મઃ** આત્માને ઈન્દ્રિયજન્ય સુખ અને દુઃખનો અનુભવ કરાવે, તેનું નામ વેદનીય કર્મ.

**૪) મોહનીય કર્મઃ** જે કર્મના પ્રભાવથી આત્મા મૂઢ બની જાય છે, તે મોહનીય કર્મ. આ કર્મના કારણે આત્માને હેય–ઉપાદેયનું ભાન રહેતું નથી.

**૫) આયુષ્ય કર્મઃ** જે કર્મના ઉદયથી એક ગતિમાં પોતાની નિયત સમયમર્યાદા સુધી રોકાઇ રહે, તેને આયુષ્ય કર્મ કહે છે. આયુષ્ય કર્મ જીવને નિયત સમય પહેલાં બીજી ગતિમાં જવા દેતું નથી.

**૬) નામ કર્મઃ** જે કર્મના ઉદયથી શરીર, આંગોપાંગ આદિની રચના થાય, તેને નામ કર્મ કહે છે.

**૭) ગોત્ર કર્મઃ** ગોત્ર કર્મ જીવને જાતિ, કુળ આદિની ઉચ્ચ–નિમ્ન અવસ્થાઓ પ્રાપ્ત કરાવે છે.

**૮) અંતરાય કર્મઃ** જે કર્મ દાન–ભોગ આદિમાં અંતરાયવિઘ્ન ઉપસ્થિત કરે છે, દેનારની દેવાની અને લેનારની લેવાની ઇચ્છા હોવા છતાં બન્નેની ઇચ્છા પૂર્ણ ન થવા દે; તેને અંતરાયકર્મ કહે છે.

**કર્મબંધની પ્રક્રિયાઃ** આ લોકમાં આઠ પ્રકારની વર્ગણાના પુદ્‌ગલો ભર્યા છે. તેમાં એક કાર્મણ વર્ગણા–કર્મ યોગ્ય પુદ્‌ગલો છે. તે પણ સમગ્ર લોકમાં વ્યાપ્ત છે. કષાય અને યોગના નિમિત્તથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે અને કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનો આત્મા સાથે સંયોગ થાય છે. કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો જ્યાં સુધી જીવે ગ્રહણ કર્યા ન હોય ત્યાં સુધી તે કર્મ કહેવાતા નથી, પરંતુ જીવ જ્યારે વિકારી ભાવોથી તે પુદ્‌ગલોને ગ્રહણ કરીને આત્મા સાથે એકમેક કરે ત્યારે જ તે કર્મનું સ્વરૂપ ધારણ કરે છે.

**કર્મબંધના ચાર પ્રકારઃ**

કર્મ બંધાય તે પૂર્વે કાર્મણ વર્ગણામાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનું કે અન્ય કોઇ પણ પ્રકારનું વિભાજન હોતું નથી. પરંતુ કર્મબંધ થાય તે જ સમયથી તેના ચાર પ્રકાર થાય છેઃ

૧) કર્મોની પ્રકૃતિ – પ્રકૃતિ બંધ ૨) કર્મોની સ્થિતિ – સ્થિતિ બંધ ૩) કર્મોનો અનુભાગ – ફળ આપવાની તરતમતા, અનુભાગ બંધ ૪) કર્મ વર્ગણાના પુદ્‌ગલોનો જથ્થો – પ્રદેશ બંધ.

**પ્રકૃતિબંધ - જ્ઞાનાવરણીય કર્મઃ**

જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છેઃ ૧) શ્રુત જ્ઞાનાવરણીય ૨) અભિનિબોધિક જ્ઞાનાવરણીય ૩) અવધિ જ્ઞાનાવરણીય ૪) મનઃપર્યવ જ્ઞાનાવરણીય ૫) કેવળ જ્ઞાનાવરણીય

જ્ઞાન ગુણ આત્માનો અખંડ ગુણ છે તેમ છતાં કર્મના ક્ષયોપશમની અને તીવ્રતા–મંદતાના આધારે જ્ઞાનના પાંચ ભેદ થાય છે તેથી તેને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મના પણ પાંચ પ્રકાર છે.

૧) **શ્રુત જ્ઞાનાવરણીયઃ** શાસ્ત્રો વાંચવા અને સાંભળવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન અને તેને આવરણ કરનાર શ્રુત જ્ઞાનાવરણીય.

૨) **અભિનિબોધિક જ્ઞાનાવરણીયઃ** ઈન્દ્રિયો અને મન દ્વારા સન્મુખ આવેલા પદાર્થોનું જ્ઞાન તે અભિનિબોધિક (મતિજ્ઞાન). તેને આવરણ કરનાર અભિનિબોધિક જ્ઞાનાવરણીય.

૩) **અવધિ જ્ઞાનાવરણીયઃ** ઈન્દ્રિયો અને મનની સહાયતા વિના અમુક અવધિ કે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું આત્માને જ્ઞાન થાય તે અવધિજ્ઞાન. તેને આવરણ કરનાર અવધિ જ્ઞાનાવરણીય.

૪) **મનઃપર્યવ જ્ઞાનાવરણીયઃ** અઢી દ્વીપમાં ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત વિચારોને ઈન્દ્રિયો અને મનની સહાયતા વિના જાણી લેવા, તે મનઃપર્યવ જ્ઞાન. તેને આવરણ કરનાર મનઃપર્યવ જ્ઞાનાવરણીય.

૫) **કેવળજ્ઞાનાવરણીયઃ** વિશ્વના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલીન સમસ્ત પદાર્થોને એક સમયમાં જાણે, તે કેવળજ્ઞાન; તેને આવરણ કરનાર કેવળજ્ઞાનાવરણીય.

**પ્રકૃતિબંધ - દર્શનાવરણીયઃ**

દર્શનાવરણીય કર્મની નવ પ્રકૃતિઃ ૧) નિદ્રા ૨) નિદ્રા નિદ્રા ૩) પ્રચલા ૪) પ્રચલા પ્રચલા ૫) સ્ત્યાનગૃદ્ધિ ૬) ચક્ષુદર્શનાવરણ ૭) અચક્ષુદર્શનાવરણ

૮) અવધિદર્શનાવરણ ૯) કેવળ દર્શનાવરણ

૧) **નિદ્રાઃ** જે કર્મના ઉદયથી જીવ સુખપૂર્વક સુવે અને સુખપૂર્વક જાગી જાય તે.

૨) **નિદ્રા નિદ્રાઃ** જે કર્મના ઉદયથી જીવને મુશ્કેલીથી ઊંઘ આવે અને મુશ્કેલીથી જાગે તે.

૩) **પ્રચલાઃ** જે કર્મના ઉદયથી જીવને બેઠા–બેઠા કે ઊભા–ઊભા ઊંઘ આવી જાય તે

૪) **પ્રચલા પ્રચલાઃ** જે કર્મના ઉદયથી જીવને ચાલતાં–ચાલતાં પણ ઊંઘ આવી જાય તે.

૫) **સ્ત્યાનગૃદ્ધિઃ** જે કર્મના ઉદયથી જીવ દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરી લે તેવી ગાઢતમ નિદ્રા તે સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા.

૬) **ચક્ષુદર્શનાવરણઃ** ચક્ષુ દ્વારા ચક્ષુ વિષયગત પદાર્થો સામાન્ય બોધરૂપ દર્શન થાય તે ચક્ષુદર્શન અને તેને આવરણ કરનાર તે ચક્ષુદર્શનાવરણીય કર્મ.

૭) **અચક્ષુદર્શનાવરણઃ** આંખ સિવાયની ચાર ઇન્દ્રિયો અને મનથી પદાર્થોનું સામાન્ય બોધરૂપ જે પરોક્ષ દર્શન થાય તે અચક્ષુદર્શન અને તેને આવરણ કરનાર અચક્ષુદર્શનાવરણીય કર્મ.

૮) **અવધિદર્શનાવરણઃ** ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના અવધિદર્શનના વિષયભૂત રૂપી પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય, તે અવધિદર્શન અને તેને આવરણ કરનાર અવધિ દર્શનાવરણીય કર્મ.

૯) **કેવળ દર્શનાવરણઃ** સંસારના રૂપી અને અરૂપી સર્વ પદાર્થોનું સામાન્ય બોધ રૂપે દર્શન થાય, તે કેવળ દર્શન અને તેને આવરણ કરનાર કેવળ દર્શનાવરણીય કર્મ.

**પ્રકૃતિબંધ - વેદનીય કર્મઃ**

જે કર્મ આત્માને ભૌતિક સુખદુઃખનું વેદન કરાવે તે વેદનીય કર્મ. તેના બે ભેદઃ ૧) શાતાવેદનીય ૨) અશાતાવેદનીય

૧) જે કર્મના ઉદયથી જીવાત્માને પાંચે ઇન્દ્રિયોના વિષય સંબંધી સુખની તેમજ શારીરિક, માનસિક કે સાંયોગિક સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિ થાય, તે શાતાવેદનીય.

૨) જે કર્મના ઉદયથી જીવાત્માને ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનું દુઃખ અનભવવું પડે તેમજ શારીરિક, માનસિક અને સાંયોગિક સર્વ પ્રકારની પ્રતિકૂળતા ભોગવવી પડે, તે અશાતાવેદનીય.

**પ્રકૃતિબંધ - મોહનીય કર્મઃ**

જે કર્મ આત્માને મૂઢ બનાવે તે મોહનીય કર્મ. તેના બે ભેદ છે – ૧) દર્શન મોહનીય ૨) ચારિત્ર મોહનીય.

**દર્શન મોહનીયઃ** તત્ત્વાર્થ શ્રદ્ધાન અથવા તત્ત્વની અભિરૂચિને સમ્યગ્દર્શન કહે છે. તેનો ઘાત કરનાર કર્મ તે દર્શન મોહનીય. દર્શન મોહનીયના ત્રણ ભેદઃ

**સમ્યક્ત્વ મોહનીયઃ** જે કર્મના ઉદયથી આત્માને જીવાજીવાદિ પદાર્થોમાં શ્રદ્ધા હોય, તત્ત્વરુચિ હોય પરંતુ તેમાં કંઇક મલિનતા હોય, તે સમ્યક્ત્વ મોહનીય. જે રીતે ચશ્મા આંખોને આવરણ રૂપ હોવા છતાં જોવામાં પ્રતિબંધક થતા નથી તે જ રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મ આત્માના સમ્યક્ દર્શન ગુણના આવરણ રૂપ હોવા છતાં વિશુદ્ધ હોવાને કારણે તત્ત્વાર્થ શ્રદ્ધાનું વિઘાતક થતું નથી.

સમ્યક્ત્વ મોહનીય ઉદયથી આત્માને ક્ષાયિક–સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. તેમજ તેના કારણે સમ્યક્ત્વમાં થોડી મલિનતા રહે છે. મિથ્યાત્વ મોહનીયના શુદ્ધ થયેલા દલિકો જ સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

**મિથ્યાત્વ મોહનીયઃ** જે કર્મના ઉદયથી આત્માને પદાર્થોનું યથાર્થ દર્શન ન થાય, પદાર્થોના સ્વરૂપને વિપરીત રૂપે જાણે, હિતને અહિત અને અહિતને હિત

રૂપે સમજે; તે મિથ્યાત્વ મોહનીય, જે અશુદ્ધ દલિક રૂપ છે.

**મિશ્ર મોહનીયઃ** જે કર્મના ઉદયથી આત્માને તત્ત્વ કે અતત્ત્વ બન્ને પ્રત્યે સમાનપણે તત્ત્વ બુદ્ધિ થાય, સર્વ ધર્મ સમાન લાગે તે મિશ્ર મોહનીય. તે મોહનીય કર્મના શુદ્ધાશુદ્ધ દલિક રૂપ છે.

**ચારિત્ર મોહનીયઃ** જે કર્મના ઉદયથી આત્મા ચારિત્રના સુંદર ફળને જાણવા છતાં ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી, ચારિત્ર વિષયક મૂઢતાને વશ થઇ જાય, તે ચારિત્ર મોહનીય. આ કર્મ આત્માના ચારિત્ર ગુણનો ઘાત કરે છે. ચારિત્ર મોહનીયના બે ભેદ છે – ૧) કષાય ચારિત્ર મોહનીય ૨) નોકષાય ચારિત્ર મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીય**ઃ જેના દ્વારા સંસાર ભ્રમણમાં વધારો થાય તે કષાય. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે. જે કર્મના ઉદયથી આત્મા કષાય મય બની જાય, ક્રોધાદિ કષાય રૂપે જેનું વેદન થાય તે ચારિત્ર મોહનીય કર્મ.

આ ચાર કષાયની તીવ્રતા, મંદતાના આધારે તેના ચાર ભેદ થાય છેઃ ૧) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ; ૨) અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ; ૩) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ ૪) સંજવલન ક્રોધ, માન, માયા, લોભ. આ રીતે કષાયના ૧૬ ભેદ થયા.

**અનંતાનુબંધી કષાયઃ** જે કષાયની પરિણામ ધારાનો અંત દેખાતો નથી, જેની કોઇ સીમા કે મર્યાદા હોતી નથી, તે અનંતનુબંધી કષાય. તેના કારણે જીવાત્મા અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરતો રહે છે. તે આત્માના સમ્યકત્વ ગુણનો ઘાત કરે છે.

**અપ્રત્યાખ્યાની કષાયઃ** જે કષાયના ઉદયથી જીવને કોઇ પણ પ્રકારના પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ થતી નથી તે.

**પ્રત્યાખ્યાનાવરણ કષાયઃ** જેના ઉદયથી સર્વવિરતિ રૂપ પ્રત્યાખ્યાન થઇ શકતા નથી તે.

**સંજવલન કષાયઃ** જે કષાય આત્માને ક્ષણિક રૂપે સંજવલિત કરતો રહે છે તે. તેનો ઉદય યથાખ્યાત ચારિત્રમાં બાધક બને છે.

**નોકષાય ચારિત્ર મોહનીયઃ** જે ભાવો ક્રોધાદિ રૂપે દેખાતા નથી છતાં સંસાર વર્ધક હોય, સ્વયં કષાય રૂપ ન હોય પરંતુ કષાયની ઉત્પત્તિમાં નિમિત્ત બને, કષાયના સહચારી હોય; તેને નોકષાય કહે છે. નોકષાયના નવ ભેદ છેઃ ૧) હાસ્ય ૨) રતિ ૩) અરતિ ૪) ભય ૫) શોક ૬) જુગુપ્સા ૭) પુરુષ વેદ ૮) સ્ત્રી વેદ ૯) નપુંસક વેદ. આ ૧૬+૯ = ૨૫ પ્રકૃતિઓના ઉદયથી જીવાત્માને ચારિત્ર ધર્મમાં અંતરાય ઉત્પન્ન થાય છે.

**પ્રકૃતિ બંધ - આયુષ્ય કર્મઃ**

આયુષ્ય કર્મના ચાર પ્રકાર છેઃ ૧) નરક આયુષ્ય ૨) તિર્યંચ આયુષ્ય ૩) મનુષ્ય આયુષ્ય ૪) દેવ આયુષ્ય. જે કર્મના અસ્તિત્વથી પ્રાણી જીવિત રહે છે અને જેનો ક્ષય થાય ત્યારે પ્રાણી મૃત્યુ પામે છે તેને આયુષ્ય કર્મ કહે છે.

**પ્રકૃતિ બંધ - નામ કર્મઃ**

જે કર્મના પ્રભાવથી જીવાત્મા દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી આદિ નામથી સંબોધિત થાય છે; તેને નામકર્મ કહે છે. તેના મુખ્ય બે ભેદ છેઃ ૧) શુભ નામકર્મ ૨) અશુભ નામકર્મ.

૧) શુભ નામઃ જે નામકર્મના ઉદયથી શ્રેષ્ઠ શરીરની રચના થાય; સુંદર, મનોહર શરીરાદિ પ્રાપ્ત થાય તે.

૨) અશુભ નામઃ જેના ઉદયથી હીન, સર્વ જનોને અપ્રિય એવા શરીરાદિ પ્રાપ્ત થાય તે. આ ઉપરાંત નામકર્મના અનેક ભેદ છે.

**પ્રકૃતિ બંધ - ગોત્ર કર્મઃ**

જે કર્મના પ્રભાવથી જીવ ઉચ્ચ તથા નીચ કુળમાં ઉત્પન્ન થાય તે. તેના બે ભેદ છેઃ ૧) ઉચ્ચ ગોત્ર ૨) નીચ ગોત્ર

૧) **ઉચ્ચ ગોત્રઃ** જે કર્મના ઉદયથી ઉચ્ચ કૂળમાં જન્મ થાય તેમજ શ્રેષ્ઠ

જાતિ વગેરે પ્રાપ્ત થાય તે. તેના આઠ ભેદ – ૧) ઉચ્ચ જાતિ ૨) ઉચ્ચ કૂળ ૩) શ્રેષ્ઠ બળ ૪) શ્રેષ્ઠ રૂપ ૫) શ્રેષ્ઠ તપ ૬) શ્રેષ્ઠ ઐશ્વર્ય ૭) શ્રેષ્ઠ શ્રુત ૮) શ્રેષ્ઠ લાભ.

૨) **નીચ ગોત્રઃ** જે કર્મના ઉદયથી જીવને હલકી જાતિ, હલકુ કૂળ આદિ પ્રાપ્ત થાય તે. તેના પણ આઠ ભેદ છે – ૧) હીન જાતિ ૨) હીન કૂળ ૩) હીન બળ ૪) હીન રૂપ ૫) હીન તપ ૬) હીન ઐશ્વર્ય ૭) હીન શ્રુત ૯) હીન લાભ.

**પ્રકૃતિ બંધ - અંતરાય કર્મઃ**

જે કર્મ આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય રૂપ શક્તિઓનો ઘાત કરે છે તે. તેના પાંચ ભેદ – ૧) દાનાંતરાયઃ જે કર્મના કારણે જીવાત્માને દાનની ચીજો વિદ્યમાન હોય, દાનને યોગ્ય પાત્ર ઉપસ્થિત હોય અને દાનના ફળને જાણવા છતાં દાન ન કરી શકે તે દાનાંતરાય.

૨) લાભાંતરાયઃ જે કર્મના કારણે દાતામાં ઉદારતા હોય, દાનની વસ્તુ ઉપલબ્ધ હોય, યાચનામાં કુશળતા હોય તો પણ લાભ ન થાય તે લાભાંતરાય.

૩) ભોગાંતરાયઃ જે કર્મના કારણે જીવાત્માની પાસે સાધન–સામગ્રી હોવા છતાં પદાર્થોને ભોગવી શકે નહિં તે ભોગાંતરાય.

૪) ઉપભોગાંતરાયઃ જે પદાર્થ વારંવાર ભોગવી શકાય તેને ઉપભોગ્ય કહે છે. ઉપભોગની સામગ્રી પાસે હોય છતાં જીવાત્મા ભોગવી ન શકે; તે ઉપભોગાંતરાય.

૫) વીર્યાંતરાયઃ વીર્યનો અર્થ સામર્થ્ય–શક્તિ. જીવાત્મા બળવાન–શક્તિશાળી હોવા છતાં તે કોઇ સાધારણ કાર્ય પણ કરી શકે નહિં, તે વીર્યાંતરાય.

**પ્રદેશ બંધ - કર્મોના પ્રદેશાગ્ર, ક્ષેત્ર, કાળ અને ભાવઃ**

જીવ સમયે સમયે કષાય અને યોગના નિમિત્તથી અનંત–અનંત કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે તેની સંખ્યા અભવ્ય જીવોથી અનંતગુણી અને સિદ્ધના જીવોથી અનંતમાં ભાગે ન્યુન હોય છે. જીવ સ્વયં જે આકાશ પ્રદેશો

પર અવગાહિત હોય, તે જ આકાશ પ્રદેશો પર અવગાહિત કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને કર્મ પુદ્‌ગલો આત્મા સાથે ક્ષીર–નીરની જેમ એકમેક થઇ જાય છે. તેનો બંધ સર્વ આત્મ પ્રદેશોમાં થઇ જાય છે.

**આઠ કર્મોનો સ્થિતિબંધઃ**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

નામ અને ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ આઠ મુહુર્તની છે.

**આઠ કર્મોનો અનુભાગ બંધઃ**

બંધન કાળમાં તેના કારણભૂત કષાયિક અધ્યવસાયના તીવ્ર–મંદ ભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર–મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગ બંધ.

પ્રત્યેક કર્મ પોતાનું ફળ કર્મદલિકો દ્વારા જ પ્રગટ કરે છે. જીવોના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત છે પરંતુ એક–એક અધ્યવસાય સ્થાન દ્વારા અનંતાઅનંત કર્મદલિકો ગ્રહણ થાય છે અને આ અનંતાઅનંત દલિકો એક સાથે પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.

એક સમયમાં અનુભવાતા કર્મદલિકો અભવ્ય જીવોથી અનંતગુણ અને સિદ્ધોથી અનંતમા ભાગે ન્યન હોય છે પરંતુ સર્વ અનુભાગ સ્થાનના કર્મદલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક હોય છે. જીવ ૩, ૪, ૫ કે ૬ દિશામાંથી આવતા

એક ક્ષેત્રાવગાઢ અનંતાઅનંત કાર્મણ વર્ગણાના દલિકોને એક સમયમાં ગ્રહણ કરે છે.

**ઉપસંહારઃ**

જ્ઞાનનું ફળ વિરતિ છે. કર્મબંધના વિજ્ઞાન દ્વારા જીવ કર્મબંધથી વિરામ પામી સંવર અને નિર્જરા તત્ત્વની આરાધના કરે છે. કર્મના પરિણામ ભયંકર છે. કર્મના સિદ્ધાંત અટલ છે. જે વ્યક્તિ જેવા પરિણામથી કર્મબંધ કરે છે, તેવા ફળ તેને ભોગવવા પડે છે. શુભ કે અશુભ બન્ને પ્રકારના કર્મો જીવને બંધ રૂપ છે, સંસાર વર્ધક છે. આ પ્રમાણે કર્મસિદ્ધાંતની અચળતાને જે જાણે છે અને આ ભવમાં નવા કર્મો ન બંધાય તેના માટે સાવધાન રહે છે તે પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી આત્મશુદ્ધિ કરે છે.

**(તેત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

## ચોત્રીસમું અધ્યયન

# લેશ્યા

જેના દ્વારા કર્મો આત્મા સાથે ચોંટે, તેને લેશ્યા કહે છે. તે લેશ્યા કર્મ અને આત્માનું જોડાણ કરાવનાર દ્રવ્ય છે.

તેરમા સયોગી કેવળી ગુણસ્થાનક સુધી લેશ્યાઓનો સદ્‌ભાવ રહે છે, જ્યારે આત્મા અયોગી બને છે, ચૌદમા ગુણસ્થાનક્ને પ્રાપ્ત કરે છે; તે જ સમયે લેશ્યા રહિત થઇ જાય છે.

લેશ્યાઓના વિસ્તૃત વર્ણન માટે ૧૧ દ્વાર છેઃ ૧) નામ દ્વાર ૨) વર્ણદ્વાર ૩) રસ દ્વાર ૪) ગંધ દ્વાર ૫) સ્પર્શ દ્વાર ૬) પરિણામ દ્વાર ૭) લક્ષણ દ્વાર ૮) સ્થાન દ્વાર ૯) સ્થિતિ દ્વાર ૧૦) ગતિ દ્વાર ૧૧) આયુષ્ય દ્વાર.

**૧) નામ દ્વારઃ** લેશ્યાઓના નામનો ક્રમ આ પ્રમાણે છે – ૧) કૃષ્ણ લેશ્યા ૨) નીલ લેશ્યા ૩) કાપોત લેશ્યા ૪) તેજો લેશ્યા ૫) પદ્મ લેશ્યા ૬) શુક્લ લેશ્યા.

**૨) વર્ણ દ્વારઃ**

કૃષ્ણ લેશ્યાઃ જળ ભરેલા વાદળા, ભેંસના શિંગડા, કાજળ અને આંખની કીકી સમાન કૃષ્ણવર્ણની હોય છે.

નીલ લેશ્યાઃ નીલા રંગના અશોક વૃક્ષ સમાન, ચાસ પક્ષીની પાંખો સમાન નીલ વર્ણવાળી હોય છે.

કાપોત લેશ્યાઃ અળસીના ફૂલ, કોયલની પાંખ અને કબૂતરની ડોક સમાન કથ્થાઇ તેમજ આકાશના વર્ણ જેવી હોય છે.

તેજો લેશ્યાઃ હિંગળો તથા ગેરુ સમાન, ઉગતા સૂર્ય સમાન અને દીપશિખા સમાન લાલ વર્ણવાળી હોય છે.

પદ્મ લેશ્યાઃ હરિતાલના ટુકડા અને હળદરના ટુકડા સમાન પીળા વર્ણવાળી હોય છે.

શુક્લ લેશ્યાઃ શંખ, દૂધની ધારા અને ચાંદીના હાર સમાન સફેદ વર્ણવાળી હોય છે.

આ સર્વ લેશ્યાઓમાં તે તે વર્ણના પુદ્‌ગલો સહાયક બને છે.

**૩) રસ દ્વારઃ**

૧) કડવી તુંબડીનો રસ, લીમડાનો રસ જેવો કડવો હોય તેનાથી અનંત ગુણો અધિક કડવો રસ કૃષ્ણ લેશ્યાનો હોય છે.

૨) ત્રિકુટ (સૂંઠ, મરી, પીપરના રસ જેવો તીખો હોય છે, તેનાથી અનંત ગુણો અધિક તીખો રસ નીલ લેશ્યાનો હોય છે.

૩) કાચી કેરીનો રસ, તુરા કોઠાનો રસ જેવો કસાયેલો–તૂરો અને ખાટો હોય છે તેનાથી અનંત ગુણો અધિક તૂરો અને ખાટો રસ કાપોત લેશ્યાનો હોય છે.

૪) પાકી કેરીનો રસ, પાકેલા કોઠાનો રસ જેવો ખટ–મીઠો હોય છે, તેનાથી અનંત ગુણો અધિક ખટ–મીઠો રસ તેજો લેશ્યાનો હોય છે.

૫) ઉત્તમ મદિરાનો રસ, ફૂલોમાંથી બનાવેલા વિવિધ આસવોનો રસ જેવો મીઠો–કસાયેલો હોય છે, તેનાથી અનંતગુણો અધિક તુરાશ સહિત મધુર રસ પદ્મ લેશ્યાનો હોય છે.

૬) ખજુર અને દ્રાક્ષનો રસ, ખાંડ અને સાકરનો રસ જેવો મધુર હોય છે, તેનાથી અનંતગુણો મધુર રસ શુક્લ લેશ્યાનો હોય છે.

**૪) ગંધ દ્વારઃ** મરેલી ગાય, મરેલો કૂતરો અને મરેલા સર્પની જેવી દુર્ગંધ હોય છે, તેનાથી અનંતગુણી અધિક દુર્ગંધ ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓ (કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા) ની હોય છે.

સુગંધિત પુષ્પ અને ઘસાતા ચંદન વગેરે સુગંધિત દ્રવ્યોની જેવી સુગંધ

હોય છે, તેનાથી અનંતગુણી–અધિક સુગંધ ત્રણેય પ્રશસ્ત લેશ્યાઓ (તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા) ની હોય છે.

**૫) સ્પર્શ દ્વારઃ** કરવત, ગાયની જીભ અને શાકના પાંદડાઓનો સ્પર્શ જેવો ખરબચડો હોય છે, તેનાથી અનંત ગુણો ખરબચડો સ્પર્શ ત્રણે ય અપ્રશસ્ત લેશ્યાઓનો હોય છે.

બૂર નામની વનસ્પતિ, માખણ અને શિરીષના ફૂલોનો સ્પર્શ જેવો કોમળ, મુલાયમ હોય છે, તેનાથી અનંતગુણો મુલાયમ સ્પર્શ ત્રણે ય પ્રશસ્ત લેશ્યાઓનો હોય છે.

**૬) પરિણામ દ્વારઃ** આ છએ લેશ્યાઓના ત્રણ, નવ, સત્યાવીસ, એક્યાસી અથવા બસો તેંતાળીસ પ્રકારના પરિણામ હોય છે.

**૭) લક્ષણ દ્વારઃ**

૧) પ્રાણાતિપાત આદિ પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત, ત્રણ ગુપ્તિથી અગુપ્ત, છકાય જીવોનો વિરાધક, તીવ્ર ભાવથી આરંભ–સમારંભના કાર્ય કરનાર, ક્ષુદ્ર, નિર્દય, ક્રુર પરિણામી, અજિતેન્દ્રિય ઇત્યાદિ પરિણામોથી જે યુક્ત હોય, તે પુરુષ કૃષ્ણ લેશ્યાના પરિણામ વાળો હોય છે; આવા પરિણામો કૃષ્ણ લેશ્યાનું લક્ષણ છે.

૨) ઈર્ષાળુ, ડંખીલો, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, વિષયાસક્ત રસલોલુપી, વગર વિચાર્યે કામ કરનાર; ઇત્યાદિ લક્ષણોથી યુક્ત નીલ લેશ્યાના પરિણામ વાળો હોય છે.

૩) વક્ર વચન બોલનાર, વક્ર આચરણ કરનાર, છળકપટ કરનાર, પરિગ્રહી, મિથ્યાદષ્ટિ, અનાર્ય ઇત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ કાપોત લેશ્યાના પરિણામ વાળો હોય છે.

૪) નમ્ર, અચપળ, અમાયી, પરમ વિનય કરનાર ઇન્દ્રિયોનું દમન કરનાર, યોગનિષ્ઠ, પ્રિયધર્મી, દઢધર્મી, સર્વ જીવોનો હિતૈષી ઇત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ તેજો લેશ્યાના પરિણામ વાળો હોય છે.

૫) અલ્પ ક્રોધ, માન, માયા, લોભ વાળો; પ્રસન્ન ચિત્ત, આત્માનું દમન કરનાર, યોગનિષ્ઠ, તપસ્વી, અલ્પભાષી, ઉપશાંત અને જિતેન્દ્રિય ઇત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ પદ્મ લેશ્યાના પરિણામવાળો હોય છે.

૬) આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં લીન, પ્રશાંત ચિત્ત, પાંચ સમિતિઓથી યુક્ત અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત ઇત્યાદિ લક્ષણોથી યુક્ત પુરુષ શુક્લ લેશ્યાના પરિણામ વાળો હોય છે.

સંક્ષેપમાં, કૃષ્ણ લેશ્યામાં ક્રુરતા અને સ્વાર્થ વૃત્તિની પ્રધાનતા છે; નીલ લેશ્યામાં ઈર્ષ્યા, અદેખાઈ અને તુચ્છ વૃત્તિ; કાપોત લેશ્યામાં છળકપટ; તેજો લેશ્યામાં નમ્રતા, વિનય, વિવેક; પદ્મ લેશ્યામાં કષાયોની ઉપશાંતતા અને ઇન્દ્રિય વિજય; શુક્લ લેશ્યામાં ધર્મ ધ્યાન, શુક્લ ધ્યાનના પુરુષાર્થ રૂપ લક્ષણો પ્રધાનપણે પ્રતીત થાય છે.

**૮) સ્થાન દ્વારઃ** અસંખ્યાત અવસર્પિણી કાળ અને અસંખ્યાત ઉત્સર્પિણી કાળના જેટલા સમય હોય છે અથવા અસંખ્યાત લોકાકાશના પ્રદેશો જેટલાજ લેશ્યાઓના સ્થાન (શુભાશુભ ભાવોની ચઢતી ઉતરતી અવસ્થાઓ) હોય છે. લેશ્યા સ્થાન એટલે અંતઃકરણમાં ઉત્પન્ન થનારા શુભ અને અશુભ અધ્યવસાયોની તરતમતા. લેશ્યા સ્થાન એટલે આત્મ–પરિણામોની શુભાશુભ ધારા. તે અનુસાર શુભાશુભ કર્મનો બંધ થાય છે.

**૯) સ્થિતિ દ્વારઃ** લેશ્યાની સમુચ્ચય સ્થિતિઃ

૧) કૃષ્ણ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ એક મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની. તે સાતમી નરકના નૈરયિકોની અપેક્ષાએ છે.

૨) નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ૧૦ સાગરોપમની. તે પાંચમ નરકની પ્રારંભિક સ્થિતિની અપેક્ષાએ છે.

૩) કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ

પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ૩ સાગરોપમની. તે ત્રીજી નરકની પ્રારંભિક સ્થિતિની અપેક્ષાએ છે.

૪) તેજો લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ૨ સાગરોપમની. તે બીજી ઇશાન દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે.

૫) પદ્મ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત અધિક ૧૦ સાગરોપમની. તે પાંચમાં બ્રહ્મલોક દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ છે.

૬) શુક્લ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની. તેમાં ૩૩ સાગરોપમ અનુત્તર વિમાનના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ અને અંતર્મુહૂર્ત પૂર્વ–પશ્ચાત ભવોની અપેક્ષાએ છે.

**નારકોની લેશ્યા સ્થિતિઃ**

નૈરયિકોની કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ૩ સાગરોપમની. જઘન્ય સ્થિતિ પ્રથમ નરકના પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીજી નરકના પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ છે.

નૈરયિકોની નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમની અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની છે. જઘન્ય સ્થિતિ ત્રીજી નરકના બીજા પ્રસ્તટમાં હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચમી નરકના પ્રથમ પ્રસ્તટની અપેક્ષાએ છે.

કૃષ્ણ લેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે. જઘન્ય સ્થિતિ પાંચમી નરકના બીજા પ્રસ્તટની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાતમી નરકના નારકીની અપેક્ષાએ છે.

**મનુષ્ય-તિર્યંચની લેશ્યા સ્થિતિઃ**

કેવળી ભગવાનને છોડીને શેષ મનુષ્ય અને તિર્યંચમાં લેશ્યાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની જ હોય છે. અંતર્મુહૂર્તમાં જ તેના ભાવોમાં પરિવર્તન થઇ જાય છે. ભાવ લેશ્યા અનુસાર તેની દ્રવ્ય લેશ્યા પણ પરિવર્તન પામે છે.

પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાયમાં ચાર લેશ્યા; તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂચ્છિર્મ મનુષ્યમાં પ્રથમ ત્રણ લેશ્યા; સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યમાં છ લેશ્યા હોય છે.

કેવળી ભગવાનને સદા શુક્લ લેશ્યાનો જ સદ્ભાવ હોય છે. તેમની શુક્લ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ એક ક્રોડપૂર્વ વર્ષમાં નવ વર્ષ ઓછી કહી છે. કારણકે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા કોઇ નવ વર્ષની ઉંમરના મનુષ્યને કેવળજ્ઞાન થાય, તેમની અપેક્ષાએ નવ વર્ષ ન્યુન સ્થિતિ શુક્લ લેશ્યાની સંભવે છે.

**દેવોની લેશ્યા સ્થિતિઃ**

દેવોમાં ભવનપતિ અને વ્યંતર દેવોમાં પ્રથમ ચાર લેશ્યા; જ્યોતિષી અને પહેલા–બીજા દેવલોકમાં એક તેજો લેશ્યા; ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મ લેશ્યા છે. છઠ્ઠા દેવલોકથી સર્વાર્થ સિદ્ધ વિમાન સુધી એક શુક્લ લેશ્યા છે.

૧) દેવોની કૃષ્ણ લેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

૨) દેવોની કૃષ્ણ લેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેનાથી એક સમય અધિક નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

૩) નીલ લેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેનાથી એક સમય અધિક કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

૪) સમુચ્ચય રીતે દેવોની તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની છે.

વૈમાનિક દેવોની તેજો લેશ્યાની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમનીછે.

૫) તેજો લેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તેનાથી એક સમય અધિક પદ્મ લેશ્યાની છે અને ઉત્કૃષ્ટ એક અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમની.

૬) પદ્મ લેશ્યાની જે સ્થિતિ છે તેનાથી એક સમય અધિક શુક્લ લેશ્યાની જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ એક અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની.

**૧૦) ગતિ દ્વારઃ**

કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ અધ્યવસાય રૂપ અને અશુભ કર્મબંધનું કારણ હોવાથી, તે અપ્રશસ્ત, અવિશુદ્ધ લેશ્યાઓ છે. તે લેશ્યાઓમાં આયુષ્યનો બંધ થાય તો, દુર્ગતિ થાય છે.

તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા શુભકર્મ બંધનું કારણ હોવાથી આ પ્રશસ્ત લેશ્યાઓમાં આયુષ્યનો બંધ થાય તો સુગતિ થાય છે.

**૧૧) આયુષ્ય દ્વારઃ**

છએ લેશ્યાઓના પ્રથમ સમયમાં જીવનો પરભવમાં જન્મ થતો નથી અને અંતિમ સમયમાં પણ જીવનો પરભવમાં જન્મ થતો નથી. કોઇ પણ લેશ્યાની પ્રાપ્તિ થયા બાદ અંતર્મુહૂર્ત વ્યતીત થયા બાદ અને અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે જ તે જીવ પરલોકમાં જન્મ લે છે.

જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે છે, તેજ લેશ્યામાં તેનો જન્મ થાય છે. મૃત્યુ અને ત્યાર પછીના જન્મ સમયની એક જ લેશ્યા હોય છે. જીવના મૃત્યુ સમયે આગામી ભવની લેશ્યાના પરિણામ અંતર્મુહૂર્ત પહેલાં જ આવી જાય છે. ઉત્પત્તિ સમયે તેના અતીત ભવની લેશ્યાના પરિણામ ન્યૂનતમ અંતર્મુહૂર્ત પર્યંત રહે છે.

કોઇ પણ લેશ્યાના પ્રથમ સમયે જીવનું મૃત્યુ થતું નથી. કારણકે એક જ સમયમાં તે લેશ્યા પૂર્ણપણે પરિણત થતી નથી. અંતર્મુહૂર્ત વ્યતીત થાય ત્યારે તે લેશ્યાના ભાવો પરભવમાં ઉત્પત્તિ સમયે સાથે રહે છે.

જે તે લેશ્યાના પરિણામના અંતિમ સમયે જીવનું મૃત્યુ થતું નથી કારણકે મૃત્યુ સમયની લેશ્યા જ નવા જન્મ સમયે અંતર્મુહૂર્ત સુધી રહે છે. નૈરયિકો અને દેવોમાં અવસ્થિત લેશ્યા હોય છે, તેથી તે જીવોને પૂર્વ ભવના અંતર્મુહૂર્તથી લઇને પછીના ભવના અંતર્મુહૂર્ત પર્યંત એક જ લેશ્યા હોય છે. તેથી તેની લેશ્યાની સ્થિતિ પોતાના આયુષ્યથી બે અંતર્મુહૂર્ત અધિક થાય છે.

ચારે ગતિના જીવોને લેશ્યા પરિણામના પ્રથમ સમયે કે અંતિમ સમયે જન્મ–મરણ થતા નથી.

મુનિ લેશ્યાઓના સંપૂર્ણ વર્ણન જાણીને અપ્રશસ્ત લેશ્યાઓનો ત્યાગ કરીને, પ્રશસ્ત લેશ્યાઓમાં સ્થિત રહે.

**ઉપસંહારઃ**

આત્મા પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી શુભ પરિણામો કરી શકે છે. રાગ–દ્વેષ, વેર–વિરોધ ઇત્યાદિ અશુભ પરિણામો માટે જીવને પુરુષાર્થ કરવો પડતો નથી કારણકે અનાદિકાળથી જીવ એવા પરિણામ કરતો રહ્યો છે તેથી તે પરિણામ જીવને સહજ છે. સાધક સમજણપૂર્વકના પુરુષાર્થથી અશુભ પરિણામ દૂર કરી શુભ પરિણામ ધારણ કરી શકે છે. તેમાં તેની સ્વતંત્રતા છે.

**(ચોત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

### પાંત્રીસમું અધ્યયન

# અણગાર માર્ગ ગતિ

**અધ્યયન પ્રારંભઃ**

સર્વજ્ઞ ભગવંત દ્વારા ઉપદિષ્ટ અણગાર માર્ગ ગ્રહણ કરીને સાધક અનંત સુખ પ્રાપ્ત કરે છે.

**અણગાર ધર્મઃ**

ગૃહવાસનો ત્યાગ કરી પ્રવ્રજિત થયેલા મુનિ માતા, પિતા, પત્ની, પુત્ર આદિ સંગને બંધન રૂપ જાણે. આ બંધનમાં અનેક મનુષ્યો આસક્ત થાય છે. મુનિ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, ઇચ્છા–કામના અને લોભનો ત્યાગ કરે.

ગૃહવાસનો ત્યાગ અને પંચમહાવ્રતનું પાલન, તે જ અણગાર ધર્મ છે.

સાધકની સાધનામાં ક્ષેત્રનો પણ વિશિષ્ટ પ્રભાવ હોય છે. તેથી મુનિ સંયમ સાધનામાં સહાયક બને તેવા સ્થાનમાં જ નિવાસ કરે.

કામરાગવર્ધક ચિત્રોથી અલંકૃત, સુવાસિત પદાર્થોથી સુવાસિત, સુશોભિત કમાડવાળા, સ્ત્રીઓના આવાગમનથી યુક્ત અને સુક્ષ્મ જીવોની ઉત્પત્તિથી યુક્ત હોય તેવા નિવાસ મુનિ માટે અયોગ્ય છે.

સ્મશાન, શૂન્યગૃહ, વૃક્ષતળ, સ્ત્રી, પશુ, નપુંસક રહિત, જીવજંતુ રહિત, સ્વ–પર માટે નિરાબાધ હોય એવા સ્થાન સાધુને રહેવા માટે ઉપયુક્ત છે. સંયમી જીવનને અનુરૂપ હોય એવા સ્થાનમાં મુનિ પ્રસન્નતાથી રહે.

સાધુ સ્વયં ઘર બનાવે નહિં અને અન્ય દ્વારા બનાવરાવે નહિં કારણકે ગૃહનિર્માણ કાર્યમાં સ્પષ્ટ રીતે પ્રાણીઓની હિંસા થાય છે.

**અણગારનો આહારઃ** મુનિ આહાર સ્વયં રાંધે નહિં કે બીજા પાસે રંધાવે નહિં.

રાંધવાની ક્રિયામાં પાણી, ધાન્ય, પૃથ્વી અને કાષ્ઠને આશ્રિત રહેલા જીવોની હિંસા થાય છે. ઉપરાંત અગ્નિ પણ સજીવ છે અને દૂર દૂર સુધી ફેલાઈ જવાની અગ્નિકાયની અને છએ દિશાવર્તી અનેક ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય છે.

સોનું અને માટીના ઢેફાને સમાન સમજનારા અણગાર સોના ચાંદીની મનથી પણ ઈચ્છા ન કરે અને સર્વ પ્રકારના ક્રય–વિક્રયથી (ખરીદ–વેચાણથી) દૂર રહે. સાધુની ચિત્તવૃત્તિ ખરીદ–વેચાણમાં હોય તો સાધુધર્મ નાશ પામે છે અને આગમોક્ત શ્રમણ રહેતો નથી.

ભિક્ષુ સંયમયાત્રાના નિર્વાહ માટે, સાધનામાં સહાયક બને તે નિર્દોષ અને સાત્વિક આહાર અનાસક્ત ભાવે ગ્રહણ કરે અને અનિંદિત સામુદાનિક (અનેક) ઘરોમાંથી થોડા થોડા આહારની ગવેષણા કરે. રસનેન્દ્રિય વિજેતા મહામુનિ આહારમાં મુર્છાભાવ રાખ્યા વિના આહાર ગ્રહણ કરે.

**અણગારની આરાધનાઃ** સાંસારિક સંબંધોનો અને તેના મમત્વનો ત્યાગ કરી, સંયમભાવમાં સ્થિત અણગાર બાહ્ય પરિગ્રહના ત્યાગ પછી રાગદ્વેષ રૂપ અભ્યંતર પરિગ્રહના ત્યાગ માટે પુરુષાર્થ કરે અને ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમાં સ્થિત રહે. જીવન પર્યંત આગમ જિનાજ્ઞાને લક્ષ્યમાં રાખી રત્નત્રયની આરાધનામાં તલ્લીન રહે.

આરાધક શ્રમણને વીર્યાંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત શક્તિઓનો પાદુર્ભાવ થાય છે. તેથી મૃત્યુનો સમય સમીપ જણાય ત્યારે સંલેખના–અનશન દ્વારા ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને સમાધિમાં લીન થઈ જાય છે.

ઔદારિક શરીરના અંત સાથે કાર્મણ શરીરનો પણ અંત થાય છે. અને તે અશરીરી આત્મા સંસારચક્રમાંથી છૂટી પરમાનંદ પ્રાપ્ત કરે છે, શાશ્વત સુખ પામે છે.

**(પાંત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

### છત્રીસમું અધ્યયન

# જીવાજીવ વિભક્તિ

**અધ્યયન પ્રારંભઃ** જીવ અને અજીવના ભેદ જાણીને મુનિ સંયમમાં સમ્યક્ પ્રકારે યત્નશીલ બને છે.

**લોક-અલોકઃ**

જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો છે, તે ક્ષેત્રને લોક કહ્યો છે અને જે ક્ષેત્રમાં આ દ્રવ્યો નથી, તે ક્ષેત્રને અલોક કહે છે. આકાશ દ્રવ્ય વ્યાપક છે. તેના જેટલા વિભાગમાં જીવ અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય આદિ અજીવ દ્રવ્યો હોય તેટલા વિભાગને લોક કહે છે અને જે આકાશ ક્ષેત્રમાં આકાશ સિવાય અન્ય કોઈ પણ દ્રવ્ય નથી; માત્ર આકાશ છે, તેને અલોક કહે છે.

**અજીવ દ્રવ્યઃ**

જેમાં ચૈતન્ય શક્તિ નથી અને જેમાં જ્ઞાન દર્શન આદિ ગુણ નથી; તે અજીવ છે. વર્ણ, ગંધ આદિ ગુણોની અપેક્ષાએ અજીવના બે ભેદ છે – રૂપી અને અરૂપી.

છ દ્રવ્યમાં એક પુદ્‌ગલાસ્તિકાય જ રૂપી દ્રવ્ય છે. તેના ચાર પ્રકાર છેઃ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા દ્રવ્યને રૂપી કહે છે.

જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણોનો અભાવ હોય તેને અરૂપી કહે છે.

અરૂપી અજીવના દશ પ્રકારઃ ધર્માસ્તિકાયના ૧) સ્કંધ ૨) દેશ ૩) પ્રદેશ; અધર્માસ્તિકાયના ૪) સ્કંધ ૫) દેશ ૬) પ્રદેશ; આકાશાસ્તિકાયના ૭) સ્કંધ ૮) દેશ ૯) પ્રદેશ; ૧૦) અદ્ધાસમય–કાળ; આ રીતે અરૂપી અજીવ દ્રવ્યના ૧૦ ભેદ થાય છે.

દ્રવ્યથી – ચારે અરૂપી દ્રવ્યનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ

૧) ધર્માસ્તિકાયઃ જીવ અને પુદ્‌ગલ દ્રવ્યની ગતિમાં સહાયક થાય છે.

૨) અધર્માસ્તિકાયઃ જીવ અને પુદ્‌ગલને સ્થિર થવામાં સહાયક થાય છે.

૩) આકાશાસ્તિકાયઃ જીવન અને પુદ્‌ગલ દ્રવ્યને રહેવા માટે સ્થાન આપે છે, આધારભૂત બને છે.

૪) કાળઃ જે દ્રવ્ય સર્વ દ્રવ્ય પર વર્તી રહ્યું છે તે કાળ વર્તના તેનો ગુણ છે. કાળ દ્રવ્યના પ્રભાવે જીવ અને પુદ્‌ગલની પર્યાયો નવી હોય, તે જુની થાય; જુની હોય તે નષ્ટ થાય છે.

રૂપી અજીવના ચાર પ્રકારઃ રૂપી અજીવ દ્રવ્યના સ્કંધ, સ્કંધના દેશ, સ્કંધના પ્રદેશ અને પરમાણું એ ચાર ભેદ છે.

**સ્કંધઃ** બે અથવા બેથી વધારે પરમાણુંઓનો સમૂહ સ્કંધ કહેવાય છે. લોકમાં પુદ્‌ગલ સ્કંધ અનંત છે. તે સર્વે મળીને પુદ્‌ગલાસ્તિકાય કહેવાય છે. પરંતુ તે સમસ્ત પુદ્‌ગલોનો અખંડ એક સ્કંધ થતો નથી. જેમ અનેક બુંદીના દાણા ભેગા થાય ત્યારે લાડવો બને છે તેમ અનેક પરમાણું ભેગા થાય ત્યારે સ્કંધ બને છે.

બે પરમાણું ભેગા થાય, તેને બે પ્રદેશી સ્કંધ, ત્રણ પરમાણું ભેગા થાય તેને ત્રિપ્રદેશી સ્કંધ કહે છે. આ રીતે સંખ્યાત, અસંખ્યાત કે અનંત પરમાણું ભેગા થતાં ક્રમશઃ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધ કહેવાય છે.

**દેશઃ** સ્કંધના અમુક કલ્પિત વિભાગનું નામ દેશ છે. જેમકે અર્ધો લાડવો, પા લાડવો, લાડવાનો એક ટૂકડો, તેમ સ્કંધનો એક ભાગ પુદ્‌ગલાસ્તિકાયનો દેશ કહેવાય છે.

**પ્રદેશઃ** સ્કંધના અવિભાજ્ય અંશ કે જે પોતાના સ્કંધ સાથે જાડાયેલા હોય, તેને પ્રદેશ કહે છે. જેમકે લાડવાનો અવિભાજ્ય અંશ તે બુંદી લાડવાથી છૂટી પડી ન હોય, ત્યાં સુધી તેનો પ્રદેશ કહેવાય છે.

**પરમાણુંઃ** જેમ લાડવાનો અવિભાજ્ય અંશ–બુંદીનો એક દાણો–તેમાંથી છૂટો પડી જાય તેમ પુદ્ગલ સ્કંધથી તેનો અવિભાજ્ય અંશ–પ્રદેશ છૂટો થાય, તેને પરમાણું કહે છે.

પરમાણુંની ઉત્પત્તિ કેવળ ભેદથી જ થાય છે, અર્થાત્ દ્વિપ્રદેશી આદિ સ્કંધોનો ભેદ થવાથી પરમાણુંઓ છૂટા પડી જાય છે.

**ક્ષેત્રથીઃ** પુદ્ગલ સ્કંધ સમગ્ર લોકમાં અને લોકના દેશ વિભાગમાં પણ હોય છે. તેમાં એક પરમાણુ એક આકાશ પ્રદેશ પર સ્થિત થાય છે. અનંત પ્રદેશી સ્કંધ વધુમાં વધુ અસંખ્યાત પ્રદેશ પર સ્થિત થાય છે કારણકે લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ છે, અનંત પ્રદેશો નથી.

**કાળથીઃ** સ્કંધ અને પરમાણુંની સંતતિ અનાદિકાળથી ચાલી આવે છે અને તે જ પ્રકારે ચાલશે, તેથી પ્રવાહની અપેક્ષાએ તે અનાદિ–અનંત કહેવાય છે અને સ્થિતિ તથા રૂપાંતરની અપેક્ષાએ સાદિ–સાંત છે. કોઇ સમયે પરમાણુઓ ભેગા થવાથી સ્કંધની ઉત્પત્તિ થાય છે અને છૂટા પડે ત્યારે સ્કંધનો અંત આવે છે.

**સ્થિતિઃ** કોઇ પણ સ્કંધ કે પરમાણુંની જઘન્ય સ્થિતિ એક સમયની અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની છે.

**અંતરઃ** કોઇ પણ પુદ્ગલ સ્કંધ તે અવસ્થાને છોડી દે અને ફરીથી તે અવસ્થાને પ્રાપ્ત કરે, તેની વચ્ચેનો કાળ પુદ્ગલ સ્કંધનું અંતર કહેવાય છે.

રૂપી અજીવના ૩૦ ભેદઃ પુદ્ગલાસ્તિકાયના મુખ્ય પાંચ ગુણ, પચ્ચીસ ઉત્તર ભેદ અને તે પચ્ચીસ ભેદના પરસ્પર સંયોગથી ૫૩૦ ભેદ થાય છે.

પુદ્ગલાસ્તિકાયના ગુણઃ વર્ણ,ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન તે મુખ્ય પાંચ ગુણ છે.

ઉત્તરભેદ પચ્ચીસઃ વર્ણના પાંચ ભેદ – કાળો, નીલો, લાલ, પીળો, સફેદ. ગંધના બે ભેદઃ સુરભિગંધ, દુરભિગંધ. રસના પાંચ ભેદ – તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો. સ્પર્શના આઠ ભેદ – કર્કશ સ્પર્શ, મૃદુ સ્પર્શ, ગુરુ સ્પર્શ,

લઘુ સ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ, રૂક્ષ સ્પર્શ.

**સંસ્થાનઃ** પુદ્‌ગલ સ્કંધોનો જે આકાર હોય છે, તેને સંસ્થાન કહે છે. તેના પાંચ ભેદ છેઃ ૧) પરિમંડલ – બંગડી સમાન ગોળાકાર, ૨) વૃત્ત–લાડવા સમાન ગોળાકાર, ૩) ત્રિકોણ – ત્રણ ખૂણાવાળો આકાર, ૪) ચોરસ – ચાર ખૂણાવાળો, ૫) આયત – લાકડા કે દોરડા જેવો લાંબો.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન, તે પાંચેય ગુણો સહચારી છે. તેથી જ્યાં વર્ણ હોય ત્યાં ગંધાદિ અવશ્ય હોય. ૨૫ ગુણોના પરસ્પર સહયોગથી તેના ૫૩૦ ભંગ–ભેદ થાય છે.

**જીવ દ્રવ્યઃ**

જીવ દ્રવ્યના બે પ્રકાર છેઃ સંસારી અને સિદ્ધ. તેમાં સિદ્ધોના અનેક ભેદ છે.

સંસારી જીવઃ જે જીવો આઠ કર્મ સહિત હોય, તે સંસારી જીવ.

સિદ્ધ જીવઃ જે જીવો આઠ કર્મથી રહિત હોય તે સિદ્ધ જીવ. જીવ દ્રવ્ય અનંત છે. તેનું લક્ષણું ચૈતન્ય અને જ્ઞાન, દર્શન બે ઉપયોગ. સર્વ જીવો સ્વતંત્ર છે.

જેણે સર્વ કર્મોનો નાશ કર્યો હોય તેને સિદ્ધ કહે છે. તેના ભેદઃ

૧) તીર્થ સિદ્ધાઃ તીર્થંકર તીર્થની સ્થાપના કરે છે ત્યાર પછી મોક્ષ પામે છે.

૨) અતીર્થ સિદ્ધાઃ પ્રથમ તીર્થંકર તીર્થ સ્થાપના કરે, તે પહેલા જે સિદ્ધ થાય તે. જેમકે મરુદેવા માતા.

૩) તીર્થંકર સિદ્ધાઃ તીર્થંકરપણે સિદ્ધ થાય તે. જેમકે ૨૪ તીર્થંકરો.

૪) અતીર્થંકર સિદ્ધાઃ સામાન્ય કેવળી સિદ્ધ થાય તે.

૫) ગૃહસ્થલિંગ સિદ્ધાઃ ગૃહસ્થ વેશમાં સિદ્ધ થાય તે.

૬) અન્યલિંગ સિદ્ધાઃ સંન્યાસી, તાપસ આદિ.

૭) સ્વલિંગ સિદ્ધાઃ જૈન સાધુના વેશમાં સિદ્ધ થાય તે.

૮) સ્ત્રીલિંગ સિદ્ધાઃ સ્ત્રી શરીરથી સિદ્ધ થાય તે.

૯) પુરુષલિંગ સિદ્ધાઃ પુરુષ શરીરથી સિદ્ધ થાય તે.

૧૦) નપુંસક લિંગ સિદ્ધાઃ નપુંસક શરીરથી સિદ્ધ થાય તે

૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધાઃ કોઈ પદાર્થને જોઈને તેના ચિંતનથી પ્રતિબોધ પામીને સિદ્ધ થાય તે.

૧૨) સ્વયંબુદ્ધ સિદ્ધાઃ ગુરુના ઉપદેશ વિના સ્વયં બોધ પામીને સિદ્ધ થાય તે.

૧૩) બુદ્ધ બોધિત સિદ્ધાઃ કોઈના ઉપદેશથી સિદ્ધ થાય તે.

૧૪) એક સિદ્ધાઃ એકાકીપણે સિદ્ધ થાય તે.

૧૫) અનેક સિદ્ધાઃ એક સાથે અનેક જીવો સિદ્ધ થાય તે.

સિદ્ધ થવાની સાધના આધ્યાત્મિક પુરુષાર્થ છે. રાગ–દ્વેષ આદિ કષાયો નષ્ટ કરવાના છે. આ સાધના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો કોઈ પણ વેશમાં, અઢીદ્વીપના કોઈ પણ ક્ષેત્રમાંથી કરી શકે છે. તેમાં લિંગ આદિ બાહ્ય કારણો બાધક બનતા નથી.

એક સમયમાં નપુંસક લિંગમાં દશ, સ્ત્રીલિંગમાં વીસ અને પુરુષ લિંગમાં એકસો સાઠ જીવો સિદ્ધ ગતિ પ્રાપ્ત કરે છે.

ગૃહસ્થ વેશમાં એક સમયમાં ઉત્કૃષ્ટ ચાર જીવો સિદ્ધ થાય છે, તાપસાદિ અન્ય લિંગમાંથી દશ અને સ્વલિંગ–જૈન સાધુના વેશમાંથી એકસો આઠ જીવો સિદ્ધ થઈ શકે છે.

એક સમયમાં જઘન્ય અવગાહના વાળા ચાર, ઉત્કૃષ્ટ અવગાહના વાળા બે અને મધ્યમ અવગાહના વાળા ૧૦૮ જીવો સિદ્ધ થઈ શકે છે.

ઉર્ધ્વ લોકમાંથી ચાર, સમુદ્રમાંથી બે તથા અન્ય જળાશયોમાંથી ત્રણ, અધોલોકમાંથી વીસ અને તિર્યગ્ લોકમાંથીએકસો આઠ એક સમયમાં સિદ્ધ થાય

છે.

સિદ્ધ થયેલા જીવની ગતિ લોકના અંત ભાગ સુધી થાય છે. મનુષ્ય લોકમાં સ્થૂળ ઔદારિક શરીર અને સુક્ષ્મ તૈજસ–કાર્મણ શરીરનો ત્યાગ કરીને સિદ્ધ ક્ષેત્રમાં જાય છે અને ત્યાં જ સિદ્ધ થાય છે.

**સિદ્ધ ક્ષેત્રઃ**

સર્વાર્થસિદ્ધ ક્ષેત્રથી બાર જોજન ઉપર ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છત્રના આકારમાં અવસ્થિત છે. તે સિદ્ધશિલા નામથી પ્રસિદ્ધ છે. તે ૪૫,૦૦,૦૦૦ લાખ યોજન લાંબી અને તેટલી જ પહોળી છે તથા ૧,૪૨,૩૦,૨૪૯ યોજનનો તેનો ઘેરાવો છે.

સિદ્ધશિલા મધ્યમાં આઠ જોજન જાડી અને ઉતરતાં છેડે માખીની પાંખ કરતાં પણ પાતળી છે.

સિદ્ધશિલાનો આકાર દંડ રહિત ખોલેલા અને ઊંધા રાખેલા છત્ર જેવો છે.સિદ્ધશિલાનો વર્ણ શંખ, અંક રત્ન અને કુંદ–પુષ્પ સમાન અત્યંત શ્વેત, નિર્મળ અને સુખદાયક છે.

ઈષત્પ્રાગ્ભારા (સિદ્ધશિલા) થી એક જોજન ઊંચે લોકાન્ત છે. તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના (અવસ્થિતિ) હોય છે. સિદ્ધ જીવોના ચરમ શરીરની જે અવગાહના હોય છે, તેનાથી ત્રીજો ભાગ ઓછી અર્થાત્ બે તૃતીયાંશ સિદ્ધોની અવગાહના હોય છે.

સિદ્ધોની સ્થિતિઃ એક સિદ્ધની અપેક્ષાથી સાદિ અનંત છે અને ઘણા સિદ્ધોની અપેક્ષાએ સિદ્ધ અનાદિ અનંત છે.

સિદ્ધોનું સ્વરૂપઃ સિદ્ધ ભગવાન અરૂપી છે. જીવ પ્રદેશોથી ઘનરૂપ છે અને જ્ઞાન, દર્શનના ઉપયોગ સહિત છે. તેઓ આત્મિક સુખને પ્રાપ્ત થયા છે. સંસારના કોઈપણ પદાર્થ સાથે તેના આત્મિક સુખની તુલના થઈ શકતી નથી.

**સંસારી જીવોઃ**

સંસારી જીવોના બે પ્રકાર છે – ત્રસ અને સ્થાવર

**સ્થાવર જીવોઃ** સ્થાવર જીવોના ત્રણ ભેદ છે – પૃથ્વી, પાણી અને વનસ્પતિ. આ જીવોને સ્થાવર નામ કર્મનો ઉદય હોય છે તેમજ તે જીવોમાં સ્વયં ગતિશીલતા હોતી નથી.

**પૃથ્વીકાયઃ**

પૃથ્વીકાય જીવોના બે ભેદ છે – સૂક્ષ્મ અને બાદર. આ બન્નેના બે–બે ભેદ છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. બાદર પૃથ્વીકાયના બે ભેદ છે – ૧) કોમળ અને ૨) કઠોર.

કોમળ પૃથ્વીકાયના ૭ ભેદ છેઃ ૧) કાળી ૨) નીલી ૩) લાલ ૪) પીળી ૫) સફેદ ૬) પાંડુરંગની – ફિકાશ પડતી સફેદ વર્ણની ૭) પનક–મૃતિકા

ખર–કઠોર પૃથ્વીકાયના ૩૬ ભેદ છે. જે પદાર્થો ખાણમાંથી નીકળે તે પૃથ્વીકાયના જ ભેદ છે.

૧) શુદ્ધ પૃથ્વી ૨) શર્કરા ૩) વાલુકા ૪) પાષાણ ૫) શીલા ૬) લવણ ૭) ખારી માટી ૮) લોઢું ૯) તાંબુ ૧૦) કથીર ૧૧) સીસું ૧૨) ચાંદી ૧૩) સોનું ૧૪) હીરા ૧૫) હરિતાલ ૧૬) હિંગળો ૧૭) મનઃશિલ ૧૮) જસત ૧૯) સૂરમો ૨૦) પ્રવાલ ૨૧) અબરખ ૨૨) અભ્રવાલુક ૨૩) ગોમેદક રત્ન ૨૪) રુચક રત્ન ૨૫) અંક રત્ન ૨૬) સ્ફટિક રત્ન ૨૭) લોહિતાક્ષ રત્ન ૨૮) મરકત મણિ ૨૯) મસાર ગલ્લ મણિ ૩૦) ભુજ મોચક મણિ ૩૧) ઇન્દ્રનીલ મણિ ૩૨) ચંદ્ર રત્ન, ગેરૂ રત્ન, હંસગર્ભ રત્ન ૩૩) પુલક રત્ન ૩૪) ચંદ્રપ્રભ રત્ન, વૈડૂર્ય રત્ન ૩૫) જલકાંત મણિ ૩૬) સૂર્યકાંત મણિ

સૂક્ષ્મ પૃથ્વીકાયના કોઇ ભેદ નથી.

**સૂક્ષ્મઃ** સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી જે જીવોનું શરીર અત્યંત સૂક્ષ્મ હોય છે, તે છદ્મસ્થને દૃષ્ટિગોચર થતું નથી. તેઓ કોઇના મારવાથી કે અન્ય કોઇ પણ

શસ્ત્રથી મરતા નથી. તે જીવોનું આયુષ્ય સમાપ્ત થવાથી સ્વયં મૃત્યુ પામે છે. તેનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે. સૂક્ષ્મ જીવો સર્વ લોકમાં વ્યાપ્ત છે.

**બાદરઃ** બાદર નામકર્મના ઉદયથી જે જીવોનું શરીર સ્થૂળ હોય, તે બાદર કહેવાય છે. બાદર જીવો છદ્મસ્થને દૃષ્ટિગોચર થાય અથવા ન પણ થાય. જેમકે એક પૃથ્વીકાયના બાદર જીવને છદ્મસ્થો જોઇ શકતા નથી. અસંખ્યાત જીવોના સમુદાય રૂપ પૃથ્વી પિંડને છદ્મસ્થો જોઇ શકે છે.

**પર્યાપ્તઃ** આહારાદિ પુદ્ગલને ગ્રહણ કરવાની તથા તેને શરીરાદિ રૂપે પરિણમાવવાની આત્માની શક્તિ વિશેષને પર્યાપ્તિ કહે છે. આ શક્તિ પુદ્ગલોના ઉપચયથી થાય છે. તેના છ ભેદ છેઃ

૧) આહાર પર્યાપ્તિ ૨) શરીર પર્યાપ્તિ ૩) ઇન્દ્રિય પર્યાપ્તિ ૪) શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ ૫) ભાષા પર્યાપ્તિ અને ૬) મનઃ પર્યાપ્તિ.

**અપર્યાપ્તઃ** જ્યાં સુધી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે, ત્યાં સુધી તે અપર્યાપ્ત કહેવાય છે. કોઇ પણ જીવ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર મરતા નથી. કારણકે આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ જીવ પરભવનું આયુષ્ય બાંધે છે.

પૃથ્વીકાયનો પ્રવાહની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તે અનાદિ–અનંત છે કારણકે એવો એક પણ સમય નથી કે જયારે પૃથ્વીકાય ન હોય, તેથી તે અનાદિ–અનંત છે.

સ્થિતિની અપેક્ષાએ દરેક પૃથ્વી જીવ સાદિ–સાંત છે. સ્થિતિની અપેક્ષાએ દરેક જીવની આદિ પણ છે અને અંત પણ છે.

**સાદિ-સાંત પૃથ્વીકાયની સ્થિતિઃ** સ્થિતિના બે પ્રકાર છે – ભવસ્થિતિ અને કાયસ્થિતિ.

ભવસ્થિતિઃ કોઇ પણ જીવની એક ભવની કાળમર્યાદાને ભવસ્થિતિ કહે છે. પૃથ્વીકાયની ભવસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષ છે.

કાયસ્થિતિઃ એક જ કાયમાં જન્મ–મરણની પરંપરામાં વ્યતીત થતા કાળને કાયસ્થિતિ કહે છે. જેમકે પૃથ્વીકાયનો જીવ મરીને પુનઃ પુનઃ પૃથ્વીકાયમાં જ જન્મ–મરણ કરતાં જેટલો સમય પસાર કરે, તે પૃથ્વીકાયની કાયસ્થિતિ છે.

તે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની છે.

**પૃથ્વીકાયનું અંતરઃ** સ્વકાય છોડીને પરકાયમાં જઇ, ફરીથી તે જ કાયમાં જન્મ ધારણ પૃથ્વીકાય જીવોનો અંતર કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનો છે. ભવસ્થિતિ, કાયસ્થિતિ અને અંતર ઇત્યાદિ એક જીવની સ્થિતિની અપેક્ષાએ છે.

**અપ્કાયિકઃ** પાણી જ જેનું શરીર છે, તેને અપ્કાયિક જીવ કહે છે. પાણીના એક ટીપામાં અસંખ્યાત જીવો હોય છે.

તેના સુક્ષ્મ અને બાદર તેમ બે ભેદ અને એ બન્નેની પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે–બે ભેદ મળી કુલ ચાર ભેદ થાય છે. સુક્ષ્મ અપ્કાય જીવો આખા લોકમાં ઠસોઠસ ભરેલા છે. તેના કોઇ ભેદ નથી.

બાદર પર્યાપ્ત અપ્કાયિક જીવોના પાંચ ભેદ છ – ૧) વરસાદનું જળ ૨) ઓસ બિન્દુ ૩) વનસ્પતિમાંથી ઝરતું પાણી ૪) ધુમ્મસ ૫) બરફ

બાદર અપ્કાયના જીવો લોકના એક દેશમાં સ્થિત છે.

ભવસ્થિતિ – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષ; કાયસ્થિતિ – પૃથ્વીકાયની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ; અંતર – પૃથ્વીકાયની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

**વનસ્પતિ કાયઃ**

વનસ્પતિ જેનું શરીર છે, તેને વનસ્પતિ કાય કહે છે. તેના સુક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર ભેદ છે. સુક્ષ્મ જીવો આખા લોકમાં ઠસોઠસ ભરેલા છે, તેના કોઇ ભેદ નથી. બાદર વનસ્પતિ કાયના મુખ્ય બે ભેદ છે – પ્રત્યેક શરીરી અને સાધારણ શરીરી વનસ્પતિ કાય.

બાદર વનસ્પતિ કાય લોકના જીવો લોકના અમુક ભાગમાં જ છે.

પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયઃ જે જીવોમાં પ્રત્યેક જીવનું શરીર સ્વતંત્ર હોય, એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ કાય. તેના અનેક ભેદ છે – વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લત્તા, વેલા, ધાન્ય વગેરે.

સાધારણ શરીરી વનસ્પતિ કાયઃ એક શરીરમાં એક સાથે અનંત જીવો રહેતા હોય, તે સાધારણ શરીરી વનસ્પતિ કાય. તેમના શરીર જન્ય આહાર, નિહાર, શ્વાસોચ્છ્‌વાસ આદિ ક્રિયાઓ પણ એક સાથે જ થાય છે. તેના કંદ અથવા મૂળ બન્ને જમીનમાં રહે છે. તેથી તેને કંદમૂળ કહે છે.

**વનસ્પતિકાયની સ્થિતિઃ** અનેક જીવોની અપેક્ષાએ અનાદિ–અનંત છે. એક જીવની અપેક્ષાએ સાદિ–સાંત છે. ભવસ્થિતિ – પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષ; કાયસ્થિતિ – પ્રત્યેક શરીરી – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ, સાધારણ શરીરી – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ; અંતર – જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ.

**ત્રસકાયઃ**

ત્રસ જીવોના બે પ્રકાર છે – ગતિ ત્રસ અને લબ્ધિ ત્રસ. ત્રસ નામકર્મના ઉદયથી જે જીવો સ્વયં હલન ચલન કરી શકે છે, તેવા બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો લબ્ધિ ત્રસ અને જે જીવો ત્રસ નામ કર્મનો ઉદય ન હોવા છતાં ગતિ ક્રિયા પ્રત્યક્ષ જોઈ શકાય તેવા સ્થાવર જીવોને (અગ્નિકાય અને વાયુકાયને) ગતિ ત્રસ કહે છે. પાણીમાં પણ પ્રત્યક્ષ ગતિ દેખાય છે પરંતુ તેની ગતિ સ્વયં અને સ્વતંત્ર નથી, તે કેવળ નિચાણ વાળા અને ઢાળ વાળા પ્રદેશ તરફ ગતિ કરે છે; તેથી તેની ગણના ગતિ ત્રસમાં કરી નથી.

**અગ્નિકાયઃ**

અગ્નિ જ જેનું શરીર છે, તેને અગ્નિકાય કહે છે. તેના પણ સુક્ષ્મ–બાદર, પર્યાપ્તા–અપર્યાપ્તા એમ ચાર ભેદ છે. અગ્નિના એક તણખામાં અસંખ્યાત

જીવો હોય છે. તે બધા પ્રત્યેક શરીરી છે. બાદર પર્યાપ્ત અગ્નિના અનેક ભેદ છે – અંગારા, ચિનગારી, વિજળી, તારો ખરતા સમયની અગ્નિ, જવાળા, અગ્નિશિખા વગેરે.

સુક્ષ્મ અગ્નિકાયના કોઈ ભેદ નથી. સુક્ષ્મ અગ્નિકાયના જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે અને બાદર અગ્નિકાયના જીવો લોકના અમુક પ્રદેશમાં છે.

બાદર અગ્નિકાયના જીવો પ્રવાહની અપેક્ષાએ અનાદિ–અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ–સાંત છે.

આયુ સ્થિતિઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્ર

કાયસ્થિતિઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ

અંતરઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંત કાળ.

**વાયુકાયઃ**

વાયુ જ જેનું શરીર છે, તેને વાયુકાય કહે છે. તેના સુક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર ભેદ છે. વાયુકાયના બાદર જીવો પણ અલ્પ અવગાહના હોય છે. પૃથ્વી, પાણી અને અગ્નિના જીવોથી વાયુકાયિક જીવોની અવગાહના અલ્પ હોય છે.

બાદર પર્યાપ્ત વાયુકાયના જીવોના પાંચ પ્રકાર છે – ૧) અટકીને વહેતો ઉત્કલિકા વાયુ ૨) ચક્રાકારે વહેતો મંડલિક વાયુ ૩) ઘનીભૂત વાયુ ૪) ગુંજારવ કરતો ગુંજાવાયુ ૫) મંદ મંદ વહેતો શુદ્ધ વાયુ.

સુક્ષ્મ વાયુકાયના જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે, બાદર વાયુકાયના જીવો લોકના અમુક ભાગમાં છે. સુક્ષ્મ વાયુકાયના કોઈ ભેદ નથી.

પ્રવાહની અપેક્ષાએ વાયુકાયના જીવો અનાદિ–અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ–સાંત છે.

ભવસ્થિતિઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષ.

કાયસ્થિતિઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ.

અંતરઃ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંત કાળ.

**ત્રસ પ્રાણીઃ** જે જીવોને ત્રસ નામકર્મનો ઉદય હોય, જેની હલન–ચલનની ક્રિયા ચર્મચક્ષુથી જોઇ શકાય છે, તે જીવોને ઉદાર ત્રસ કહે છે. તેના ચાર ભેદ છેઃ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય.

આ સર્વ ત્રસ જીવો લોકના એક ભાગમાં જ રહે છે.

**વિકલેન્દ્રિયઃ** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય –

બેઇન્દ્રિય જીવોના બે પ્રકાર છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા જે જીવો પાંચ પર્યાપ્તિ પૂર્ણ કરે, તે પર્યાપ્ત અને પાંચ પર્યાપ્તિ પૂર્ણ ન કરે તે અપર્યાપ્ત.

તેના ઉત્તર ભેદઃ કૃમિ, અળસિયા, છીપ, શંખ, લઘુશંખ જળો ઇત્યાદિ બેઇન્દ્રિય જીવો લોકના અમુક ભાગમાં જ રહે છે.

તેઇન્દ્રિયઃ કંથવા, કીડી, ચાંચડ, ઉધઇ, કાનખજુરા આદિ.

ચૌરેન્દ્રિયઃ માખી, મચ્છર, ભ્રમર, પતંગિયા, વીંછી વગેરે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે–બે ભેદ છે. અને આ જીવો લોકના અમુક ભાગમાં જ રહે છે.

**સ્થિતિઃ** અનેક જીવોની અપેક્ષાએ બેઇન્દ્રિયાદિની સ્થિતિ અનાદિ–અનંત છે. એક જીવની ભવસ્થિતિ સાદિ–સાંત છે.

ભવસ્થિતિઃ બેઇન્દ્રિયાદિ ત્રણેયની ભવસ્થિતિ અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ બેઇન્દ્રિયની બાર વર્ષ, તેઇન્દ્રિયની ૪૯ દિવસ અને ચૌરેન્દ્રિયની છ માસની છે.

કાયસ્થિતિઃ ત્રણેયની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ.

અંતરઃ ત્રણેયનું જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ.

**પંચેન્દ્રિયઃ** પંચેન્દ્રિય જીવોના ચાર પ્રકાર છેઃ નારકી, તિર્યંચ, મનુષ્ય અને

દેવતા.

**નારકીઃ** નારકીના ભેદ તેના નિવાસ સ્થાન રૂપ ક્ષેત્રની અપેક્ષાએ છે. નરક સાત હોવાથી નારકીના સાત પ્રકાર છે. તેના નામ – ૧) રત્ન પ્રભા ૨) શર્કરા પ્રભા ૩) વાલુકા પ્રભા ૪) પંકપ્રભા ૫) ધૂમપ્રભા ૬) તમઃ પ્રભા ૭) મહાતમઃ પ્રભા.

નારકીના જીવોની સ્થિતિ પ્રવાહની અપેક્ષાએ અનાદિ–અનંત છે અને પ્રત્યેક નારકી જીવોની આયુસ્થિતિ–કાયસ્થિતિ સાદિ–સાંત હોય છે.

**ભવસ્થિતિઃ** પહેલી નરક ભૂમિના નારક જીવોની જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ એક સાગરોપમ. બીજી નરક ભૂમિમાં નારક જીવોની એક સાગરોપમ, ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ. ત્રીજી નરકમાં જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમ, ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. ચોથી નરકમાં જઘન્ય સ્થિતિ સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ.

પાંચમી નરકમાં જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમ. છઠ્ઠી નરકમાં જઘન્ય સ્થિતિ સત્તર સાગરોપમ, ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમ. સાતમી નરકમાં જઘન્ય સ્થિતિ બાવીસ સાગરોપમ ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ.

નારકની જઘન્ય અને ઉત્કૃષ્ટ જેટલી આયુસ્થિતિ છે, તેટલી જ તેની કાયસ્થિતિ છે; અને અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળનું છે.

આ નૈરયિકોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ થાય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયઃ** તેના બે પ્રકાર છે – સમૂચ્છિર્મ અને ગર્ભજ.

સમૂચ્છિર્મઃ કોઈ અમુક સ્થાનમાં પુદ્‌ગલો એકત્રિત થવાથી ઉત્પન્ન થનારા, માતા–પિતાના સંયોગ વિના જેની ઉત્પત્તિ થાય છે તથા મન પર્યાપ્તિના અભાવથી જે મૂઢ અવસ્થામાં રહે છે, તેને સમૂચ્છિર્મ તિર્યંચ પંચેન્દ્રિય કહે છે.

ગર્ભજઃ માતા–પિતાના સંયોગથી અને ગર્ભધારણ વડે ઉત્પન્ન થનારા

જીવોને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય કહે છે.

ઉપરોક્ત બન્ને પ્રકારના તિર્યંચના ત્રણ–ત્રણ પ્રકાર છે – જળચર, સ્થળચર અને ખેચર.

**જળચરઃ** મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર, વગેરે.

**સ્થળચરઃ** તેના બે ભેદ છે – ૧) ચતુષ્પદઃ ચાર પગવાળા, જેમકે ગાય, ઘોડા, હાથી, બિલાડી, કૂતરા, વાંદરા આદિ. ૨) પરિસર્પઃ સરકીને ચાલનારા જીવો. તેના બે ભેદ છે – ૧) ભુજ પરિસર્પ ૨)ઉર પરિસર્પ

ભુજ પરિસર્પ– ભુજાઓથી સરકીને ચાલે તે ભુજ પરિસર્પ, ચંદન ઘો, નોળિયા, ખિસકોલી, ગરોળી, ઉંદર આદિ

ઉર પરિસર્પ – પેટથી સરકીને ચાલે તે. અજગર, સાપ આદિ.

ભવસ્થિતિઃ જળચર, ઉર પરિપર્સ, ભુજપરિસર્પની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની.

ચતુષ્પદ સ્થળચરની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની. તે દેવકુરુ–ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિક ત્રિચંચની અપેક્ષાએ છે.

**ખેચરની સ્થિતિઃ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે ખેચર યુગલિક તિર્યંચની અપેક્ષાએ છે.

**કાયસ્થિતિઃ** જળચર જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અનેક કરોડ પૂર્વ વર્ષની.

સ્થળચર જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સહિત અનેક પૂર્વક્રોડ વર્ષની છે.

ખેચર જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક અનેક પૂર્વ ક્રોડ વર્ષની.

**અંતરઃ** જળચર જીવોનું અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ. સ્થળચર અને ખેચર જીવોનું અંતર જળચર પ્રમાણે જ છે.

જળચર, સ્થળચર અને ખેચર જીવો લોકના અમુક ભાગમાં જ રહે છે. તેમના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

**મનુષ્યઃ** તેના બે ભેદ છે – સમૂચ્છિર્મ અને ગર્ભજ.

ગર્ભજ મનુષ્યના ત્રણ પ્રકાર છે – ૧) કર્મભૂમિના મનુષ્યો ૨) અકર્મભૂમિના મનુષ્યો ૩) અંતરદ્વીપના મનુષ્યો.

કર્મભૂમિઃ પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ–૧૫ કર્મભૂમિના ક્ષેત્રો છે.

અકર્મભૂમિઃ જંબુદ્વીપના છ, ધાતકીખંડના બાર અને પુષ્કરાર્ધ દ્વીપના બાર, તે સર્વ મળી ૩૦ અકર્મભૂમિના ક્ષેત્રો છે. તેમાં માત્ર જુગલિયાઓની જ ઉત્પત્તિ થાય છે અને તેઓ પોતાની ઈચ્છા કલ્પવૃક્ષ દ્વારા પૂરી કરે છે.

અંતરદ્વીપઃ લવણ સમુદ્રની અંદર આવેલા દ્વીપોને અંતરદ્વીપ કહે છે. અંતરદ્વીપ ૫૬ છે. ત્યાંના મનુષ્યો પણ કલ્પવૃક્ષ દ્વારા જીવન વ્યવહાર ચલાવે છે.

૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના અને ૫૬ અંતરદ્વીપના એમ કુલ મનુષ્યોને ઉત્પન્ન થવાના ૧૦૧ ક્ષેત્રો છે. તેમાં પર્યાપ્તા, અપર્યાપ્તા અને સમૂચ્છિર્મ મનુષ્ય (અપર્યાપ્તા) ગણી મનુષ્યના કુલ ૩૦૩ ભેદ થાય છે. સમૂચ્છિર્મ મનુષ્યો અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે. તેની જઘન્ય–ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષની. અકર્મભૂમિના જુગલિયા મનુષ્યોની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ.

**કાયસ્થિતિઃ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સહિત અનેક ક્રોડ

પૂર્વ વર્ષની.

**અંતરઃ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ.

મનુષ્યોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

**દેવોઃ**

દેવોના મુખ્ય ચાર ભેદ છેઃ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ.

**ભવનપતિઃ** અધોલોકના ભવનોમાં રહેનારા દેવોને ભવનપતિ દેવ કહે છે. તેના દસ પ્રકાર છે – અસુર કુમાર, નાગ કુમાર, સુપર્ણ કુમાર, વિદ્યુત કુમાર, અગ્નિ કુમાર, દ્વીપ કુમાર, ઉદધિ કુમાર, વાયુ કુમાર, અને સ્તનિત કુમાર.

**વ્યંતર દેવઃ** પર્વત, ગુફા, વનખંડ આદિમાં જેનો આશ્રય હોય, તેને વ્યંતર દેવ કહે છે. વ્યંતર દેવોના આવાસ તિરછાલોકમાં છે. તેના આઠ પ્રકાર છેઃ પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહારોગ, ગંધર્વ. વ્યંતર દેવો બહુ ચપળ અને ચંચળ ચિત્તવાળા હોય છે. તેઓ વિવિધ પ્રકારના આભૂષણોથી શરીર શણગારવામાં અને વિવિધ ક્રીડાઓ કરવામાં મગ્ન રહે છે.

**જ્યોતિષી દેવોઃ** પાંચ પ્રકારના છે – ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ અને તારા ગણ. આ પાંચ પ્રકારના દેવો અઢીદ્વીપની બહાર સ્થિર છે અને અઢીદ્વીપની અંદર ચર છે (ફરતા રહે છે).

ચર જ્યોતિષી દેવોની ગતિના કારણે કાળના વિભાગ – દિવસ, રાત્રિ, કલાક, મિનિટ, સેકન્ડ તેમજ માસ, વર્ષ વગેરે થાય છે. અઢીદ્વીપનું આખું જ્યોતિષ મંડળ મેરુ પર્વતની પ્રદક્ષિણા કરે છે.

**વૈમાનિક દેવોઃ** આ દેવો જ્યોતિષી દેવોથી અસંખ્યાતા ક્રોડાક્રોડી જોજન ઉંચપણે પોતાના દેવલોકનાં વિમાનમાં રહે છે, તેથી વૈમાનિક દેવ કહેવાય છે.

વૈમાનિક દેવોના બે પ્રકાર છેઃ કલ્પોત્પન્નક અને કલ્પાતીત. કલ્પોત્પન્નક દેવોના બાર ભેદ છે – ૧) સૌધર્મ ૨) ઈશાન ૩) સનતકુમાર ૪) માહેન્દ્ર ૫) બ્રહ્મ ૬) લાંતક ૭) મહાશુક્ર ૮) સહસ્રાર ૯) આણત ૧૦) પ્રાણત ૧૧) આરણ ૧૨) અચ્યુત.

કલ્પાતીતના બે પ્રકાર છે – ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી. તેમાં ગ્રૈવેયક દેવોના નવ પ્રકાર છે.

નવ ગ્રૈવેયક વિમાનની નવ શ્રેણીઓ અને ત્રણ ત્રિકો છે. એક ઉપરની ત્રિક, બીજી મધ્યમ ત્રિક અને ત્રીજી નીચેની ત્રિક. પ્રત્યેક ત્રિકમાં ઉપર, મધ્ય અને નીચે એમ ત્રણ શ્રેણીઓ–પ્રતર છેઃ ૧) નીચેની શ્રેણીનો નીચેનો પ્રતર – ભદ્ર ગ્રૈવેયક, ૨) નીચેની શ્રેણીનો મધ્યમ પ્રતર – સુભદ્ર ગ્રૈવેયક, ૩) નીચેની શ્રેણીનો ઉપરનો પ્રતર – સુજાતા ગ્રૈવેયક, ૪) મધ્યની શ્રેણીનો નીચેનો પ્રતર – સુમાન ગ્રૈવેયક, ૫) મધ્યની શ્રેણીનો મધ્યમ પ્રતર – પ્રિયદર્શન ગ્રૈવેયક, ૬) મધ્યની શ્રેણીનો ઉપરનો પ્રતર – સુદર્શન ગ્રૈવેયક, ૭) ઉપરની શ્રેણીનો નીચેનો પ્રતર – અમોઘ ગ્રૈવેયક, ૮) ઉપરની શ્રેણીનો મધ્યમ પ્રતર – સુપ્રતિભદ્ર ગ્રૈવેયક, ૯) ઉપરની શ્રેણીનો ઉપરનો પ્રતર – યશોધર ગ્રૈવેયક.

**અનુત્તર વિમાનવાસી દેવોઃ** અન્ય દેવો કરતાં જેનામાં સ્થિતિ, પ્રભાવ, સુખ, ધ્યુતિ, લેશ્યા આદિ વિશેષ છે, તેને અનુત્તર વિમાનવાસી દેવો કહે છે. તે વિમાનના પાંચ પ્રકાર છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. અનુત્તર વિમાનના દેવો શાતાવેદનીય કર્મના ઉદયે વિશેષ શાતાનો અનુભવ કરે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના સર્વ મનુષ્યનો એક ભવ કરી સિદ્ધ પદ પ્રાપ્ત કરે છે.

બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં અસંખ્ય દેવોના નિવાસ છે. એક સર્વાર્થસિદ્ધ વિમાનમાં સંખ્યાતા દેવોનો નિવાસ છે.

આ સર્વ દેવો લોકના અમુક ભાગમાં રહે છે. આખા લોકમાં નહિં. પ્રવાહની અપેક્ષાએ દેવલોકના દેવો અનાદિ–અનંત છે પરંતુ સ્થિતિની અપેક્ષાએ સાદિ–સાંત છે.

**ભવસ્થિતિઃ** ભવનપતિ દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ સાધિક ૧ સાગરોપમ. અસુર કુમાર સિવાય બાકીના નવ ભવનપતિ દેવોની જઘન્ય ૧૦,૦૦૦, ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમની.

વ્યંતર દેવોની જઘન્ય દશ હજાર, ઉત્કૃષ્ટ એક પલ્યોપમ.

જયોતિષી દેવોની જઘન્ય પલ્યોપમના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ એક પલ્યોપમ અને એક લાખ વર્ષ અધિક.

સૌધર્મ દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમ, ઉત્કૃષ્ટ બે સાગરોપમ. ઈશાન દેવલોકમાં જઘન્ય સાધિક પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાધિક બે સાગરોપમ. સનતકુમાર દેવલોકમાં જઘન્ય બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. માહેન્દ્ર દેવલોકમાં જઘન્ય સાધિક બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાધિક સાત સાગરોપમ.

બ્રહ્મલોક દેવલોકમાં જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ. લાંતક દેવલોકમાં જઘન્ય દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ચૌદ સાગરોપમ. મહાશુક્ર દેવલોકમાં જઘન્ય ચૌદ સાગરોપમ, ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમ. સહસ્રાર દેવલોકમાં દેવોની સ્થિતિ જઘન્ય સત્તર સાગરોપમ, ઉત્કૃષ્ટ અઢાર સાગરોપમ.

આણત દેવલોકમાં જઘન્ય અઢાર સાગરોપમ, ઉત્કૃષ્ટ ઓગણીસ સાગરોપમ. પ્રાણત દેવલોકમાં જઘન્ય ઓગણીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ વીસ સાગરોપમ. આરણ દેવલોકમાં જઘન્ય વીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ એકવીસ સાગરોપમ. અચ્યુત દેવલોકમાં જઘન્ય એકવીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમ.

નવ ગ્રૈવેયેક વિમાનોના પ્રથમ ત્રિકના ભદ્ર ગ્રૈવેયકના દેવોની ભવસ્થિતિ જઘન્ય બાવીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ ત્રેવીસ સાગરોપમ.

પ્રથમ ત્રિકના બીજા સુભદ્ર ગ્રૈવેયકની જઘન્ય ત્રેવીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ ચોવીસ સાગરોપમ.

પ્રથમ ત્રિકના ત્રીજા સુજાત ગ્રૈવેયકની જઘન્ય ચોવીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ પચીસ સાગરોપમ.

બીજી ત્રિકના પ્રથમ સુમાનસ ગ્રૈવેયકની જઘન્ય પચીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ છવ્વીસ સાગરોપમ.

બીજી ત્રિકના બીજા પ્રિયદર્શન ગ્રૈવેયકની જઘન્ય છવ્વીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ સત્તા વીસ સાગરોપમ.

બીજી ત્રિકના ત્રીજા સુદર્શન ગ્રૈવેયકની જઘન્ય સત્તાવીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ અઠ્ઠાવીસ સાગરોપમ.

ત્રીજી ત્રિકના પ્રથમ અમોઘ ગ્રૈવેયકની જઘન્ય અઠ્ઠાવીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ ઓગણત્રીસ સાગરોપમ.

ત્રીજી ત્રિકના બીજા સુપ્રતિબદ્ધ ગ્રૈવેયકની જઘન્ય ઓગણત્રીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ ત્રીસ સાગરોપમ.

ત્રીજી ત્રિકના ત્રીજા ગ્રૈવેયક યશોધરની જઘન્ય ત્રીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ એકત્રીસ સાગરોપમ.

વિજય, વૈજયંત, જયંત અને અપરાજીત એ ચાર અનુત્તર વિમાનોના દેવોની સ્થિતિ જઘન્ય એકત્રીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની ભવસ્થિતિ તેત્રીસ સાગરોપમ છે.

દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ, તે જ તેમની કાયસ્થિતિ.

**દેવોનું અંતરઃ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ. નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીના દેવોનું અંતર જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ અનંતકાળ.

ચાર અનુત્તર વિમાનના દેવોનું જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ સંખ્યાતા સાગરોપમનું. અનુત્તર વિમાનના દેવો અનંત સંસાર પરિભ્રમણ કરતા નથી. પંદર ભવ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે.

સવાર્થસિદ્ધ વિમાનના દેવો એક ભવ મનુષ્યનો કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. ફરીથી તે સ્થાનમાં ઉત્પન્ન થતા નથી; તેથી તેનું અંતર નથી.

**જીવ-અજીવનો ઉપસંહારઃ** આ રીતે સંસારી અને સિદ્ધના ભેદથી જીવોનું અને રૂપી તથા અરૂપીના ભેદથી બે પ્રકારના અજીવ પદાર્થોનું સ્વરૂપ જાણીને મુનિ મોક્ષ સાધના માટે સંયમમાં રમણતા કરે.

**સંલેખનાઃ** ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કર્યા બાદ મુનિ સંલેખના કરે. જે અનુષ્ઠાન દ્વારા શરીર અને કષાયો કૃશ થઇ જાય, તેનું નામ સંલેખના. તે પંડિત મરણ માટે પૂર્વ સાધના છે.

સંલેખનાની આરાધના ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની, મધ્યમ ૧ વર્ષની અને જઘન્ય ૬ મહિનાની હોય છે.

બાર વર્ષની સંલેખનામાં પ્રથમના ચાર વર્ષો મુનિ વિગયનો ત્યાગ કરે; બીજા ચાર વર્ષમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યાનું અનુષ્ઠાન કરે. છેલ્લા ચાર વર્ષમાં બે વર્ષ પર્યંત એકાંતર ઉપવાસ કરે, ઉપવાસના પારણે આયંબિલ કરે. આ રીતે દસ વર્ષ પૂરા થઇ જાય પછીના છ માસમાં મુની કોઇ વિકટ તપસ્યા ન કરે. ત્રીજા વર્ષના બાકીના છ માસમાં વિકટ તપ અનુષ્ઠાન કરે અને પારણામાં એક–બે દ્રવ્યથી આયંબિલ કરે.

બારમા વર્ષમાં મુનિ એક વર્ષ પર્યંત નિરંતર આયંબિલ કરે. ત્યાર પછી યોગ્ય સમયાનુસાર એક માસનો કે પંદર દિવસનો આહાર ત્યાગ કરી અનશન વ્રત ધારણ કરે.

અહીં ઉત્કૃષ્ટ બાર વર્ષની સંલેખના માટે તપનો ક્રમ દર્શાવ્યો છે. જઘન્ય છ માસની અને મધ્યમ એક વર્ષની સંલેખના માટે તપનો ક્રમ આ ક્રમના આધારે સાધક સ્વયં સમજીને આરાધના કરે.

**પાંચ દુર્ગતિક ભાવનાઓઃ**

૧) કંદર્પ ભાવના ૨) આભિયોગિકી ભાવના ૩) કિલ્વિષી ભાવના ૪)

મોહ ભાવના ૫) આસુરત્વ ભાવના.

૧) કંદર્પ ભાપવનાઃ કામચેષ્ટાની વૃત્તિઓ તે કંદર્પ ભાવના

૨) આભિયોગિકી ભાવનાઃ મંત્ર તંત્રાદિ કરવાની પ્રવૃત્તિઓ

૩) કિલ્વિષી ભાવનાઃ પરનિંદા કરવાની પ્રવૃત્તિ

૪) મોહ ભાવનાઃ વિષયોની લોલુપતા

૫) આસુરત્વ ભાવનાઃ ક્રોધ, રાગ, દ્વેષમય વૃત્તિ

જો અંત સમયે મલિન ચિત્તવૃત્તિથી આ પાંચ ભાવનાઓમાંથી કોઇ પણ ભાવનામાં જીવ પ્રવૃત્ત થાય તો તે વિરાધક બને છે. તે જીવ કિલ્વિષી દેવ આદિ રૂપે જન્મ ધારણ કરે છે.

**બોધિબીજની દુર્લભતા-સુલભતાઃ**

કોઈ પણ જીવના આત્મ પરિણામ, કર્મજન્ય સંસ્કાર, શ્રદ્ધા વગેરે શુભાશુભ ભાવો ભવભવાંતરમાં સાથે આવે છે. આ ભવમાં જે સંસ્કારોને પુષ્ટ કર્યા હોય, તે સંસ્કાર પરભવમાં સાથે રહે છે. તે સંસ્કારને યોગ્ય વાતાવરણમાં જીવ જન્મ લે છે.

જે જીવો મિથ્યાદર્શનમાં અનુરક્ત હોય, નિયાણું કરનારા અને હિંસક પ્રવૃત્તિ આચરનારા હોય અને એ જ ભાવમાં મૃત્યુ પામે, તો તેને બોધિ–બીજની પ્રાપ્તિ દુર્લભ બને છે.

જે સાધક સમ્યગ્ દર્શનમાં અનુરક્ત હોય, નિદાન રહિત અને શુક્લ લેશ્યાથી યુક્ત હોય અને એ જ ભાવમાં મૃત્યુ પામે, તો તેને પરભવમાં બોધિ–ધર્મની પ્રાપ્તિ સુલભ બને છે.

ઉપરોક્ત સર્વ કથન અનશન આરાધકોને અનુલક્ષીને છે.

**જિનવચન મહિમાઃ**

જે આત્મા જિનવચનમાં અનુરકત છે અને જીનેશ્વરની આજ્ઞાનુસાર

ક્રિયાનુષ્ઠાન કરે છે, તે મિથ્યાત્વ અને રાગદ્વેષ રહિત થઇને અલ્પ સંસારી બને છે.

જે જીવો જીનવચનો અનુસાર ક્રિયાનુષ્ઠાનોથી દૂર રહે છે, તે અજ્ઞાની પ્રાણીઓ બાલ મરણ અને અકામ મરણ કરીને અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

બાલ મરણઃ અજ્ઞાન અવસ્થામાં થતાં મરણને બાલ–મરણ કહે છે. તેનાથી જન્મ મરણની પરંપરા વધે છે.

પંડિત મરણઃ સમજણ પૂર્વક સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કરીને અનશનની આરાધનાપૂર્વક મૃત્યુ થાય, તેને પંડિત મરણ કહે છે.

અકામ મરણઃ ઇચ્છા વિના પરવશપણે થતા મરણને અકામ મરણ કહે છે.

સકામ મરણઃ સંસાર પરિભ્રમણથી મુક્ત થવા સ્વેચ્છાએ સમાધિભાવે મૃત્યુનો સ્વીકાર કરવો, તે સકામ–મરણ છે.

**આલોચના શ્રવણની યોગ્યતાઃ**

સાધક જીવનમાં આલોચનાનું અત્યંત મહત્ત્વ છે. પાપની આલોચના ન થાય ત્યાં સુધી ચારિત્રની શુદ્ધિ થતી નથી. શ્રમણની આલોચનાનું શ્રવણ કરનાર ગુરુમાં ત્રણ ગુણો હોવા આવશ્યક છે.

૧) ઘણા આગમોના જ્ઞાતા હોય, તે જ આલોચના કરનારના દોષોને સાંભળી, યોગ્ય પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધિ કરાવી શકે.

૨) આલોચના કરનારને પૂર્ણ આત્મશાંતિ, સંતુષ્ટી થાય; તે તેની સમાધિ કહેવાય. તેને માટે આલોચના સાંભળનાર સ્વયં રાગ–દ્વેષ રહિત અને માધ્યસ્થ ભાવના ધારક હોય તો જ આલોચના કરનારને સમાધિ પ્રાપ્ત કરાવી શકે.

૩) ગુણગ્રાહી દૃષ્ટિ હોય તો જ આલોચના કરનારના અવગુણોની અસર સ્વયં પર ન થાય, અને તેના અન્ય ગુણોને લક્ષમાં રાખી તેના પર સમભાવ રાખી શકે.

**ઉપસંહારઃ**

આ પ્રકારે ભવ્ય જીવોને સ્વીકાર્ય, આદરણીય એવા ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનો સર્વજ્ઞ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ પ્રરૂપ્યા છે.

શ્રી સુધર્મા સ્વામી પોતાના શિષ્ય જંબુસ્વામીને કહે છે, ‘‘હે આયુષ્યમાન જંબુ! મેં જેવું શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે, તેવું જ તને કહ્યું છે.

**(છત્રીસમું અધ્યયન સંપૂર્ણ)**

## (ઉત્તરાધ્યયન સૂત્ર સંપૂર્ણ)